।। ॐ **શ્રી સદ્‌ગુરવે નમઃ** ।।

।। ॐ **શ્રી તપસ્વી ગુરવે નમઃ** ।।

## પદ–૧

"कया सोवे उठ जाग बाउरे"

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજના શ્રીમુખે જાણે કે સાક્ષાત્ સરસ્વતીદેવીએ વાસ કર્યો હોય અને તે મુનિજીની વાણીમાં ધારારૂપે વહી રહ્યા હોય તેવું લાગે છે. શ્રી આનંદઘનજીની આ વાણીમાં અનુભવનું અમૃત અનુભવાય છે. તેઓશ્રીનાં વચનો જાણે કે સાધનાની સરાણે ચડેલ મોતી હોય તેવું શ્રદ્ધાન થયા કરે છે. માતૃહૃદયી સંતો મુમુક્ષોઓને વાત્સલ્ય વાણીરૂપ અંજલિ વડે છંટકાવ કરી જાગૃત કરે છે.

શ્રી આનંદઘનજી મહારાજ આ પદ દ્વારા જગતના જીવોને આત્મજાગૃતિ કરાવે છે. મોહનિદ્રામાં પોઢેલ પ્રાણીને પોતાની આત્મદશાનું જ્ઞાન કે ભાન નથી. તેથી જ પરમાત્મરૂપ આત્માની વાસ્તવિકતાનું દર્શન કરાવતા તેઓશ્રી પ્રસ્તુત પદનો પ્રારંભ કરતા કહે છે.

क्यां सोवे उठ जाग बाउरे।।
क्या अंजलि जल ज्युं आयु घटत हे।
देत पहोरियां धरिय धाउ रे... क्या।। ३।।

અરે, એ ભોળા પ્રાણી! તું સૂઈ રહ્યો છે કેમ? ઊઠ, જાગ જેમ ખોબામાં રાખેલું પાણી ધીમે ધીમે વહી જાય છે, તેમ આયુષ્યરૂપી પાણી પણ ઘટતું જ જાય છે. પ્રહર (સમય) જણાવવા જેમ પહેરેગીર પરહ ઉપર ઘા મારે છે ને લોકોને જાગૃત કરે છે તેમ સંતો પણ પહેરેગીરનું કામ કરે છે.

ઉદયાધીન પ્રાણી, કર્મને વશ બની અનાદિકાળથી પરમાં સ્વ બુદ્ધિ રાખી, મોહનિંદ્રા લઈ રહ્યો છે. જ્ઞાની સંતો પહેરેગીરનું કાર્ય કરી અજ્ઞાની જીવોની ઊંઘ ઉડાડે છે તથા સ્વરૂપદશાનું જ્ઞાન કરાવે છે. કર્મ તથા નોકર્મને કારણે પ્રાપ્ત સુખ – દુઃખાદિ તથા શરીરાદિ સામગ્રી આ બધા

પદાર્થો ઉત્પન્ન, લયની સ્થિતિવાળા છે. પરંતુ જો તે પોતાના સ્વભાવમાં રહે તો શોભાસ્પદ લાગે છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ "સમયસાર" ના ત્રીજા કળશમાં કહ્યું છે

"एयत्तणिच्छयगओ, समओ सव्वत्थ सुंदरो लोए
बंधकहा एयत्ते तेण विसंवादिणी होई।।"

નિશ્ચયથી સર્વપદાર્થ પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે. પરંતુ જીવની અનાદિકાળથી પુદ્‌ગલ કર્મ સાથે નિમિત્તરૂપ બંધઅવસ્થા હોવાને કારણે જીવમાં વિસંવાદ ઊભો થયો છે. તેથી તે શોભા પામતો નથી, પણ તે માટે વાસ્તવિક વિચારણા કરવામાં આવે તો એકપણું જ સુંદર છે. તેનાથી જ જીવ શોભા પામે છે.

આયુષ્ય તે તો કાળનો પ્રભાવ છે, શરીર પર તેનો પ્રભાવ પડયા વિના રહેતો નથી માટે જ કહ્યું છે, "આયુષ્ય તે તો જલના તરંગ"

જેમ પાણીમાં પરપોટો થાય છે ને ક્ષણમાં વિલય પામી જાય છે. સમુદ્રમાં જેમ મોજાં ઊઠે છે અને તેમાં જ વિલય થઈ જાય છે તેમ આયુષ્ય પણ ક્ષણિક છે. કવિએ આ પદમાં વહી જતાં આયુષ્ય માટે અંજલિજલની સરસ ઉપમા આપી છે. કવિ કહે છે કે "હે ભોળા ! ક્યાં સુધી તું આ રીતે મોહનિંદ્રામાં સૂતો રહીશ ? કારણ આયુષ્ય તો અસ્થિર છે. ક્ષણે ક્ષણે તેનો નાશ થતો જ રહે છે."

સૂર્ય ઊગે છે ને આપણી જિંદગીનો સુવર્ણ ટુકડો લઈ અસ્તાચલ ભણી ચાલ્યો જાય છે. માટે જાગ ! જેમ પહેરેગીર દિવસ– રાત ઘડિયાળની જેમ ડંકા વગાડયા કરે છે ને સમયનું ભાન કરાવે છે તેમ જ્ઞાનીપુરુષો પણ સમય ( આત્મતત્ત્વ ) નું, શુદ્ધ સ્વરૂપનું ભાન કરાવે છે ને કહે છે કે હે જીવ ! ઇન્દ્રિયોના ભોગમાં તો તારું આયુષ્ય ઘડીકમાં પૂર્ણ થઈ જશે. માટે ક્યાં સુધી તું વિષયોમાં રાચ્યો રહીશ ?

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કે "જે વસ્તુ પોતાની નથી, જેમાં ખરૂં સુખ નથી, જે અનિત્ય છે તેમાંથી સુખ મેળવવાની લાલચે પ્રવૃત્તિ કરી રહેનાર જીવને ગાંડો કહેવામાં આવેલ છે. કારણ કે એ સ્થિતિમાં તે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. વૈભાવિક સ્વપ્નોને સત્ય માની તેમાં જ રાચ્યો રહે છે. માટે હે માનવ ! ઊંઘમાંથી ઊઠ અને જાગૃત થા.





કવિશ્રી આનંદઘનજી મહારાજ બીજી કડીમાં કહે છે,

इंद चंद नागिंद मुनि चले, कोण राजापति साह राउरे,
भमत भमत भव जलधि पायले,
भगवंत भजन विना भाउ नाउ रे... क्या... ।। २ ।।

ઇન્દ્ર, ચંદ્ર, ધરણેન્દ્ર અને મોટા મુનિવરો તો ચાલ્યા ગયા તો પછી ચક્રવર્તીઓ કે રાજા મહારાજા શું હિસાબમાં ? માટે સંસારપરિભ્રમણ કરતાં કરતાં મનુષ્ય ભવમાં પ્રભુની ભક્તિરૂપ નાવ મળી છે. તો તેનો ઉપયોગ કરી લે. તેના સિવાય તું બીજી કઈ નાવમાં બેસીશ ?

કવિએ આ કડીમાં કાળની ગતિની તથા આયુષ્યની ક્ષણિકતાની વાત કરી છે. હે પ્રાણી ! તું પ્રમાદમાં પોઢયો છો પણ વિચાર તો કર કે મોટા મોટા મહારથીઓ પણ કાળનો કવલ બની ગયા છે. કબીર કહે છે,

"ડરે દેવતા કાળસે, ભયભીત હૈ જમકા જોર,
રૈ પૃથ્વી - પાતાલમેં ગજબ મૌતકા દૌર"

ત્રણેય લોકમાં કાળરાજાનું જોર છે અને દરેક સ્થળે તેનો પ્રભાવ જણાય છે માટે સંસારસમુદ્રને તરવાનો જો કોઈ માર્ગ હોય તો તે એક જ છે કે તું ભક્તિરૂપી નૌકા હાથ લઈ લે અને તેનો ઉપયોગ કરી લે. તેથી તું સંસારસાગર પાર કરી મોક્ષપદને પ્રાપ્ત કરી લઈશ.

તેથી જ કવિશ્રી આનંદઘનજી મહારાજ ત્રીજી કડીમાં આગળ પણ કહે છે,

कहा विलंब करे अब बाउरे, तरी भव जलनिधि पार पाउ रे;
"आनंदघन" चेतनमय मुरति, शुद्ध निरंजन देव ध्याउ रे। क्या... ।। ३ ।।

હે મૂઢ ! હવે વિલંબ શા માટે કરે છે ? તું સ્વયં ભગવાન સ્વરૂપ છો. તું જ તારી નૌકાનો ખેવનહાર છો એમ શ્રદ્ધા કરી, આનંદઘન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ શુદ્ધ આત્મપ્રભુનું ધ્યાન કર.

હે ગમાર ! તને ભગવાનની ભક્તિરૂપ નૌકા મળી છે તો પછી ઢીલ શા માટે કરે છે ? આજે તને મોક્ષપ્રાપ્તિનાં સર્વ સાધનો પ્રાપ્ત થયાં છે. માટે તું તારા આત્મપ્રભુનું ધ્યાન કરી લે. માનવ જેવું ધ્યાન કરે તેનાં જેવો તે થાય. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મપ્રભુના ધ્યાનથી આત્મપ્રભુની પ્રાપ્તિ થાય છે. તેમ કરવાથી તને તારામાં જ ભગવાન દેખાશે. તારામાં

જ ઈશ્વરદર્શન થશે પરંતુ સદ્‌ગુરુના સાથથી સત્પુરુષાર્થથીને બધું સુલભ છે માટે જ કહ્યું છે કેઃ जश जाव न पीडेइ; वाही जावन बद्धई"  જ્યાં સુધી શરીર જીર્ણશીર્ણ થયું નથી તથા વ્યાધિઓથી ઘેરાયો નથી ત્યાં સુધીમાં તું શરીરરૂપી નૌકામાં બેસી શાશ્વત સ્થાને પહોંચી જા. પણ શરીરરૂપી નૌકાને પકડી રાખી સૂતો રહીશ તો ભવસમુદ્ર તરી શકીશ નહીં.

શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયજીએ શ્રીપાળ રાજાના રાસમાં કહ્યું છે કેઃ

**"જાન લઈ બહુ યુક્તિ શું, જિમ કોઈ પરણવા જાય રે,**
**લગનવેળા ગઈ ઊંઘમાં, પછે ઘણું પસ્તાય રે..."**

જાન લઈને પરણવા જનાર વરરાજા જો લગ્ન સમયે જ સૂઈ જાય તો પછી પસ્તાવાથી શો ફાયદો ? રાંડયા પછીનું ડહાપણ શું કામનું ? સમય ચાલ્યા ગયા પછી પસ્તાવા સિવાય શેષ કાંઈ રહેતું નથી માટે 'ધમ્મપદ'  માં કહેવામાં આવ્યું છે,

**अप्पमादो अमतपदं , पमादो भुच्चुनो पदं ।**
**अप्पमत्ता म मीयन्ति , ये पमत्ता यथा मत्ता**

જાગૃતિ અમરતાનો પંથ છે તો પ્રમાદ મૃત્યુનો પંથ છે જેઓ જાગૃત છે તે મરતા નથી પરંતુ જેઓ પ્રમાદી છે તેઓ જીવતા છતાં મરેલા છે.

હે ચેતન ! તું જાગ, તું તારા સ્વરૂપનો જ્ઞાતા બન અને ચેતન આત્મામાં પ્રવૃત્ત થા. કારણકે તું સ્વયં આનંદનો સમૂહ છો. તારે જ તારા સ્વરૂપને તારામાંથી પ્રગટ કરવાનું છે. માટે જ શુદ્ધ, નિરંજન ચૈતન્યમય મૂર્તિનું ધ્યાન ધરી લે.

હે ચેતન ! તું તારા સ્વરૂપને ઓળખી લે, તારી જ્ઞાનાદિ શક્તિઓનું ધ્યાન કરી લે, પ્રગટ કરી લે.

આ પદમાં શ્રી આનંદઘનજી મહારાજે જીવનની ક્ષણભંગુરતા દર્શાવી, આત્મજાગૃતિનો બોધ કર્યો છે. સ્વયં જાગૃત હોય તે બીજાને જગાડી શકે, ઊંઘતો બીજાને કેમ જગાડે ? દીપકથી દીપક પ્રગટે તેમ જેણે મોહનિદ્રા ઉડાડી છે તથા આત્માને ઢંઢોળીને જગાડયો છે તેવા ઉપકારી સંતો કરુણાબુદ્ધિથી સ્વાનુભવયુક્ત જ્ઞાનવાણીની લ્હાણી કરે છે. આનંદઘનજીએ આ પદના પ્રથમ ચરણમાં જ લાક્ષણિક પ્રશ્ન કરીને સચિંત કરી દીધા છે.





એમણે આયુષ્ય માટે અંજલિની સરસ ઉપમા આપી છે તો વળી એમણે ઈંદ્ર, ચંદ્ર, નાગિંદ શબ્દોમાં તથા ભમત, ભવજલનિધિ, ભગવંત, ભજન ભાઉ જેવા શબ્દોમાં વર્ણાનુપ્રાસની સરસ સંકલના કરી છે.

ત્રણ કડીની આ નાની રચનામાં કવિએ છડી પોકારી, પોતાના વકતવ્યને સઘન અને સચોટ રીતે પ્રગટ કર્યું છે.

## પદ-૨

"रे घरियारी बाउ रे"

અનુભવના આનંદનું અમૃતપાન કરતાં અને કરાવતાં અદ્‌ભુત યોગી શ્રી આનંદઘનજી મહારાજસાહેબે આ પદમાં અમૃતરસ કૂપ ભર્યો છે.

શ્રી આનંદઘનજી મહારાજે પહેલા પદમાં આત્માને જગાડવા ઉદ્‌બોધન કર્યું છે ત્યારે બીજા પદમાં આત્માને ભોગલિપ્સાથી અલિપ્ત બનાવવા પ્રેરણા કરી છે.

रे घरियारी बाउ रे, मत धरिय बजावे
नर शीर बांधत पाघरी, तुं क्या धरीया बजावे... रे... ।। ३ ।।

અરે ! ભોળા ઘડિયાળી ! તું ઘડી ના વગાડ, કારણકે માનવ પોતે જ પોતાના માથા ઉપર પાઘડી બાંધે છે પછી તું શા માટે ઘડી બજાવે છે ? શ્રી મુનિરાજે આ પદમાં ઘડિયાળીને પ્રશ્ન કર્યો અને પછી તેને જ કહેવામાં આવ્યું છે કે તારો આ પ્રયત્ન બિલકુલ નિરર્થક છે.

કવિએ માનવને જડજગતના સર્વ ભાવો તથા સંબંધોનું વાસ્તવિક સ્વરૂપ રજૂ કર્યું છે. માનવપ્રાણીને પ્રમાદથી દૂર રાખવા અને અપ્રમાદભાવોને કેળવવા ઘડિયાળીનું દૃષ્ટાંત આપેલુ છે. ઘડિયાળ એટલે સમયમાપક યંત્ર અર્થાત્ ઘડી એટલે સમયની નાનામાં નાની ક્ષણ, છતાં પણ સ્થૂલ બુદ્ધિવાળાજીવોને જાગૃત કરવા સ્થૂલ દૃષ્ટાંતની જરૂરી પડે છે. તેને નજરમાં રાખી આ પદમાં "ધરિ" શબ્દ પ્રયોગ કર્યો છે.

પહેલાંના વખતમાં આજના જેવી ઘડિયાળ ન હતી ત્યારે સમયનું માપ કાઢવા જુદી જુદી પદ્ધતિ અપનાવવામાં આવતી, જેમકે એક પાણીથી ભરેલા પાત્રમાં અતિ સૂક્ષ્મ છિદ્રયુક્ત વાટકી મૂકતા હતા અને તે બરાબર ભરાઈને પાણીમાં ડૂબી જાય ત્યારે એક ઘડી ( ૨૪ મિનિટ ) થાય અથવા કાચની બે જોડેલી શીશીમાં અતિસૂક્ષ્મ છિદ્ર દ્વારા એક શીશીની રેતી બીજી નીચેની શીશીમાં સરકી જાય તથા ઊપરની શીશી સાવખાલી થઈ જાય ત્યારે એક ઘડી થઈ કહેવાય છે. ૨૪ મિનિટની એક ઘડી થાય. આ રીતે એ સમયનું માપ હતું. આ સમયમાપક સાધનને 'ઘડી' કહેવામાં આવે





છે. જ્યારે આ એક ઘડી પૂરી થાય ત્યારે ઘડિયાળી જોરથી ડંકો વગાડી ગામના લોકોને ખબર આપતો હતો. અત્યારે કેટલેક સ્થળે જેમ દર કલાકે ઘંટ વગાડવાની પ્રથા છે તેમ, તે વખતે દરેક ઘડીએ ડંકા વગાડવાની યોજના હતી.

માટે જ કવિ કહે છે કે હે ઘડિયાળી ! તું શું જોઈને ઘંટ વગાડે છે ? કારણકે મનુષ્યો તો પોતાના માથે જ પાઘડી ૧–૪ રાખે છે અથવા પાઘડી બાંધે છે. અહીંયા પાઘડી શબ્દ પર શ્લેષ છે. પાઘડી એટલે માથે બાંધવાનું વસ્ત્ર. વળી પાઘડી એટલે પા+ ઘડી એટલે ઘડીનો ચોથો ભાગ. મનુષ્યો પાઘડી સૂચવનાર વસ્ત્ર તો પોતાને માથે જ રાખે છે પણ જો તું કાંઈ વધારે બતાવવા માંગતો હોય કે પળ વિપળ બતાવતો હોય તો ઘંટ વગાડ બાકી ઘડી વગાડવાનો પ્રયાસ નકામો છે. ઘડિયાળી ઘડી વગાડી બધાંને જાગૃત કરે છે કે એક ઘડી પસાર થઈ ગઈ. આવી રીતે જે પળ ગઈ તે પાછી આવતી નથી. આ રીતે ઘડી–ઘડી કરતાં આયુષ્ય પૂર્ણ થઈ જશે. નથી ખબર ક્યારે અને કઈ સ્થિતિમાં પ્રાણ નીકળી જશે ? તે માનવ તો કાંઈ જાણી શકતો નથી. માટે જ ભગવાન મહાવીરસ્વામીએ ગૌતમ ને કહ્યું હતું કે હે ગૌતમ !

"कुसुग्गे जह ओस-बिन्दुए, पोवं चिट्ठइ लम्बमाणए।
एवं भणुयाण जीवियं, समयं गोयम! मा पमायए।।"

આ સંસારમાં ઘડીનો તો શું, પાઘડીનો પણ ભરોસો નથી. ઘાસના અગ્રભાગ પર પડેલું ઝાકળનું બિન્દુ તેને ખરી જતાં વાર શી ? તેમ આયુષ્ય પૂર્ણ થતાં પણ વાર લાગતી નથી માટે આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા જરા પણ વખત ન ખોતાં, પ્રમાદનો ત્યાગ કરી સ્વરૂપાનુંસંધાન કરી લે. અને તેની કળા જાણી લે. કવિ બીજી કડીમાં કહે છે,

केवल काल कला कले, वै तु अफल पावै;
अकल कला घटमें धरी, मुज सो धरी भावे... रे... धरि ।। २ ।।

આ બાહ્ય ઘડિયાળ તો બાહ્યસમયને બતાવે છે તથા માનવને ભૌતિક જગતથી જાગૃત કરે છે ત્યારે કવિ કહે છે કે મને તો મારી અંતરની ઘડિયાળ રુચે છે, જેમાં સમયે સમયે આત્માના અનંત ગુણોની પર્યાયની ઉત્પત્તિ – લય થયા જ કરે છે. હું મારા અંતરઘટની ઘડીને

જાણવા ઈચ્છું છું, જે આ બાહ્ય ઘડિયાળથી શ્રેષ્ઠતમ હોય.

આત્મા આવી એક ઘડીને પ્રાપ્ત કરી લે તો જન્મમરણનો ભાર ઊતરી જાય છે. પણ તે માટે આત્માના અતલ ઉંડાણમાં પહોંચવું પડે. તે સિવાય આ સર્વોત્તમ ઘડિયાળ ( ઘડી ) પ્રાપ્ત થતી નથી. આત્મઅનુભવ રસથી ભરેલી આ ઘડીમાં બીજી કોઈ વસ્તુનો સમાવેશ થતો નથી. આત્માની આ અકળારૂપ ઘડીને જાણનાર કોઇક વિરલા પુરુષોજ હોય છે. માટે શ્રી આનંદઘનજી ત્રીજી કડીમાં કહે છે,

आतम अनुभव रस भरी, यामे और न भावे;
“आनंदघन” अविचल कला, विरला कोई पावे रे... धरि... ।। ३ ।।

આત્મસ્વરૂપની ઊંચી વાતો કરવી તે વિદ્વતાનું કામ છે ત્યારે તેનો પ્રત્યક્ષ અનુભવ કરવો તે જ્ઞાની પુરુષોનો વિષય છે.

આ ઘડિયાળ આત્મઅનુભવ રસથી ભરેલી છે. જેમાં સ્વ-પરના જ્ઞાન સાથે હેય-ઉપાદેયનો વિવેક જાગે અને સ્વ ને સ્વીકારી, પરને પડતું મૂકતા જે અનુભવાય તેને અનુભવ કહેવામાં આવે છે. તેને પોતામાં એકત્વ અને પરભાવનું અન્યત્વ અનુભવમાં આવે છે. શુદ્ધ આત્મસ્વરૂપ જ પ્રાપ્તવ્ય લાગે છે. તેમજ વિષયકષાય યુક્ત ભાવો ત્યાજય લાગતાં સંસાર પ્રત્યેની મમત્વ બુદ્ધિથી જીવ મુક્ત થતો જાય છે.

આવા આત્માનંદ અનુભવરસ તથા તત્ત્વ પ્રીતિકર રસથી ભરેલી આ ઘડી છે. ઘટમાં વસેલી આ ઘડીના રસનો જ્યાં સુધી સ્વાદ ન લેવાય ત્યાં સુધી તેનું જ્ઞાન થતું નથી. સત્ય સ્વરૂપ પામવા તે તરફના દૃઢ નિશ્ચય વિના તે તરફ પ્રયાણ થતું નથી માટે આવી અકળકળાને જાણવા પુરુષાર્થરત રહેવું અનિવાર્ય છે. પુરુષાર્થથી ભાગ્ય ખૂલતાં આ ઉત્તમ પ્રકારની અકળકળા સાધ્ય થઈ જાય છે તેમાં નિરંતર આનંદ છે, સુખ છે. નિર્વિકારી પ્રેમ છે. ત્યાં ઈચ્છા, આશા, શોક, ભય કે ખેદ નથી પરંતુ સ્વ-પર અનુભવનો એક રસ જ ભરેલો છે. જે આવા અનુભવરસનું પાન કરે છે તે જ તેનો ભોક્તા બને છે.

આ સાધક આત્મસ્વરૂપ તરફની રુચિવાળો થાય છે અને રુચિ અનુસાર જ્યારે વીર્ય ઉલ્લાસ પ્રગટે છે. ત્યારે કર્મોનાં ગાઢ આવરણ અમુક સમયે ખસી જાય છે. આવી સ્થિતિએ કોઈ વિરલા જ પહોંચી શકે





છે. આ સ્થિતિને જૈનદર્શન “સમ્યક્ત્વ” પ્રાપ્તિની અવસ્થા કહે છે.

કવિ આનંદઘનજીએ આ પદની પ્રથમ કડીમાં લાક્ષણિક શૈલીએ શ્લેષયુક્ત વિચાર રજૂ કરી બીજી કડીમાં પ્રાસાનુપ્રાસયુક્ત શબ્દો કેવલ, કલા, કાલ, કલે, અકલ વગેરે શબ્દો પ્રયોજીને તેમાં ગુઢાર્થ ભર્યો છે અને ત્રીજી કડીમાં આત્માનુભવની મહત્તા દર્શાવી છે. આવા આનંદઘન સ્વરૂપ આત્માનુભવરસનું પાન જે કરે છે તે નિશ્ચયથી અમરત્વને પ્રાપ્ત કરે છે.

# પદ-૩

"जीय जाने मेरी सकल धरीरी"

આત્મમસ્તીમાં મસ્ત એવા શ્રી આનંદઘનજીએ આ પદમાં જીવની અજ્ઞાનતાનું ભાન કરાવી સંસારના યથાર્થ સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. આ ત્રીજા પદને આરંભે કવિ કહે છે,

जीय जाने मेरी सफल धरीरी... जाय
सुत वनिता यौवन धन मातो, गर्भतणी वेदन विसरीरी जाय ।।१ ।।

સંસારના સંબંધમાં વીતેલી ઘડીઓને અજ્ઞાની માનવ સફળ માને છે અને ગર્ભની ભયંકર વેદનાને ભૂલી જાય છે.

મોહના આવરણોથી આવરિત આત્મા સંસારનાં સર્વ સંબંધો તથા પદાર્થોમાં રાચ્યોમાચ્યો રહે છે. તે સ્ત્રી, પુત્ર, પરિવાર, ભોગસામગ્રીમાં પોતાની જિંદગીને તથા વ્યતીત થતા સમયને સફળ માને છે. જીવ મનુષ્ય યોનિમાં માતાના ગર્ભમાં, લોહીના ખાબોચિયામાં કે જ્યાં માતાના શરીરના મળમૂત્રની વહેતી નીકમાં ઊંધે માથે લટકે છે ને નવ માસ ઉપરાંત ગર્ભની ભયંકર વેદના ભોગવે છે તે સર્વ ભૂલી જઈ યુવાનીમાં દિવાનો બની, કામાંધ બની જઈ પ્રમાદમાં જીવનયાપન કરે છે. અજ્ઞાનદશાવાળો જીવ એટલું પણ વિચારતો નથી કે આ મારો મોહ મદિરાનો નશો છે, એ નશો ઊતરી જતાં તો મારા શરીરની નસેનસ તૂટવા લાગશે તથા શક્તિહીન થતાં બિચારા બની પડી રહેવું પડશે. આવો એક પણ વિચાર, પ્રમાદી માણસને સ્ફૂરતો નથી. સ્વપ્ન સમાન આ સંસારમાં ક્યાંય સુખનું નામો નિશાન નથી, છતાં સુખ અને આનંદ લાગે છે તે અજ્ઞાનસૂચક છે, થોડી પણ સગવડો મળતાં ભૂતકાળની અનેક અગવડોને તદ્દન ભૂલી જાય છે. આ સુખ કેવું છે તે બતાવતાં કવિશ્રી શ્રી આનંદઘનજી લખે છે.

सुपनको राज साच करी माचत, राहत छांह गगन बयरीरी
आई अचानक काल तोपची, गहेगो ज्युं नाहर बकरीरी - जीय।। २।।

સંસારનું સુખ એ તો ભિખારીને સ્વપ્ન મળેલ રાજ્ય સમાન છે,





તથા ભરઉનાળે મધ્યાહ્નને મળેલ વાદળીની છાયા બરાબર છે. તેમાં આનંદ માનવો તે જ અજ્ઞાનદશા છે. પામરપ્રાણીને ખબર નથી કે જેમ જંગલીનાહર બકરીને પકડી તેનું પેટ ફાડી ખાય જાય છે, તેમ કાળરૂપી તોપચી રોજ રોજ તોપમાંથી એક ગોળી ફેંકતો જાય છે ને માનવપ્રાણી તથા જીવજંતુઓની શક્તિને ક્ષીણ કરતો જાય છે. છેવટે એક ભયંકર ગોળી મારી માનવને મરણને શરણ કરી દે છે.

એક સુભાષિતકારે કહ્યું છે કેઃ

बध्यस्य चौरस्य यथा पशोर्वां, संप्राप्य माणस्य पदं वधस्य
शनैः शनैरेति मृतिः समीपं तथाखिलश्यति कथं प्रमादः।।

ફાંસીની સજા પામેલ ચોરને અથવા વધસ્થાને લઈ જવાતા પશુને મૃત્યુ ધીમે ધીમે નજીક આવતું જણાય છે તેવી રીતે સર્વજીવને મૃત્યુ નજીક આવતું જાય છે. તો પછી પ્રમાદ શામાટે કરે છે ? કેવી સંસારની રચના છે. શ્રી ચિદાનંદજી મહારાજ એક પદમાં કહે છે,

જગ સપનેકી માયા રે, નર જગ સપને કી માય,
સુપને રાજ પાય કોઉ રંક જ્યું, કરત કાજ મન ભાયા,
ઉઘરત નયન હાથ લખ ખપ્પર, મન હું મન પછતાયા રે... નર
યૌવન સંધ્યારાગરૂપ ફુનિ, મલ મલિન અતિ કાયા;
વિણસત જાસ વિલંબ ન રંચક, જિમ તરુવરકી છાય રે.. નર

આ રીતે વસ્તુસ્થિતિ હોવા છતાં જીવ ક્ષણિક સુખમાં આસકત થઈ વિષય – કષાયમાં પડે છે. પરંતુ એક દિવસ કાળબાજ આવી તારી બધીએ બાજી વીંખી નાખશે તથા તને રોળી નાખશે માટે જ શ્રી આનંદઘનજી ત્રીજી કડીમાં કહે છે,

अजहु चेत कछु चेतत नांहि, पकरी टेक हारिल लकरीरी
आनंदघन हीरो जन छांरत नर मोह्चो माया ककरीरी... जीय।। ३।।

હે માનવ ! જાગ, ચેત. કેમ ચેતતો નથી ? કાળબાજ તારો કોળિયો કરી જશે. છતાં તું વિષય–કષાયને પકડીને બેઠો છે. જ્ઞાનીની દૃષ્ટિએ હારિલ પક્ષી જેવી તારી દયનીય દશા છે. જેમ હારિલ પક્ષી વૃક્ષની ડાળખીને પકડી રાખે છે પણ પગ આડા–અવળા ચાલતાં ડાળખી નમી જાય છે અને પક્ષી ઊંધે માથે લટકી પડે છે ત્યારે ચીસો નાખે છે. તે એમ માને છે

કે ડાળખીએ મને પકડી રાખ્યું છે, પણ તે સ્વયં ડાળી છોડતું નથી. તેવી રીતે વિષયભોગમાં આસકત પ્રાણી, કાળને નજીક આવતો જાણી આર્ત્ત બની જાય છે. પરંતુ વિષયોથી વિરામ પામતો નથી પણ આનંદઘન સ્વરૂપ આત્મામાં રહેલ જ્ઞાન–દર્શનાદિ રત્નત્રયનો ત્યાગ કરી દે છે અને કંકરસમાન સંસાર ભોગને ગ્રહણ કરે છે તે હિતાહિતને વિચાર કર્યાં વિના જ અક્ષય અને અવિનાશી આત્માનંદની પ્રાપ્તિરૂપ સાધનોનો સંસાર ભોગમાં ઉપયોગ કરવામાં જીવનની સફળતા માને છે અને અંતે કાળબાજનાં સકંજામાં ફસાઈ હંમેશાં માટે વિદાય લઈ લે છે પરંતુ સંસારમુક્ત અવસ્થા કેળવતો નથી.

આ પદનો સાર છે જીવની અજ્ઞાનદશા અને તેને કારણે ભોગવવા પડતાં અનેક કષ્ટો. માણસ હીરા જેવા માનવ દેહને રોળી નાખે છે અને પછી પ્રશ્ચાતાપ કરે છે પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.





## પદ-૪

"सुहागण ! जागी अनुभव प्रीत"

અધ્યાત્મયોગી શ્રી શ્રી આનંદઘનજીનાં પદો અતિ માર્મિક તથા અધ્યાત્મરસથી ભરપૂર છે. તેઓશ્રીના એક એક પદમાં ગંભીર ભાવો ભર્યા છે. તેઓશ્રીએ આ પદમાં આત્મા તથા આત્મપરિણતિ સંબંધી નિરૂપણ કર્યું છે.

સામાન્યરૂપક દ્વારા તત્ત્વનાં ઉત્તમ રહસ્યો ગૂંથી લેવા એ તો આ કવિને આગવી વિશેષતા છે. આત્મા અને તેની પરિણતિના શા સંબંધો છે તે અજ્ઞાની જીવો શું જાણે ? એ તો જાણે ફકત અનુભવી.

જેમ સુહાગરાતનું સુખ કુમારિકા શું જાણે ? અને પ્રસૂતિની વેદના વંધ્યા શું જાણે ? તેમ આત્મા તથા તેની પરિણતિનો આનંદ ભોગી, વિજોગી કે વિકારી શું જાણે ? એ તો શુદ્ધભાવોના સંયોગી અને આત્મગુણોમાં ઉપયોગી એવા આનંદઘનજી જેવા મહાત્માઓ જાણે માટે જ કવિ કહે છે,

सुहागण ! जागी अनुभव प्रीत... सुहागण;
निन्द अनादि अग्यानकी मिट गई निज रीत... सुहा... ।। १ ।।

હે સૌભાગ્યવતી ! તારી સાથે સ્વરૂપજ્ઞાનની પ્રીતિ જાગૃત થઈ છે. અનાદિકાળથી અજ્ઞાનને કારણે મને ઊંઘ આવી ગઈ હતી. પરંતુ હવે તે પોતાના સ્વભાવે જ ઊડી ગઈ છે.

આ કડી ચેતન, શુદ્ધ ચેતનાને ઉદ્દેશીને કહે છે કે, હે સૌભાગ્યવતી ચેતના હવે મને તારી સાથે સાચી પ્રીતિ જાગી છે. આજ સુધી હું ખોટી ભ્રમણામાં હતો, જેમાં સુખ ન હતું તેમાં મેં સુખ માન્યું હતું. હું પૌદ્ગલિક સુખો મેળવવા અને મેળવ્યા પછી ભોગવવામાં મસ્ત હતો. વળી તે કોઈ મારી પાસેથી લઈ ન જાય તેની ચિંતામાં રહેતો હતો. પરંતુ હવે મને તારી અજ્ઞાનદશાનું ભાન થયું છે. અત્યાર સુધી મોહમદિરામાં ચકચૂર થઈ હું ફરતો રહ્યો હતો અને ચારે બાજુ અથડાતો હતો પણ હવે મોહ મદિરાનો નશો થોડો ઉતરી જતાં મને મારી વાસ્તવિકદશા જાગૃત કરવાની

તમન્ના જાગી છે.

કાળલબ્ધિનો પરિપાક થતાં અને સત્પુરૂષાર્થ ઉપડતાં જીવ યથાપ્રવૃત્તિકરણ કરે છે. અહીં સુધી સર્વ સામાન્યજીવો પણ પહોંચી શકે છે. પરંતુ જીવનો પુરુષાર્થ તીવ્ર બનતાં તે અપૂર્વકરણ સુધી પહોંચી જાય છે. દર્શનમોહના ક્ષયોપશમને કારણે પાંચ લબ્ધિ પ્રગટ થાય છે.

શ્રી નેમિચંદ્રાચાર્યજી લખે છે,

खयुवसम विसोही देसणा, पाउउा करण लदिघए;
चत्तारिवि सामाण्णा करणं पुणं होदि सम्मते।।

સમ્યક્ત્વની પ્રાપ્તિમાં આ પાંચલબ્ધિ કારણભૂત છે. ( ૧ ) ક્ષયોપશમ લબ્ધિ ( ૨ ) વિશુદ્ધ લબ્ધિ ( ૩ ) દેશના લબ્ધિ ( ૪ ) પ્રયોગ લબ્ધિ અને ( ૫ ) કરણ લબ્ધિ. પ્રથમની બે લબ્ધિ સુધી સર્વ જીવો જઈ શકે છે પરંતુ પ્રયોગ લબ્ધિ સમ્યક્ત્વની તીવ્ર પ્રગતિ કરે છે, કરણ લબ્ધિમાં જીવ કરણ કરે છે ત્યારે દેશનાલબ્ધિ સમ્યક્ત્વ પ્રાપ્તિની રહસ્ય ચાવી છે કારણકે કર્મના ક્ષયોપશમથી જીવની વિશુદ્ધિ થાય અને તેને સદ્ગુરુનાં ઉપદેશની પ્રાપ્તિનો જોગ બને, પછી તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય.

શુદ્ધચેતના એટલે જ્ઞાનલક્ષણ ચૈતન્યની શુદ્ધતાવાળો આત્મા કે જેની પરિણતિ અત્યાર સુધી 'પર' તરફ હતી તે હવે 'સ્વ' તરફ દૃષ્ટિ કરે છે અને 'સ્વ' માં સમાવવા પુરુષાર્થ કરે છે અને જ્યારે 'સ્વ' માં સમાઇ જાય છે ત્યારે તેને અપૂર્વઆનંદ થાય છે. જેને શાસ્ત્રમાં અપૂર્વકરણ કહેવામાં આવે છે અને ત્યારબાદ અનિવૃતિકરણ કરી રાગ–દ્વેષની ગ્રંથિનો ભેદ કરે છે તે અવસ્થા તે સમ્યક્ત્વદશા છે સમ્યક્ત્વદશામાં જીવ સાક્ષાત્ સ્વનો અનુભવ કરે છે.

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે,

"જ્યારે આત્માને સૂક્ષ્મબોધ એટલે કે વસ્તુ સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે તેને સમજાય છે કે વાસ્તવિક રીતે પોતે કોણ છે ? શું સ્વરૂપ છે ? તથા અત્યાર સુધી હું જેને મારું માનતો હતો તે કોણ છે તે સત્ય સ્વરૂપે સમજાય છે.

'સ્વ' સ્વરૂપ સમજાતાં આત્માનંદ થતાં મન પણ શાંત થઈ વિશ્રાંતિ પામે છે. કવિ શ્રી બનારસી દાસ 'સમયસાર' નાટકમાં લખે છે કેઃ–





"વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવૈ વિસરામ,
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ વાકો નામ."

નિજ સ્વરૂપજ્ઞાનને અનુભવજ્ઞાન કહે છે. આવું અનુભવજ્ઞાન જાગૃત થતાં મોહ ખસવા માંડે છે. આ પ્રકારનું જ્ઞાન પ્રગટ થતાં જીવ કેવી દશા અનુભવે છે તે વિષે કવિ શ્રી આનંદઘનજી મહારાજ બીજી કડીમાં કહે છે,

घट मंदिर दीपक कियो, सहज सुज्योति सरूप।
आप पराई आप ही, ठानत वस्तु अनूप.. सुहागण... ।।२।।

હૃદયમંદિરમાં સહજ પ્રકાશરૂપ દીપક પ્રગટ થયો છે. જેથી જીવ સ્વયં પોતાની અને પારકી વસ્તુને અનુપમ રીતે સ્થાપિત કરી શકે છે. અંધકારને કારણે આ જીવ ઉન્મત્ત બની કુમતિની સાથે ખેલ કરતો હતો પરંતુ હવે તો હૃદયમંદિરમાં સ્વયં જ્ઞાનજ્યોતિનો પ્રકાશ પડવા લાગ્યો છે. તેથી આત્માને શુદ્ધચેતના સાથેનો સંબંધનું સ્મરણ થવા લાગ્યું છે. આજ સુધી સ્વપરનો વિવેક નહોતો તે જ્ઞાનદીપક થતાં પ્રાપ્ત થયો છે.

જેમ સૂર્યના કિરણથી અંધકાર દૂર થાય છે તેમ અનંતાનુબંધી ચાર કષાય અને દર્શનમોહનો ઉપશમ થતાં ચિત્ત સ્વમાં સ્થાપન થાય છે. મોહ મદિરાનો નશો ઊતરી જતાં શુદ્ધાત્માનો અનુભવ એજ સમ્યગ્દર્શન છે.

શ્રી કુંદકુંદાચાર્યજી સમયસારમાં કહે છે,

"ववहारोऽभयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।
भूयत्थ मस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो।।

આત્માનુભૂતિ એટલે શુદ્ધનયથી ભૂતાર્થની ઉપજતી શુદ્ધ આત્માનુભૂતિ સમજવી અથવા આત્માનુભૂતિજન્ય સમ્યક્શ્રદ્ધા જ સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

આવા અનુભવને પામ્યા પછી ચેતન ચેતનાને કહે છે કે હવે મને તારા પ્રત્યે સાચો સ્નેહ થયો છે. આજ સુધી મારી પરમાં સ્વબુદ્ધિ હતી, પણ હવે મારા વિવેકચક્ષુ ખુલી ગયાં છે. હવે પરમાં મારી મતિ કામ કરતી નથી. પરંતુ સ્વમાં તે સ્થિર થઇ ગઇ છે. જેથી બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યે મારા દિલમાં ઉદાસીન ભાવ વર્તે છે. મને હવે બહારમાં ક્યાંય રુચિ રહી નથી.

આવી ઉચ્ચદશાનું વર્ણન કરતાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"સર્વભાવથી ઉદાસીનવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિંત મૂર્ચ્છા નવ હોય જો."

મનમાંથી ઊઠે તે વિચાર. વિચાર કોઈ સંજ્ઞારૂપ બને ત્યારે તેને વૃત્તિ કહેવામાં આવે છે. પણ ભાવ તો આત્મજન્ય છે. આવા ભાવ 'છ' છે. ઔદયિક ભાવ, ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપક્ષમભાવ, પારિણામિકભાવ અને સન્નિવાઇ ભાવ છ ભાવો પૈકી એક પારિણામિક ભાવ આત્મભાવ છે. શેષભાવ કર્મજન્ય છે. સત્તામાં પડેલ કર્મનો ઉદય થતાં જે ભાવ પ્રગટે તેને ઔદયિકભાવ કહેવાય છે. કર્મોનો ક્ષય થતાં જે ભાવ જન્મે છે તેને ક્ષાયિકભાવ કહેવાય છે. એવી જ રીતે ઉપશમ અને ક્ષયોપક્ષમભાવ પણ કર્મોનો ઉપશમ કે ક્ષયોપશમ થતાં પ્રગટે છે. આ બધા ભાવો કર્મસાપેક્ષ હોવાથી હેય છે ત્યારે પારિણામિકભાવ મોક્ષગતિમાં તથા સિદ્ધસ્થાને પણ હોય છે. તેથી જ કૃપાળુદેવ કહે છે કે મારી તો આ બધા ભાવોમાં પણ ઉદાસીનવૃત્તિ જ છે. આ દેહ જે ધારણ કર્યો છે તેમાં ફક્ત સંયમ હેતુ જ છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં હવે રુચિ નથી. સંયમ અર્થે જે સાધનો જોઈએ તે જ મારે ઉપભોગ્ય છે તે સિવાય મારે બીજું કાંઈ જોઈતું નથી. આ સ્થૂલ દેહ ટકે કે પડે, સડે કે ગળે તેમાં પણ મારો મૂર્ચ્છાભાવ નથી. જેમ વાસણ ફૂટી જાય તો ઉકરડે ફેંકી દેવાય તેમ જે દેહ સંયમ સાધનામાં ઉપયોગી ન બને અને રોગથી ઘેરાય જાય તે દેહની પછી આળપંપાળ શું કરવાની હોય. કારણ હવે તે ફૂટેલ વાસણ જેવો થઈ ગયો છે. તેથી વોસરાવવા યોગ્ય બની જાય છે. સ્વાનુભૂતિરૂપ જ્ઞાન પ્રગટ થતાં જીવ એક ઉત્તમદશામાંથી પસાર થતો રહે છે. આવા જ્ઞાનીઓની ક્ષણે ક્ષણે જાગૃતિ હોય છે. જેમ શાહુકાર, ઘરમાં કોઈ ચોર પ્રવેશી ન જાય તે માટે ચારે બાજુ દૃષ્ટિ કરતો રહે છે. તેમ સત્યજ્ઞાની પુરુષો પોતાની ચિતવૃત્તિમાં ક્યાંય વિષય-કષાય, વાસનાની મલિનતા આવી ન જાય તે માટે સતત જાગૃત રહે છે. આજ એની છે સાચી સાધના. આવા ઉત્તમ સ્વરૂપને પામ્યા પછી તેની અવસ્થાનું વર્ણન મુખે કહ્યું જાય તેમ નથી. તેથી જ,





કવિશ્રી આનંદઘનજી આ પદની ત્રીજી કડીમાં કહે છે,

कहां दिखावुं औरकुं, कहां समजाउ भोर;
तीर अचूक है प्रेमका, लागे सो रहे ठोर... सुहा... ।। ३ ।।

ચેતન કહે છે કે મારી સ્થિતિ હું કોને કહું ? અને ભોળાપ્રાણીઓને મારા આ સ્વરૂપને હું કેમ સમજાવું ? કારણ કે ઘાયલની વેદના સાજો માણસ શું જાણે ? તેમ જેને પ્રેમબાણ વાગ્યું હોય એ તો સ્થિર જ થઈ જાય છે. આવી ઉત્તમ અનુભૂતિને વાણી દ્વારા કે શબ્દોમાં કેવી રીતે કહી શકાય ? કે વાક્યોમાં કેવી રીતે ગૂંથી શકાય ? ચેતન કહે છે કે હે શુદ્ધ ચેતના ! મને મારા આત્મવૈભવના દર્શન થતાં જે આનંદ થયો છે તે હું વ્યક્ત કેવી રીતે કરૂં ? આ તો રામબાણ છે તેની પીડા તો જેને વાગ્યું હોય તે જ જાણે અને જેને વાગે એ તો સ્થિર જ થઈ જાય અર્થાત્ અનુભવ સમયના અંતરભાવોને વર્ણવા માટે બધા શબ્દો અધૂરા લાગે છે. જેને આવું તીર વાગ્યું હોય તેનાં ચિત્તની ચંચળતા દૂર થઇ જાય છે અને એક શુદ્ધાત્મદશાની અનુભૂતિ તથા પ્રતીતિમાં વસી જાય છે.

આ સ્થિરતારૂપ જે સ્થિતિ તે ચારિત્ર છે. હવે આ ગુણ પ્રગટ થયો છે તેમ કવિ ચેતનના આધારે કહે છે. જેમ જેમ મન શાંત થાય છે તેમ તેમ અંતરનો અવાજ સંભળાય છે.

તેથી કવિશ્રી આનંદઘનજી આ પદની છેલ્લી કડીમાં કહે છે,

नादविलुदधो प्राणकुं, गिने न तृण मृग लोय;
आनंदघन प्रभु प्रेमकी, अकथ कहानी कोय... सुहा... ।। ४।।

જેમ રાગમાં આસકત મૃગ પોતાના પ્રાણની તણખલા જેટલી પણ કિંમત ગણતો નથી તેમ આનંદઘન પ્રભુની પ્રેમ કથા પણ કહી શકાય નહીં તેવી છે.

આત્મપ્રભુના રંગી અને શુદ્ધદશાના ઉમંગી એવા ભક્તને આનંદઘનપ્રભુનું મિલન અવશ્ય થાય છે. જેને એક વખત પણ એવું સ્વરૂપ પ્રાપ્ત થાય છે એવા ચક્રવર્તીઓ પણ પોતાની અખૂટસંપત્તિને તૃણની જેમ ગણી છોડી દે છે. એક વખત સ્વરૂપાનુભવ કર્યા પછી વારંવાર તે કક્ષામાં જવાની તેને રઢ લાગે છે. તેથી આત્મપ્રભુને મેળવવા જંગલો, પહાડો અને ગુફાઓનાં એકાંતસ્થાનમાં તેઓ ચાલ્યા જાય છે. ત્યાં

આત્માથી આત્મા સાથે વાતો કરતાં વર્ષો વીતી જાય છે પણ તેને સમયનું જ્ઞાન કે ભાન રહેતું નથી.

શ્રી મોતીચંદ કાપડિયા બતાવે છે તે પ્રમાણેઃ

આ કડીમાં नाद वलुदधो શબ્દનો યોગની પરિભાષામાં અર્થ અનાહત નાદ થાય છે. યોગમાં ધીરે ધીરે પ્રગતિ કર્યા પછી જ્યારે સ્થિરતા આવે છે ત્યારે અતિમધુર ધ્વનિ અંતઃકરણમાંથી ઊઠે છે જેની મીઠાશ જગતના સર્વ પદાર્થથી અનેકગણી અધિક હોય છે.

આત્માને પામવાની જેને લગની લાગી છે તેઓ જગતથી તદ્ન ઉદાસીન હોય છે. દુનિયા શું બોલશે કે બોલે છે તે સાંભળવા ને વિચારવાની તેને ઈચ્છા સુદ્ધા નથી હોતી. શ્રી આનંદઘનજી મહારાજ પણ આવા ઉદાસીન હતા તેઓ આત્મજ્ઞાતા હોવાને કારણે તેમની વાણી અકથ્ય તથા અપૂર્વ જ હોય છે. યોગથી અયોગ તરફ જવા તેમણે આત્માની આહ્લેક જગાવી અને શુદ્ધ ચેતનાને ચેતનમાં જોડી માટે જ શ્રી આનંદઘનજી અનુભવજ્ઞાની હતા. તેમણે આ પદમાં આત્માનુભવને સુહાગણના પ્રેમનું રૂપક આપ્યું છે. તેથી એ અનુભવ અપૂર્વ અને અકથ્ય કહ્યો છે. જેને એ અનુભવ થયો હોય એ જ તેને બરાબર જાણી– સમજી શકે છે. કવિએ ઘટને મંદિરનું અને આત્માનુભવને દીપકનું રૂપક આપ્યું છે.

આ રીતે તીવ્ર અનુભૂતિને વ્યક્ત કરવા સચોટ અભિવ્યક્તિ પણ કવિને સહજ પ્રાપ્ત થયેલ છે.





## પદ-૫

**“अवधू नट नागर की बाजी”**

શ્રી આનંદઘનજી મહારાજે પદો દ્વારા પોતાના અનુભવોનો ઉત્તમ નિચોડ આત્માર્થી જીવો માટે આપ્યો છે. આત્માર્થી જ્યારે પરમાત્માની સાચી ખોજ કરે છે ત્યારે તેને પોતાનામાં જ પરમાત્મા દૃશ્યમાન થાય છે. જ્યારે સ્વમાં પરમજ્યોતિ સ્વરૂપ પ્રભુનાં દર્શન થાય છે ત્યારે તેની બાહ્યદશા પણ વિલક્ષણ જણાય છે.

શ્રી આનંદઘનજી મહારાજ પાંચમા પદની પ્રથમ કડીમાં કહે છે,

अवधू नट नागर की बाजी जाणें न बांभण काजी<br>
थिरता एक समयमें ठाने, उपजे विणसें तब ही<br>
ऊलट - पुलट ध्रुव सत्ता राखें, या हम सुनीन कब ही अवध्।। ३।।

આ પદમાં કવિએ આત્માની ઉચ્ચદશાની વાત કરી છે. જે વાતો વેદ, પુરાણ કે કુરાનમાં પણ જોવામાં આવતી નથી એવી આત્માની સ્વતંત્ર સત્તાની વાતો છે.

સાંખ્ય દર્શન – આત્માને માત્ર નિત્ય માને છે.

બૌદ્ધ દર્શન– આત્માને અનિત્ય અથવા ક્ષણિક માને છે. એમ ભિન્નભિન્ન દર્શનો ભિન્નભિન્ન દૃષ્ટિથી આત્માનાં લક્ષણો જણાવે છે, ત્યારે જૈન દર્શને અનેકાન્ત દૃષ્ટિથી આત્મતત્ત્વનો સાચો પરિચય કરાવ્યો છે. વળી દ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ આ પદમાં વર્ણવ્યું છે. દ્રવ્યનો અર્થ છે ‘द्रवति इति द्रव्यम्’ જે ક્ષણે ક્ષણે પલટાયા કે તે દ્રવ્ય. ભગવાન ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે “उत्पाद, व्यय, ध्रोव्य युक्तम् सत्” જૈનદર્શન જગતમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય ને કાળ એ છ દ્રવ્યનો સ્વીકાર કરે છે. બધાં જ દ્રવ્યો સત્ સ્વરૂપ છે. જેનો મૂળભૂત કદી નાશ થતો નથી. અવસ્થાઓ બદલાયા કરે. દ્રવ્ય, દ્રવ્યરૂપે હંમેશાં રહે છે. એટલે કે દ્રવ્યની વ્યાખ્યા કરતાં ભગવાન ઉમાસ્વાતિજી લખે છે કે “गुण पर्यायवद् द्रव्यम्” જે ગુણ અને પર્યાયથી યુક્ત હોય તે દ્રવ્ય.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

गुणाणमासओ दव्वं एगद्रव्वरिसया गुणा।
लक्खणं पज्जवाणं तु, उभओ अस्सिया भवे।।

જે ગુણનું આશ્રયસ્થાન છે તે દ્રવ્ય તથા એક દ્રવ્યને આશ્રિત જે હોય તે ગુણ છે અને જેમાં ગુણ અને પર્યાય હોય તેને દ્રવ્ય કહેવાય છે. પર્યાય એટલે પલટાતી અવસ્થા, જે પદાર્થ અથવા ગુણમાત્રમાં હોય છે તેમ શ્રી સંતબાલજી કહે છે.

મૂળભૂત દ્રવ્યના સામાન્યરૂપે છ સ્વભાવ છે.

( ૧ ) અસ્તિત્વ ( ૨ ) વસ્તુત્વ ( ૩ ) દ્રવ્યત્વ ( ૪ ) પ્રમેયત્વ ( ૫ ) અગુરુલધુત્વ અને ( ૬ ) સત્ત્વત્વ.

( ૧ ) અસ્તિત્વઃ – દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયથી અસ્તિત્વરૂપ છે. એક દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યમાં પ્રવેશી જતા નથી. એક દ્રવ્યનો સ્વભાવ બીજા દ્રવ્યના સ્વભાવરૂપ બની જતો નથી. જેમકે જડ કદી ચેતન બનતું નથી ને ચેતન કદી જડ થતું નથી. કારણ દરેક દ્રવ્યનો અસ્તિત્વ ગુણ છે.

( ૨ ) વસ્તુત્વઃ– જેમાં ગુણ અને પર્યાય રહે તે વસ્તુ. એક આકાશપ્રદેશ પર છએ છ દ્રવ્યો હોવા છતાં વસ્તુત્વગુણને કારણે બધાં ભિન્નભિન્ન છે. ક્ષીર – નીરવત્.

( ૩ ) દ્રવ્યત્વઃ– દરેક દ્રવ્ય પોત પોતાના ગુણથી યુક્ત છે. જેમકે સાકરમાં મીઠાશ અને લીમડામાં કડવાશ નામનો ગુણ.

( ૪ ) પ્રમેયત્વઃ – પ્રત્યેક દ્રવ્ય અમુક પ્રમાણોથી જાણી શકાય છે. જેમકે પુદ્ગલ ઉત્પન્ન થાય છે અને વિણસે છે. જીવ જાણે છે અને જુએ છે. આ પ્રકારે દરેક દ્રવ્ય પોતાના અસાધારણ ગુણથી જાણી શકાય છે.

( ૫ ) અગુરુલઘુત્વઃ – દરેક ગુણ ષટ્ગુણ હાનિ–વૃદ્ધિ પામે છે તે પોતપોતાની અપેક્ષાએ ગુરુ–લઘુ નથી માટે અથવા એવા પ્રકારનાં અપૂર્વ ધર્મો તેમાં છે તેથી અગુરુલઘુત્વ છે.

( ૬ ) સત્ત્વત્વઃ – દરેક દ્રવ્ય એક સમયમાં ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે છતાં પણ તેનો બિલકુલ નાશ થતો નથી કારણકે તે દ્રવ્યનો સત્ સ્વભાવ છે.





આ રીતે જીવ દ્રવ્ય સ્વરૂપ છે. સંસારીજીવ જે શરીરધારી છે તે જન્મે છે તથા મૃત્યુ પામે છે. એમાં શરીરની દશા બદલાય છે પણ જીવ તો જીવ સ્વરૂપ જ રહે છે જેમ રંગમંચ પર નાટકિયો વિધ–વિધ પ્રકારના વેશ ધારણ કરે છે ને પાત્ર ભજવે છે પરંતુ દરેક પાત્રમાં પોતે તો જે છે તે જ છે. દરેક દ્રવ્યના ગુણધર્મો સત્ સ્વરૂપ છે પરંતુ પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. એક દ્રવ્યમાં અનંત ગુણ છે અને એક એક ગુણની અનંત–અનંત પર્યાય છે તથા દ્રવ્યના પણ પર્યાય છે કવિ કહે છે કે નટનાગર એવા જીવની સંસારની બાજી પણ આવા પ્રકારની જ છે.

આત્મરૂપ નટનાગરની બાજી કેવી યુક્તિ યુક્ત છે તે આ પદની બીજી કડીમાં કવિ કહે છે,

एक अनेक अनेक एक कुनी, कुंडल कनक सुभावे।
जल तरंग घट मांही रविकर, अगिनत तादी सभावे.... अवधू... ।। २ ।।

આત્મા દરેક અવસ્થામાં એક હોવા છતાં અવસ્થા ભેદે જુદો–જુદો જણાય છે. આ વિચાર સમજાવવા માટે શ્રી આનંદઘનજીએ અહીં સરસ ઉદાહરણો આપ્યાં છે. જેમકે સુવર્ણ કુંડલમાંથી હાર બનાવવામાં આવે તો પણ બંને અવસ્થામાં સુવર્ણ તો તેનું તે જ રહે છે, ઘાટ બદલાય છે. એવી રીતે પાણીથી ભરેલા વાસણમાં અનેક તરંગો ઊઠે છે અને તેમાં સૂર્યનું પ્રતિબિંબ પડતાં અનેક સૂર્યો દેખાય છે. પણ સૂર્ય તો તેનો તે જ છે તેમ આત્મા પણ અવસ્થા ભેદે અનેકરૂપ જણાતો હોવા છતાં દરેક સમયે એકનો એક જ છે. આત્મા તો એક છે પણ ગુણ–પર્યાયને કારણે અનેકરૂપે વ્યક્ત થાય છે. એટલે કે અનેકરૂપોમાં એકત્વરૂપી આત્મા તો છે જ.

શ્રી દેવચંદ્રજી મહારાજ આગમસારમાં લખે છે,

‘જીવ દ્રવ્ય અનંત છે. જીવના પ્રદેશો અસંખ્યાતા છે. ગુણો અનંત છે અને પર્યાય અનંત છે. પરંતુ જીવત્વ સર્વ જીવોમાં સરખું હોવાના કારણે એકપણું પણ છે. તેથી જીવ દ્રવ્યનું ચારગતિમાંથી કોઈપણ ગતિનો જીવ હોય પરંતુ જીવત્વગુણને કારણે એકપણું છે અને જીવના ગુણોનો ક્રમિક વિકાસ અર્થાત્ જીવની વિશુદ્ધિના ક્રમિક વિકાસને કારણે અનેકપણું પ્રતિભાસે છે. તેથી જ જૈનદર્શનની સાપેક્ષ દૃષ્ટિ આ વાતનું સમર્થન કરે છે.

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે,

એક જીવ છે તે અનેક રૂપો ધારણ કરે છે. અનેક આકારો ધારણ કરે છે. અનેક નામ ધારણ કરે છે. વળી અનેકના એક થઈ જાય છે પણ તેનું મૂળ આત્મત્વ તો એક જ છે. એકના અનેકરૂપો ગુણ – પર્યાયથી થાય છે.

જૈન દર્શનની સાપેક્ષદૃષ્ટિને સમજવા એની સપ્તભંગીનો પરિચય શ્રી આનંદઘનજી મહારાજ આ પદની ત્રીજી કડીમાં કરાવે છે.

**है नांहि है बचन अगोचर, नय प्रमाण सत्‌भंगी।**
**निरपख होय लखे कोई विरला, क्या देखे मत जंगी ? अवधू... ।।३ ।।**

સપ્તભંગીના માધ્યમથી કવિએ જીવની નિત્યાનિત્યતા સાબિત કરી, નટનાગરની રમતનું રહસ્ય આ કડીમાં ખોલ્યું છે.

જેમકે પ્રમાણ નય તત્વાલોકમાં શ્રી વાદીદેવસૂરિજી કહે છે,

(૧) "स्यादस्त्येव सर्वमिति विधि कल्पनया प्रमो भङ्गः "

સ્યાત્ સર્વ પદાર્થ છે આ પ્રમાણે વિધિ કલ્પનાથી પ્રથમ ભંગ થાય છે.

(૨) स्याद नास्ति एव सर्वमिति निषेध कल्पनया द्वितीयो भङ्गः

કથંચિત્ સર્વપદાર્થ નથી આ પ્રમાણે નિષેધની કલ્પનારૂપ બીજો ભંગ.

(૩) स्याद स्त्येव स्यान्नास्त्येव क्रमतो विधि निषेध कल्पनया तृतीयः

કથંચિત્ સર્વ પદાર્થ છે. કથંચિત્ નથી. આ રીતે ક્રમથી વિધિ અને નિષેધની કલ્પનારૂપ ત્રીજો ભંગ છે.

(૪) स्यादवकतव्य भेवेति युगपद विधि निषेध कल्पनया चतुर्थः

કથંચિત્ સર્વ પદાર્થ અવક્તવ્ય છે. આ પ્રકારે વિધિ – નિષેધની કલ્પનારૂપ ચોથો ભંગ છે.

(૫) स्यादस्त्येवेव स्याद वक्तव्यमेवेति विधि कल्पनया युगपद विधि–निषेध कल्पनया च पंचमः

કથંચિત્ સર્વ પદાર્થ છે અને કથંચિત્ અવક્તવ્ય છે. આ પ્રકારે વિધિની કલ્પનાથી અને એક સાથે વિધિ– નિષેધની કલ્પનાથી પાંચમો ભંગ થાય છે.





(૬) स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेध कल्पनया युगपद, विधि–निषेध कल्पनया च षष्ठः

કથંચિત્ સર્વ પદાર્થ નથી અને કથંચિત્ અવક્તવ્ય છે. આ રીતે નિષેધની કલ્પનાથી અને એક સાથે વિધિનિષેધની કલ્પનારૂપ છઠ્ઠો ભંગ છે.

(૭) स्याद्स्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्य मेवेति क्रमतो विधि–निषेध कल्पनया युगपद् विधि–निषेध कल्पनया च सप्तम भंग।। इति।।

કથંચિત્ સર્વ પદાર્થ છે, કથંચિત્ નથી, કથંચિત્ અવક્તવ્ય છે. આ રીતે ક્રમથી વિધિ–નિષેધની કલ્પનારૂપ અને યુગપદ વિધિ–નિષેધની કલ્પનારૂપ સાતમો ભંગ છે.

આજ વાતને જીવ ઉપર ઉતારવામાં આવે છે જેમ કે :

(૧) સ્યાદ્ અસ્તિઃ – જીવ દ્રવ્ય સ્વક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી છે.

(૨) સ્યાત્ નાસ્તિઃ – જીવ દ્રવ્યમાં પર દ્રવ્યના ગુણ–પર્યાય નથી.

(૩) સ્યાત્ અસ્તિ – નાસ્તિઃ – જીવ દ્રવ્યમાં સ્વગુણ – પર્યાયનો અસ્તિભાવ અને પર દ્રવ્ય ગુણ–પર્યાયનો નાસ્તિભાવ એક સમયે હોય છે માટે અસ્તિ–નાસ્તિ.

(૪) સ્યાત્ અવક્તવ્યઃ જીવ દ્રવ્યમાં એકી વખતે અસ્તિ–નાસ્તિભાવ સાથે હોય છે પરંતુ અસ્તિભાવ કહેવામાં અસંખ્ય સમય વ્યતીત થઈ જાય છે. એક સમયે એક સાથે અસ્તિ નાસ્તિભાવ કહી શકાતો નથી માટે સ્યાત્ અવક્તવ્ય કહેવામાં આવે છે.

(૫) સ્યાત્ અસ્તિ અવક્તવ્યઃ – જીવ દ્રવ્યમાં જે ગુણ – પર્યાય છે તે એક સમયે એક સાથે કહી શકાય નહીં. તીર્થંકર કે સર્વજ્ઞ પરમાત્મા એક સમયે અસ્તિ–નાસ્તિ વગેરે ભાવોને જાણી, જોઈ શકે છે પરંતુ તેઓ પણ એક સમયે બંને ભાવોને કે બંને ભાવમાંથી એક ભાવને સંપૂર્ણ રીતે કહી શકાતા નથી માટે સ્યાત્ અસ્તિ અવક્તવ્ય છે.

(૬) સ્યાત્ નાસ્તિ અવક્તવ્યઃ– જીવ દ્રવ્યમાં પર દ્રવ્યનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે એક પણ ગુણધર્મ નથી છતાં એક સમયમાં તે કહી શકાય નહીં માટે સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય.

( ૭ ) સ્યાત્ અસ્તિ – નાસ્તિ અવક્તવ્યઃ – અસ્તિ અવક્તવ્ય અને નાસ્તિ અવક્તવ્ય બંને જીવમાં એક સમયે વર્તે છે પરંતુ એક સમયમાં વાણીમાં ન આવવાથી સ્યાત્ અસ્તિ–નાસ્તિ અવકતવ્ય કહેવામાં આવે છે.

આ સ્યાત્ શબ્દ વડે સ્યાદ્‌વાદ દર્શનનું મહત્ત્વ આંકી શકાય છે. આવી રીતે શ્રી આનંદઘનજી મહારાજે સાત નય અને ચાર નિક્ષેપનું પણ નિરૂપણ કરી જીવની વાસ્તવિકદશાનો પરિચય કરાવ્યો છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે,

'આત્મામાં રહેલાં ગુણોનું સ્વરૂપ સાત નય વડે અવબોધવું"

શ્રી દેવચંદ્રજી મહારાજે ફરમાવ્યું છે,

'જે નય છે તે પદાર્થના જ્ઞાનને વિષે જ્ઞાનના અંશ છે નયનું લક્ષણ કહે છે.

"नयास्तु पदार्थ ज्ञाने ज्ञानांशाः तत्रानन्त धर्मात्मके वस्तुन्येक धर्मोन्नपनं ज्ञान नयः"

અનંત ધર્માત્મક જે વસ્તુ એટલે કે જીવાદિક એક પદાર્થમાં અનંત ધર્મ છે. તેનો જે એક ધર્મ ગવેષ્યો તો પણ અન્ય કે બીજા અનંત ધર્મ તેમાં રહ્યા છે તેનો ઉચ્છેદ નહીં અને ગ્રહણ પણ નહીં પણ એક ધર્મની મુખ્યતા કરવી તે નય છે.

જૈનદર્શનકારોએ આ પ્રકારે સાત નયનું નિરૂપણ કર્યું છે. તેમાં પ્રથમના ચાર નયો જેવા કે નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય આ ચાર નયો દ્રવ્યાર્થિક નય છે. શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ ત્રણ પર્યાયાર્થિક નય છે.

દ્રવ્યાર્થિક નય કોને કહેવાય ? તેના ઉત્તરમાં કહેવાયું છે કેઃ–

"द्रवति द्रव्यति अदुद्रवत तांस्तान पर्यायानिति द्रव्यं तदेवार्थः सोऽस्ति यस्य विषयत्वेन स द्रव्यार्थिकः

જે વર્તમાન પર્યાયને દ્રવે છે, ભવિષ્યકાળમાં દ્રવશે તથા ભૂતકાળમાં દ્રવતો હતો તેને દ્રવ્ય કહેવાય અને તે જ છે અર્થ પ્રયોજન વિષયપણે જેને તે દ્રવ્યાર્થિક નય કહેવાય છે. અને પર્યાય તે જન્ય છે અને દ્રવ્ય તે જનક. દ્રવ્ય ધ્રુવ છે અને પર્યાય તે ઉત્પાદ –વ્યયરૂપ છે.





જેમ કહ્યું છે,

पर्येति उत्पाद–विनाशौ प्राप्नोतीति पर्यायः स एवार्थ सोऽस्तिपस्यासौ पर्यायार्थिकः

જે ઉપજવા તથા વિનાશના પરિણામયુક્ત છે તે પર્યાય. ગુણ સાપેક્ષ અનંત નયો થાય છે અને પર્યાય સાપેક્ષ પણ અનંત નયો થાય છે પરંતુ મૂળ ભેદે સાત નય છે.

( ૧ ) નૈગમ નયઃ જીવના અસંખ્યાત પ્રદેશાંથી આઠ રૂચક પ્રદેશ નિરંતર સિદ્ધ સમાન ઉજ્જવળ છે. તે અંશ લઈને કહે છે કે જીવ સિદ્ધ સમાન છે તે નૈગમ નય –દ્રવ્યાર્થિક નય છે. આ નયવાળાનો એક સરખો અભિપ્રાય હોતો નથી. તે કોઈ વખત દ્રવ્યારોપણ તો કોઈ વખત ગુણારોપણ કે કાળારોપણ કરે છે. તો કોઈ વખત કારણારોપણ પણ કરે છે.

( ૨ ) સંગ્રહનયઃ જેમ કે જીવદ્રવ્યની વાત કરતાં, જીવના અનંત ગુણ તથા પર્યાય સાથે લઈ લે. જે ધર્મ દ્રવ્યમાં વ્યાપક હોય તથા સતા ગત્ હોય તેને સંગ્રહીને વાત કરે જેમકે જીવ દ્રવ્યનો ચેતનધર્મ.

દા. ત. ઘોડો તૈયાર કર. આ વાક્ય સાંભળતા ઘોડો ઉપર બેસવા પલાણ નાખવું, ચડવા લોખંડની કડી વગેરે મૂકવી, ચાબુક કે લગામ તૈયાર કરવી આ સંગ્રહનયનો વાક્ય પ્રયોગ છે. આ નય સામાન્ય વિશેષને ગ્રહણ કરે છે.

( ૩ ) વ્યવહારનયઃ આ નયવાળો સર્વની વહેંચણી કરે છે. વિભાગ જુએ છે અને તે સર્વ બાહ્ય સ્વરૂપ દેખીને જ કરે છે. આ નયવાળો અંતરંગ સત્તા માનતો નથી. બહારની ઉપર ઉપરની આચાર ક્રિયાને પ્રાધાન્ય આપે છે. તે કારણે શુભ–અશુભ, શુદ્ધ–અશુદ્ધ, અનુપચરિત એવા અનેક ભેદ પડે છે. જેમ કે પાપક્રિયા કરનારનો અશુભ વ્યવહાર અને પુણ્યક્રિયા કરનારનો શુભ વ્યવહાર.

શ્રી દેવચંદજી મહારાજ લખે છેઃ–

"ऋजु श्रुतं सुज्ञान बोधरूपं तपश्च ऋजु अवक्रम श्रुतमस्य सोऽपमृजु श्रुतः

( ૪ ) ઋજુ સૂત્રઃ ઋજુ એટલે સરલ. શ્રુત એટલે બોધ આ નયવાળો

દ્રવ્યને વર્તમાન સ્થિતિ ઉપર ખાસ લક્ષ્ય આપે છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહારનય અતીત, અનાગતને લક્ષમાં રાખે છે ત્યારે નયવાળો વર્તમાન સમયને પ્રમાણભૂત માને છે. જેમકે કોઈ ગૃહસ્થસાધુ જેવું જીવન જીવતો હોય તો તેને સાધુ કહે. આ નયનો ચારેય નિક્ષેપમાં સમાવેશ થઈ શકે છે.

( ૫ ) શબ્દનયઃ આ નય પર્યાયાર્થિક છે. તે પદાર્થની વર્તમાન સ્થિતિમાત્ર જ ગ્રહણ કરે છે તથા શબ્દના વાચ્યાર્થને જ ગ્રહણ કરે છે. જેમકે રાજયનો અધિપતિ રાજા તેને રાજા, નૃપ, રાજેશ્વર, ભૂપતિ, ભોપાલ વગેરે નામોથી બોલાવી શકાય પરંતુ આ શબ્દો જુદા જુદા હોવા છતાં એક અર્થના વાચક છે. આ નય ભાવ નિક્ષેપને ગ્રહણ કરે છે.

( ૬ ) समभिरूढः – जं जं सण्णं भासइ। तं तं चिय समभिरोहई जम्हता सण्णंतरत्थ विमुहो, तओ नओ समभिरुढोति।। यां यां संज्ञा घटादिलक्षणां भाषते वदति तां तामेव यस्मात्संज्ञान्तरार्थ विमुख समभिरुढो नयः

'घटकुंभादिकमां जे संज्ञानो वाच्च अर्थ देखाय तेज संज्ञा कहे' જેમાં સંજ્ઞાતર અર્થ ને વિમુખ છે તેને સમભિરૂઢ નય કહીએ. પં. શોભાચંદ ભારિલ્લ લખે છે કેઃ–

काल कारक आदिका भेद न होने पर भी सिर्फ पर्यायवाची शब्दके भेद से वाच्य पदार्थ में भेद मानता है

જે એક પર્યાય પ્રગટપણે અને શેષ પર્યાયને અણ પ્રગટવે.

શબ્દનય તેટલા સર્વનામ બોલાવે પણ સમભિરૂઢનય તે ન બોલાવે એટલો શબ્દનય તથા સમભિરૂઢ નયમાં ભેદ છે. જેમ કે શક્ર સિંહાસન પર બેઠેલાને જ શકેન્દ્ર માને. ભાવ નિક્ષેપ અને વર્તમાનકાળને જ માને.

( ૭ ) એવંભૂત નયઃ 'भूत शब्दोऽत्र तुम्यवाची एवं यथा वाचले शब्दे यो व्यत्यत्तिरूपो विद्यमानोर्थोऽस्ति तथा भूततुल्याऽर्थ क्रिया कारिण मेव वस्तु वस्तुवन्मन्यमानः एवंभूतो नयः"

ભૂત શબ્દ તુલ્ય અર્થવાચક છે. એટલા માટે જે શબ્દ વિદ્યમાન અર્થોનો વાચક છે તે અને અર્થ ક્રિયા કારીમાં બરાબરી રાખે છે તેને એવંભૂતનય કહે છે વસ્તુનું જેવું નામ તેવું જ તેનું કામ અને પરિણામની ધારા પણ તેવી જ. આ ત્રણેય બાબત સંપૂર્ણ હોય તેને જ માને જેમકે





શકેન્દ્ર સિંહાસન પર બેસીને ન્યાય તો કરે છે પણ તેનું મન દેવીઓમાં હોય તો તે વખતે તેને શકેન્દ્ર ન કહેતા 'શચિપતિ' કહેવો. આ નયવાળો ભાવનિક્ષેપને માને છે તથા વર્તમાનકાળને જ માને છે.

આ પ્રકારે કવિએ આત્માને નાટકિયો કહેલ છે. કારણકે તે વિવિધ પ્રકારના ખેલ કરી રહ્યો છે. છતાં જીવ તો જીવ જ છે. નયના સ્વરૂપ વડે જીવ સ્વશક્તિ તથા તેના ધર્મને જાણી શકે છે.

આત્મવૈભવની યથાર્થશ્રદ્ધા પ્રમાણ દ્વારા પણ થઈ શકે છે. આત્મા વિષે પ્રવર્તતા વિભિન્ન. મતમતાંતરોનું નિરાકરણ પ્રમાણ દ્વારા થઈ શકે છે. પ્રમાણ પાંચ છે. પ્રત્યક્ષ, પરોક્ષ, અનુમાન, આગમ અને પ્રત્યભિજ્ઞાન. આ પાંચમાં બે પ્રમાણ મુખ્યરૂપથી પ્રચલિત છે.

( ૧ ) પ્રત્યક્ષ પ્રમાણઃ પ્રત્યક્ષ પ્રમાણનું લક્ષણ બતાવતાં શ્રી વાદીદેવસૂરી લખે છે કેઃ स्पष्टं प्रत्यक्षम्. स्पष्ट ज्ञानको प्रत्यक्ष कहते है। શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કે "अक्षं प्रतिगतं प्रत्यक्षं" અક્ષ એટલે આત્મા. જેમાં જીવ પોતાના સ્વતંત્ર ઉપયોગથી દ્રવ્યને પ્રત્યક્ષ જાણે. પદાર્થના જ્ઞાન માટે ઇન્દ્રિઓ કે મનરૂપ સાધનની આવશ્યકતા ન રહે તે પ્રત્યક્ષ. આ જ્ઞાન સીધું આત્માથી થાય છે. માટે તે પ્રત્યક્ષ પ્રમાણ છે.

( ૨ ) પરોક્ષપ્રમાણઃ – अस्पष्टं परोक्षम् અસ્પષ્ટ જ્ઞાનને પરોક્ષ પ્રમાણ કહેવાય છે. જે ઇન્દ્રિયોની સહાયતાથી જ્ઞાન થાય તે પરોક્ષ જ્ઞાન છે અર્થાત્ જેમાં પદાર્થ અને આત્મા વચ્ચે ઇન્દ્રિયોનું માધ્યમ રહે તે પરોક્ષપ્રમાણ છે.

અન્ય દર્શનકારો આંખે દેખાતા પદાર્થને પ્રત્યક્ષ કહે છે ત્યારે જૈન દર્શનકાર તેને પરોક્ષ કહે છે. આ પ્રકારે નટનાગરની બાજી જાણવા આત્મતત્ત્વ પ્રથમ જાણવું જરૂરી છે. સર્વ દર્શનકારો પોતાના મતાનુસાર આત્માની વાતો કરે છે પણ જે પોતાના મતમાં મસ્ત છે તે આત્માને એક સ્વરૂપે જ જુએ છે. તેથી કોઈ ઈશ્વરને જગતનો કર્તા માને છે. કોઈ ઈશ્વર તથા આત્મામાં ભેદ જુએ છે; તો કોઈ વળી આત્માને ઈશ્વરનો અંશ માને છે પણ તેમાં આત્માની વાસ્તવિક દશાનું કોઈ પ્રમાણ નથી. આત્માનો પ્રત્યક્ષ અનુભવ થયા પછી અર્થાત્ આત્મસાક્ષાત્કાર થયા પછી જે તેના વાસ્તવિક સ્વરૂપને જાણે છે તે જ પ્રમાણભૂત બની જાય છે અથવા

નિષ્પક્ષ થઇ આત્માનું સ્વરૂપ વિચારતાં સત્યસ્વરૂપ પ્રકાશી શકે છે પણ અજ્ઞાની જીવો પોતાની ઊલટી દૃષ્ટિને કારણે પોતાની વાતોની પકડ લઈને બેસે છે. માટે જ કવિશ્રી આનંદઘનજી મહારાજે અભિનંદન સ્વામીના સ્તવનમાં કહ્યું છે કેઃ–

"અભિનંદન જિન દરશન તરસીએ દર્શન દુર્લભ દેવ.
મત - મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાયે અહમેવ..."
અભિનંદન...

આ રીતે કવિશ્રીએ ધર્મના મતભેદોની અંતરવેદના વ્યક્ત કરી છે. તેઓ આત્મધર્મના યથાર્થજ્ઞાન માટે સપ્તભંગી તથા નિક્ષેપ જ્ઞાનનો માર્ગ બતાવી સમાધાન સાધે છે. શ્રી આનંદઘનજી મહારાજે સપ્તભંગી, નય તથા નિક્ષેપ દ્વારા સર્વ ધમાવલંબીઓને સત્યમાર્ગ માટે સાચી દૃષ્ટિ આપી છે. તેઓ પોતાના શબ્દમાં કહે છે,

सर्वमयी सरवंगी माने, न्यारी सत्ता भावे।
आनंदघन प्रभु वचन सुधारस, परमारथ सो पावे... अवधू... ।।४ ।।

વેદાંત દર્શનકારની એવી માન્યતા છે કે ઈશ્વર સર્વવ્યાપી છે. જગતનું એવું કોઈ સ્થાન નથી કે જ્યાં ઈશ્વર ન હોય જેમકે ભગવતગીતામાં કહ્યું છે,

पृथिव्या मप्पहं पार्थ, वाया वग्नौ जलेप्पहं।
वनस्पति श्चाहं, सर्वभूत गतोप्पहं।।
यो मां सर्वगतं ज्ञात्वा, न विहिसेत तदाचन।
तस्याहं न प्रणश्यामि, स च मे न प्रणश्यति।।

( અહો ! પાર્થ, હું માટી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ અને સર્વભૂતમાં વ્યાપી રહ્યો છું. આ પ્રમાણે મને સર્વવ્યાપક જાણીને જે મારી હિંસા કરતો નથી તેનો હું પણ વધ કરતો નથી )

શ્રી વિષ્ણુપુરાણમાં પણ લખ્યું છે,

जले विष्णुं, स्थले विष्णुं, विष्णुं पर्वत मस्तके।
ज्वाला माला फुले विष्णुं, विष्णुं सर्व जगन्मयः।।

( હે પાર્થ ! હું જળમાં છું, સ્થળમાં ( પૃથ્વીમાં ) છું, પર્વતના મસ્તક પર છું તો વનસ્પતિમાં પણ છું. અગ્નિમાં છું તો ફૂલ ( હાલતાં–ચાલતાં ) પ્રાણીમાં છું. હું સર્વ જગતમાં વ્યાપીને રહ્યો છું. )





જૈન દર્શન "अप्पा सो परमप्पा" નું નિરૂપણ કરે છે. જગતનાં સર્વ સ્થાનોમાં પરમાત્મ સ્વરૂપ આત્મા બિરાજમાન છે. એક નયાપેક્ષા આત્માની સર્વસ્થાનોમાં સત્તા છે છતાં પણ વિશ્વના સર્વ પદાર્થોથી આત્માની સત્તા સર્વથા ન્યારી તથા સ્વતંત્ર છે.

શ્રી મોતીચંદ કાપડિયા સમજાવે છે,

"સામાન્ય જીવને સર્વવસ્તુનો સામાન્યબોધ થાય છે. ત્યારે તે આત્માનો સર્વ વસ્તુ સાથેનો સંબંધ વિચારી તેનો ખ્યાલ કરે છે. તેનું નિરીક્ષણ કરી તેના રસનું આસ્વાદન કરે છે. એટલે તદ્પેક્ષયા સર્વવ્યાપી કહી શકાય. પરંતુ પરમાત્માદશામાં તેની સત્તા તો ન્યારી જ રહે છે. સિદ્ધસ્થાન એક જ છે પરંતુ ત્યાં પણ વ્યક્તિત્વ તો દરેક આત્માનું સ્વતંત્ર રહે છે. અવગાહના જુદી જ પડે છે.

વેદાંતીઓ કહે છે કે માયા અને પરમાત્મા બંને તદ્ન જુદા જ છે. માયા, આત્માને પોતાની જાળમાં ફસાવી જુદાં–જુદાં ખેલ કરાવે છે. ત્યારે જૈન દર્શન કહે છે કે માયા તો આત્માની વૈભાવિકસ્થિતિ છે. જે મોહનીયકર્મની ચાર પ્રકૃતિ છે. ક્રોધ, માન, માયા અને લોભ તેમાં વેદાંત–માન્ય માયાનો પણ સમાવેશ થઈ જાય છે.

આત્માને સંસારમાં બાંધી રાખનાર કષાય છે. કષ + આય = કષાય, જેના વડે સંસાર વૃદ્ધિ થાય તે કષાય. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ ચાર– પ્રકારે ચાર કષાય છે. અનંતાનુબંધી કષાય સંસારને ઊભો કરે છે. ઉપમિતિ ભવ પ્રપંચમાં કહ્યું છે કે આ ચાર કષાયોનો સેનાપતિ મિથ્યાદર્શન છે જે સર્વજીવોને પોતાના સકંજામાં ફસાવે છે અને જીવ પાસે વિધ–વિધ પ્રકારના ખેલ કરાવે છે. કવિ કહે છે કે નટનાગરની બાજી પણ આવી છે. એ ક્યારેક એક દેખાય છે તો વળી ક્યારેક અનેકરૂપ પણ દેખાય છે. ક્યારેક દૃશ્યાન છે તો ક્યારેક અદૃશ્યમાન થઈ જાય છે. તે ઉત્પન્ન થાય છે તથા વિણસી જાય છે છતાં પણ ધ્રુવત્વ ધારણ કર્યું છે. નટનાગરે મદારીની રમત માંડી છે. પણ રમત સમજવી ઘણી કઠિન છે.

શ્રી બુદ્ધિસાગર મહારાજ સાહેબ લખે છે,

અનેકાંતવાદીઓ આત્માને તે તે નયોની અપેક્ષાએ સર્વજ્ઞાનાદિ

ધર્મમય માને છે અને સપ્તનયોની અપેક્ષાએ ષટદર્શન કે જે એકેક નયથી આત્માના એકએક અંગ ગણાય છે તેનો પણ સ્યાદવાદ દર્શનની અપેક્ષાએ આત્મામાં સમાવેશ થાય છે.

પુદ્‌ગલ દ્રવ્યથી આત્માની સત્તા ન્યારી છે પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર પર્યાયોની અપેક્ષાએ આત્મા સર્વ સમાપ છે. સમગ્ર વિશ્વનો જ્ઞાન, દર્શન, ચારિત્ર પર્યાયમાં સમાવેશ થાય છે. મૂળભૂત આત્મદ્રવ્યને પકડી આનંદઘન સ્વરૂપની સિદ્ધિને પામતા ને પરમાર્થ માર્ગે ચાલતાં અનુભવાનંદના અમૃતસને ચાખી શકાય છે. જે પરંપરાએ નાટકિયાના ખેલને ખતમ કરી પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

કવિશ્રી આનંદઘનજીએ ચાર કડીના આ પદમાં આત્મદ્રવ્ય અને દેહધારી જીવનું નિરૂપણ ભિન્ન-ભિન્ન નયદૃષ્ટિએ નિરૂપી આત્મતત્ત્વની ઉપાસના ઉપર ભાર મૂક્યો છે.





## પદ-૬

**" आतम अनुभव रसिकको "**

સંસારરસના ત્યાગી અને આત્મવૈભવના ભોગી એવાશ્રી આનંદઘનજી મહારાજ આ છઠ્ઠાપદની શરૂઆત કરતાં સાખીમાં લખે છે,

आतम अनुभव रसिकको , अजब सुन्यो विरतंत।
निर्वेदी वेदन करे, वेदन करे अनंत।।

આ સાખીમાં કવિએ ગૂઢ રહસ્યભર્યું છે. પરસ્પર વિરોધી લાગતી વાતોનું આશ્ચર્ય પમાડે તેવી રીતે અર્થઘટન કર્યું છે. કવિએ ચેતનને અનુભવરસિક કહ્યો છે. અનુભવ એટલે યથાર્થ સ્વરૂપનો સાક્ષાત્કાર અથવા અવબોધ. સાધકને અનુભવ જ્ઞાન માટે પ્રબળ પુરુષાર્થ ખેડવો પડે છે. જ્યારે અનુભવજ્ઞાન જાગે છે ત્યારે તે યોગીનું કાર્યક્ષેત્ર અધ્યાત્મ બની જાય છે. આત્માનુભવીના મનની સ્થિતિ જ્ઞાનની અસર તળે સર્વ અવસ્થામાં બરાબર જળવાઈ રહે છે. તેનું અવલોકન ક્ષેત્ર વિશાળ બની જાય છે. તેથી શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કે એને વિષયોનું વીરસપણું કષાયોનું કલુષિતપણું ને ઇન્દ્રિયોનું પરપણું પ્રત્યક્ષ દેખાય છે, કારણ કે જીવનો પુદ્‌ગલ સાથેનો સંબંધ, કર્મકૃત વિચિત્રાવસ્થા પ્રત્યક્ષ દેખાય છે. એટલે જ અખો ભગત કહે છે,

'જેમ વાયુ વહે બહુ ગંધને, ઉત્તમ અધમ અપાર
પણ રહે અસંગી તે થકો, સ્પર્શે નહિ લગાર
તત્ત્વદર્શી પુરુષને એમ જાણો દેહભાવ'

તે દરેક અવસ્થામાં સમત્વભાવી બની રહે છે તેના કોઈપણ કાર્યમાં ગૃધ્ધિભાવ વર્તતો ન હોય. એટલે કે તે દેહભાવમાં રાચે નહિ. તેના વિચારોમાં, ભાષામાં અને એની કાર્યપ્રણાલીમાં એક એવો ભાવ પ્રગટ થાય છે કે જે સામાન્ય વ્યકિતઓના જીવનમાં કદી પણ જોવામાં આવતો નથી. કવિએ આ પદમાં આશ્ચર્ય પમાડે તેવી વાત કરી અને અનેરું રહસ્યોદ્‌ઘાટન કરતાં કહે છે કે સાધક નિર્વેદી હોવા છતાં વેદન કરે છે.

શ્રીમદ્ દેવેન્દ્રસુરિજી કહે છે,

"पुरिसित्थि तदुभयं, पह अहिलासोजव्वसा हवइ सोउ"

વેદ ત્રણ છે. સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. આ ત્રણેય વેદો સત્તામાંથી તથા ઉદયમાંથી નવમા ગુણસ્થાનકે જાય છે. જીવ જો ક્ષપક શ્રેણીવાળો હોય તો અને જો ઉપશમ શ્રેણીવાળો હોય તો આ ગુણસ્થાનકે ક્ષય કે ઉપશમ કરે છે પણ સતામાં તે દસમા અને અગિયારમા ગુણસ્થાનક સુધી રહે છે.

અનુભવજ્ઞાની કેવળીભગવંત પોતાના અનંતગુણોની અનંત પર્યાયોનું વેદન કરતાં હોવાથી કવિએ 'વેદન કરે અનંત' શબ્દ પ્રયોજ્યો છે. તેમજ અનુભવજ્ઞાનનો પ્રારંભ ચોથા ગુણસ્થાનકથી થતો હોવા છતાં ત્યાં વેદનો નાશ નથી. સાધકની આત્મદશા વધતાં જ્ઞાનવૃદ્ધિ પામતું હોવા છતાં વેદ તો નવમા ગુણસ્થાનકે જાય છે. તેથી આત્મસ્થસાધક પ્રારંભમાં વેદોદ્યનું વેદન કરતો હોવા છતાં તટસ્થ રહે છે. જેથી તે નિર્વેદની અવસ્થા ભોગવતો હોય છે. અર્થાત્ સયોગી કેવળી તથા અયોગી કેવળી તેમજ અનંત સિદ્ધ પરમાત્માઓએ વેદનું મૂળ ઉખેડી નાખ્યું હોવાથી નિર્વેદી છે તો પણ તેઓ પોતાના આત્મિક અનંતગુણોનો ભોગ કરે છે. વળી જીવનો સ્વભાવ પણ વેદન કરવાનો છે. જેમ કહ્યું છે કે:

સમતા, રમતા, ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાવ
વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ...

જીવ જ્યારે અજ્ઞાનઅવસ્થામાં હોય ત્યારે પરદ્રવ્ય પરપદાર્થનો ભોગ કરતા તેનું વેદન કરે છે. પરંતુ જ્ઞાનરૂપ પરિણત થતાં સ્વભાવનો ભોગ તથા વેદન કરે છે. કારણ કે વેદન કરવું તેનું લક્ષણ છે. અજ્ઞાનભાવે પરપદાર્થના સંયોગના સુખ-દુઃખનો ભોગ તેમજ વેદન કરે છે. સ્વરૂપદશા પ્રગટતા સ્વભાવરૂપ અનંત આત્મિકસુખનો ભોગ તથા વેદન કરે છે. અનંત આત્મિક સુખ પ્રગટી જતાં અનંત સુખનું વેદન કરે છે. માટે જ કવિએ કહ્યું છે કે 'વેદન કરે અનંત' આત્મિક અનંતગુણો અને એક એક ગુણની અનંત અનંત પર્યાય એ બધાનું વેદન કરનાર જીવ પોતે જ છે. બાહ્યમાંથી અનુભવજ્ઞાનની પ્રાપ્તિ કેમ થાય તે ક્રમ બતાવતાં શ્રી આનંદઘનજી લખે છે,





माहरो बालुडो सन्यासी, देह देवल मठवासी... माहरो
ईडा पिंगला मारग तजी जोगी, सुषमना धर वासी
ब्रह्मरंध्र मधी आसन पूरी बाबु, अनहद तान बजासी... माहरो

આ કડીમાં કવિએ યોગસાધનાની વાત કરી છે. કવિશ્રીએ ચેતનને પ્રારંભમાં બાળોભોળો કહ્યો છે. બાળોભોળો એટલે અનુકરણ બુદ્ધિયુક્ત. બાળક જેમ જેવું દેખે તેવું કરે અને સાંભળે તેવું બોલે, તેમ ચેતન પણ જેવું સાંભળે અને જુએ છે તેવું કરે છે. ભોળા શબ્દનો બીજો અર્થ 'નિર્દોષ' સરળ પણ થાય. ચેતનપણ આવી જ અવસ્થાવાળો હોવાથી દેહરૂપ દેવળનો સ્વામી થઈને બેઠો છે પણ સદ્‌ગુરુના યોગે ચોથા આશ્રમમાં પ્રવેશ કરે છે. ચોથા આશ્રમવાસીને સંન્યાસી કહેવામાં આવે છે. ચારે ય આશ્રમનું વર્ણન કરતાં શ્રી મોતીચંદ કાપડિયા લખે છે કે "વર્ણાશ્રમ ધર્મમાનનારા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચાર આશ્રમ માને છે. બ્રહ્મચર્યાશ્રમમાં વિદ્યાભ્યાસ, ગૃહસ્થાશ્રમમાં ધનપ્રાપ્તિ તથા પુત્ર-પરિવારનું પોષણ, વાનપ્રસ્થાશ્રમમાં પરિગ્રહ ત્યાગવૃત્તિ અને સંન્યાસાશ્રમમાં નિઃસંગવૃત્તિનો અનુભવ કરવો તે ધર્મ બતાવ્યો છે. નિઃસંગભાવે વિચરતાં ચોથા આશ્રમવાસીને સંન્યાસી કહેવામાં આવે છે. જેમ આશ્રમવાસીઓ આશ્રમમાં રહે છે અને તેના સ્વામી બની જાય છે તેમ બાળોભોળો ચેતન દેહરૂપી મઠનો વાસી બની બેઠો છે. છતાં પણ દેહમાં મમત્વ ન રાખતાં મોક્ષપ્રાપ્તિનું ઉત્તમ સાધન માની યોગમાર્ગનો યોગી બને છે. શ્રી રત્નચંદ્રજી મહારાજ લખે છે કે **अज्झप्प** એટલે **अध्यात्मजोग** એટલે યોગ. અર્થાત્ સંબંધ જોડવું. જે યોગ આત્મા સાથે જોડાય અથવા આત્મા સાથે યોગનું જોડાણ તે અધ્યાત્મયોગ છે. આ માર્ગમાં પ્રવેશ માટે સન્યાસી ચેતન પ્રથમ યોગસાધક બને છે. આ યોગસાધનાને ટૂંકાણમાં નીચે પ્રમાણે સમજાવી શકાય.

આ શરીરમાં બોંતેર હજાર નાડીઓ રહી છે. તેમાં મુખ્ય ચૌદ છે. તેમાં પણ પ્રધાન ત્રણ છે. તે છે ઈંડા, પિંગલા અને સુષુમ્ના. ઈંડાનાડી મેરુદંડની બહાર ડાબી તરફ તથા પિંગલાનાડી જમણી બાજુએ લપેટાયેલી છે. સુષુમ્ના નાડી મેરુદંડની અંદર કંદનાભાગથી પ્રારંભ થઈ કપાળમાં રહેલ દશ સહસ્ત્ર કમળદળ પર્યંત ચાલી જાય છે. આ સુષુમ્નાનાં અનેક

નામો છે જેમકે શૂન્યપદવી, બ્રહ્મરંધ્ર, મહાપથ, સ્મશાન, શાંભવી, મધ્યમાર્ગ. સુષુમ્ના શરીરની એક અતિ મહત્ત્વની નાડી છે. જે મેરુદંડના મધ્યભાગમાં આવેલી છે. ઇંડાને ચંદ્રનાડી કહેવામાં આવે છે. અને પિંગલાને સૂર્યનાડી કહેવામાં આવે છે. જે જમણી બાજુએ હોય છે. જેને વેદ–પ્રયાગતીર્થ કહે છે. તે ઉત્તમનાડી છે. સુષુમ્ના પ્રયાગમાં ગંગા–યમુના અને સરસ્વતી એમ ત્રણ નદીઓના સંગમ છે. તેમ રુદ્રયામલ તંત્ર પટલ 'ર૫' માં પ્રયાગ કહેલ છે. બાળોભોળો ચેતન ઈંડા અને પિંગલાનો માર્ગ છોડી સુષુમ્નાના માર્ગ યોગમાર્ગનું ઘરબાંધી વાસ કરે છે. તે યોગમાર્ગની વિધિ છે. સર્વપ્રથમ પ્રાણવાયુને તાલુરંધ્રથી ખેંચી અંદર ભરવો જેને 'પૂરક' કહેવાય છે. પછી તેને નાભિના મધ્યભાગમાં રોકવો જેને 'કુંભક' કહેવાય છે અને ભરેલાવાયુને અતિપ્રયાસથી ધીમે ધીમે બહાર કાઢવો જેને 'રેચક' કહે છે.

સાધકે શુદ્ધ જગ્યા પર આસન પાથરી પ્રથમ વાયુનું રેચક કરવું. પછી ઈડાનાડીથી પગના અંગૂઠાથી બ્રહ્મરંધ્ર સુધી પૂરક કરવું પછી સર્વ પ્રથમ પગના અંગૂઠા ઉપર મનને રોકવું "જ્યાં મન ત્યાં પવન" એ ન્યાયથી મનને રોકતાં પવન પણ તેજ ઠેકાણે રોકાય છે. પછી અનુક્રમે પગનાં તળિયા ઉપર પાનીમાં, ગુલ્ફમાં, જંઘામાં, જાનુમાં, સાથળ, ગુદા, લિંગ, નાભિ, પેટ, હૃદય, કંઠ, જીભ, તાલુ, નાકના અગ્રભાગ ઉપર, નેત્ર, ભ્રકુટિ, કપાળ, મસ્તકમાં એમ એક પછી એક સ્થાનમાં આગળ વધતાં વાયુની સંઘાતે મનને છેવટમાં બ્રહ્મરંધ્ર સુધી લઈ જવું ત્યાર પછી તે જ ક્રમે પાછા ફરી પગનાં અંગૂઠામાં મન સહિત પવનને લાવી ત્યાંથી નાભિકમળમાં લઈ જઈ વાયુનો રેચક કરવો. સુષુમ્નાની જાગૃતિ કે ઉત્થાનને માટે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' માં જે પદ્ધતિનું વર્ણન કર્યું છે તે આ પ્રમાણે છે. આ સુષુમ્નાનાડીનું મુખ જ્યાં ખૂલે છે તે બ્રહ્મરંધ્ર સ્થાનમાં જ્યારે પવન સ્થિરતા પામે ત્યારે એક અપૂર્વનાદ સંભળાય છે. તે 'નાદ' નું માધુર્ય એટલું સુંદર હોય છે કે તેનું સામાન્ય રીતે વર્ણન કરવું મુશ્કેલ છે. આ નાદ સતત ચાલ્યા કરે છે. યોગશાસ્ત્રમાં એને 'અનાહતનાદ' કહે છે. બાળોભોળો ચેતન આ અનાહત્નાદ સાંભળે છે. કવિનો આશય છે કે સાધક જ્યારે આત્મસ્વરૂપમાં સ્થિરતા સાધે છે





ત્યારે તેને એ દશામાં અમાપ લય લાગે છે અને તેમાં જ એ તરબોળ થઈ જાય છે.

શ્રી મોતીચંદ કાપડિયા આ કડીનો અધ્યાત્મદૃષ્ટિએ અર્થ કરતાં કહે છે કે ઈડા=રાગમાર્ગ, પિંગલા=દ્વેષમાર્ગ, સુષુમ્ના=મધ્યમાર્ગ અર્થાત્ રાગ–દ્વેષ રહિત માર્ગ. ઘર=પરિણામ, બહ્મરંધ્ર=આત્મસ્વરૂપ જ્ઞાન, આસનપુરી=સ્થિર થઈ, અનહદ=અપાર, તાન=લય, બજાસી=વગાડશે. બાળુ=બંધુ, ભાઈ.

સાધક, સાધનામાર્ગે કેવી રીતે પ્રગતિ કરે છે તથા તેથી શું આત્મલાભ થાય છે તે બતાવી કવિ સાધકની આચારસંહિતા તરફ દૃષ્ટિ કરે છે. આ પદની બીજી કડીમાં કવિ કહે છે,

यम नियम आसन जयकारी, प्राणायाम् अभ्यासी।
प्रत्याहार धारणा धारी, ध्यान समाधि समासी... ।।२।।

યોગસાધક માટે યોગાચાર્યોએ અષ્ટાંગયોગસાધના કહેલ છે. **"यम नियमासन प्राणायाम प्रत्याहार धारणा ध्यान समाधयोऽष्टा बक्षानि"** તેમાં યમ, નિયમ, આસાન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. પાતંજલયોગ પ્રમાણે પાંચ અંગ બહિરંગ છે ત્યારે ધારણા, ધ્યાન અને સમાધિ અંતરંગ છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કે 'યમ એટલે બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ, આસન પર બેસવું, દૃષ્ટિ સ્થિર કરવી.

યમઃ– અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ કહેવાય છે. 'પાતાંજલયોગ શિખોપનિષતમાં' કહ્યું છે,

**अहिंसा सत्यमस्तेय ब्रह्मचर्याऽ परिग्रहा यमाः**

ત્યારે **याज्ञवलकय** સંહિતામાં યમના દશ પ્રકાર કહ્યાં છે.

अहिंसा सत्येमस्तेय, ब्रह्मचर्य दयार्जवम्।
क्षमा धृतिर्मिताहार, शौचं चैव यमादश।।

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા, આર્જવ, ક્ષમા, ધૃતિ, મિતાહાર અને શૌચ એ દશ યમ કહ્યા છે. તેમાં

( ૧ ) અહિંસાઃ– યમમાં સર્વપ્રથમ અહિંસા છે. શ્રી સંહિતામાં કહ્યું છે,

कर्मणा मनसा वाचा, सर्वभूतेषु सर्वदा।
अकलेश जननं प्रोकतात्व हिंसा परमार्षिभिः।।

કોઈપણ પ્રાણીને મન, વચન, કાયાથી કોઈપણ પ્રકારે કષ્ટ ન આપવું તે અહિંસા છે.

( ૨ ) સત્યઃ– શ્રી હેમચંદ્રાચાર્યજી લખે છે કેઃ

कन्यागोभूम्यलीकानि, न्यासापहरणं तथा।
कूट साक्ष्यं च पंचेति, स्थूला सत्यान्यकीर्तयन।।

કન્યા સંબંધી, ગાય સંબંધી, ભૂમિ સંબંધી, થાપણ ઓળવવા સંબંધી અને ખોટી સાક્ષી ભરવા સંબંધી આ પાંચ મોટા અસત્યો છે. સાધકે આ દરેક અસત્યથી દૂર રહેવું ઘટે છે. જેમાં જીવોનું હિત હોય અને અંશમાત્ર અસત્યનો પડછાયો ન હોય તે જ સત્ય છે. યોયાજ્ઞવલ્કય શાસ્ત્રમાં કહ્યું છે કેઃ

**‘सत्यं भूताहितं प्रोकतं, नायर्याथामि भाषणम्”**

સાધકે શક્ય હોય તેટલો સમય મૌન પાળવું, જ્યાં આવશ્યકતા લાગે ત્યાં બોલવું પરંતુ સત્ય, પ્રિય ને મિષ્ટ બોલવું.

सत्यं बूयात पियं बूयान, न बूयातसत्यम् प्रियम।
प्रियं च नानृतं बूयादेष धर्मः सनातनः।।

સત્યપણ કડવું ન બોલવું એટલે બોલતી વખતે ચારવાર મનનાં ગળણાથી વિચારને ગાળી પછી જ વચન બોલવું જોઈએ.

( ૩ ) અસ્તેયઃ

‘पर द्रव्यापहरणं, चौर्यादय बलेनवा।
स्तेयं तस्या नाचरण, मस्तेयं धर्म साधनम्।।

**दूसरों का द्रव्य, चीज, सामान, धन धान्यादि कोई भी वस्तु चोरी करके या मारपीट करके बलसे हरणकर लेने का नाम अस्तेय है।**

મન, વાણી અને કર્મ દ્વારા ગુપ્તરૂપથી કોઈના પણ દ્રવ્યની કામના ન કરવી અર્થાત્ કોઈની પણ તુચ્છ કે મૃલ્યવાળી વસ્તુ તેને પૂછયા વિના ન લેવી તેનું નામ અસ્તેય છે. જૈનધર્મમાં અદત્તાદાનને સ્તેય કહેવામાં આવ્યું છે. કઈ વસ્તુને અદત્ત કહી શકાય ? તેનો ઉપર આપતા શ્રી





હેમચંદ્રાચાર્યજી કહે છે,

पतितं विस्मृतं नष्टं, स्थितं स्थापित्तमाहित।
अदते नाददीत स्वं, परकीयं क्वचित सुधीः।।

કોઈનું પડી ગયેલું, ભૂલાઈ ગયેલું, નષ્ટ થયેલું, ઘરમાં હોય તે, થાપણ મૂકેલી, કોઈનું દાટેલુ આવું કોઈપણ પ્રકારનું અન્યનું ધન લેવું તે ચોરી છે. કારણ કે ચોરીથી જીવ હિંસા કરતાં પણ અધિક દોષ લાગે છે.

શ્રી હેમચંદ્રાચાર્યજી લખે છે,

एक स्यैक क्षणं दुःखं, मार्यमाणस्य जायते।
सपुत्र पौत्रस्थ पुनयविज्जीवं हते धने।।

એક જીવને મારવામાં આવતાં મરનાર જીવને ક્ષણવાર દુઃખ થાય છે પણ ધનનું હરણ કરવાથી તો તેનાં પુત્ર, પૌત્રાદિ આખા કુટુંબને જિંદગીપર્યંત દુઃખ થાય છે.

દરેક સાધકોને જીવન જીવવા માટે પદાર્થોની જરૂર રહે છે. પરંતુ એ આવશ્યકતાની પૂર્તિ પ્રામાણિકપણે કરવી જોઈએ. અપ્રમાણિકતા વ્યક્તિને વિરાટમાંથી વામન બનાવી દે છે.

( ૪ ) બ્રહ્મચર્યઃ– બ્રહ્મચારી વાનપ્રસ્થી અને સંન્યાસી જે બ્રહ્મચર્ય પાળે તે પ્રધાન છે અને ગૃહસ્થ સાધકો જે બ્રહ્મચર્ય પાળે તે ગૌણ છે.

**श्री याज्ञवल्कय संहिता** માં કહ્યું છે,

દરેક અવસ્થામાં મન, વચન, કાયા દ્વારા સદા, સર્વદા મૈથુનનો ત્યાગ તે છે બ્રહ્મચર્ય અર્થાત્ વિષયેન્દ્રિય દ્વારા પ્રાપ્ત થનારા સુખનો સંયમપૂર્વક ત્યાગ તે છે બ્રહ્મચર્ય. બ્રહ્મચર્યની રક્ષા માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

जं विवितं मणा इण्णं, रहियं इत्थि जाणेणय।
बम्भचेरस्स रक्खद्वा, आलयं तु निसेवण।।

આદર્શ બ્રહ્મચારીએ બ્રહ્મચર્યની રક્ષા માટે સ્ત્રી, પશુ અને નપુંસકરહિત એવા એકાંત સ્થાને રહેવું જોઈએ.

( ૫ ) પરિગ્રહઃ– પરિગ્રહ એટલે દૃઢતાપૂર્વક પકડવું અને પરિગ્રહ એટલે દૃઢતાપૂર્વક છોડવું. સંગ્રહવૃત્તિને પરિગ્રહ કહેવામાં આવે છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે,

न सो परिग्गहोवृत्तो, नायपुतेण ताइळा।
मुच्छा परिग्गहो वृत्तो, इइवृत्तं महेसिणा।।

મહર્ષિ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર કહે છે કે મૂર્ચ્છા એ જ આભ્યંતર પરિગ્રહ છે. શ્રી ઉમાસ્વાતિજી કહે છે કે **'मूर्छा परिग्रहः'** પદાર્થ પ્રત્યેનું મમત્વ તે છે પરિગ્રહ. પરિ ગ્રહ=ચારે બાજુથી સંગ્રહ કરવો તે પરિગ્રહ. પરિગ્રહ ત્યાગથી સંકલ્પ–વિકલ્પની ધમાલ અટકે છે. શ્રી હેમચંદ્રાચાર્યજી કહે છે,

परिग्रह ममत्वाद्धि, मज्जत्येव भवाम्बुधौ।
महापोत इव प्राणी, व्यबेत स्मात्परिग्रहम्।।

જેમ ઘણા ભારથી ભરેલું વહાણ સમુદ્રમાં ડૂબી જાય છે તેમ પરિગ્રહના મમત્વથી, પ્રાણીઓ સંસાર સમુદ્રમાં ડૂબી જાય છે. મમત્વ ત્યાગથી પદાર્થ પરિગ્રહરૂપ બનતા નથી તેથી જ સંતો સર્વસ્વ ત્યાગ કરી વૈમાનિક દેવોના જેવા સુખ ભોગવે છે. આત્મવૈભવમાં વિલસતા અનંત અનંત આત્મિકઆનંદ અનુભવે છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કે નિઃસ્પૃહી મહાત્માઓ આત્મામાં રમણતા કરી અનંત સુખ ભોગવે છે.

સાધક માટે યમરૂપ આ પાંચ મહાવ્રતો છે. જેને મહાવ્રતની સાથે સરખાવવામાં આવે છે. જેમ ગાંડો હાથી મહાવતથી અંકુશમાં આવે છે તેમ મનની વૃત્તિઓને અંકુશમાં લાવવા મહાવ્રતો છે.

શ્રી હેમચંદ્રાચાર્યજી કહે છે,

"जाति देशकाल समयानवच्छिना: सार्व भौमा महाव्रतम्"

યમને મહાવ્રત કહેવામાં આવે છે. તેને જાતિ, દેશ કે કાળનું બંધન નથી તેથી તે સર્વઅવસ્થામાં સેવ્ય છે. માટે સાધકે સર્વપ્રથમ મનની વૃત્તિઓને સંયમમાં લાવવી, પછી નિયમબદ્ધ થવા સાધનામાં પ્રગતિ સધાય છે.

( ૨ ) નિયમઃ– યોગનું પ્રથમ પગથિયું યમ. તેમાં સ્થિર થતાં યોગીની પ્રગતિ અર્થે નિયમ છે. પાંચ યમને પુષ્ટ કરનારા અનેક નિયમો છે. યોગદર્શનમાં પાંચ નિયમોનો નિર્દેશ છે. જેમકે,

**शौच संतोष तपः स्वाध्यायेश्वर प्रणिधानानि नियमाः**





શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન.

( અ ) શૌચઃ– **शौचं तु द्विविधिं , प्रोक्कतं बाह्यमाभ्यान्तरं तथा मृज्जलाभ्यां हि बाह्यं तु मनः शुद्धिस्तथांतरम।।**

શૌચ એટલે શુદ્ધિ. તેના બે પ્રકાર છે. બાહ્ય અને અભ્યંતર. મૃત્તિકા, પાણી ઇત્યાદિથી શરીરની શુદ્ધિ કરવી તે બાહ્યશુદ્ધિ ત્યારે મનની મલિનતા દૂર કરી, રાગ–દ્વેષથી રહિત થવું તે આભ્યંતર શુદ્ધિ છે. મનની નિર્મળતા સમસ્ત નિર્મળતાઓનું મૂળ છે. અતઃ સાધકે મનનાં દુષ્ટ વિચારોને શોધવા તેમજ સત્સંગ દ્વારા તેને દૂર કરવા અને સદ્વિચારોને પૃષ્ટ કરવા.

( બ ) સંતોષઃ– સમસ્ત માનસિક સંતાપોનો અંત અથવા તૃપ્તભાવ તે સંતોષ **'श्री याज्ञवल्कय'** સંહિતામાં કહ્યું છે કેઃ–

यदच्छा लाभतो नित्यं, प्रीतिर्या जायते नृणाम्।
तत्संतोष विदुः प्राज्ञाः परिज्ञानैक तत्पराः।।

**अपने प्रारब्धानुसार दैवेच्छा से नित्य से नित्य जो कुछ प्राप्त हो जाय उसमें ही प्रीतिपूर्वक संतुष्ट रहने को ज्ञानीजनोने संतोष कहा है!**

આજ વાત આગળ વધારે ઉંડાણથી કહે છે,

ब्रह्मादि लोक पर्यंताद्विरकत्या यललभेत्प्रियम्।
सर्वत्र विगत स्नेहः संतोष परमं विद्धः।।

**जिनको ब्रह्मलोक पर्यंतके सुखों की स्पृहा नहीं है। जिनका मन सब विषयोंसे विरक्त है और जो विगन स्नेह आसक्ति रहित परम संतोषी है। वही परम सुखी है। हरेक अवस्थामें सर्वदा प्रसन्न शान्त रहनेका नाम संतोष है।**

જેનું સંતોષ એ જ ભૂષણ છે તેને નિધાન પાસે જ છે. કામધેનુ તેની પાછળ ચાલે છે અને દેવો કિંકરની માફક આજ્ઞા ઉઠાવે છે. જે આત્મા આસકિતનો ત્યાગ કરે છે તે સંતોષના ઘરમાં આવે છે. "સંતોષી નર સદા સુખી" .

( ક ) તપઃ– જેના દ્વારા તન અને મનની સંશુદ્ધિ થાય અને દ્વંદો સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય તેનું નામ તપ. વૃત્તિઓને તપાવવી તે તપ.

યોગસૂત્રમાં શ્રી પાતંજલીએ કહ્યું છે,

**कायेन्द्रिय सिद्धिरशुद्धि क्षयात् तपसः**

તપના પ્રભાવથી માનસિક અશુદ્ધિનો ક્ષય થાય છે અને સાધકને ઇન્દ્રિયોની તથા શારીરિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તપના ત્રણ પ્રકાર છે. (૧) સાત્વિક (૨) રાજસી (૩) તામસી. તેમાં શ્રેયસાધક અર્થે સાત્વિક તપ ઉપયોગી છે. સાત્વિક તપથી મોક્ષ. રાજસી તપથી વૈભવ અને તામસી તપથી યશ પ્રાપ્ત થાય છે. સાત્વિક તપથી આત્મવિશુદ્ધિ થાય છે.

શ્રી ભગવતીસૂત્ર ટીકામાં કહ્યું છે,

सव्वासिं पयडीणं, परिणामवसा उवक्कमो होइ।
पाय अणिकाइयाणं, तवसा य निकाइयाणंऽपि।।

અનિકામિત પ્રકૃતિઓનો પરિણામનુસાર ઘણે ભાગે કરી ઉપક્રમ થઈ શકે છે. પરંતુ તપથી તો નિકાચિત કર્મોમાં પણ ફેરફાર કરી શકાય છે. તપ દ્વારા કરોડો ભવનાં કર્મો એક ક્ષણમાં પામી જાય છે ને આત્મા કર્મભારથી હળવો થઈ જાય છે.

તપની વિશેષતા બતાવતા કહે છે,

'यद दुष्करं दुराराध्यं, दुर्जय दुरतिक्रमम्।
तत्सर्व तपसा साध्यं, तपो हि दुरतिक्रमम्।।

**जो दूराराध्य है, दुजर्य है, जिसको कोई अतिक्रम नहीं कर सकता, वह सब तपस्या से ही साध्य है। तपसे सब कुछ वशमें हो जाता है। तपको कोई अतिक्रम नहीं कर सकता। जगतमें परम श्रेष्ठ पदार्थ मोक्षप्राप्तिके लिये तप ही मुख्य उपाय है। तप रहित ज्ञान, ध्यान, भक्तियोग भी किसीको फलीभूत नहीं होते! तप से कोई कार्य असाध्य या असंभव नहीं है। इस लिए यह योग साधना ही महान तपस्या है!**

(ડ) સ્વાધ્યાયઃ- શ્રી સદ્‌ગુરુ નિર્દિષ્ટ સત્‌શાસ્ત્રોનું વાંચન, શ્રવણ, મનન નિધ્ધિયાસન કરવું તેને સ્વાધ્યાય કહે છે. સ્વ+અધ્યાય=સ્વાધ્યાય. જેમાં સ્વઆત્મરમણતા થાય તે સ્વાધ્યાય. સ્વાધ્યાયથી મનની સ્થિરતા બની રહે છે. માટે સ્વાધ્યાયને યોગમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત થયું છે.

શ્રી ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને પૂછે છે,





**"सज्झाएणं भन्ते! जीवे किं जणयइ? सज्झाएणं। नाणावरणिज्जं कम्मं खवेई।"**

હે ભગવાન! સ્વાધ્યાય કરવાથી જીવને શો લાભ થાય? ત્યારે વીર પ્રભુ ઉત્તર આપે છે કે સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે. આવશ્યકસૂત્રમાં સ્વાધ્યાયના પાંચ પ્રકાર બતાવ્યા છે.

**वायणा, पुच्छणा, परियद्दणा, धम्मकहा અને अणुपेहा!**

(ઈ) ઈશ્વરપ્રણિધાનઃ- મન, વચન અને કાયા દ્વારા જે જે કર્મ કરવામાં આવે તે તે કર્મ શ્રી પ્રભુને સમર્પી દેવા તેનું નામ ઈશ્વર પ્રણિધાન અથવા શરણાગતિ છે. આમ કરવાથી આત્મામાં અકર્તાભાવ પુષ્ટ થાય છે અને અકર્તાભાવ પ્રગટ થતાં જીવમાં કોઈપણ કાર્ય પ્રત્યે અહં કે મમ નો ભાવ રહેશે નહીં. ભાડાના ઘરમાં રહેવાથી જે વૃત્તિઓ થાય છે તેમ સર્વ કાર્ય નીરસતાયુક્ત થશે. જેથી ગાઢ, ચીકણાં કર્મબંધ થાય નહીં.

શ્રી કૃપાલાનંદજી લખે છે,

'कामतोऽकामतो वाऽपि, यत करोमि शुभाऽशुभम्।
तत्सर्व त्वयि सन्यस्तं, त्वत्प्रयुक्तः करोम्यहम।।

સાધક પ્રભુને પોતાનું સર્વસ્વ સમર્પી શરણાગતિ સ્વીકારે છે. ગુરુ અથવા પ્રભુને સમર્પણ થયા પછી સાધકને અંશ માત્ર ભય કે વ્યાકુળતા રહેતી નથી. શ્રદ્ધાને ભક્તિપૂર્વકનું સમર્પણ સાચી શરણાગતિ છે. આચાર્યશ્રી વિજયકેશરસુરિજી કહે છે કે 'જે જે ક્રિયાઓ કરવામાં આવે તેના ફળની ઈચ્છા કે અભિલાષા રાખવી નહીં કેમકે જ્યાં ઈચ્છા હોય ત્યાં ફરી જન્મ થવા લાયક કર્મનો સંચય થાય છે. ઈચ્છાથી જ નવીન બંધ થાય છે. તેથી સર્વ ક્રિયાઓ ઈશ્વરને અર્પણ કરવી. આત્મનિવેદનરૂપ ભક્તિ તે ઈશ્વર પ્રણિધાન છે. આ પાંચેય ભેદને નિયમ કહેવામાં આવે છે. યમનું નિરંતર સેવન કરવાનું હોય છે. નિયમનું પ્રસંગે સેવન કરવાનું હોય છે. યમ-નિયમથી વિતર્કોના વમળ શાંત પડી જાય છે. ઉપર બતાવેલ નિયમો પાતંજલયોગ પ્રમાણે છે.

જૈન યોગમાર્ગમાં તો સમિતિ, ગુપ્તિ, ભાવના તથા ગુણવ્રત, શિક્ષાવ્રત આદિ અનુષ્ઠાનો રૂપ નિયમ બતાવવામાં આવ્યા છે.

(૩) આસનઃ- યોગનું ત્રીજું અંગ છે આસન.

આ અંગમાં સ્થાન અને શરીરના બેસવાનો પ્રકારના સમાવેશ થઈ જાય છે. ધ્યાન સાધકે કયા આસને બેસવું તથા કેવા સ્થાને બેસવું તેનું વર્ણન કરતાં શ્રી હેમચંદ્રાચાર્યજી કહે છે,

तीर्थ वा स्वस्थता हेतु, यत्तदधा ध्यानसिध्धये।
कृतासन जयो योगो, विविकतं स्थानमाश्रयेत।।

આસન જપી યોગીએ ધ્યાન સિદ્ધિ માટે તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન કે નિર્વાણભૂમિમાં જઈને આસન લગાવવું, નહીં તો જ્યાં સ્થાનની સ્વસ્થતા હોય. સ્ત્રી, પશુ કે પંડકાદિ રહિત સ્થાન ધ્યાનાસન માટે ઉપયોગી ગણાય છે. જે આસનથી મનની ચંચળતા દૂર થાય તેવા આસને ધ્યાન કરવું.

શ્રી शुभचंद्राचार्यजी લખે છે,

येन येन सुखासीना, विदध्यु निश्चिलं मनः।
ततदेव विधेयं स्थान् मुनिभिः बन्धुरासनम्।।

**जिस जिस आसनसे सुखरूप उपविष्ट मुनि अपने मनको निश्चल कर सके वही सुंदर आसन मुनियों को स्वीकार करना चाहिये।**

**'धेरण्ड संहिता'** માં કહ્યું છે,

आसनानि च तावन्ति, यावन्तो जीव जातयः।
एतेमामतुलान्भेदान्वि जानाति महेश्वरः।।

**आसन इतने है कि जितनी जातिके जीव जन्तु है। क्योंकि जीव जन्तु असंख्य है। इसलिये आसन भी असंख्य है। जिनकी संख्याकी हम कल्पना भी नहीं कर सकते! उन सबका भेद तो महेश्वर ही जानते है।**

છતાં પણ યોગદર્શનકારોએ ચોર્યાસી આસન બતાવ્યાં છે.

શ્રી હેમચંદ્રાચાર્યજી લખે છે,

पर्यंक वीर बज्राब्जभद्र दण्डासनानि च।
उत्कटिका गोदोहिका कार्योत्सर्गस्तथासनम्।।

પર્યંકઆસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાર્યોત્સર્ગાસન વગેરે આસનો કહેલા





છે. જે આસને બેસવાથી મનને નિશ્ચલ કરી શકાય તે આસન જીવ માટે યોગ્ય ગણાય છે.

આસન કરવાથી શરીરમાં સહનશક્તિ વધે છે. ધ્યાનમાં સ્થિરતા આવે છે. જેમ જેમ શરીરની નિશ્ચળતા વધે તેમ તેમ મનની ચપળતા ઓછીને એકાગ્રતા અધિક. શરૂઆતમાં આસન સ્થિર કરવાની જરૂર અધિક છે. આસનથી સમસ્ત નાડીઓની વિશુદ્ધિ થાય છે. જે ધ્યાનની સ્થિરતામાં અધિક ઉપયોગી થાય છે.

(૪) પ્રાણાયામઃ– શ્રી कूर्मपुराणમાં કહ્યું છે,

प्राणः स्वदेहजो, वायुरायामस्तन्निरोधनम्।
रेचकः पुरकश्चैव, प्राणायामोऽय कुंभकः।।

**योगशास्त्रमें योग सिद्धिका एक मात्र उपाय प्राणायाम् ही कहा है।**

પ્રાણવાયુનો આયામ એટલે નિરોધ કરવો તેને પ્રાણાયામ કહેવાય છે. રેચક, પૂરક અને કુંભક એ પ્રાણાયામનાં અનુગત અંગ છે. પ્રાણાયામ અનેક પ્રકારના છે. પ્રાણાયામનો અભ્યાસ ગુરુની નિશ્રામાં રહીને કરવામાં આવે છે. પ્રાણાયામથી શરીરની સ્વસ્થતા વધે છે. પ્રાણાયામ અંતઃકરણરૂપી અંધારા કૂવામાં ઊતરવાનું દોરડું છે. પ્રાણાયામની વિધિ બતાવતાં શ્રી આચાર્યજી લખે છે,

त्रिधा लक्षण भेदेन, संस्मृतः पूर्व सूरिभिः।
पूरक, कुंभक श्चेव, रेचक स्तदनन्तरम्।।

**अपने शरीर स्थित वायुका नाम प्राण है। और आयाम उसका निरोध करना प्राणयाम कहलाता है।**

પૂરકઃ બહારની શુદ્ધ હવાને અંદર ભરવી તે.
કુંભકઃ બહારની શુદ્ધ હવાને અંદરમાં ભરી રોકી રાખવી તે.
રેચકઃ અંદરની દૂષિત હવાને બહાર કાઢવી તે.

પ્રાણાયામઃ પહેલાં ડાબી નાસિકાથી હવા લઈ અને પછી જમણી નાસિકાથી લીધેલી હવા બહાર કાઢવી. આમ બંને નાસિકા દ્વારા થયેલી પ્રાણાયામની ક્રિયાને એક પ્રાણાયામ કહેવાય છે.

પ્રાચીનકાળમાં ગુરુઓ યોગેચ્છુ શિષ્યને ચાર વાર પ્રાણાયામો

કરાવતા હતાં. એક બેઠકમાં તેને એંસી પ્રાણાયામો કરવા પડતા. પ્રાણાયામની ભૂમિકાનો નિર્ણય દેશ, કાળ અને સંખ્યાથી થાય છે. પ્રાણાયામની સિદ્ધિથી કાળજ્ઞાન થાય છે.

શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

"બાહ્યભાવ રેચક ઈહાંજી, પુરક અંતર ભાવ,
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ... મનમોહન"

અહીં ઉપાધ્યાયજીએ સૂક્ષ્મદૃષ્ટિએ જીવનો બહિર્ભાવ તે રેચક. અંતર્ભાવ તે પૂરક અને સ્થિરતારૂપ કુંભક કહ્યો છે.

( ૫ ) પ્રત્યાહાર:– બહિર્મુખ ઇન્દ્રિયોને અંતર્મુખ કરવી તેનું નામ પ્રત્યાહાર છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે,

પાંચ ઇન્દ્રિયોના વિષયથી મનને પાછું ખેંચવું તેને પ્રત્યાહાર કહેવાય છે. અંતર્મુખ ઇન્દ્રિયો પર મનની સત્તા હોતી નથી. માત્ર પ્રાણની જ સત્તા હોય છે. મનની બર્હિમુખતાને કારણે ઇન્દ્રિયો બર્હિમુખ અને મનની અંતર્મુખતાને કારણે ઇન્દ્રિયો અંતર્મુખ રહે છે. પ્રાણાયામનાં પૂર્ણ અભ્યાસ પછી ભટકતાં ચિત્રને પાછું ખેંચી શકાય છે. માટે પ્રાણાયામના અભ્યાસ પછી પ્રત્યાહારની દશા બતાવી છે. પ્રાણાયામની ભૂમિકા સિદ્ધિ થયા વિના યથાયોગ્ય રીતે મનને પાછું ખેંચવાનું બળ પ્રાપ્ત થતું નથી.

પ્રત્યાહાર કેમ કરાય ? તેનો ઉત્તર દેતાં શ્રી શુભચંદ્રાચાર્યજી કહે છે,

"गोचरेभ्यो हषीकाणि तेभ्यश्चितमना कुलम।
पृथक कृत्य वशीधते, ललाटेऽत्यन्तनिश्प्रलम्।।

**विषयों से तो इन्द्रियोंको पृथक करे और इन्द्रियो से मनको पृथक करै तथा अपने मनको निराकुल करके, अपने ललाट पर निश्चलतापूर्वक धारण करें, यह विधि प्रत्याहार में कही गई है।** મનમાં જે જે વસ્તુઓને ધારણ કરવામાં આવે છે તે તે વસ્તુઓની બરાબર ધારણા થાય છે. તેથી પ્રત્યાહાર પછી ધારણાનું સ્વરૂપ કહેવામાં આવે છે.

( ૬ ) ધારણા:– પ્રત્યાહાર થયા પછી ધારણામાં પ્રવેશ સુગમ બને છે. શાસ્ત્રોમાં બતાવેલા કોઈપણ સ્થાનમાં મનને ધારવું તેને ધારણા કહે છે. યોગદર્શનમાં કહ્યું છે કે "**देशबन्धश्चित्तस्य धारणा**" જે દેશમાં ધ્યેયનું





ચિંતવન કરવું છે તે દેશમાં ચિત્તને સ્થાપન કરવું તે ધારણા છે. જેના પર સાધકને પ્રેમ હોય તે સ્થાન, વ્યક્તિ, મૂર્તિમાં મનને ધારી રાખવું તેને ધારણા કહેવાય છે. ધારણાના ત્રણ દેશ છે. આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક.

સદ્ગુરુની છબી, દેવમૂર્તિ, મણિરત્ન, દીપક ઇત્યાદિની ધારણા આધિભૌતિક ધારણા કહેવાય છે. જેમ બીજ વિનાનું વૃક્ષ ન હોય શકે તેમ ધારણા વિનાનું ધ્યાન ન હોઈ શકે. ધારણાનો દૃઢ સંકલ્પપૂર્વક અભ્યાસ કરવાથી ધારણાની સિદ્ધિ થાય છે. ધારણા કરવાવાળાએ પ્રથમ બાહ્યસ્થાનમાં ધારણા કરવી. તે સિદ્ધિ થયા પછી અંતર ધારણા કરવી ને છેવટે આત્માના અસંખ્યાતપ્રદેશમાં ધારણા કરવી.

શ્રી શુભચંદ્રાચાર્યજી કહે છે,

नेत्रव्दन्द्रे श्रवणयुगले, नासिका ग्रे ललाटे।
वक्रे नाभो शिरसि ह्रदये तालुनि भ्रूयुगान्ते।।
ध्यान स्थानान्ममलमतिभिः कीर्तितान्यत्र देहे।
तेष्वेक स्मिन्विगत विषयं चित मालम्बनीयम्।।

**निर्मल बुद्धि आचार्योने ध्यान करने के लिये नेत्रयुगल, दोनों कान, नासिका का अग्रभाग, ललाट, मुख, नाभि, मस्तक, हृदय, तालु, दोनो मोहोंका मध्यभाग। इन दश स्थानो में से किसी अेक स्थानमें अपने मनको विषयोंसे रहित करके आलंबित करना अर्थात् इन स्थानो में से किसी एक स्थान पर ठहराकर ध्यान में लीन करना कहा है!**

( ૭ ) ધ્યાન:– જ્યારે ધારણાના સ્થાનમાં ચિત્તવૃત્તિઓની એકાગ્રતા થાય. ચિત્તવૃત્તિઓનો અખંડ પ્રવાહ ધારણાના સ્થાને વહેવા લાગે ત્યારે તેને ધ્યાન કહેવામાં આવે છે.

પાતંજલયોગદર્શનમાં ધ્યાનનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે.

"**तत्र प्रत्ययैकत्तानता ध्यानम्**" ધારણામાં વૃત્તિનું એક દેશમાં સ્થાપન કરી, ધ્યેય વસ્તુનું સ્વરૂપ રચવામાં આવે છે તે સિધ્ધ થવાથી વસ્તુમાં વૃત્તિનો એકાકાર પ્રવાહ ચાલે છે. તેને ધ્યાન કહે છે. જેમાં મન નિષ્કંપ બની જાય તે ધ્યાન છે. "**ज्ञान संकलिनी तंत्र**" માં કહ્યું છે,

न ध्यान ध्यान मित्या हु, ध्यान निर्विषय मनः।
तस्य ध्यान प्रसादेन, सौख्यं मोक्षं न संशयः।।

ધ્યાન મનને નિર્વિષયી બનાવે છે. ધ્યાનથી પરમ સુખ મળે છે. અને મોક્ષ પણ થાય છે. તેમાં કોઈ સંદેહ નથી.

શ્રી દેવચંદજી મહારાજ લખે છે,

अंतोमुहूर्ततितं, चितावत्थाण मेगवत्थुम्मि।
छउमत्थाणं झाणं, जोग निरोहो जिणाणं तु।।

એક વસ્તુમાં અંતમુહૂર્ત સુધી ચિત્તની સ્થિતિરૂપ ધ્યાન છદ્‌મસ્થને હોય છે અને જિનોને યોગના નિરોધ કરવારૂપ ધ્યાન હોય છે. ધ્યાન જંગલમાં, ગુફાઓમાં, બગીચામાં, નદીકિનારે, સમુદ્રકિનારે, શૂન્યસ્થાન, સ્મશાનમાં વગેરે સ્થાનોમાં બહારનો અવાજ ન હોય તેવાં સ્થાનોમાં કરવું.

શ્રી હેમચંદ્રાચાર્યજીએ ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર બતાવ્યા છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત. આ ચાર પ્રકારનાં ધ્યાનથી આત્માને ઉચ્ચદશા પ્રાપ્ત થાય છે. તેમાં એક–એક ધ્યાનમાં પેટા વિભાગ ઘણાં છે.

( અ ) પિંડસ્થધ્યાનઃ

पार्थिवी स्यादथाग्नेयी, मारुती वारुणी तथा।
तत्त्वभू: पंचमीचेती, पिंडस्थे पंच धारणा।।

પિંડસ્થધ્યાનમાં પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ આ પાંચ ધારણાઓ કરવાની છે.

પાર્થિવ ધારણાઃ નિઃશબ્દ.. કલ્લોલરહિત... તરંગોના ઉછાળાથી રહિત શ્વેત સમુદ્ર છે. એમાં એક લાખ યોજનનું એક કમળ છે. એની એક હજાર પાંખડીઓ છે. એ કમળના મધ્યમાં અનેક કેસરો ખીલેલા છે. એ કેસરોની મધ્યમાં એક લાખ યોજન ઊંચી તેજસ્વી અને ઉર્જસ્વી કર્ણિકા છે. એ કર્ણિકા ઉપર એક સિંહાસન ઉપર આત્મા આસનસ્થ છે. એ આત્મા કર્મક્ષય કરવા માટે ચિંતન કરે છે... હું તમામ રાગદ્વેષ વગેરે કર્મોનો ક્ષય કરવા માટે સક્ષમ છું.

આગ્નેયી ધારણાઃ સોળ પાંખડીવાળા કમળનું ધ્યાન નાભિમંડલ પાસે કરી તેની કર્ણિકા પર 'અર્હં' મહામંત્રની સ્થાપના અને પાંખડીઓમાં





સોળ સ્વરની સ્થાપના કરવી. આઠ પાંખડીવાળા કમળનું ધ્યાન હૃદયમાં કરી તેની પાંખડીમાં ક્રમશઃ આઠ કર્મોની કલ્પના કરવી. અર્હં મંત્રથી ધૂમ્રસેરો ઉપર ઊઠી અગ્નિ ઉપર ઊઠે છે તે જાણે આઠે કર્મોને અને શરીરને પણ બાળે છે. છેવટે અગ્નિ શાંત થાય છે.

મારુતી ધારણાઃ સમસ્ત લોકમાં પ્રચંડ વાયુ વહી રહ્યો છે અને બળી ગયેલા દેહ અને કર્મોની રાખને ઉડાવીને દૂર દૂર લઈ જાય છે.

વારુણી ધારણાઃ ભીતરના આકાશમાં ચઢી આવેલા વાદળોના કાફલા અમૃતને વરસાવી રહ્યા છે તેથી આત્મા સ્નાનશુદ્ધ બની જાય છે.

તત્ત્વવતી ધારણાઃ દેહ મળ અને કર્મ મળ રહિત હું નિરાકાર છું.. હું નિરંજન છું... હું સિદ્ધ છું... હું બુદ્ધ છું... હું શુદ્ધ છે... હું અનામી છું અને અરૂપી છું આવું ચિંતન કર્યા જ કરવાનું છે.

પહેલી ધારણાથી મન સ્થિર બને છે.

બીજી ધારણાથી મનને વશ કરવામાં આવે છે.

ત્રીજી ધારણાથી શરીર અને કર્મને અલગ અલગ જોઈ જાણી શકાય છે.

ચોથી ધારણાથી કર્મોના નાશ થવાની પ્રક્રિયાને જોઈ શકાય છે.

પાંચમી ધારણાથી શરીર અને કર્મોથી રહિત શુદ્ધઆત્માનું ચિંતન થાય છે.

( બ ) પદસ્થધ્યાનઃ પવિત્ર મંત્રાક્ષર–પદો જેવા કે 'અર્હં'–અરિહંત સિદ્ધ, અરિહંત, સિદ્ધ, असिआऊसा વગેરેમાં ચિત્તને સ્થિર કરવું તે પદસ્થ ધ્યાનનું સ્વરૂપ છે. પદસ્થ ધ્યાનનો અર્થ જ થાય છે કે પદો પર ધ્યાન કેન્દ્રિત કરવું.

( ક ) રૂપસ્થ ધ્યાનઃ સમવસરણમાં બિરાજમાન તીર્થંકર પરમાત્માનું સ્વરૂપ ચિંતવવું તેને રૂપસ્થ ધ્યાન કહે છે. તીર્થંકરના ચાર મૂળ અતિશયોનું ચિંતન પણ કરી શકાય છે. ભગવાનની મૂર્તિ, છબી વગેરે પર ધ્યાન કરવું તે રૂપસ્થ ધ્યાનના પ્રકારો છે.

( ડ ) રૂપાતીત ધ્યાનઃ શ્રી હેમચંદ્રાચાર્યજી કહે છે,

अमूर्तस्य चिदानंद रूपस्य परमात्मानः।
निरंजनस्य सिद्धस्य, ध्यानं स्याद्रूप वजिंतम्।।

આકૃતિરહિત, જ્ઞાનાનંદ સ્વરૂપ નિરંજન, સિધ્ધ પરમાત્માનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન કહેવાય છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાયના લક્ષણપૂર્વક જે યોગીઓ આત્માનું સ્વરૂપ વિચારે છે તે રૂપાતીત ધ્યાનમાં પ્રવેશ કરે છે. જે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાં જ ઉપયોગ રાખે છે તે રૂપાતીત અથવા શુક્લધ્યાનમાં સ્થિર થઈ શકે છે. જેમ મીઠાની પૂતળી સમુદ્રમાં ઓગળી જાય છે અને પોતાના રૂપનો ત્યાગ કરે છે તેવી જ રીતે મનની ચંચળતાનું રૂપાતીત ધ્યાન કરતાં નાશ પામે છે. પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાન કરતાં રૂપાતીત ધ્યાનની અનંતગણી ઉત્તમતા છે.

( ૮ ) સમાધિઃ– યોગદર્શનમાં કહ્યું છે,

**“तदेवार्थ मात्र निर्भास स्वरूप शून्यमिव समाधिः”**

ધ્યાન જ્યારે વૃદ્ધિ પામેલા અભ્યાસ દ્વારા પોતાની ધ્યાનાકારતાને પરિત્યાગ કરી, માત્ર ધ્યેય સ્વરૂપમાં સ્થિર થાય ત્યારે તેને સમાધિ કહેવાય છે.

હઠયોગ પ્રદીપિકામાં સમાધિનું સ્વરૂપ બતાવતા કહ્યું છે,

સલિલે સૈન્ધવં, યદવત્ સામ્યં ભજતિ યોગતઃ।
तथात्म मन सारैकयं, समाधिरभि धीयते।।

જેમ નમક જળમાં જળરૂપ થઈ જાય છે તેમ મન આત્મામાં વિલીન થઈ જાય છે. મન અને આત્માની એકતાનું નામ સમાધિ.

પાતંજલ યોગદર્શન સ્વરૂપ શૂન્યદશાને સમાધિ કહે છે.

બુદ્ધિસાગરજી મહારાજ કહે છે કે જ્ઞાનાવરણાદિ સર્વ કર્મના ક્ષયથી ઉત્પન્ન થતી સ્થિતિને સમાધિ કહેવામાં આવે છે.

સમાધિના બે ભેદ છે. ( ૧ ) સહજ સમાધિ ( ૨ ) હઠ સમાધિ.

જે જે અંશે રાગ–દ્વેષાદિ પ્રવૃત્તિઓનો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ થાય છે તેટલે અંશે સમાધિગુણ ખીલે છે. મનની નિર્વિકલ્પદશાને સમાધિ કહેવામાં આવે છે. જૈન યોગાચાર્ય શુક્લ ધ્યાનનાં ચોથા પાયાનાં અંતે આત્માનો મોક્ષ માને છે. જે સાધક ધ્યાન સમાધિમાં સમાઈ જાય છે તે સાચા અર્થમાં યોગી બને છે. જે પ્રાથમિક ભૂમિકામાં બાળોભોળો સંન્યાસી હતો તે મહાનયોગી બને છે. કવિ આ પદની ત્રીજી કડીમાં કહે છે,





मूल उत्तर गुण मुद्राधारी, पर्यंकासन चारी।
रेचक पूरक कुंभक सारी, मन इन्द्रि जयकारी... ।।३।।

સાધક યોગમાર્ગમાં જેમ જેમ પ્રગતિ કરતો જાય છે તેમ તેના અનુભવો વૃદ્ધિ પામે છે અથવા લબ્ધિ, સિધ્ધિ પ્રગટ થાય છે. કવિ બાળ સંન્યાસીને કહે છે કે મૂલગુણ સ્વરૂપ યમને પામ્યા પછી યોગી પ્રૌઢ બનતો જાય છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મૂળ ગુણ છે. અહિંસામાં દયા–દાન સમાઈ જાય છે. જૈન દર્શનાનુસાર ઉત્તરગુણોમાં પિંડવિશુદ્ધિ, ગૌચરીના બેતાલીશ દોષનો ત્યાગ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વગેરેનો સમાવેશ થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

इरिया भासेसगादाणे, उच्चारे समिइ इय।
मणगुत्ती, वयगुत्ती कायगुत्ती य अट्ठमा।।

ઈર્યા, ભાષા, એષણા, આદાનભંડમત્ત નિક્ષેપણાસમિતિ, પરિઠાવણિયા સમિતિ, મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ એ અષ્ટ પ્રવચન માતા છે.

( ૧ ) ઈર્યાઃ– સાધક શરીરાર્થે ચાલવા પ્રવૃત્તિ કરે તો સાડા ત્રણ હાથ નીચે જમીન પર દૃષ્ટિ રાખીને ચાલે. સૂર્યનાં પ્રકાશમાં ચાલે ને રાતે પોંજી પોંજીને પગ મૂકે તથા જ્યાં માણસોની ગમનાગમન ક્રિયા વિશેષ થતી હોય તે માર્ગે ચાલે તેને ઈર્યા સમિતિ કહે છે.

( ૨ ) ભાષા સમિતિઃ– સાધક યત્નાપૂર્વક બોલે, કોઇને દુઃખ થાય તેવું ન બોલે, રસ્તે ચાલતા કારણ વિના ન બોલે, રાતના પહોર રાત્રી ગયા પછી મોટે અવાજે ન બોલે અને સમયોચિત બોલે.

( ૩ ) એષણા સમિતિઃ– શય્યા, આહાર, વસ્ત્ર, પાત્ર નિર્દોષ ગ્રહણ કરે. ખાન–પાનાદિક વસ્તુ બે ગાઉ ઉપરાંત લઈ જઈ ભોગવે નહીં અને પહેલા પહોરનાં આહાર–પાણી ચોથે પહોરે વાપરે નહીં.

( ૪ ) આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિઃ સાધુના ઉપકરણ જેવા કે રજોહરણ, મુહપતી, ચાદર, ચોલપટ્ટો, કાષ્ટ કે માટીના પાત્ર, આસન, સંસ્તારક વગેરે યત્નાપૂર્વક લે તથા મૂકે. કાળે કાળે પડિલેહણ કરે અને સંયમનાં સાધન સમજી તેને ભોગવે.

( ૫ ) ઉચ્ચાર પાસવણ ખેલજલ સંઘાણ પારિઠાવણિયા સમિતિઃ–

ઉચ્ચાર=વડીનીત, પાસવણ=લઘુનીત, ખેલ=બળખો, જલ=મેલ, સંઘાણ=લીંટ યત્નાપૂર્વક પરઠે. જ્યાં જીવ જંતુ હોય ત્યાં ન પરઠે. માણસોની જ્યાં વિશેષ અવર–જવર હોય ત્યાં ન પરઠે.

( ૬ ) મનગુપ્તિઃ આરંભ–સમારંભમાં મન ન પ્રવર્તાવે.

( ૭ ) વચનગુપ્તિઃ સાવધ વચન ન બોલે.

( ૮ ) કાયગુપ્તિઃ સાવધ યોગ ન પ્રવર્ત્તાવે. શરીરની સૂશ્રુષા ન કરે.

આ પ્રકારે યોગી મૂળગુણ અને ઉત્તરગુણથી યુક્ત હોય છે.

મુદ્રાઃ– મન અને ઇન્દ્રિય વિજય માટે સાધક વિવિધ પ્રકારની મુદ્રા ધારણ કરે છે જેમકે યોગમુદ્રા, જિનમુદ્રા, મુક્તાસુક્તિમુદ્રા વગેરે.

આચાર્ય કૃપાલ્વાનંદ કહે છે,

મુદ્રાઓ આસનોનું વિકસિત રૂપ છે. આસનમાં ઇન્દ્રિયોની પ્રધાનતા અને પ્રાણની ગૌણતા હોય છે ત્યારે મુદ્રાઓમાં ઇન્દ્રિયોની ગૌણતા અને પ્રાણની પ્રધાનતા હોય છે. એક જ મુદ્રા વિવિધ આસનોમાં કરી શકાય છે.

હઠયોગપ્રદીપિકામાં દશ પ્રકારની મુદ્રા બતાવી છે.

महामुद्रा महाबन्धो, महावेधश्च खेतरी।
उडयानं भूलबन्धश्च बंधो जालंधरो भिधः।।
करणी विपरीताख्या, वज्रोली शक्ति चालनम्।
इयं हि मुद्रा दशकं, जरा-मरण नाशनम्।।

મહામુદ્રા, મહાબંધ, મહાવેધ, ખેતરી, ઉડીયાનબંધ, મહાબંધ, જાલંધર બંધ, વિપરીત કરણી, વજ્રોલી, શક્તિચાલન આ દશ મુદ્રાઓ ક્રિયાયોગની અમર અનુભૂતિઓ છે.

શ્રી મોતીચંદભાઈ કાપડિયા લખે છે,

બે હાથની દશે આંગળી એક બીજામાં અંતરિત કરીને કમળના ડોડવાના આકારે અંદર અંદર જોડી દેવી અને બંને હાથની કોણીને પેટ ઉપર સ્થાપન કરવી તેનું નામ યોગમુદ્રા કહેવામાં આવે છે.

પગના બંને અંગૂઠાઓ વચ્ચે ચાર આંગળનું અંતર રાખી પાછળની બંને પોની વચ્ચે ચાર આંગળથી થોડું ઓછું અંતર રાખી, ઊભા રહી, કાર્યોત્સર્ગાદિ કરવામાં આવે તેને જિનમુદ્રા કહે છે.





આ રીતે યોગસાધકો માટે અનેક મુદ્રાઓ બતાવવામાં આવી છે. મુદ્રાઓથી સાધક અનેક વિઘ્નોથી નિર્ભય બની જાય છે. મુદ્રાની માફક આસનો પણ અતિ ઉપયોગી છે.

પર્યંકાસનઃ– શ્રી હેમચંદ્રાચાર્યજી યોગશાસ્ત્રમાં લખે છે કેઃ–

स्याज्जंधयोरधोभागे, पादोपरि कृते सति।
पर्यंको नाभि गोत्तान, दक्षिणोत्तर पाणिकः।।

બેઉ જંઘાના નીચલા ભાગો પગના ઉપર મૂકયા પછી જમણો અને ડાબો બંને હાથ નાભિ પાસે ઊંચા ઉત્તર–દક્ષિણ રાખવાથી પર્યંકાસન થાય છે. પતંજલ કહે છે કે જાનુ અને હાથને પ્રસારીને સૂવું તેને પર્યંકાસન કહે છે.

આ ઉપરાંત વીરાસન, ભદ્રાસન, અબ્જાસન વગેરે ચોર્યાસી પ્રકારનાં આસનો છે. જે મનનો જય કરે છે તે પ્રાણનો જય કરે છે. બંને ઉપર જય મેળવનાર ઇન્દ્રિય જયી બની જાય છે.

સહજ સમાધિના અર્થમાં રેચક એટલે હેય વસ્તુનો ત્યાગ કરવો. પૂરક એટલે ઉપાદેય વસ્તુને આદરવી અને કુંભક એટલે મધ્યસ્થ ભાવમાં રહેવું. અથવા પુરક એટલે સદ્‌ગુણોને ગ્રહણ કરું છું, કુંભક એટલે સદ્‌ગુણોને ધારણ કરું છું અને રેચક એટલે દુર્ગણોનો ત્યાગ કરું છું. આ પ્રકારે સાધક મૂળગુણ, ઉત્તરગુણમાં તન્મય બની ઇન્દ્રિય તથા મનોજપી બની મોક્ષપદ ધારી બને છે.

કવિ આ પદની ચોથી કડીમાં કહે છે,

थिरता जोग जुगति अनुकारी, आपोआप विमासी।
आतम परमातम अनुसारी, सीझे काज समासी...।।माहरो...।। ४।।

જોગ જુગતિ એટલે યોગની યુક્તિ. જે સાધક યોગમાર્ગે પગ ધરે છે તેણે યોગનો અભ્યાસ કરી યોગમાર્ગે ચાલવાનું હોય છે. અભ્યાસનાં અભાવે સાધક ભટકી જાય છે. નાની–નાની સિધ્ધિઓ મેળવી ચમત્કારની દુનિયાનો માનવ બની જાય છે. યોગમાર્ગના પગથિયાં ને ક્રમથી ચડતાં અને એક–એક પગથિયે સ્થિર થતાં યોગી આગળ વધે છે. કવિએ યોગયુક્તિની સાથે સ્થિરતા શબ્દ મૂક્યો છે. સ્થિરતા વિના ધીરતા નહીં અને ધીરતા વિના વીરતા નહીં. પોતાના દરેક કાર્ય સ્થિરતાપૂર્વક વિચારવા

તથા આચરવા કવિ સાધકને અનુરોધ કરે છે.

મન મુંડયા વિન મુંડકું, અતિ ઘેટ મુંડાવે,
જટા જાુટ શિર ધરાકે, કોઉ કાન ફરાવે... જોગ
ઉર્ધ્વ બાહુ અધોમુખે, તન તાપ તપાવે,
ચિદાનંદ સમજયા વિના, ગિણતી નહિ આવે... જોગ

મોક્ષમાર્ગને જાણ્યા વિના, માથું મુંડાવવાથી, જટા વધારવાથી કે તન તપાવવાથી સિદ્ધિ મળી શકતી નથી. પણ તેનાથી વિપરિત ભેખ ધારણ કરી, જગતને ભરમાવવાનો ધંધો શરૂ થાય છે. સ્થિરતાયુક્ત યોગમાર્ગ આત્મોપયોગી બને છે. મન તથા ઈન્દ્રિયોને યોગમાં જોડવાથી સાધક પોતાની સર્વવાસના તથા વિકારો પર વિજય મેળવવા સ્વરૂપ વિચારણા કરે છે. તે વિચારે છે કે 'અહો! મારો આત્મા સાક્ષાત્ ગુણરત્નોનો ખજાનો છે. સર્વજ્ઞ, સર્વદર્શી છે. પરમાત્મ સ્વરૂપ છું. નિરંજન, નિરાકાર મારૂં રૂપ છે. આમ વિચારતાં પરમાત્મ પદને અનુસરે છે અને અયોગી એવા આત્મ સ્વરૂપની પૂર્ણતાને પામે છે. તથા સર્વકાર્ય સિદ્ધ કરે છે.

આમ આ પદમાં કવિશ્રી આનંદઘનજીએ સાધકને સાધનાનો ઉત્તમ માર્ગ બતાવ્યો છે. કવિએ સર્વ પ્રથમ સાખી લખી માર્ગનું ઉદ્‌ઘાટન કર્યું છે. કવિશ્રીની સાખીઓ અનેક અર્થવાળી તથા ગંભીર આશયવાળી હોવાથી કવિત્વશક્તિની અપૂર્વભાસ કરાવે છે. કવિશ્રીનું આ પદ લાલિત્ય અને અર્થગૌરવયુક્ત છે. કેટલી ઓછી પંકિતઓમાં એમણે અધ્યાત્મમાર્ગરૂપ ચાવી આપી દીધી છે.

સ્વાનુભવ વિના આવી પંકિતઓ લખી શકાય નહિ. કવિનું આ છઠ્ઠું પદ સર્વપદોમાં મુગટ સમાન છે.





## પદ-૭

"आतम अनुभव रसिकको"

જીવ તથા જગતને જુદા જાણી, અનુભવી, આત્મરસમાં તરબોળ રહેનાર એવા શ્રી આનંદઘનજી મહારાજ આ સાતમા પદમાં જીવની વાસ્તવિક દશાનું ભાન કરાવતા કહે છે,

जग आशा जंजीरकी, गति उलटी कुल मोर;
झकर्यो धावत जगतमें, रहे छूटो इक ठोर;

આ કડીમાં કવિએ જીવને મોર કહી સંબોધન કરેલ છે. તે કહે છે કે હે જીવરૂપી મોરલા ! આ જગતમાં આશારૂપી જંજીરની ગતિ બિલકુલ વિપરીત છે. જીવ આ જંજીરમાં ફસાવાથી સંસારમાં ફર્યા કરે છે પરંતુ જો છૂટો રહે તો એક સ્થાનમાં રહે છે.

આ પદમાં યોગીશ્વર શ્રી આનંદઘનજી મહારાજે ઘણી માર્મિક વાત કરી છે. કર્મસંગી જીવનું યથાતથ્ય ચિત્રણ કર્યું છે.

જીવ આશાની જંજીરમાં જકડાયેલો છે. નિયમ એવો કે માનવ, પ્રાણી કે પક્ષી બંધનયુક્ત હોય તો તેની ગતિ સીમિત થઈ જાય છે વળી સ્થિરતા અધિક આવે છે અને જો બંધન મુક્ત થઈ જાય તો સ્વતંત્રપણે પોતાની મેળે ફર્યા કરે છે તથા દોડા–દોડ અધિક કરે છે. તેની એક સ્થાને સ્થિરતા ઓછી રહે છે. પરંતુ આ જીવરૂપી મોરલો આશા જંજીરથી બંધાયેલો હોવાથી સંસારની પરિસીમામાં પરિભ્રમણ કરી દશેય દિશામાં દોડા–દોડી કરી રહ્યો છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

**फसिणंपि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज इक्कस्स।**
**तेणावि से ण संतुस्से, इइ दुप्पूरए इमे आया।।**

धन–धान्य से भरा हुआ संपूर्ण लोक भी यदि कोई किसीको दे देवे, तो इससे भी लोभी संतोष को प्राप्त नहीं होता, इसलिए यह आत्मा दुष्पूर है अर्थात् इसकी तृप्ति होनी अत्यंत कठिन है।

ચૌદ રાજલોકમાં એક પણ સ્થાન એવું નથી કે જીવે તે સ્થાનની

સ્પર્શના કરી ન હોય? આશાને કારણે જીવ બંધનમાં છે પણ જેવો આશબંધનથી મુક્ત થઈ જાય છે કે તુરત જ સિદ્ધક્ષેત્રમાં જઈ શાશ્વત સ્થાને જઈ સ્થિર થઈ જાય છે.

કવિ આશાવરી રાગમાં આ પદની કડીમાં કહે છે,

अवधू क्या सोवे तन मठमें, जाग विलोकन घटमें...।
अवधू तन मठ परतीत न कीजे, ठहि परे एक पलमें...।
हलचल मेटि खबर ले घटकी, चिन्हे रमतां जलमें...।।अवधू...।। १।।

હે અવધૂત આત્મા! તું તારા શરીરરૂપ મઠમાં કેમ સૂઈ રહ્યો છે? હવે જાગૃત થા અને તારા અંતરઘટને જો. તું તારા શરીરરૂપી મઠનો ભરોસો ના કરીશ. એ તો એક ક્ષણમાં ધસી પડે છે. માટે તું સર્વ હલચલ છોડી તારા અંતરઘટની ખબર લે. તું પાણીમાં (માછલાના પગની) નિશાની શું શોધે છે?

હે ચેતન! તું આ શરીરરૂપી મઠમાં મોહનિદ્રા લઈ ક્યાં સુધી સૂતો રહીશ? હવે તો જાગ, અંતરઘટમાં દૃષ્ટિ કર, કારણ કે શરીર તો મરણ–ધર્મા છે તે તો ક્ષણિક અને નાશવંત છે માટે તેનો ભરોસો કરવો તે યોગ્ય નથી.

આયુષ્યકર્મના આધારે રહેલ આ શરીર આયુષ્યની દોરી તૂટી જતાં, એક પળમાં નાશ પામી જશે. હે ચેતન! પુદ્‌ગલ પોતાનો નાશવંત ધર્મ ક્યારેય પણ છોડતો નથી, ત્યારે તું તારા સ્વભાવને કેમ છોડે છે? તું નિરર્થક રાગ–દ્વેષ કરી તારા આત્મપ્રદેશોને કંપિત કરી રહ્યો છે અને કર્મથી ભારે બની રહ્યો છે માટે તું હવે તારા અંતરઘટનું દર્શન કર. એ ઘટ સમતારસથી ભર્યો છે અનેક મહાપુરુષો સમતારસમાં ડૂબેલો છે અને આ જગત પર તે મહાપુરુષોના જીવનકાર્યના ચિહ્નો પડેલાં છે.

તું એ ચિહ્નને–ચિહ્નને ચાલ્યો જા. તારો માર્ગ પ્રશસ્ત છે. તું તારા શુદ્ધ સ્વરૂપનો વિચાર કર. દેહભાવ છોડી, આત્મભાવે સ્થિર થા. હવે આ દેહ કેવો છે તથા શેનો બનેલો છે તે બતાવતાં કવિ બીજી કડીમાં કહે છે,

मठमें पंच भूतका वासा, सासा धूत खबीसा।
छिन्न छिन्न तो ही छलनकुं चाहे, समजे न बौरा सीसा...।। अवधू...।। २।।

શરીરરૂપી મઠમાં પંચભૂતનો વાસ છે. શ્વાસોશ્વાસ ધૂર્ત ખવીસ





પણ એ મઠમાં રહે છે. એ ખવીસ ક્ષણે–ક્ષણે આત્માને છળે છે. તો પણ આ અજ્ઞાની મૂર્ખ શિષ્ય (ચેલો) સમજી શકતો નથી અને તન મઠની મમતા છોડી, પોતાના શુદ્ધ સ્વભાવે જાગૃત થતો નથી. આ પંક્તિઓને જુદી રીતે ઘટાવતાં શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે,

“અધ્યાત્મની દૃષ્ટિએ જોતાં પાંચ ઇન્દ્રિયોરૂપ પાંચ ભૂત છે. અને માથા વિનાનો મોહ ખવીસ છે. આ છ યે તનરૂપ મઠમાં વસે છે”

કવિ આનંદઘનજી કહે છે “હે આત્મન્! તું જરા પણ પ્રમાદવશ બની શરીરધર્મમાં મમતા રાખીશ તો મૂર્ખમાં ખપી જઈશ. જીવનો શરીરધર્મ કેવો છે તથા કાયાની માયા કેવી છે તે વિશે શ્રી નરસિંહ મહેતા કહે છે,

“ધન જોબન મદમાતો, વિષય ભોગમાં વારૂ
એ ચાંદરડું ચાર દિવસનું અંતે તો અંધારૂ.
માટે મન વિચારી જોને માન કહ્યું તું સાચું
વિણસી જાતા વા રન લાગે, કાયા પાત્ર છે કાચું”

ભારતીય સંતપરંપરામાં દેહની નશ્વરતા વિશે ઘણા કવિઓએ ઉલ્લાસપૂર્વક ગાયું છે. મધ્યકાલીન ગુજરાતી કવિઓમાં સંત કવિ શ્રી ધીરાભગતની નીચેની પંક્તિઓ સરખાવવા જેવી છે.

“અખંડ એક આતમા રે, બીજું સરવે ધૂળ,
ફૂલ ખીલીને ખરી પડે, એવું કાયાનું છે કામ,
પ્રથમ સદ્‌ગુરુનો સત્સંગ સાચો, બીજો જે કરો તે કાચો”

નરસિંહ મહેતાએ આ કાયાને માટીનાં પાત્ર સાથે અને ધીરાભગતે આકડાના ફૂલ સાથે સરખાવી છે. ત્યારે શ્રી આનંદઘનજીએ કાયાને મઠ કહી છે. પણ ચેતન એ મઠ ઉપર આધિપત્ય નહીં રાખે તો ખવીસ મઠને ખાઈ જશે અને ચેતનને સપ્તમ્ ભૂમિમાં ધકેલી દેશે માટે ચેતનને જગાવતા કહે છે,

शिर पर पंच वसे परमेसर, घटमें सूछम बारी।
आप अभ्यास लखे कोई विरला, निरखे धू की तारी...।। अवधू...।। ३।।

તારા માથા ઉપર પંચ પરમેષ્ટિ વસે છે તેને તારા હૃદયની સૂક્ષ્મ બારીવાટે જો. કોઈ આત્મજ્ઞાનનો અભ્યાસી વિરલ પુરુષ તેને ધ્રુવ તારાની

જેમ નિરખે છે.

હે ચેતન ! તું જ તારો ભગવાન છો. તેનું તું ચિંતન કર. તારામાં જ પંચ પરમેષ્ટિ વસે છે. તે તું તારા સૂક્ષ્મ ઉપયોગે નિહાળ આમ કરવાથી સર્વ ભૂતો ભાગી જશે. મસ્તકના મધ્યભાગમાં બ્રહ્મરંધ્ર છે. આ સ્થાનમાં ધ્યાનદ્વારા આત્માની સ્થિરતા સધાય છે માટે આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રજીએ મસ્તકને ધ્યાનનું સ્થાન બતાવ્યું છે કારણ કે બ્રહ્મરંધ્રમાં આત્માના અસંખ્યાત પ્રદેશો વ્યાપેલા છે માટે જ નિશ્ચયનયથી આત્મા જ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સ્વરૂપ છે. એ તિરોહીત છે પરંતુ કર્માવરણ હટતાં તે આવિર્ભૂત થઈ, પરમેષ્ટિ સ્વરૂપ બની જાય છે. દર્શન મોહનીય તથા ચારિત્રમોહનીય કર્મનો વિશેષ ક્ષયોપશમ થતાં આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી શકાય છે, અર્થાત્ આત્મસ્વરૂપનો બોધ થાય છે. વિશ્વનાં અનંત જીવોમાં કોઈ વિરલ વ્યક્તિ જ આત્માના અસલ સ્વરૂપને પામે છે. સાધક જ્યારે આવી ઉચ્ચભૂમિકાને પ્રાપ્ત કરે છે ત્યારે સ્વરૂપદશાને ધ્રુવ તારાની જેમ સ્થિર નિહાળે છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજે લખ્યું છે કે "યોગમાર્ગની અપેક્ષાએ હૃદયથી મસ્તક સુધી જવા માટે સુષુમ્ના નાડી ( બંકનાલરૂપ નાડી ) છે. ત્યાં થઈને બ્રહ્મરંધ્રમાં જવાય છે. તેથી સુષુમ્ના નાડીરૂપ બારી છે. ત્યાં આત્મ ઉપયોગ રાખી છેક બ્રહ્મરંધ્ર સુધી આત્મ ઉપયોગે ચડવું, ત્યાં તે પોતાના આત્માને ધ્રુવ તારાની જેમ સ્થિર જુએ છે." આત્માની ધ્રુવતાના દર્શન એ જ પરમેષ્ટિદર્શન છે.

આ અવસ્થા આવતાં જેમ પ્રકાશ થતાં ભૂત ભાગી જાય છે તેમ પાંચેય ઈન્દ્રિયોના વિષયરૂપ ભૂત અજ્ઞાન અંધકારમાં આવી, ભાવ ભજવી જાય છે પરંતુ જ્યારે સૂક્ષ્મબોધની બારીમાંથી આત્મરવિનો ઝાંખો પ્રકાશ દેખાતાં, પાંચેય ભૂતો આત્માથી છૂટા પડી જાય છે અર્થાત્ ઈન્દ્રિય પ્રત્યેની મૂર્છાથી સાધક મુક્ત બની જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે,

પંચ વિષયમાં રાગ-દ્વેષ વિરહિતતા
પંચ પ્રમાદે ન મળે મનને ક્ષોભજો.

સાધક પાંચ ઈન્દ્રિયોના વિષયમાં રાગ-દ્વેષ કરતો નથી તથા પાંચ પ્રમાદનું સેવન કરતો નથી. જેમ ધ્રુવ તારો નિશ્ચલ છે તેમ આત્મબોધરૂપ





પ્રકાશ નિશ્ચલ છે. અહીં કવિએ ધ્રુવ તારાનું અદ્ભુત દૃષ્ટાંત આપ્યું છે. આકાશમાં નક્ષત્ર કે રાશિના સ્થાનમાં ફેર થયા કરે છે પરંતુ ધ્રુવ તારો જ્યાં છે ત્યાં જ સ્થિર રહે છે. આવી ધ્રુવ જેવી નિશ્ચલ અદ્ભુત દશા આત્માનુભવીની હોય છે.

મસ્તકને કવિઓએ તથા લેખકોએ ઉત્તમાંગ કહ્યું છે. ત્યાં બ્રહ્મરંધ્ર રહેલું છે. જૈનદર્શન આત્માને શરીરવ્યાપી કહે છે. આત્મપ્રદેશોનું વિશેષ સ્થાન મસ્તક તથા હૃદયમાં બતાવેલું છે.

યોગસાધકો બ્રહ્મરંધ્રને સહસ્ત્રદળ કમળ કહે છે. તેમ ધાર્મિક પુરુષો પણ મસ્તકને કમળની ઉપમા આપે છે. જેમ કમળમાં મિષ્ટરસ હોય છે તેમ આત્મપ્રદેશોનો અપાર શાંત સુધારસ બ્રહ્મરંધ્રમાંથી ઝરે છે. જેનો રસાસ્વાદ લઈ સાધક પરમાનંદ પરમશાંતિનો અનુભવ કહે છે,

યોગસાધકોની સાધનાનું દર્શન કરાવતા કવિ કહે છે,

आशा मारी आसन धरी घटमें, अजपाजाप जगावे...।
"आनंदघन" चेतनमय मूरति, नाथ निरंजन पावे...।। अवधू...।। ४।।

આશાનો ત્યાગ કરી હૃદયરૂપ ઘટમાં સ્થિર ઉપયોગરૂપ આસન જમાવી વૈખરી વાણી વિના જો "સોહમ્" નો જાપ કરે તો સાધક આનંદ–સમૂહ ચૈતન્યમૂર્તિરૂપ નિરંજન પરમાત્મ દેવને પામે છે અને તે વખતે જાપ સ્વયંમેવ લયરૂપ બની જાય છે. અજપાજાપ ચાલુ થઈ જાય છે. કવિએ અહીં સાધકને ભલામણ કરી છે કે "હે સાધક ! સંસારમાં આશા અને અપેક્ષા રાખ્યા વિના કાર્ય કર્યે જા અને આત્મઘરમાં આસન જમાવી દે.

યોગસાધકો મનની સ્થિરતા માટે વિવિધ પ્રકારનાં આસનો કરે છે ત્યારે ધ્યાન સાધકો આત્મઘરમાં આસન બીછાવી પોતાના જ્ઞાનદર્શનરૂપ ઉપયોગ જે બહાર ભટકી રહ્યો છે તેને સ્વમાં જોડવા અંતરંગમાં 'સોહમ' 'સોહમ' ધ્વનિનો જાપ કરે છે. આ પ્રકારના જાપમાં સ્થૂલ વચનપ્રયોગ ન હોય પરંતુ માનસિક જાપ કરતાં કરતાં "સોહં" શબ્દનો ઊલટો જાપ થવા લાગે છે. જેમકે "સોહં" નો "હંસો" અથવા "હંસ" નો જાપ કરતાં કરતાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ એવા નિરંજન આત્મદેવને પામે છે.

# ૫૬-૮

"आतम अनुभव फूलकी"

સર્વ સંસારી જીવોને જગતમાં વિવિધ પ્રકારના અનુભવો થાય છે. જે જીવ બહિરાત્મભાવમાં રમણ કરે છે તેને ઇન્દ્રિયો સાથે પદાર્થનો સંયોગ થતાં જે અનુભવ થાય છે તે ભૌતિક જગતનો હોવાથી ક્ષણિક તથા અનિત્ય છે.

કવિ આનંદઘનજીએ આ આઠમા પદની સાખીમાં અલૌકિક અનુભવની વાત કરી છે. કવિ કહે છે,

आतम अनुभव फूलकी, नवली कोउ रीत।
नाक न पकरे वासना, कान गहे न परतीत।।१।।

આતમઅનુભવ એવો છે કે તેની નાકથી વાસ તો આવતી નથી તો કાનથી પણ એ અનુભવ સંભળાતો નથી.

આત્મઅનુભવની વાતો એવી છે કે તે શબ્દથી કહી શકાતી નથી. આંખેથી જોઈ શકાતી નથી, કારણ કે તે ઇન્દ્રિયનો વિષય નથી. આવી ઊંચી દશાને જડ ઇન્દ્રિયો શું જાણે ?

કવિએ અહીં અનુભવને ફૂલની ઉપમા આપી છે કારણકે ફૂલ કોમળ હોય, સુગંધી હોય, મધુરરસ ભરપૂર હોય તથા અલ્પજીવી હોય. તે રીતે આત્મદર્શનના અનુભવરૂપ ફૂલ પણ કોમળ હોય છે. આનંદરસ– સભર. જગતનાં સર્વ જીવો એવો આનંદ માણવા ઇચ્છે છે. છદ્મસ્થ અવસ્થામાં આવો અનુભવ અલ્પ સમયનો હોય છે. અધિકમાં અધિક અંતર્મુહૂર્ત ટકે છે. આ અનુભવ પરમશાંત તથા પ્રમોદયુક્ત છે. આ અનુભવરૂપ પુષ્પમાં શાંત સુધારસ ભરપૂર ભર્યો છે પણ તેનો આનંદ મુમુક્ષુજીવો જ લઈ શકે છે. પરભાવથી પાછા ફર્યા વિના ચૈતન્યાનુભૂતિ દુર્લભ છે. જે ક્ષણે ચૈતન્યાનુભૂતિ થાય છે. તે ક્ષણે વાસના વિરમી જાય છે માટે જ "नाक न पकरे वासना" કહ્યું છે કે નાકનો વિષય સુગંધદુર્ગંધનો છે પણ તેમાં વાસના કરવી કે રાગ– દ્વેષાત્મકભાવ કરવા તે નાકનું કાર્ય નથી પણ અંતરમન દ્વારા થાય છે. આત્માનુભવ સમયે અંતરમન





અનુભવમાં રોકાયેલું હોય છે. તેથી નાકનો વિષય બની શકે નહીં, શ્રી સરયૂદાસજી પણ કહે છે,

"બોલું તો પણ મુન્ય ટળે નહિ માહરૂં"
દેખી ને નવ દેખું એવી રીત જો,
સાંભળું તો પણ સાંભળું નહીં કંઇ વાતને
એ છે મારો અનુભવ વેદ વિદિત જો
બ્રહ્મદર્શી ગુરુ મળીયા મનના ભાવતા।।

એ આત્માનુભવ એવો છે કે તે સ્થૂલ ઇન્દ્રિયોનો વિષય બની શકતો નથી. તે જીવ યથાર્થ સ્વરૂપના અવબોધથી આત્માની ઉન્નતદશા ભોગવતો હોય છે. ફૂલ દૂર પડયું હોય તો પણ, તેના અસ્તિત્વનો ખ્યાલ આવે છે. તે દાબી કે ઢાંકી દીધું હોય તો પણ તે ભલે કાનનો વિષય ન બને પણ નાકનો વિષય બની શકે છે, ત્યારે આત્માનુભવરૂપ ફૂલ ભલે નાકથી નહીં પણ કાનથી તેના અસ્તિત્વનો ખ્યાલ આપે છે.

આત્માનુભવીને પોતાની અંદર 'અહંમ', 'અર્હમ' અથવા 'સોહમ્' 'સોહમ્' નો અદ્‌ભુત ધ્વનિ સંભળાયા કરે છે. જેમ બાળક ઘોડિયામાં ઘુઘવાટ કરતું હોય તે, તેની 'મા' ને દૂરથી સંભળાય છે તથા તેને ખ્યાલ આવી જાય છે કે બાળક જાગે છે. મંદિરમાં ઘંટના ધ્વનિનો ગુંજારવ લંબાય છે તેથી ઘંટધ્વનિ થયાનો ખ્યાલ આવે છે. તેમ આત્માનુભવ કાનનો વિષય ન હોવા છતાં અનાહત્‌ધ્વનિને કારણે તેની પ્રતીતિ થાય છે.

પદાર્થનું જ્ઞાન ઇન્દ્રિયોની સહાયથી થાય છે. ચાર ઇન્દ્રિયો દ્વારા વ્યંજનાવગ્રહ થાય છે અને પછી અર્થાવગ્રહ થાય છે. અર્થાવગ્રહ પાંચ ઇન્દ્રિયો દ્વારા થાય છે. અર્થાવગ્રહથી ધારણાનો ક્રમ આ પ્રમાણે છે.

જેમકેઃ – પદાર્થ પ્રત્યે,

( ૧ ) આ કંઇક છે તેવી વિચારણા તે **અર્થાવગ્રહ**

( ૨ ) આ શું છે ? તેની વિશેષ વિચારણા તે **ઈહા**

( ૩ ) આ એ જ હોવું જોઇએ તે **અવાય**

( ૪ ) ના, આ તો એ જ છે, તે **ધારણા**

વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહથી સૂક્ષ્મ છે. પણ આ બધો ઇન્દ્રિયનો

વિષય હોવાથી તેનો અવબોધ ક્રમથી થાય છે. છતાં સ્થૂલતામાં રાચતા જીવને એવું લાગતું નથી કારણ કે આ બધી સ્થિતિ બહુ અલ્પસમયની હોવાથી સ્થૂલદૃષ્ટિવાળાની નજરમાં આવે નહિ. તેમ આત્માનુભવ પણ ક્રમથી છેવટે ધારણા સુધી પહોંચી જાય છે. આત્માનુભવની પ્રતીતિ માટે ચેતનની કેવી દશા છે. તે ઘનાશ્રીરાગમાં કવિ આ પદની પહેલી કડીમાં કહે છે,

अनुभव नाथकु क्युं न जगावे।
ममता संग सो पाय अजागल, थनते दूध कहावे - अनुभव।। १ ।।

ચેતનારૂપી સ્ત્રી અનુભવમિત્રને ઉદ્દેશીને કહે છે કે હે અનુભવ ! તું તારા મિત્ર આતમસ્વામીને જાગૃત કેમ કરતો નથી ? તે મમતાના સંગે રહી, આનંદની ઈચ્છા રાખે છે પણ એ તો બકરીને ગળે રહેલ આંચળમાંથી દૂધ દોહવા જેવી નિરર્થક વાત છે.

સમતા અથવા આત્માની શુદ્ધચેતના અનુભવમિત્રને કહે છે કે, હે અનુભવ ! તું ચેતનનો જીગરજાન દોસ્ત છે. તું દરેક સમયે તેની સાથે જ હોય છે. તેથી તને કહું છું કે તું મારા એ ચેતનરામને હવે જગાડ. તે તો મોહનિદ્રામાં પોઢયા છે અને તેથી જ તે પોતાનું સ્વરૂપ સાવ ભૂલી ગયા છે. મમતાના સંગે રહી તેના પ્રેમપાશમાં ફસાઇ ગયા છે. વિષયકષાયમાં મસ્ત બની, ભોગાસક્ત બની ગયા છે. મમતાનો પરિવાર એ જ તેનો પરિવાર છે. એવું તે માને છે. ઇન્દ્રિયભોગથી સુખ મેળવવાની ઇચ્છા એ તો બકરીનાં ગળાનાં આંચળ દોહવા બરાબર છે માટે તું જ તેને સમજાવ. મને તો ડર છે કે હું તેને કાંઈ કહેવા જાઉં તો તે મારી સામે અંગુલિસર્પ વ્યવહાર કરશે તો ?

માટે જ આનંદઘનજી મ. બીજી કડીમાં કહે છે,

मेरे कहेंते खीज न कीजे, तु ऐसे ही शिखावे।
बहोत कहेतें लागत ऐसी, अंगुलि सरप दिखावे।। अनुभव।। २।।

અનુભવમિત્રને ચેતના કહે છે કે હે અનુભવ ! તું ચેતનનો ઘણો નિકટનો મિત્ર છો. તેની બધી ચાલચલગત તું જાણે છે. ચેતન ! મમતાના સંગે જરા પણ સુખી નથી, તેથી તને હું ભલામણ કરું છું કે તું મારા ચેતનસ્વામીને સમજાવી, તું મિત્ર તરીકેની તારી ફરજ બજાવ.





ચેતનને કારણે ચેતના વ્યાકુળ છે, તેથી ક્યારેક ઠપકાના સૂરમાં તે અનુભવને કહે છે કે "તારી પાસે હૃદય જેવી કોઇ ચીજ છે કે નહીં ? તને મારે વારંવાર શું કહેવું ? મને તો ડર છે કે વારંવાર કહેવાથી તને મારા ઉપર ગુસ્સો આવી જશે અને પછી "અંગુલિ-સર્પના" ન્યાયે મને ખેદ થશે તો, કારણ કે એકની એક વાત વારંવાર કહેવાથી તે અપ્રિય લાગે છે.

શ્રી આનંદઘનજી ત્રીજી કડીમાં કહે છે,

औरनके संग राचे चेतन, चेतन आप बतावे।
आनंदघन की सुमति आनंदा, सिद्ध सरूप कहावे।। अनुभव।। ३।।

હે અનુભવ ! કદાચ તું એમ કહેશે કે ચેતન બીજાને સંગે ચડી ગયો છે. તેની ખાતરી શું ? તો તે મારે કહેવાની જરૂર નથી. ચેતન પોતે જ પોતાની ખાતરી આપે છે. કારણ કે સ્વભાવમાંથી પરભાવમાં જતાં આત્માને કર્મ લાગે છે. તેથી ચેતનને સંસાર પરિભ્રમણ કરવું પડે છે. ચેતનની આ દુર્દશા જ કહી આપે છે. મારે કાંઇ કહેવાની જરૂર નથી. તેના આવા બેહાલ કેમ થયા છે ? "જેવો સંગ તેવો રંગ" બગલાના ટોળામાં હંસ બેસે તો બગલા જેટલી જ કિંમત થાય. ચેતનની પણ અત્યારે એવી દશા છે પણ જો ચેતન મમતાનો સંગ મૂકી, જો સુમતિની સંગતિ કરે તો પોતાના શુદ્ધ સ્વરૂપને જાણી શકે, કારણ કે સુમતિ આનંદસ્વભાવી છે.

આ પદમાં સામાન્યજ્ઞાન તથા અનુભવજ્ઞાન ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. વિશ્રામકારક વિચારને જ્ઞાન કહેવામાં આવે છે. અમુક વિચારો પર સ્થિરતા થાય તે જ્ઞાન અને આનંદકારકજ્ઞાનને અનુભવ કહેવામાં આવે છે. જ્ઞાન આપે ફળની પ્રાપ્તિ તે અનુભવ.

કવિશ્રી આનંદઘનજીએ આ પદમાં અનુભવની સૂક્ષ્મતા બતાવી છે. લોક વ્યવહારનાં દ્રષ્ટાંતો આપી સાધકને આંતરચોટ મારી રહ્યાં છે. તેઓશ્રીએ બકરીના આંચળ અને અંગુલિસર્પન્યાયનું દ્રષ્ટાંત સરસ રીતે વણી લીધું છે અને ચેતનની ઇન્દ્રિયાતીત અવસ્થાનું ઉત્તમ નિરૂપણ કર્યું છે.

## પદ-૯

"नाथ निहारो आपमतासी"

શ્રીમદ્‌આનંદઘનજી મહારાજે સર્વસંસારી જીવોનાં કાર્યોનું તથા માનસિક સ્થિતિનું સુંદર ચિત્રણ આ પદમાં કર્યું છે. ભાવોની વિશુદ્ધિથી જીવાત્મા કેવા પરમાનંદને પામે છે, તે આ પદમાં સમજાવ્યું છે.

કવિએ અધ્યાત્મભાવોને લૌકિક ઉદાહરણ દ્વારા સમજાવી સર્વ સંસારીઆત્માઓની પરિણતિમાં પરિવર્તન કરવા પ્રબળ પુરુષાર્થ કર્યો છે. તેઓ સારંગ રાગમાં કહે છે,

नाथ निहारो आप मतासी
वंचक शठ संचकसी रीते, खाटो खातो खतासी।। नाथ।। १।।

આઠમા પદમાં શુદ્ધચેતનાએ અનુભવમિત્ર દ્વારા ચેતનને સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ આ પદમાં સ્ત્રીસહજ સ્વભાવને કારણે ચેતના સ્વયં પોતાના પતિ ચેતનને સમજાવવા કોશિષ કરે છે. તે કહે છે હે નાથ ! તમે જરા મારા સામું તો જુઓ હું કોણ છું ? હું આપની જ સતી જેવી પત્ની છું. હું આપને છોડી, બીજે ક્યાંય જતી નથી. પડછાયાની માફક આપની સાથે જ રહું છું. હું આપના જ મતની છું, આપણે બંને એક જ જાતના છીએ. જેમ સૂર્ય એક છે પણ સૂર્યમાંથી નીકળતાં કિરણો અનેક છે. તેમ મારો તથા આપનો સંબંધ છે. આપની સજ્જનતા શેમાં છે ? તેનો તો જરા વિચાર કરો. આપે જેની સાથે સંબંધ બાંધ્યો છે તે મમતાની જાત, તેની વૃત્તિ – પ્રવૃત્તિ કેવી નીચ છે, તે તો જરા વિચારો. મમતા કેટલી કપટી તથા માયાવી છે તે તમે જાણો છો ? પારધી જેમ પોતાની જાળમાં પ્રાણીઓને ફસાવે છે, તેમ મમતા પણ માયાની જાળ બિછાવી તને ફસાવી રહી છે અને પોતાના છંદે તમને એ નચાવી રહી છે. એ લુચ્ચી તો કેવી છે કે એક બાજુ એ પોતાની ઈચ્છાનુસાર તમારી પાસે કામ કરાવે છે અને ઉપરથી પાછો હાથ રાખી કહે છે કે હું તો પતિને પગલે દાસીની જેમ ચાલનારી છું. મમતાના લોભને કોઇ થોભ નથી તે લોભને વશ બની, ખોટું ખાતું ખતવે છે. જેમ લોભી માણસ પોતાના ચોપડામાં જમા રકમ





પૂરી લખતો નથી. પણ ઉધાર રકમ બેવડી અને ત્રેવડી લખે છે. પોણી સો ટકા વ્યાજ લે અને સોળપંચા બ્યાશીને બે મૂકયા ૮૦ તો દેવાનાં આમ કહી ખોટું સમજાવે છે. તે રીતે મમતા પણ વંચકપણું કરી, પારકી વસ્તુને તમારી પાસે પોતાની મનાવે છે. મમતા એવી હલકીવૃત્તિની છે કે તે ફકત એક તમારી સાથે જ સંબંધ રાખતી નથી. તે અનેકને ભજે છે. આશ્રવને સંવર તરીકે બતાવી, જમાની રકમમાં ગોટાળો કરે છે અને આશ્રવનાં મોટાં મોટાં ગરનાળા મૂકી, કર્મોને એકઠાં કર્યા કરે છે. કર્મોને અટકાવવાની કળા તો તે જાણતી જ નથી. તેથી તે ખોટું ખાતું ખતવે છે. વળી તે એવી તો ચતુર છે કે તે પોતાના ખાતામાં જમા કર્યે જાય છે અને તમારા ખાતામાં ઉધાર્યે જાય છે, તમને તો હંમેશાં દેવાદારની સ્થિતિમાં જ રાખે છે. એના ચોપડામાં જો પ્રદેશોદયદ્વારા કર્મોનો ઘટાડો થતો હોય અને સંવર દ્વારા આવતાં કર્મોને અટકાવવામાં આવે તો કોઇક દિવસ પણ તમારી મુક્તિ થઈ શકે. પણ મમતા તો એવી ઠગારી છે કે તે પોતાનું ખાતું જમા કરે છે અને તમારી પાસે રકમ લેણી રાખે છે. આમ વિપરીત સ્થિતિ કરીને વ્યાજ ખાઉ મમતા આપને કેમ પસંદ પડે છે.

હે નાથ ! હવે આપ મારી સામું તો જુઓ ? કવિએ આ કડીમાં સ્ત્રીસહજ સ્વભાવનું દર્શન કરાવ્યું છે. દરેક સ્ત્રી એવું ઈચ્છતી હોય છે કે પતિ પોતાનો થઇને રહે તથા તેને જ જોયા કરે. છતાં પણ કોઈક કારણથી પતિ – પત્ની સામે ન જુએ તો પત્નીને માઠું લાગે છે, તે રીસાઈ જાય છે. શાણી સ્ત્રી રીસાતી નથી, પણ પતિના ઉપેક્ષાભર્યા વર્તનનું કારણ જાણી પતિને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે. તેને સમજાવી સાચા માર્ગે લાવે છે.

કવિશ્રી આનંદઘનજી કહે છે,

आप विगुंवण जगकी हांसी, सियानय कौन बतासी ?
निजजन सूरिजन मेला ऐसा, जैसा दूध पतासी।। नाथ।। २।।

અહીં ચેતના, ચેતનને કહે છે કે, આપ મમતાના સંગે રહો છો જેથી લોકો તમારી વાતો કરે છે. વળી મમતા પણ આપને દરેક સ્થાને વગોવે છે.

સંસારમાં દુઃખનું કારણ જો કોઈ હોય તો માયા અને મમતા છે. તે જ કર્મબંધ કરાવી, ચેતનને દુર્ગતિમાં ધકેલે છે. તે જ નરકગતિમાં

પરમાધામીના માર ખવરાવે છે તથા તિર્યંચગતિમાં પરાધીન બનાવે છે. સંસારની જેલમાં એ જ ગોંધી રાખે છે. નરક, નિગોદ, પૃથ્વી, પાણી વગેરે સ્થાનોમાં રખડાવે છે. વનસ્પતિના ભવમાં ટકાના ત્રણ શેરના ભાવે વેચાવે છે. કીડી, મંકોડા તથા ભૂંડના ભવ કરાવી વિષ્ટાનો આહાર કરાવે છે.

આ રીતે મમતા તમારી માથે ન કરવાની કરે છે, છતાં તેનો સંગ છોડવો તમને ગમતો નથી, તેના સંગથી પુત્ર જન્મે તો જન્મ સમયે તો આનંદ થશે પણ મૃત્યુ થતાં રડાવે છે. આવી રીતે કાળજા વગરના થઈ, તમે પોતે જ તમારી હાંસી કરાવો છો.

હે સ્વામી ! મારે આપને વધારે શું કહેવાનું હોય ? કારણ કે આપ તો સ્વયં જ્ઞાની છો. આપ આપની શક્તિનો વિચાર કરો, આપના જેવો શક્તિશાળી પુરુષ શું ત્રણ કોડીની બાયડીનો નચાવ્યો નાચે ? ક્યાં ગયું આપનું પૌરુષત્વ ? સાવ નિર્માલ્ય થઈને શા માટે પડયા છો ? મમતા કદી સારી શિખામણ આપશે નહીં, માટે આપ આપનું મૂળભૂત સ્વરૂપ સંભાળો.

કામ, ક્રોધ, લોભ, મદ, મોહને આપ આપના સ્વજન માનો છો. તે જ મોટી ભ્રમણા છે. એ બધાં તો મમતાના સાથી સંગી છે. તેનો સંગ છોડી, આપના સાચાં સ્વજનો છે તેને પ્રેમ કરો. ક્ષમા, સંતોષ, સેવા, સંયમ, આર્જવ, માર્દવ, શૌચ, બ્રહ્મચર્ય એ બધાં આપનાં કુટુંબીજનો છે. તે આપનાં જેવા જ છે. એ સ્વજનોનો સંબંધ તો દૂધમાં પતાસા જેવો છે. તે આપની સાથે એકમેક થઇને રહે છે. દૂધ સ્વયં મીઠું હોવા છતાં, તેમાં સાકર ભળતાં મીઠાશમાં વૃદ્ધિ થાય છે. તેમ, હે ચેતન ! આપના આનંદમાં વધારો થશે.

હવે પાછી ચેતના, ચેતનને કહે છે કે હું પણ તારા જેવી જ શુદ્ધ સ્વરૂપી છું. તારી અને મારી એક રસરૂપ પરિણતિ છે, માટે હે નાથ ! આપ આપની મતિથી વિચારશો તો મારા ઉપર આપને અત્યંત પ્રેમ થશે. માટે જ કહું છું કે મારી સામે જુઓ અને અનંત સુખના ભોક્તા બનો.

"શુદ્ધ ચેતના – ચેતનને વિનવતા કહે છે,





ममता दासी अहितकारी हरविधि , विविध भांति संतासी।
आनंदघन प्रभु विनंती मानो, और न हितु समतासी।। नाथ।।

હે નાથ ! મમતાદાસી, આપનું દરેક રીતે અહિત કરનારી છે. તે આપને જુદી જુદી રીતે સતાવ્યા કરશે. સમતા સિવાય આપનું હિત કરનાર બીજું કોઇ નથી, માટે હે આનંદઘનસ્વરૂપ ચેતનપ્રભુ ! આપ મારી વિનંતીનો સ્વીકાર કરો.

હે નાથ ! આપ જેના ફાંસે ફસાયા છો તે કોઇ રાણી, શેઠાણી કે સારા ઘરની સ્ત્રી નથી. એ તો હલકી જાતની એક દાસી છે. આપ જેવા ઉત્તમ પુરુષ આવી હલકી દાસી સાથે સંબંધ રાખે એ તો કલંક કહેવાય, હલકા માણસો પોતાની હલકાઇ છોડતા નથી. જ્યાં સુધી તેનો સંગ ન છૂટે ત્યાં સુધી તમે જન્મમરણમાંથી મુક્ત થઇ શકશો નહીં,

મમતા તો મોહ ચાંડાલની બેટી છે. છતાં પણ તારે પ્રેમ કરવો જ છે તો સમતા સાથે કર. તેનો આદર કર, કારણ કે સમતા ! સંયમરૂપ રાજાની રાજકન્યા છે. ક્ષત્રિયપુત્ર સાથે ક્ષત્રિય પુત્રી શોભે. હે ચેતન ! તું તો મીઠાઈ છોડી, વિષ્ટા ખાવા દોડી રહ્યો છો. નાશવંત વસ્તુમાં તું તારું સર્વસ્વ માની બેઠો છે. એ જ તારો મતિભ્રમ છે. નાશવંત કદી શાશ્વત બનતું નથી. માટે હવે તું સાચી સમજણનાં ઘરમાં આવ. સમજણ વિના ત્યાગ કરવાથી, તે ખોટા ખત બનાવી તને કરજભારથી દાબી દેશે. સમજણ વિના ત્યાગ કરવાથી તે પ્રકારની વૃત્તિઓ બેવડી, તેવડી અને દશગણી જોર કરશે. તેની સામે શાસ્ત્ર આધારે કામ લેવું પડશે. માટે સર્વ પ્રથમ સંસારનું સ્વરૂપ બરાબર ઓળખી, સ્વ–પરનો વિવેક કરી, પરભાવ પર વૈરાગ્ય લાવી સંસારભાવથી ઉદ્વિગ્ન બનતા, મમતાના પાશમાંથી ધીરેધીરે મુક્ત થઈ શકાય છે, જેમ ન ગમતો માણસ આંગણે આવે તો આપણે તેને આવકારતા નથી. તો એ બીજીવાર આપણા ઘરનાં ઊંબરે આવતો નથી. તેમ મમતા તરફ જો લક્ષ દેવામાં ન આવે અને મોઢું ફેરવી દઇએ તો હે ચેતન ! મમતા તેનો કેડો મૂકી દેશે.

માટે તું તારા શુદ્ધ સ્વરૂપનો વિચાર કર, જેથી તારી દૃષ્ટિ ખુલ્લી જશે. સમાધિશતકમાં કહ્યું છે,

"या भ्रममति अब छांडी दौ, देखो अंतर दृष्टि"
मोहदृष्टि जो छोडिये, प्रगटे निज गुण सृष्टि।। १।।

હે ચેતન ! હવે ભ્રાન્તિબુદ્ધિનો ત્યાગ કરી, અંતરદ્રષ્ટિથી તું તારું અંતરમન જો, તારી અંદર રિદ્ધિનો અક્ષય ખજાનો છે. પણ તે મોહથી ઢંકાઈ ગયો હોવાથી દેખાતો નથી.

જીવ જયારે મોહદૃષ્ટિ મૂકી, સ્વરૂપ રમણ કરે છે. ત્યારે આત્માનાં અનંતગુણરૂપ સૃષ્ટિનો આવિર્ભાવ થાય છે.

માટે હે ચેતન ! જાગ તું પોતે જ પરમાત્મા છો. તારામાં સર્વશક્તિઓ પડી છે. તું સ્વયં આનંદઘન સ્વરૂપ છો. જે બહાર દેખાય છે તેનાથી વિશેષ તારી અંદર પડયું છે. તને તારી પાસેથી જ બધું મળશે.

મહાત્મા સરયૂદાસે આવા જ ભાવો વર્ણવ્યા છે,

"એવો હું પરિપૂરણ ચિદ્‌ઘન એકલો,
બીજુ કલ્પિત જે વરીમાં જેમ સર્પજો,
વાચા રમણ નામરુપ પરપંચ છે.
વિલસ્યો કૈવલ્ય ચૈતન્ય આપોઆપજો।। બ્રહ્મદર્શી।।"

હું ચિદાનંદ ચૈતન્ય સ્વરૂપ છું. ચિદ્‌ઘનઆત્મા એક જ છું. હું પરિપૂર્ણ છું. શબ્દો વડે જે નામરૂપ દેવામાં આવે છે એ તો એક પ્રપંચ છે. જે આ પ્રપંચ છોડે છે તેમાં આપોઆપ કૈવલ્યજયોતિ પ્રકાશે છે.

શુદ્ધચેતના આ રીતે સમતાસ્વરૂપ ધારણ કરી, આત્મદેવને સમજાવે છે. અન્યદૃષ્ટિએ જોતાં સમતા એ શુદ્ધ ચેતના દર્શન એક મહાવિશુદ્ધ આત્મપરિણતિ છે. તે સિવાય જીવનું વાસ્તવિક હિત સાધનાર અન્ય કોઈ નથી.

જેમ નીમક વિના રસોઇનો કોઈ સ્વાદ નથી. રસ વિના કેરીની કિંમત નથી. તેમ સમતા વિના ક્રિયા – અનુષ્ઠાનનું પણ મૂલ્ય નથી.

શ્રી આનંદઘનજીએ આ પદમાં નારી હૃદયની કૂણી લાગણીઓનું આબેહૂબ ચિત્રણ કર્યું છે. સતીસ્ત્રી જેવી શુદ્ધચેતના તથા તેના હૃદયની વેદના કેવી છે. તથા મમતાની માયાજાળ કેવી છે ? તો માર્મિકભાવો આ પદમાં રજૂ કર્યાં છે.

પહેલી નજરે સામાન્ય લાગતું આ પદ સર્વ સામાન્ય જીવોની દૃષ્ટિ





ખોલી નાખે છે. આત્મરસનો પ્રવાહ વહેવા માંડે એવી એક આ ઉત્તમ રચના છે.

કવિ શ્રી આનંદઘનજીનું વ્યવહારજ્ઞાન કેવું હતું તથા તેનો વિનિયોગ એમણે અધ્યાત્મદૃષ્ટિએ કેવો કર્યો છે, તે આ પદ દ્વારા સમજી શકાય છે.

આ પદમાં કવિએ નારી હૈયાને ખોલી નાખ્યું છે તથા એ બધાં જ ભાવો ચેતનચેતનારૂપે વ્યક્ત કરે છે. અનાદિથી ચેતન મમતાને કારણે સંસારમાં ભમે છે. તેને સ્વસ્થાને લાવવા ચેતના સમજાવી રહી છે.

આ પદ અત્યંત અસરકારક અને મનોવ્યથાયુક્ત છે. આ મનોહરરચના સાધકના ચિત્તમાં વસી જાય એવી છે.

# પદ-૧૦

"परम नरम मति और न आवे"

મનોચિકિત્સક એવા શ્રી આનંદઘનજી મહારાજે માનવમનની સૂક્ષ્મ વૃત્તિઓનું આ પદમાં ઉદ્‌ઘાટન કર્યું છે. માનવ, પોતાની વ્યક્તિ પાસે કેવો વ્યવહાર કરે છે અને તેનું બાહરીજીવન કેવું છે એનું માર્મિક આલેખન આ પદમાં કર્યું છે.

આનંદઘનજીએ સંસારનું સ્વરૂપ રૂપક શૈલીમાં ટોડી રાગમાં વર્ણવ્યું છે. આ પદના પ્રારંભમાં શુદ્ધચેતના સમતાનો સ્વાંગ સજી ચેતનપતિને ઠપકો આપે છે અને કહે છે,

परम नरममति और न आवे - परम
मोहन गुन रोहन गति सोहन,
मेरी बैर ऐसे निठुर लिखावे - परम

શુદ્ધચેતના, ચેતન આત્માને કહે છે કે હે પ્રેમવંત ? પેલી મમતા આવે છે ત્યારે તો તમે પીગળી જાવ છો. તમારા વિચાર નરમ ઘેંસ જેવા થઈ જાય છે, વળી એ વિચારને કારણે તમે કેવા આકર્ષક લાગો છો ? પણ ત્યારે તમે વિપરીત ગુણની ખાણ થઇ જાવ છો, પણ જયારે મારો સમય આવે છે ત્યારે તો તમે કેમ કઠોર થઈ જાઓ છો ?

ચેતનાએ ચેતનને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યાં તથા મમતાનો સંગ છોડવા ઘણા રસ્તા બતાવ્યા, પણ ચેતનને તેની કોઈ અસર નથી. તેથી ચેતના – ચેતન પ્રત્યે કઠોર બની જાય છે અને કહે છે કે તમે તો કેવા મૂર્ખ છો ? પારકા પાસે તો સાવ નરમ ઘેંસ જેવા થઈ જાવ છો. આ રીતે શ્રી આનંદઘનજીએ ઘરગથ્થુ દૃષ્ટાંત દ્વારા સંસારનું દૃશ્ય ખડું કરી, આત્માર્થીઓને મોક્ષમાર્ગ બતાવ્યો છે.

પરસ્ત્રીગમન કરનાર, વિષયાંધ માનવને જેમ એની સ્ત્રી ઠપકો આપે, ગુસ્સો કરે અને એવો સમય આવે તો લાત પણ મારે અને ક્યારેક ઘસડીને ઘરમાંથી બહાર પણ કાઢી મૂકે, પણ વાસનાગ્રસ્ત વ્યકિત એ બધું સહન કરે છે તથા અપમાન થવા છતાં વારંવાર પેલી સ્ત્રી પાસે





જાય છે. તેવી રીતે મમતાને કારણે દુ:ખ ભોગવવા છતાં આત્માને મમતાનો સંગ છોડવો ગમતો નથી અપમાન, તિરસ્કાર, વેદના વગેરે બધું સહન કરે છે. એટલું જ નહિ, તે સાવ નરમ ગરીબડો બની જાય છે.

હવે શુદ્ધચેતના તેની સખી શ્રદ્ધાને કહે છે સ્ત્રીઓનો સહજ સ્વભાવ છે કે તે પોતાના હૃદયની વાત પોતાની સજાતીય વ્યક્તિને કરે છે. જેથી તેનું હૃદય હળવું થઈ જાય તથા ક્યારેક તેની પાસેથી નવો રસ્તો પણ મળી જાય, તેમ ચેતના પણ શ્રદ્ધાને કહી રહી છે કે ચેતન તો મોહનગારો છે. જે તેને જુએ તેને એ ગમી જાય તેવો આકર્ષક છે. વળી ગુણોનો ભંડાર છે. જેથી મમતાએ તેને જોયો અને પોતા તરફ આકર્ષી લીધો પણ હવે તો ચેતન, મમતામય થઈ ગયો છે. વિભાવદશા જ જાણે તેનો સ્વભાવ હોય એવું લાગે છે. જેને કારણે ચેતનસ્વામી પાસે મારું કોઈ નામ લે, ત્યારે તો એવો કઠોર બની જાય છે કે જાણે હું તેની દુશ્મન ન હોઉં ? મમતા પાસે જેટલો તે નરમ છે. તેટલો જ મારી પાસે કઠોર બની જાય છે.

ચેતના પોતાની સાહેલી શ્રદ્ધા પાસે હૈયાવરાળ ઠાલવે છે! કવિ બીજી કડીમાં કહે છે,

चेतन गात मनात न ऐसे, मूल वसात जगात् बढावे।
कोई न दूती दलाल विसीठी, पारखी प्रेम खरीद बनावे।।२।।

હે સખી શ્રદ્ધા ! મારા ચેતનપતિને મેં બોલીને, ગાઈને વગેરે વિવિધ પ્રકારે સમજાવ્યો પણ તે મારી એક પણ વાત કાને ધરતો નથી તથા મમતાનો સંગ છોડતો નથી. એ મારી સાથે એવું વર્તન કરે છે કે મૂળવસ્તુની કિંમત કરતા જકાત વધી જાય છે.

સામાન્ય રીતે રાજયમાં સો રૂપિયાના માલ ઉપર બે – ચાર ટકા જકાત હોય તો વ્યાજબી ગણાય, પણ સો – સવાસો ટકા હોય તો મૂળ વસ્તુ કરતાં તેના પરનો બોજો વધારી મૂકે છે. ચેતન ! મમતાના સંગે રહી થોડા જ સમયમાં એટલાં બધાં કર્મ બાંધી લે છે કે એના કારણે ચેતનને અનંતકાળ સુધી દુર્ગતિનાં દુ:ખો ભોગવવાં પડે છે અને કર્મને કારણે તેની સોહન, મોહન અને ગુણરોહન વગેરે વિશિષ્ટ શક્તિઓ તિરોહિત થઈ જાય છે પણ જ્યારે ઋણ ચૂકવવાનો સમય આવશે ત્યારે

એને ભાન થશે કે પોતે પોતાની વસ્તુને ક્યાં મૂકી દીધી છે.

શ્રી આનંદઘનજીએ ચોપનમા પદમાં કહ્યું છે,

**“मूलडो थोडो भाई व्याजडो घणेरो , ते केम करी दीधो जाय ”**

વળી ચેતના કહે છે કે, હું એવી તો કમભાગી છું કે તેને સમજાવવાવાળી કે મારો સંદેશો પહોંચાડવાવાળી મારી પાસે કોઈ દૂતી પણ નથી, વ્યાપારીઓ માલની લે–વેચ કરવા માટે દલાલો રાખે છે પણ મારો ને મારા પતિનો મેળ કરાવી આપે એવો કોઇ દલાલ પણ મારી પાસે નથી. અમારે અનાદિકાળનું અંતર પડયું છે. અમારા પ્રેમને જોડવાનું કામ દૂતીનું છે. દલાલ તો ખરીદીનું કામ કરે પણ મારો પ્રેમ ખરીદી, ચેતનદેવ સુધી પહોંચાડનાર કોઈ દલાલ નથી. તેથી મારી નજર હવે, હે શ્રદ્ધા ! તારા ઉપર ઠરે છે ! તું મારું આ કાર્ય કરી અમારા સાચા સંબંધોને જોડી દે.

હવે ચેતના શ્રદ્ધાને કહે છે,

जांध उघाडी अपनी कहा एते, विरहजार निस मोही सतावे।

एती सुनी आनंदघन नावत और कहा कोउ डुंड बजावे।। परम।। ३।।

ચેતના શ્રદ્ધાને કહે છે કે, મેં મારી અંતરની વેદનાની કથા તને ઘણી કરી પણ હવે મને લાગે છે કે મારા પતિની વાત કરીને તો મેં મારી જ જાંઘ ઉઘાડી કરી છે. અર્થાત્ ઘરની ગુપ્ત વાત મેં પ્રગટ કરી દીધી પણ હું શું કરું ? અત્યાર સુધી મેં કોઈને વાત કરી ન હતી, પણ હવે તો સહનશક્તિની હદ થાય છે. તેથી જ તારે મોઢે આટલી વરાળ નીકળી ગઈ.

બળતે હૃદયે આ બોલી જવાયું છે. હું સમજુ છું કે ઘરની વાત બહાર કરવી તે કાંઇ ખાનદાની નથી. મારી સહનશકિતની હદ આવી ગઈ એટલે આટલું બોલી જવાયું છે. વળી જોને, ચેતન ! રાતે પણ ઘરે આવતો નથી. તેથી વિરહિણીસ્ત્રીની માફક હું આખી રાત વિરહમાં જ પૂરી કરું છું, હવે તો આ વિરહાગ્નિ પણ ખમાતો નથી, તેથી હવે તો તારે જ દૂતીનું કામ કરી, મારા દુઃખનો અંત લાવવાનો છે.

હે શ્રદ્ધા ! મારા આતમસ્વામી મારે ઘરે પધારતા નથી. તેથી રાતના વિરહરૂપ જારપુરુષ ( લંપટ પુરુષ ) આવીને મારા મનડાને સંતાપ આપે





છે. તે લોકોને ખબર પડી ગઈ છે કે મારો પતિ ઘરે આવતો નથી.

નોંધઃ – સતી સ્ત્રીઓમાં એવું સતીત્વ હોય કે તેની સામે કોઈ આંખ પણ ઉઠાવી ના શકે, પછી સતાવવાની વાત જ રહેતી નથી તો પણ સર્વસામાન્ય પતિ વિયોગિની સ્ત્રી વિરહાકુળ હોવાના કારણે તેનું મન સંતાપ અધિક અનુભવે છે.

ચેતના વિરહવ્યથાથી ચેતનની રાહ જોઈ રહી છે. ચેતના પાસે આવનાર જારપુરુષ તે પરભાવ છે. પૌદ્ગલિકભાવ અથવા ચેતનેતર અન્ય વસ્તુઓ રમણ કરવારૂપ લંપટ પુરુષ શુદ્ધચેતનાના મનનો કબજો લેવા મથે છે ને તેથી જ સંસારની પરંપરા વધે છે. ચેતન જો સ્વભાવરૂપ સ્વઘરમાં હોય તો રાગ – દ્વેષ, અજ્ઞાન પ્રકારના પરભાવોનું જોર ચાલે નહીં.

ચેતનાએ ચેતનને સમજાવવાના અનેક પ્રયત્ન કર્યાં. બધે નિષ્ફળ ગઈ ત્યારે ચેતના હારી થાકીને કહે છે કે મારાથી થાય તેટલી મહેનત કરી. હવે તો ઢોલ વગાડવાનો બાકી છે તેને માટે ઢોલ થોડો વગડાવાય છે ?

કવિએ અહીં ચેતનાને બોલતી કરી, શ્રદ્ધા સાથે વાત કરી, અંદરનો પડદો ખોલી નાખ્યો છે. કવિએ, આત્મભાવો અને વિભાવોનું સુંદર વર્ણન કરી સંસારનું સ્વરૂપ રજૂ કર્યું છે. સામાન્ય બુદ્ધિવાળાને પણ માર્ગ મળે તેવું ઉત્તમ માર્ગદર્શન આ પદમાં દર્શાવ્યું છે.



## પદ-૧૧

“आतम अनुभव रीति वरीरी”

આત્માની અવનવી દુનિયાનું અવલોકન કરી અન્યજીવોને અવલોકનનો રાહ બતાવતાં શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં કેટલીક માર્મિક વાતો કરી છે.

ચેતન તથા ચેતનાને રૂપક શૈલીમાં રજૂ કરી કવિશ્રીએ ચેતનમાં પડેલી પુરુષ સહજ કઠોરતા અને ચેતનામાં રહેલી સ્ત્રીસહજ કોમળતા વગેરે ભાવોને સફળ રીતે વર્ણવ્યા છે.

કુમતિના મોહપાશમાં ન ફસાવા ચેતનને ચેતનાએ ઘણો સમજાવ્યો. છતાં તેની કોઈ અસર ન જણાતા, ચેતનાએ શ્રદ્ધાનો સહારો લીધો, શ્રદ્ધા તથા ચેતના વચ્ચે થયેલી વાતો ચેતને છાની રીતે સાંભળી લીધી છે. ચેતનાની આ વિરહાકુળ વાતો સાંભળી ચેતન સ્વયં વ્યથિત થઈ જાય છે અને ત્યાં જ નિર્ણય કરે છે કે વાસ્તવિક હું કુમતિના સંગે સુખી નથી. માટે એનો સંગ છોડી મારે હવે સુમતિ સંગાથે રમવું જોઇએ અને સુમતિ દ્વારા હું ચેતનાને પામી શકીશ. લાંબા કાળથી વિરહી બનેલી ચેતનાને સમજાવવી સરળ નહિ બને, છતાં પણ મારે હવે સુમતિનો સંગ છોડવો નથી. આવા નિર્ણય પર આવેલ ચેતન શું કહે છે તે કવિશ્રી આ પદમાં માલકોસ રાગમાં કહે છે,

आतम अनुभव रीति वरीरी..।
मोर बनाए निज रुप निरूपम, तिच्छन्न रुचिकर तेग धरीरी..।। आतम ।। १।।

હવે ચેતન સુમતિના ઘરે આવવા તત્પર થયો છે. સુમતિ એટલે શુદ્ધવિચારણા. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો આ સ્થિતિ બારમા ગુણસ્થાનક સુધી રહે. બારમા ગુણસ્થાનકના અંતે સંપૂર્ણ શુદ્ધચેતના પ્રગટ થાય છે. ત્યારબાદ આ અવસ્થા અનંતકાળ સુધી ટકી રહે છે.

શુદ્ધચેતનાને એમ થાય છે કે ચેતનને હવે સત્યવાત સમજાણી છે. હવે તે સાચે રસ્તે આવી રહ્યો છે. તેથી જરૂર તે સુમતિના મંદિરે પધારશે. તેથી ચેતના, સુમતિને વધાઈ દેવા દોડે છે. તે સુમતિને હરખાતી હરખાતી





કહે છે કે મારા ચેતનસ્વામીએ હવે અનુભવની રીત ગ્રહણ કરી છે. તેથી જ્ઞાનદશા જાગૃત થઈ છે.

ચેતના ! સુમતિને કહે છે કે તું મારા સ્વામીની સામું તો જો હવે તો તે પોતાના મૂળ સ્વરૂપમાં આવી રહ્યા છે. જો તો ખરી તે કેવા અનુપમ લાગે છે ? તેમણે નિજરૂપનો નિરૂપમ મુગટ મસ્તક પર ધારણ કર્યો છે અને તીવ્રરુચિરૂપ તલવાર પણ હાથમાં લીધી છે. જેથી એની શોભા અનેરી લાગે છે.

ક્ષત્રિયો અને રજપૂતો જ્યારે લગ્ન કરવા જાય ત્યારે માથે મોડ બાંધે છે. ( જેને આજની ભાષામાં કલગી કહેવાય છે તથા હાથમાં તલવાર રાખે છે. ચેતનરાજ પણ આજે તો કૈવલ્યલક્ષ્મી વરવા જઇ રહ્યાં હોય તેવા તેજસ્વી લાગે છે. તેણે નિજસ્વરૂપનો મોડ બાંધી, તીવ્રરુચિની તલવાર કમરે ધારણ કરી પ્રયાણ કરી રહ્યા છે.

આ કડીનો બીજો અર્થ એ થાય છે કે ચેતન અનાદિકાળથી મોહરાજાની પુત્રી મમતા સાથે રમતો હતો. હવે મમતાને છોડી દીધી છે તેથી મોહરાજા ચેતનકુંવર પર ચડાઈ કરે છે. ચેતન મોહ સામે યુદ્ધ કરે છે. ચેતન શૂરવીર તથા શૌર્યવાન હોવાને કારણે રાજાને યોગ્ય સજ્જતા ધારણ કરી, યુદ્ધ ખેલવા જઈ રહ્યો છે. તેણે માથે નિરૂપમ નિજરૂપનો મુગટ ધારણ કરી, તીક્ષ્ણ ધારવાળી તલવાર લીધી છે. હવે મોહરાજાને મહાત કરવા તીક્ષ્ણ હથિયાર કરમાં ધારણ કરી, શત્રુનો શિરચ્છેદ કરે છે. તીવ્રરુચિ વિના સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ શકે નહીં, ત્યારે સમ્યક્ત્વ વિનાનું કાર્ય અર્થહીન બની જાય છે.

દેવ, ગુરુ અને ધર્મના આધારે સત્યાનુભવની રુચિ જાગે છે. રુચિની સાથે દૃઢ સંકલ્પ થતાં, મોહની ગાંઠ ઢીલી પડે છે.

અહીં રુચિ પર વિશેષ ભાર દેવામાં આવ્યો છે. કારણકે “રુચિ અનુયાયે વીર્ય”, જેવી રુચિ તે પ્રમાણે વીર્યની સ્ફુરણા થાય છે. ચેતનની સ્વભાવ તરફની રુચિ જાગતા તેનું વીર્ય પણ આત્મા તરફ વળે છે. પછી એ દિશામાં પુરુષાર્થ ઉપડે છે. તેથી કવિ કહે છે કે ચેતનની, શુદ્ધચેતના તરફ દૃષ્ટિ મંડાણી છે.

હવે આતમદેવ, દેવત્વને પામી, મોક્ષલક્ષ્ય મેળવવા કર્મરાજા સામે

મોરચો માંડે છે.

ચેતન હવે પોતાની બહાદુરી કેવી બતાવે છે તે કહે છે.

टोप सन्नाह शूरको बानो, एकतारी चोरी पहिरीरी..।

सत्ता थलमें मोह विदारत, ए ए सुरिजन मुह नीसरीरी..।।आतम।।२।।

મોહરાજા સાથે યુદ્ધ કરવા ચેતન લડવૈયાનો વેશ ધારણ કરે છે. મસ્તકનું રક્ષણ કરવા ટોપ પહેર્યો છે. છાતીનું રક્ષણ કરવા ઢાલ લીધી છે. તથા કમર ઉપર ધોતી ધારણ ન કરતાં, સુરવાલ પહેર્યો છે. કારણકે ધોતીથી મજબૂતાઈ ન રહે, માટે અંદરમાં કચ્છ લગાવી લોખંડની જાળીવાળો શૂરવાલ પહેરવાનો તે સમયે રિવાજ હતો.

વીરયોદ્ધાના વેશમાં સજ્જ થઈ આતમરાજા યુદ્ધક્ષેત્રમાં જવા જ્યારે પ્રયાણ કરે છે ત્યારે સમ્યક્ત્વસિંદૂર વડે પોતાના કપાળમાં શુકનવંતું તિલક કરે છે. આત્માએ જ્ઞાનદૃષ્ટિરૂપ ટોપ શિર પર ધારણ કર્યો છે. આત્મસંયમનું બખ્તર પહેર્યું છે. તેથી કષાયો, ઇન્દ્રિયો કે વેદ તેને કાંઈ કરી શકે નહીં, તેણે એકાગ્રતાનું અંગરખું ધારણ કર્યું છે. પોતાની શુદ્ધદશા પ્રગટ કરવા ચેતન એકાગ્રતાપૂર્વક ધ્યાનમગ્ન બની ગયો છે. આ રીતે તૈયાર થઈ, યુદ્ધસ્થલી પર પહોંચે છે.

ત્યાં તો મોહરાજાના સૈનિકો એક પછી એક બહાર આવતા જાય છે. જેમ જેમ દુશ્મનો સામે આવે છે. તેમ તેમ ચેતનરાજ તેનો નાશ કરતો જાય છે. જેટલી શૂરવીરતાથી યુદ્ધ થાય છે. ને શત્રુઓનો સંહાર થાય છે. ત્યાં તો જ્ઞાનીઓ, બુદ્ધજનો, દેવ, ઇન્દ્રો વગેરેનાં મોઢામાંથી શાબાશ... શાબાશના શબ્દો સરી પડે છે. ક્યારેક તો વધારે આનંદમાં આવી જતાં અહો.. અહો જેવા શબ્દો માત્ર જ પ્રગટે છે. વીર સૈનિકે હવે તો એવું વીરત્વ દાખવ્યું છે કે જે કર્મો સત્તામાં પડયા હતાં ત્યાં તો તે કર્મની કાપણી કરવા લાગ્યો.

આત્મા જ્યારે સાતમા ગુણસ્થાનથી આગળ વધી, આઠમા ગુણસ્થાનકે ક્ષપક શ્રેણી માંડી, નવમા, દશમા ગુણસ્થાનકથી આગળ વધે છે. ત્યારે તો કર્મની કાપણી કરવામાં ઝપાટો બોલાવે છે. અને અંતર્મુહૂર્તમાં તો મોટા શત્રુનો નાશ કરી નાખે છે. આવું શૌર્ય દાખવતો ચેતન, સુમતિને બાજુમાં રાખી, ચેતનાને ભેટવા તત્પર બને છે. હવે તો





તેની નજર શુદ્ધચેતન સાથે તદ્રુપ થવાની છે. પછી તો દશયતિ ધર્મ સમિતિ, ગુપ્તિ વગેરે સ્વજનો ચેતનને અભિનંદન આપે છે. તથા જય–જયકાર ધ્વનિથી વધાવે છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ આ રૂપકને સમજાવતાં લખે છે, સમતારૂપ ટોપ ધ્યાનરૂપ મસ્તકનું રક્ષણ કરવા પહેર્યો છે. પરપરિણતિનાં ત્યાગરૂપ બ્રહ્મચર્યનો દુર્ભેદ્ય કવચ આત્માનાં અસંખ્યાત પ્રદેશરૂપ શરીર પર ધારણ કર્યો છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનાં ધ્યાનમાં ઐક્ય થાય છે. અથવા દ્રવ્ય દૃષ્ટિ જેની ખુલ્લી ગઈ છે. એવી એક તારવાળું અંગરખું પહેર્યું છે. ત્યાં સ્વસ્વરૂપમાં પોતાના ઉપયોગને જોડી સ્થિરતા સાધી છે. ઉપયોગને સ્વમાં સ્થિર કરી મોહરાજાને સહેલાઈથી જીતી શકાય છે. ઉપયોગને પરમાંથી હટાવી સ્વમાં જોડવો તે જ આત્મ સાધકોની સાધના છે. અને તેમાં વીર્યને ફોરવવું તે તેનું ચારિત્ર છે. ચેતન કેવી રીતે પરાક્રમ કરે છે. અને શું પામે છે. તે ચેતના દ્વારા કવિ કહે છે.

केवल कमला अपच्छर सुंदर गान करे रस् रंग भरीरी..।

जीत निशान बजाइ विराजे, आनंदघन सर्वंग धरीरी..।।आतम।।३।।

શુદ્ધચેતના પોતાની અંગત સાહેલી સ્થિરતાને કહે કે મારા આતમદેવે તો કમાલ કરી, કર્મશત્રુને જીતી સર્વ શક્તિ પ્રગટ કરી નાખી કર્મશત્રુઓનો સંહાર થતાં તો કેવળજ્ઞાન રૂપ લક્ષ્મી તો રંગમાં આવી નાચવા લાગી, નાચતી, નાચતી મારા સ્વામી પાસે આવી અનંતજ્ઞાન, અનંતદર્શનરૂપ માળા સ્વામીનાં ગળામાં પહેરાવી દીધી આજ સુધી ઇન્દ્રિયો દ્વારા જોવા, જાણવાની શક્તિ હતી તેમાંથી તે સ્વતંત્ર થયા અને અસંખ્યાત આત્મપ્રદેશમાં લોકલોકનુ પ્રતિબિંબ પ્રતિબિંબિત થવા લાગ્યું, કેવળજ્ઞાન અને દર્શન વડે ચેતન એ બધું સમકાલે જાણવા જોવા લાગ્યાં. ચેતનદેવ તો સ્વરૂપ સિંહાસને, શુદ્ધચેતનારૂપ મને ધારણ કરીને બેઠા છે. હવે તેની શોભા વર્ણવી જાય તેમ નથી. પરમાત્મા પ્રભુ તો હવે પરમ સ્થિરત્વ પામી પરમાનંદ માણી રહ્યા છે તત્ત્વદૃષ્ટિએ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકને ઉલ્લંઘી તેરમા સયોગી કેવલી ગુણસ્થાનકની ભૂમિકામાં પ્રવેશતા તો તે મારામાં તન્મય થઈ ગયા છે.

આ પદમાં ચેતન–ચેતનાનું મધુર મિલન થયું છે તેથી ચેતના કહે

છે કે હે સાહેલી ? મારા સ્વામીની એવી ઊંચી દશા છે કે જેને તોલે જગતનું એક પણ સુખ આવી શકે નહીં ત્રિભુવનનાથ, ત્રૈલોકય પ્રકાશક એવા મારા પ્રભુએ તો મને પોતાના પ્રદેશે પ્રદેશે ધારણ કરી લીધી છે. હવે તો મારી અને એની અભેદતા સ્થાપિત થઈ ગઈ છે. હું તો અક્ષય સુખધામ સ્વામીના સંગે અપાર સુખ લીલા માણી રહી છું. આનંદની મસ્તી માણતા ચેતનનું તો મને મુક્તિપુરીની સહેલ કરાવવા ઉર્ધ્વગતિ કરી લોકાગ્રે મને સ્થાપિત કરી દીધી છે.

કવિશ્રી આત્માની ઉત્તમશક્તિનું દર્શન આ પદમાં કરાવ્યું છે. માલકૌંશ રાગ–તન્મયતા દર્શક છે. સાધકો નિજઘરમાં રંગરેલી કરે છે. અને અન્યને પણ તેવા ભાવમાં રંગવા માલકૌંશનો પ્રયોગ કરે છે. તીર્થંકર પરમાત્મા સમોવસરણમા માલકૌંશ રાગમાં દેશના આપે છે. જેથી કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરનાર ચેતન માટે આ રાગ સુયોગ્ય છે.

કવિ શ્રી આનંદઘનજી પાસે કલ્પનાની મૌલિકતા કેવી છે. તથા એમના અનુભવનો વ્યાપ કેટલો બહોળો તથા ઊંડો છે. તે આ પદમાં જોઇ શકાય છે.





## પદ-૧૨

“खेले चतुर्गति चोपर प्राणी मेरो”

મહાનતત્ત્વજ્ઞ શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં સંસારનું સ્વરુપ ચોપાટના દ્રષ્ટાંતદ્વારા દર્શાવ્યું છે.

જીવની વર્તમાન શી દશા છે. તથા જીવ ચોપાટની સોગઠીની જેમ ક્યાં કારણે ફરી રહ્યો છે. નિજઘરમાં જવા માટે તેણે કેવો અને કેવી રીતે માર્ગ શોધવો તે કવિશ્રી સાખીમાં જ બતાવી આપે છે.

कुबुद्धि कुबजा कुटिलगति सुबुद्धि राधिका नारी।
चोपर खेले राधिका, जीते कुबजा हारी।।१।।

આગળના પદમાં સુમતિએ શ્રદ્ધાને કહ્યું કે હવે મોહરાજા તથા ચેતન વચ્ચે યુદ્ધ થશે. તેમાં ચેતનજી જીતશે. અને જીત નગારા વાગશે પછી ચેતન, શુદ્ધ ચેતનાને ભેટશે.

આ પદમાં ચેતન આણંદ માણવા ચોપાટ ખેલી રહ્યો છે. આ સામાન્ય ચોપાટ નથી. અનાદિકાળથી રમાતી આ રમતમાં કોઈ વખત હાર તો કોઈ વખત જીત છે. છતાં આ રમતનો કોઈ અંત નથી. સુબુદ્ધિ અને કુબુદ્ધિ વચ્ચે અર્થાત્ સુમતિ–કુમતિ વચ્ચે ચોપાટનો દાવ ખેલાઈ રહ્યો છે. આ રમતમાં ક્યારેક એમ લાગે છે કે સુમતિ હારશે. પણ ત્યાં તો આશ્ચર્ય થાય છે અને સુમતિ જીતી જાય છે.

કવિશ્રીએ શ્રીકૃષ્ણને અંતરાત્મા સાથે સરખાવી અધ્યાત્મદષ્ટિએ ચોપાટની રમત બતાવવા સફળ પ્રયત્ન કર્યો છે.

કૃમતિરૂપ કુબ્જા અને સુમતિરૂપ રાધિકા આત્મરૂપ કૃષ્ણની બંને પત્નીઓ છે. કૃષ્ણને ફસાવનાર કુબ્જાની સાથે રાધિકા ચોપાટ રમે છે. બંને દાવ–પેચ રમવામાં ઘણી બાહોશ છે. પણ અંતે તો ધર્મનો જ વિજય થાય છે.

ચારગતિરૂપ ચોપાટ છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ આ ચાર ગતિ રૂપ ચોપાટમાં સર્વ જીવો કુબુદ્ધિથી પ્રેરાઈ અનંતકાળથી પરિભ્રમણ કરે છે. આ ચોપાટમાં કોઈ પણ જીવ એક સ્થાને સ્થિર થઈ ઠરી ઠામ બેસતો નથી પણ જન્મ, જરા, મૃત્યુનાં દુઃખ

ભોગવતો આંશિક પણ સુખ અનુભવતો નથી.

કુમતિ દાણા નાખવાની બાબતમાં વક્ર છે. પણ સદ્‌બુદ્ધિ પોતાની સજ્જનતા છોડતી નથી. ચોપાટમાં કેટલાક તો સોગઠી ગાંડી કરે છે. વક્રગતિને કારણે સોગઠી અંદર બહાર આવી અવળી ચાલે છે. પરંતુ આવી રમત કુમતિને બહુ ફાવે છે. કુમતિ સીધી ચાલ ચાલતી જ નથી. પણ છેવટે કુમતિ હારે છે. અને સુમતિની જીત થાય છે. સામાન્ય દેખાતી વાતને આત્મજ્ઞાની સંતો કેવી અધ્યાત્મદૃષ્ટિથી અધ્યાત્મભાવોથી વણી લે છે. તે કવિશ્રી કહે છે,

खेले चतुर्गति चोपर प्राणी मेरो खेले..।

नरद गंजीफा कौन गीनत है, माने न लेखे बुद्धिवर..।।प्राणी।।१।।

ચારગતિરૂપ ચોપાટ મારો આત્મસ્વામી ખેલી રહ્યો છે. પરંતુ જેની આંતરદૃષ્ટિ ખુલ્લી ગઈ છે. તેવા જ્ઞાની પુરુષો આવી રમત રમતાં સતત સજાગ હોય છે. તેથી તેઓનાં પરિભ્રમણનો અંત નજીક હોય છે. છતાં પણ કુબુદ્ધિના યોગે રાગ–દ્વેષ ન થાય તે તરફ તેઓ વધારે લક્ષ રાખે છે. તો પણ કુબુદ્ધિ પોતાનો ભાગ ભજવ્યા જ કરે છે. તે રાગ–દ્વેષ પ્રપંચ કરી આત્માને ફસાવે છે.

ચેતન પણ મોહના ઘેનથી ઘેરાઈ જઈ અનેક પ્રકારનાં પાપાચરણો કરે છે. જે પોતાની વસ્તુ નથી તેને પોતાની માની અનેક પ્રકારની ઉપાધિઓ વહોરે છે. ધર્મ ઉપર દ્વેષ અને અધર્મ ઉપર પ્રેમ જન્મે છે. પોતા જેવા અન્ય આત્માઓ ઉપર વૈરભાવ જન્મે છે. કુબુદ્ધિની આવી અવળી ચાલ છે. જેથી ચેતન ચતુર્ગતિરૂપ ચોપાટમાં ફર્યા કરે છે. ચો+પાટ=જેને ચાર પટ હોય તે ચોપાટ, ચારેય પટનાં મળીને કુલ છન્નુ ઘર હોય છે. છન્નુ ઘરમાં સોગઠી ફર્યા કરે છે. વચ્ચે મરી જાય છે. ત્યારે પાછી ફરીવાર બેસે છે. પરંતુ તેનું સાધ્ય ઘર છોડીને વચ્ચેનાં સ્થાનમાં જવાનું છે. ચેતન આ રમતમાં ક્યારેક દેવલોકમાં તો ક્યારેક તિર્યંચગતિમાં જઈ ચડે છે. અને જો ભાન ભૂલે તો નરકનો મહેમાન બને છે. અને જો સાન આવે તો માનવ બને છે. આમ ચાલ્યા જ કરે છે. પણ પ્રાજ્ઞપુરુષો ( જાગૃતજનો ) આવી રમત રમતાં નિજઘર ભણી ચાલ્યા જાય છે. સદ્‌ગુરુના ઉપદેશથી આત્મા જ્યારે સમ્યક્શ્રદ્ધા કરે છે ત્યારે તે સંસારબાનુ જીતવા પ્રયત્ન કરે છે.





સંસારની આ ચોપાટ રમતા દાવ–પેચ કેવા રમાઈ રહ્યા છે. તે બતાવતા શ્રી આનંદઘનજી કહે છે,

राग-द्वेष मोहके पासे, आप बनाये हितकर..।

जैसा दावा परे पासेका, सारी चलावे खीलकर..।।प्राणी।।२।।

અનાદિકાળથી રાગ–દ્વેષના પાસાને જીવે હિતકર માન્યા છે. પર વસ્તુમાં ઇષ્ટપણું ધારણ કરી, તેમાં રંગાવું. તેમાં તન્મય થઈ જવું તે રાગ. અને પરવસ્તુમાં અનિષ્ટ પરિણામ તે દ્વેષ.

આત્મામાં જેટલા જેટલા અંશે કષાયયુક્ત તીવ્ર–તીવ્રતર કે તીવ્રતમ, મંદ–મંદતર કે મંદતમનાં પરિણામ થાય છે. તે પ્રમાણે કર્મબંધન થાય છે. આ કર્મ ચારગતિરૂપ ચોપાટમાં ફેરવ્યા કરે છે. જ્યાં સુધી રાગ–દ્વેષનાં પાસાં પડે છે ત્યાં સુધી ચારગતિરૂપ ચોપાટની રમત ચાલુ જ રહે છે. આ ચોપાટથી મુક્ત કેમ થવાય ? તેનાં જવાબમાં કવિ કહે છે કે પદાર્થ પ્રત્યેના રાગાદિભાવને છોડી આત્મા પોતાના ઉપયોગને સ્વમાં જોડે, અને શુદ્ધ ઉપયોગી બને તો રમતથી મુક્ત થવાય છે. જ્યાં સુધી પરમાં ઉપયોગ છે. ત્યાં સુધી સંસાર ચોપાટ ચાલુ જ રહે છે.

રાગ–દ્વેષ અને મોહરૂપ પાસાં જીવ પોતે જ નાખે છે. અને સોગઠીરૂપ ફરવાનું કાર્ય પણ સ્વયં કરે છે. ચતુર્ગતિરૂપ ચોપાટથી મુક્ત કેમ બનાય ? તથા દાવ–પેચ કેમ રમાય તે શ્રી આનંદઘનજી બતાવે છે કે–

पांच तले है दुआ भाई, छक्का तले है एका..।

सब मील होत बराबर लेखा। यह विवेक गिनवेका..।।प्राणी।।३।।

પરંતુ ચોપાટનાં બધાં જ પાસાં સરખા છે અને બધી બાજુથી સમાન છે. ઉપરનાં પાસાં ઉપર પાંચ હોય તો તેની બરાબર નીચેની બાજુમાં બે હોય છે. તેની જમણી બાજુમાં છ હોય તો તેની સામેની બાજુમાં એક હોય. આ રીતે બેની ગણતરી કરતા ૭ નો આંક આવે છે. ૫+૨=૭, ૬+૧=૭, ૭+૭=૧૪, ચૌદ ગુણસ્થાનક જીવના છે. પરંતુ આ વ્યાવહારિક વાતને અધ્યાત્મદૃષ્ટિએ કેવી રીતે ઘટાવવામાં આવે છે. તે સમજવાનું છે.

પાંચ પ્રકારનાં આશ્રવનો સૂચક પાંચનો આંક છે. કરવું અને કરાવવું તે બે નો આંક, આમ વિવેકપૂર્વક ગણતરી કરતાં સાતદાણા આવે અને

તે પ્રમાણે ૭ ગતિમાં રખડવું પડે તે સાત ગતિ આ પ્રમાણે છે.

( ૧ ) એકેન્દ્રિય ગતિ ( ૨ ) વિકલેન્દ્રિય ( ૩ ) નરક ગતિ ( ૪ ) સંમૂચ્છિમ પંચેન્દ્રિય ( ૫ ) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ ગતિ ( ૬ ) મનુષ્ય – ગતિ ( ૭ ) દેવ ગતિ.

આ રીતે છકાય જીવોની હિંસા એક અસંયમથી કરવામાં આવે તો સાત ગતિમાં ભમવું પડે.

સૂયગડાંગ સૂત્રમાં સાતગતિ બીજી રીતે કહી છે. તેમાં ત્રણ વેદ લેવામાં આવ્યા છે. જેમકે પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને નારકીને એક નપુંસકવેદ હોય છે. તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યમાં ત્રણેય વેદ હોય છે. ત્યારે દેવગતિમાં સ્ત્રીવેદ તથા પુરુષવેદ જ હોય છે. આ રીતે પાસા ગણવામાં આવે તો પણ હિસાબ બરાબર આવે છે. પણ સોગઠી ચલાવનારો જો વિવેકપૂર્વક સોગઠી ચલાવે તો તે જલ્દીથી પોતાના મધ્ય ઘરમાં પહોંચી જાય છે.

પાંચનો અર્થ પાંચ ઇન્દ્રિય અને તેના દ્વારા થતા રાગ–દ્વેષના બે દાણા. ઇન્દ્રિયો કાર્યરૂપ છે. રાગ–દ્વેષ કારણરૂપ છે. આમ સાતગતિમાં પરિભ્રમણનું કારણ રાગ–દ્વેષ છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજે કહ્યું છે કે ચેતન ! અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાની કષાયને જીતીને પંચમ ગુણસ્થાને જાય છે. ત્યાર બાદ પ્રબળ પુરુષાર્થ ઉપાડે તો સાતમા ગુણસ્થાનકે જાય છે અને આત્મવીર્યનો વેગ વધે તો ક્ષપક શ્રેણી માંડી બીજા છ ગુણસ્થાનકમાં આગળ વધી તેરમાં સયોગી કેવળી ગુણસ્થાનકમાં સર્વજ્ઞતા પ્રગટ કરી પછી ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરવા અઘાતીકર્મનો ક્ષય કરી, અયોગી બની, અજર અમરપદને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે ચારગતિની ચોપાટને અનેક દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. જીવના વૈભાવિકભાવરૂપ ષટ્‌રિપુ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ રિપુની પ્રવૃત્તિ એક મનના આધારે થાય છે. એક મન જીતાય જતાં બધું જીતાય જાય છે. આ પ્રમાણે ચારગતિ પરિભ્રમણનું મૂળ કારણ એક મન છે. તથા રાગ–દ્વેષ વિગેરે વિભાવભાવ છે. તેનો નાશ થતાં જીવ મુક્ત બની નિરાકાર, નિરંજન સ્વરૂપને પ્રગટ કરે છે.





મૂળનો નાશ થતાં વૃક્ષનો નાશ પામે છે.

જીવનું ચારગતિમાં પરિભ્રમણ કેવાં કેવાં પરિણામની ધારાથી થાય છે. તે વિષે શ્રી આનંદઘનજી મ. ચોથી કડીમાં કહે છે.

चउराशी मांहे फिरे नीली, स्याह न तोरी जोरी..।
लाल जरद फिर आवे घरमें, कब हुक जोरी विछोरी..।।प्राणी।।४।।

આ કડીમાં કવિ ચોપાટરૂપ કાર્યનાં મૂળમાં પ્રવેશ કરે છે. કવિના આશયને જાણવા આપણે લેશ્યાનું સ્વરૂપ જાણી લેવું, આવશ્યક ગણાશે, જેમ શુદ્ધ સ્ફટિકની સામે લાલ, લીલો કે કાળો પદાર્થ રાખવામાં આવે તો સ્ફટિક તે રંગરૂપ દેખાય છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે કે ભાવમન દ્વારા આત્માનાં પરિણામ અથવા અધ્યવસાય તેને લેશ્યા કહેવામાં આવે છે. લેશ્યા મનની સહચારી છે. ભાવમન તેરમા ગુણસ્થાનકે હોય નહીં તેથી ત્યાં લેશ્યા પણ હોય નહીં.

શાસ્ત્રાનુસાર લેશ્યા યોગ તથા કષાયના યોગથી થાય છે. માટે જ્યાં કષાય હોય ત્યાં ત્યાં લેશ્યા હોય જ્યાં કષાય ન હોય ત્યાં લેશ્યા પણ ન હોય તેરમા ગુણસ્થાનકે યોગ છે પણ કષાય નથી માટે લેશ્યા નથી, અને સિદ્ધપ્રભુ તો અલેશી છે કારણ કે કષાય કે યોગ કાંઈ નથી. લેશ્યાના પરિણામોનો આધાર મનોવર્ગણાના સંબંધને કારણે છે. મનોવર્ગણા પાંચ પ્રકારની છે. કષાયને કારણે ને યોગના કંપનથી જો કાળારંગની વર્ગણા આત્મા સાથે જોડાય ત્યારે તે અધ્યવસાયોને કૃષ્ણલેશ્યા કહેવામાં આવે છે. આ રીતે કૃષ્ણ–નીલ કાપોત, પીત ( તેજો ) પદમ અને શુક્લ એમ છ લેશ્યા શાસ્ત્રમાં બતાવેલ છે.

ઉ. સૂ. મા છ લેશ્યાના રંગ, રસ, ગંધ અને સ્પર્શ વગેરે જાુદાં જાુદાં બતાવવામાં આવ્યા છે. તેમા પ્રથમ કૃષ્ણલેશ્યાનો રંગ બતાવવામાં આવે છે.

जीमूयनिध्ध संकासा, गवलरिट्ठगसनिभा।
खंजाजण नयणनिभा, किण्हलेसा उ वण्णओ।।

( ૧ ) કૃષ્ણ લેશ્યાનો વર્ણ:– પાણીથી ભરેલા વાદળા, પાડાનાં શીગડાં, અરીઠાના બીજ, ગાડાનું ખંજન, આંખની કીકી, આ બધાનો કાળો કલર હોય એનાથી પણ અધિક કૃષ્ણલેશ્યાનો રંગ હોય છે.

(૨) નીલલેશ્યાનો રંગઃ– લીલો છે. જેમકે અશોકવૃક્ષ, ચાસપક્ષીની પાંખ વેડુર્યરત્નનો નીલરંગ તેનાથી અધિક નીલરંગ નીલલેશ્યાનો છે.

(૩) કાપોતલેશ્યાનો રંગઃ– કાંઇક કાળો છે. જેમકે અળશીનાં ફૂલ, કોયલની પાંખ, પારેવાની ડોક કાંઇક રાતીને કાંઇક કાળી એવો કાપોત લેશ્યાનો વર્ણ સમજવો.

(૪) તેજો લેશ્યાઃ– આ લેશ્યાનો રંગ લાલ છે. જેમકે ઊગતો સૂર્ય, પોપટની ચાંચ, દીપકની જ્યોત એનાં કરતાં અધિક લાલરંગ આ લેશ્યાનો છે.

(૫) પદ્મ લેશ્યાઃ– આ લેશ્યાનો રંગ પીળો છે. જેમકેઃ– હરતાળ, હળદર, શણનાં ફૂલ જેવો પીળો વર્ણ એના કરતાં પણ અધિક પીળો આ લેશ્યાનો વર્ણ છે.

(૬) શુક્લ લેશ્યાઃ– આ લેશ્યાનો રંગ સફેદ છે. જેમકે શંખ, અંકરત્ન, મોગરાનાં ફૂલ, ગાયનું દૂધ, રૂપાનો હાર અથવા રત્નનો હાર તેનાથી પણ અધિક સફેદ શુક્લ લેશ્યાનો વર્ણ છે.

જેમ છ એ લેશ્યાનો વર્ણ છે. તેમ બધી લેશ્યાના રસ પણ જાુદા–જાુદા હોય છે.

(૧) કૃષ્ણ લેશ્યાનો રસ કડવોઃ– કડવું તુંબડું, કડવા લીંમડાનો રસ તેથી પણ અધિક કડવો રસ કૃષ્ણલેશ્યાવાળાને હોય છે.

(૨) નીલલેશ્યાઃ– આ લેશ્યાવાળાનો તીખો રસ હોય છે. જેમકેઃ– સૂંઠનો રસ, પીપરમરીનો રસ તેનાથી અધિક તીખો રસ આ લેશ્યાનો છે.

(૩) કાપોતલેશ્યાઃ–ખાટો રસ; કાચી કેરીનો રસ, કોઠાનો રસ, તેથી અધિક ખાટો રસ આ લેશ્યાનો છે

(૪) તેજો લેશ્યાઃ– ખટ મીઠો. પાકા આંબાનો રસ, પાકા કોઠાનો રસ, એમ થોડો ખાટોને થોડો મીઠો રસ તે તેજોલેશ્યાનો રસ છે.

(૫) પદ્મલેશ્યાનો રસઃ– મધુરો. વારૂણીનો રસ, મધુનો રસ તેથી મધુરો પદ્મલેશ્યાનો રસ છે.

(૬) શુક્લલેશ્યાનો રસઃ– મીઠો. ખજૂરનો રસ, દ્રાક્ષનો રસ, દૂધનો





રસ, સાકરનોરસ તેનાથી અધિક મીઠો રસ શુક્લ લેશ્યાનો રસ છે.

આ રીતે છએ લેશ્યાની ગંધ પણ ભિન્ન–ભિન્ન હોય છે. તેમાં પ્રથમની ત્રણ અશુભલેશ્યાની ગંધ, મરેલી ગાયનું કલેવર, મરેલા કૂતરાનું કલેવર, સર્પના મડાની ગંધ તેથી અધિક દુર્ગંધ આ લેશ્યાની છે.

શુભલેશ્યાની ગંધઃ– જેમ કપૂર, કેવડો વગેરે સુગંધી પદાર્થ વાટતા જેવી સુગંધ નીકળે તેનાં કરતાં અધિક સુગંધ શુભલેશ્યાની છે.

હવે છ એ લેશ્યાનો સ્પર્શ કહે છે.

કરવતની ધાર, ગાયની જીભ, વાંસનું પાન તેના કરતાં અધિક ખરાબ અપ્રશસ્ત લેશ્યાનો કકર્શ સ્પર્શ જાણવો.

માખણ, સરસવનાં ફૂલ, મખમલના સ્પર્શ કરતાં અધિક સુંવાળો સ્પર્શ ત્રણ પ્રશસ્ત લેશ્યાનો છે.

આ પ્રમાણે જ ચોપાટની સોગઠી જાુદા જાુદા રંગની હોય છે. તેમ જીવ પણ વિધ–વિધભાવો યુક્ત હોવાને કારણે સંસારમાં ફર્યા કરે છે. આ રીતે છ એ લેશ્યાના વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ જાુદા–જાુદા છે. કારણ કે જગતમાં સાત પ્રકારની કાર્મણવર્ગણા છે. તે પૌદ્‌ગલિક છે. એક પુદ્‌ગલ પરમાણુમાં તેના સ્વાભાવિક ગુણધર્મો હોય છે.

શ્રી ઉમાસ્વાતિજી લખે છે,

**“स्पर्शरसगंध वर्णवन्तः पुद्गलाः”**

દરેક પુદ્‌ગલ પરમાણુમાં એક વર્ણ, એકરસ, એક ગંધ અને એક સ્પર્શ હોય છે. તેથી પરમાણુના આધારે લેશ્યાના વર્ણાદિ પરિવર્તન પામે છે. જીવના પરિણામને આધારે પરમાણું પુદ્‌ગલો ગ્રહણ થાય છે. માટે જ કવિ આનંદઘનજીએ પ્રસ્તુત પદમાં રંગ–રંગની સોગઠી બતાવે છે. સંસારની ચોપાટમાં સંસારી જીવો સોગઠી થઈ ઘૂમ્યા કરે છે. કૃષ્ણ અને નીલ લેશ્યાની જોડી તૂટતી નથી. પણ જો તૂટે તો સોગઠી ઘરમાં આવી જાય, ઘરમાં આવેલી સોગઠી મરે નહીં. તેવી રીતે સમ્યક્ત્વ પામ્યા પછી જીવ આત્મભાવમાં આવતા તેને ઘણું કરીને પડવાનું રહેતું નથી. પરંતુ કાળી–નીલી એમ કૃષ્ણ–નીલ લેશ્યાવાળા દુર્ગતિમાં ભમ્યા કરે છે– લાલ–પીળીની જોડી તૂટે તો પણ જીવ ઘરમાં આવે નહીં, પર ઘરમાં ફરતાં અનંતકાળ વીતે. હવે સોગઠી ગાંડી કરે

તેની કેવી દશા થાય તે કવિશ્રી છેલ્લી કડીમાં કહે છે.

भाव विवेकके पाउ न आवत, तूब लग काची बाजी..।
'आनंदधन' प्रभु पाउ देखावत, तो जीते जीथ गाजी..।।प्राणी।। ५।।

પહેલી ચાર લેશ્યાવાળા જ્યાં સુધી દ્રવ્યવિવેકમાં છે. ત્યાં સુધી તેની બાજી કાચી ગણાય છે. પરંતુ ભાવ વિવેક આવતા વસ્તુ સ્વરૂપનો યર્થાથ બોધ થાય છે. તુરત જ બાજીની કચાશ દૂર થાય છે. પહેલી ચાર લેશ્યામાં જીવને ભાવ વિવેક પ્રગટતો નથી. તેથી તે પૂર્ણતાને પામતા નથી. ભાવ વિવેકથી જીવ સચ્ચિદાનંદ ભગવાનને પામે છે. પદ્મ તથા શુક્લ લેશીમાં ભાવ વિવેકનું દર્શન થાય છે. અને તે કારણે બાજી જીતી જાય છે. અને જીવ મોક્ષરૂપ ઘરમાં સહેલાઈથી પ્રવેશી શકે છે.

માટે જ કવિશ્રીએ કહ્યું છે કે પ્રભુ જો એક પગડું બતાવે તો આ જીવ, એક ચાલમાં આખી બાજી જીતી જાય છે. પરંતુ ઉપશમ શ્રેણીએ ચડતો જીવ એમ માને કે હું તો ગઢ જીતી ગયો. હવે તો એક છલાંગ લગાવી, તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી લઈશ, પણ આજ સુધી ચારિત્રમોહનો ઉપશમ કરતો આગળ વધ્યો છે. ગંદા પાણીમાં ફટકડી નાખવાથી કચરો નીચે બેસી જશે પણ પાણી બિલકુલ સ્વચ્છ નહીં કહેવાય. પાણી જરા હાલતાં કચરો ઉપર આવે છે. તેમ ઉપશમભાવે આગળ વધેલો જીવ ફટકડીનું કામ કરે છે. સૂક્ષ્મલોભનો ઉદય થતાં જીવ પાછો સંસારમાં ભમ્યા કરે છે. અગિયારમા ગુણસ્થાનકથી જીવ છઠ્ઠે, પાંચમે, ચોથે થઇ છેક નીચે મિથ્યાત્વ ગુણસ્થાન કે પણ આવી શકે છે. આ રીતે બાજી હારી જાય છે. પણ ભાવવિવેકનું પગડું આવે તો જીવ પાછો ચેતી જાય છે. માટે હે પ્રભુ ! આપ એક વાર મને 'પો' આપી દ્દો. મારા પર કૃપા કરી મારી બાજી સુધારી લો. મને 'પો' મળી જતાં બાજી જીતી જઈશ, જીતનાર વ્યક્તિ આનંદમાં આવી જઇ ગાજે છે, નાચે છે, આનંદ વ્યક્ત કરે છે.

આ પદમાં કવિશ્રીએ ચોપાટના રૂપક દ્વારા સંસારનું સ્વરૂપ સુંદર રીતે સમજાવ્યું છે.

જીવ સદ્‌ગુરુના યોગે સમ્યક્‌ત્વનું 'પો' પામી સ્વ-ઘરમાં સિધાવે છે. આમ જીવના ક્રમિક વિકાસનું દિશા-સૂચન આ પદમાં અત્યંત રહસ્યાત્મક શૈલીએ કર્યું છે.





# પદ-૧૩

"अनुभव ! हम तो रावरी दासी"

ચૈતન્ય જગાડી તેની સાથે તન્મયતા સાધનાર અનુભવી આત્માર્થીપુરુષ શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં સુમતિની અંતરવેદના બહુ કુશળતાથી વ્યક્ત કરી છે. આ પદ ઉલ્લાસથી વાંચતાં અને ગાતાં સુમતિની સાથે જાણે એકરૂપતાનો અનુભવ થાય છે.

દસમા પદમાં કવિએ વર્ણવ્યા પ્રમાણે સુમતિ અનુભવને વિનવે છે અને છેવટે ચેતનને કુમતિનો સંગ છોડવા સંગ્રામે ચડે છે. પરંતુ જેમ દારૂનો વ્યસની દારૂ છોડે છતાં તેનું મન તો દારૂમાં જ ભમતું રહે છે, તેમ ચેતન ! જાગૃત તો થયો પણ ચતુર્ગતિરૂપ ચોપાટમાંથી બહાર આવ્યો નથી. હજી પણ માયા – મમતા સાથે તે રમ્યા કરે છે. માયા અને મમતા બંને ઘણી જ ચતુરસ્ત્રીઓ છે. ચેતનને તેની સાથેની રમતમાં બધી જ રીતે હાર ખાવી પડે છે. પરંતુ જેમ જેમ તે હારતો જાય છે તેમ તેમ તેને વધારે રમવાનું મન થાય છે. કહેવત છે કે "હાર્યો જુગારી બમણું રમે" તેવી ચેતનની દશા થાય છે.

"સારંગ રાગ" માં રચેલ આ તેરમા પદમાં કવિશ્રી કહે છે કે સુમતિ ! ચેતનની આ દશાથી વ્યાકુળ છે. તેથી અનુભવ પાસે આવી દિલની વ્યથા પ્રગટ કરે છે તેમજ અનુભવને વિનવે છે કે તે ચેતનને સમજાવે.

તેરમા પદનો પ્રારંભ કરતાં કવિશ્રી સુંદર સ્વરમાં કહે છે,

अनुभव हम तो रावरी दासी।
आई कहातें माया-ममता, जानुं न कहांकी वासी।। अनुभव।। १।।

સમતા ચેતનની પત્ની છે. તે ચેતનના મિત્ર અનુભવને કહે છે કે 'મારો પતિ ચેતન ! માયા – મમતાના પ્રેમપાસમાં ફસાઈ ગયો છે. માયાએ તો એવી મોહ જાળ બિછાવી છે કે ચેતન તેમાંથી નીકળવા અથાગ પ્રયત્ન કરે છે છતાં નીકળી શકતો નથી. ક્યારેક તેને બેબાકળો થયેલો જોઉં છું પણ ત્યાં તો મમતાનો મુલાયમ હાથ ફરતાં બિચારો

રાંકડો બની જાય છે.

માયા, આ જગતનાં સર્વ પ્રાણીઓને વશમાં રાખે છે. તે પોતાની શક્તિ વડે દરેક જીવોને ચારગતિમાં રખડાવે છે. દરેક જીવ પોતાના ભૌતિક સુખ માટે મથ્યા કરે છે અને તેમ કરતાં પોતે જ દુ:ખમાં ફસાય છે. માયા એટલે કપટ અથવા અન્યને છેતરવાની પ્રકૃતિ. ધર્મના બહાના નીચે થતી માયાચારી તે મહાપાપ કહેવાય છે અને જેમાં મારાપણાની બુદ્ધિ હોય તે મમતા.

મમતા, મોહરાજાની પુત્રી છે તે બધા જીવોને ફસાવવાનું કામ કરે છે. સર્વદર્શનકારોએ માયા, મમતાને જીવને દુર્ગતિમાં લઈ જનાર તરીકે ઓળખાવી છે.

માયા-મમતા ! ચેતનરાજની પટરાણીઓ છે પણ તે કોણ છે ? ક્યાંની રહેવાસી છે ? તેનું કુળ શું છે ? તેની પૂરી તપાસ ચેતનજીએ કરી હોય તેમ લાગતું નથી. તેથી જ તેઓ અવનવાં રૂપ કરી ચેતનને આકર્ષે છે. મમતા ક્યારેક રાગરૂપે, તો ક્યારેક લાગણીરૂપે, ક્યારેક ભક્તિરૂપે તો ક્યારેક શક્તિરૂપે પોતાની મોહજાળ બિછાવે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો પર મમતાનું સામ્રાજય છવાયેલું છે. એકેન્દ્રિય જીવોમાં પરિગ્રહવૃત્તિ છે. વનસ્પતિ, આ વૃત્તિને કારણે પાંદડાં વચ્ચે ફળ છૂપાવવા પ્રયત્ન કરે છે. દેવો પણ પરિગૃહવૃત્તિથી પ્રેરાઈ એકબીજા સાથે યુદ્ધ કરે છે. આ રીતે સર્વ સંસારીજીવો વિવિધ રૂપે મમતાના દોરથી બંધાયેલાં છે.

સમતા ! અનુભવ મિત્રને આ વાત કરી રહી છે. ચેતનના દુ:ખે દુ:ખી થનારી સમતા પોતાની કરમકહાણી આગળ વર્ણવી રહી છે. તેના શબ્દોમાં આપણે જોઈએ.

रीज परे वांके संग चेतन, तुम क्युं रहत उदासी..।
वरज्यो न जाय एकांत कंतको, लोकमें होवत हांसी..।। अनुभव।। २।।

આ કડીમાં અનુભવ તથા સમતાનો વાર્તાલાપ છે. અનુભવ સમતાને કહે છે કે હે સમતા ! તું મને ચેતન માટે કહે છે કે ચેતન, માયા – મમતાના રંગે રંગાઈ ગયો છે. તે તેનાં કર્મોથી તથા ચાલબાજીથી અંજાઈ ગયો છે. તેના સંગથી તેને આનંદ આવે છે તેથી તે જલ્દીથી વિવેક પણ ચૂકી જાય





છે જેથી મમતાને જાણવા તે પ્રયત્ન સુદ્ધાં કરતો નથી. લોકમાં કહેવત છે કે "રાજાને ગમી તે રાણી ને છાણા વીણતી આણી" મમતા પણ સમયસૂચકતા વાપરી ચેતન પાસેથી કામ કઢાવી લે છે. ચેતન તો સાદોસીધો છે તેથી મમતા સાથે તેને સાકર, શેરડી અને મધ કરતાં પણ અધિક આનંદ આવે છે કારણ કે મમતાને કારણે તેને ભ્રાન્તિ પેદા થાય છે. એના દુ:ખનું કારણ પણ એ જ છે. ચેતન ! પોતાનો સ્વભાવ છોડી, વિભાવમાં જાય છે તેથી દુ:ખી થાય છે. તેમાં હે સમતા ! તું શા માટે ઉદાસ રહે છે ?

સમતા, અનુભવમિત્રને ઉત્તર દેતાં કહે છે કે ચેતન તો મારો પતિ છે. તેની હું પતિવ્રતા સ્ત્રી છું. તેનાં સિવાય મેં બીજા કોઈને પણ ચાહ્યો નથી. અરે ! અન્યનો પડછાયો સુદ્ધાં લીધો નથી. આટલી મારી વફાદારી હોવા છતાં, ચેતન મારો થઈને રહેતો નથી. કોઈપણ સ્ત્રી પોતાના પતિને પોતાનો કરી રાખવા જ ચાહતી હોય છે અને પોતાનો રહે તેમાં જ તેને આનંદ હોય છે. ચેતન ! પારકો થઈ, પારકે ઘરે પડયો રહે છે, તેથી લોકો તેની હાંસી કરે છે. મારાથી એ સહન થતું નથી માટે હું ઉદાસ રહું છું.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કે 'હંસલી, હંસને છોડી કદાપિ કાગડાનો સંગ કરે નહીં, તેમજ હંસ વિના હંસલી જીવી શકે નહીં, તેમ મારો તથા મારા પતિ ચેતનનો સંબંધ છે.'[૧] જેમ સુવર્ણ અને સુવર્ણત્વ જુદા જુદા સંભવી શકે નહીં તેમ ચેતન અને ચેતના એકાંતે અભિન્ન છે. અમારા બંનેનો અભિન્ન સંબંધ હોવા છતાં, ચેતન પરમાં પડી ગયો છે. તેથી મને પારાવાર દુ:ખ થાય છે અને એ દુ:ખને કારણે જ અત્યારે મારામાં ઉદાસી દેખાય છે. વળી તમે તો વ્યાવહારિક દૃષ્ટિએ પણ જાણો છો કે કોઈ પુરુષ પરસ્ત્રીના મોહમાં ફસાયો હોય તો લોકોમાં તે નિંદાને પાત્ર ગણાય છે તથા દુનિયા તેને બેઆબરૂ ગણે છે. તેનાં કાર્યો ઉપર સંતજનો ખેદ કરે છે. વળી એવા પુરુષની પત્નીની કોઈ હાંસી કરે છે તો વળી કોઈ દયા ખાય છે. આજે લોકોમાં ચેતનની હાંસી થઈ રહી છે જે મારાથી સહી જતી નથી તેમજ મારી દશા પણ મારાથી સહન થતી નથી. દુનિયાને મારા પર દયા આવે છે પરંતુ ચેતનને મારા પર દયા

૧. આનંદઘન પદ ભાવાર્થ. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ. ૫૫.

આવતી નથી. ચેતન મારા પર કેવો નિષ્ઠુર બની ગયો છે તે ત્રીજી કડીમાં સમજાવે છે.

समजत नाहि निठुर पति एति, पल एक जात छमासी..।
आनंदघन प्रभु धरकी समता, अटकली और लबासी..।।अनुभव।। ३।।

આ કડીમાં સમતા પોતાના હૈયાની વરાળ કાઢી રહી છે. તે કહે છે કે 'હે અનુભવ ! મારો પતિ મારી દશા સમજી શકતો નથી, એ સાવ નિષ્ઠુર બની ગયો છે. તે મારી એક પણ વાત લક્ષમાં લેતો નથી. અરે ! સતી સ્ત્રીને પતિના વિરહે એક પળ પણ છ માસ જેવી લાગે છે. મારી એક એક ક્ષણ કેવી જાય છે ! તેનો ખ્યાલ એ દયાહીનને ક્યાંથી આવે ! પતિ વિયોગે મારી એક એક પળ યુગ જેવડી વીતે છે.

સમતાની આ વાત સાંભળી અનુભવે અનુમાનથી જાણ્યું કે આત્માની સાચી સ્ત્રી તો સમતા છે તે જ કુળવાન છે. બીજી સ્ત્રીઓ તો ખોટી તથા માયાવી છે.

આમ, આત્માએ મિત્ર અનુભવના જ્ઞાનથી જાણ્યું. એને પોતાની ભૂલ સમજાઈ. હવે ચેતને જાણ્યું કે સમતા જ પોતાની ખરી સ્ત્રી છે તેથી સમતાને હૃદયમાં રાખી દરેક કાર્ય કરવા લાગ્યો. હવે સમતાના આનંદનો કોઈ પાર રહ્યો નથી. સમતાએ પોતાના અંતઃકરણના પ્રેમથી આત્માને પોતના તરફ ખેંચી લીધો તેથી તે સહજ નિર્મળ આનંદને ભોગવવા લાગ્યા. સમતા જ પોતાનો સ્વભાવ છે એ જાણ્યા પછી તેમાં સ્થિર થવા વિશેષ પ્રયત્ન કરવા લાગ્યો. જેમ જેમ સમતામાં સ્થિરતા આવે છે તેમ તેમ સ્વયંમાંથી આનંદરસ ઝરે છે જેથી તે આનંદઘન એવા પોતાના નામને સફળ કરે છે.

આ પદમાં કવિએ આત્માને ઢંઢોળ્યો છે. અનાદિથી વિસરાઇ ગયેલી પોતાની વાસ્તવિકતાની યાદ અપાવે છે. તેમજ સમતા ઘરમાં આવવા તથા રહેવા પ્રેરણા આપે છે. અધ્યાત્મભાવોથી ભરેલા આ પદ આત્માને પોતાની શુદ્ધ પરિણતિને પ્રગટાવવા પુરૂષાર્થી બનાવે છે.

આધ્યાત્મિક પ્રગતિના સોપાન સમું આ પદ છે. માયા – મમતાને સ્ત્રીનું રૂપક આપીને, ચેતન તથા ચેતના સંબંધ માટે હંસ–હંસલીનું દ્રષ્ટાંત આપેલ છે.





## પદ-૧૪

"अनुभव ! तु है हेतु हमारो"

આત્મભાવોની મસ્તી માણવા તત્પર એવા મસ્તયોગી શ્રી આનંદઘન મહારાજે આત્મમંથન કરી, આંતરભાવોમાં કેવા કેવા સંઘર્ષ થાય છે, તેમજ આત્મપરિણતિ કેવી હોય છે તે આ પદમાં દર્શાવ્યું છે.

આત્માને શ્રદ્ધા તથા સમતારૂપ બે પત્નીઓ છે છતાં ક્યારેક શ્રદ્ધા સમતાને સખી કહીને પણ સંબોધે છે. અનુભવ આત્માનો મિત્ર છે. જે આત્માની સાથે પ્રાણની માફક જ રહે છે. જો આત્મા તથા આત્મગુણો જુદા હોય તો અનુભવ તથા આત્મા જુદો કહી શકાય. એવા અનુભવમિત્રને સમતા સમજાવે છે. સારંગ રાગમાં ગવાયેલ આ ચૌદમાં પદમાં કવિ કહે છે,

अनुभव तु है हेतु हमारो..।
आय उपाय करो चतुराई, और को संग निवारो..।।अनुभव।।

સમતા અનુભવને કહે છે કે હે અનુભવ ! તું અમારો મિત્ર છો. હિતેચ્છુ છો. અમારી આંતરિકસ્થિતિથી તું જ્ઞાત છે. વળી તું મિત્રના સંબંધો તથા કર્તવ્યોને સારી રીતે જાણે છે. સાચો મિત્ર પોતાના મિત્રને સન્માર્ગે લઈ જાય છે. માટે હે અનુભવ, મને તારા પર પૂર્ણ વિશ્વાસ છે. તું મારા પતિનો સન્મિત્ર છે. તારો પ્રિયમિત્ર માયા, મમતાના સંગે ચડી ગયો છે. તું તેનો ચતુર મિત્ર છો. આજે તારી ચતુરાઈનો પ્રયોગ કરવાનો વખત આવ્યો છે. તું ચતુરાઈપૂર્વક ચેતનને કુસંગતિથી મુક્ત કર. મારી વાત તેના ગળે નહીં ઊતરે પણ મિત્રની વાત સમજતાં વાર ન લાગે. હવે તું તારા 'અનુભવ' નામને સાર્થક કર. તું એવો ઉપાય શોધી કાઢ કે જેથી મારો પતિ માયા – મમતાનો સંગ છોડી મારા મંદિરે પધારે.

અનુભવમાં અપૂર્વ અલૌકિક સામર્થ્ય છે તેવા વિશ્વાસથી સમતા અનુભવને પોતાનું વૃત્તાંત જણાવે છે.

કવિએ કુશળતાપૂર્વક આ પદમાં સ્વ–પરનાં વિવેકચક્ષુ ખોલી નાખ્યાં છે. શ્રી કાપડિયાજી લખે છે કે આ પદમાં સ્વને ઓળખી તેને આદરવાનો

અને પરને જાણી તેને ત્યાગવાનો ઉપદેશ છે.[૧]

અનુભવ કેવળજ્ઞાનનો નાનો ભાઈ છે. કોઈપણ તત્ત્વનો અનુભવ થયા વિના રસ આવતો નથી. સમતા વિના અનુભવજ્ઞાન પ્રગટતું નથી. માટે પ્રથમ સમતા પછી અનુભવ જ્ઞાન એવો ક્રમ છે. જ્ઞાનના અભાવે ચેતન મમતામાં ફસાયો છે. મમતાના આર્વિભાવરૂપે તૃષ્ણા જણાય છે. ચેતન ! તૃષ્ણાના તાણમાં તણાયા કરે છે. તૃષ્ણા કોણ છે ? તથા તેનું સ્વરૂપ શું છે તે આ પદની બીજી કડીમાં સમજાવે છે.

तृष्णां रांड भांड की जाई, कहा घर करे सवारो;
शठ ठग कपट कुटुंब ही पोखे, मन में क्युं न विचारो ?
उनकी संगति वारो...अनुभव।।२।।

સમતા અનુભવને કહે છે કે હે અનુભવ ! ચેતન રાજાને હવે તૃષ્ણા સાથે રાગ બંધાયો છે. તૃષ્ણામાં એક એવી શક્તિ છે કે એની અસર તળે આવતાં પરવસ્તુ પોતાની માની સંગ્રહ કરવામાં તથા વધુમાં વધુ મેળવવામાં આનંદ માને છે. તૃષ્ણાને કારણે આત્મા ક્યાંય ઠરીને ઠામ બેસતો નથી. તે સ્વયં અમૂલ્યરત્નનો ધણી હોવા છતાં કાચ, કાંકરા ને માટીમાં આનંદ માણી રહ્યો છે. કવિએ અહીં તૃષ્ણાને રાંડ તરીકે તથા ભાંડની પુત્રી તરીકે ઓળખાવી છે. ભાંડ જાત – જાતના વેશ ધારણ કરી લોકોને રીઝવી પોતાનું ગુજરાન ચલાવે છે. પણ ભાંડનો વેશ તે સાચો વેશ નથી, એ નાટક છે. દંભ છે. તૃષ્ણા ભાંડની દીકરી છે. તેથી તે હલકાં કામ કરવાવાળી છે. જે માંગણવૃત્તિથી જીવન ચલાવતા હોય તે બીજાનો ઉદ્ધાર કેવી રીતે કરે ? લોભરૂપી ભાંડ અને તૃષ્ણારૂપ તેની દીકરી લુચ્ચાઈ કરી ચેતનને ઠગે છે. રાગ–દ્વેષ અને અજ્ઞાન એ પોતાના પિયરિયાને પોષનારી તૃષ્ણા છે. ચેતન તેનું પોષણ કરી તેને પોતાના માની બેઠો છે. શ્રી યશોવિજયજી 'જ્ઞાનસાર' માં કહે છે કે તૃષ્ણા ચાંડાલણી છે.

"निष्कासनीया विदुषा स्पृहा चित्तगृहाद् बहिः।
अनात्मरति चाण्डालणी, संगमड्गी करोति या।।"[२]

વિદ્વાનોએ મનરૂપી ઘરમાંથી તૃષ્ણા બહારકાઢી મૂકવા યોગ્ય છે.

---

૧. આનંદઘનજીનાં પદો ભા.૧ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા.. પૃ. ૧૦૪
૨. જ્ઞાનસાર – ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પૃ. ૧૫૦





તૃષ્ણા, આત્માથી ભિન્ન પુદ્ગલમાં રતિરૂપ ચાંડાલણીનો સંગ કરે છે. સ્પૃહા અને અનાત્મરતિ બંનેનો ગાઢ સંબંધ. સ્પૃહાને અનાત્મરતિ વિના ન ચાલે અને અનાત્મરતિને સ્પૃહા વિના ન ચાલે. ઉપાધ્યાયજી મહારાજ આવી સ્પૃહાને કે જે તૃષ્ણારૂપ છે તેને બહાર કાઢી મૂકવા સૂચન કરે છે કારણ કે અનાત્મરતિ સમેત સ્પૃહા એટલે જે તૃષ્ણા આત્માથી ભિન્ન પુદ્ગલમાં રતિરૂપ ચાંડાલણીનો સંગ અંગીકાર કરે છે તે અનાત્મરતિ એટલે જડરતિ... પુદ્ગલાનંદ. જડપદાર્થોનું આકર્ષણ થયા પછી એ પદાર્થોમાં જે સુખની કલ્પના થાય છે અને એ કલ્પનામાં જ અનેક પ્રકારની મધુરતાનો ભાસ થાય છે, તે અનાત્મરતિ. અનાત્મરતિ જે પદાર્થોને લઈને જાગી હોય છે તે જ પદાર્થો પાછળ સ્પૃહા દોડે છે અર્થાત્ અનાત્મરતિ જ આગળ વધીને સ્પૃહાનું રૂપ ધારણ કરી લે છે.

હું તપ કરીશ તો મારું સન્માન થશે, હું જ્ઞાની બનીશ તો મારી પૂજા થશે, હું સેવા, ભક્તિ કરીશ તો મને શાબાશી મળશે... આવી બધી સ્પૃહા જેના મૂળમાં અનાત્મરતિ છે તે હેય – ત્યાજય છે. અનાત્મરતિ સમેત સ્પૃહાવાળો યાચક તણખલા અને આંકડાના રૂ ની પેઠે હલકા દેખાય છે અને તેઓ સંસારસમુદ્રમાં ડૂબે છે.

આત્મરતિ સમેત સ્પૃહા એટલે જે અભિલાષા, આત્માનો રતિરૂપ સંગ અંગીકાર કરે છે તે. આત્મરતિ એટલે જીવરતિ... આત્માનંદ, આત્માના ઉત્થાનની અભિલાષા પ્રગટ થયા પછી સદ્ગુરુની સ્પૃહા જાગે છે, સમ્યગ્જ્ઞાનની સ્પૃહા જાગે છે, સંયમના ઉપકરણની સ્પૃહા જાગે છે, સંયમમાં સહાયક સાધુઓની અભિલાષા રહે છે, શાસનની રક્ષાની ઈચ્છા રહે છે, સમગ્ર જીવોના કલ્યાણની ભાવના રહે છે, મોક્ષપ્રાપ્તીની ઝંખના જાગે છે. આ બધી સ્પૃહાઓ ઉપાદેય છે કારણ કે તેના મૂળમાં આત્મરતિ છે અને તે નિસ્પૃહતાનું મૂળ છે. આત્મરતિ સમેત સ્પૃહાવાળો સાધક હલકો થઈ પ્રેમપૂર્વક ચિત્તમંદિરમાં રહી શકે છે અને સંસારસમુદ્ર તરે છે.

સમતા કહે છે કે તૃષ્ણા તો અનંતઆકાશ જેવડી છે. જ્યાં જઈએ ત્યાં તેની નજર પડી જ હોય છે અને તેથી જ ચેતન દેવ દુઃખી–દુઃખી થાય છે. તમને તેનો વિચાર કેમ આવતો નથી ?

કવિ શ્રી આ પદની ત્રીજી કડીમાં કહે છે,

कुलटा कुटील कुबुद्धि संग खेलके, अपनी पत्त क्युं हारो ?
आनंदघन समता घर आवे, जीत नगारो बाजे..।।अनुभव।।३।।

કુલટા એટલે હલકી જાતની તથા હલકા કામ કરનારી એવી તૃષ્ણાને લક્ષમાં રાખીને કવિએ સમતાદ્વારા અનુભવને કહેરાવ્યું છે. હે ! અનુભવ મિત્ર ! એ તૃષ્ણાની ગતિ વક્ર છે. હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, યુદ્ધ, વિશ્વાસઘાત વગેરે હલકાં કામ કરવામાં જ તેની બુદ્ધિ કાર્યરત રહે છે. આવી હલકી સ્ત્રીને સંગે ચડી, ચેતન પોતાની પ્રતિષ્ઠા શા માટે ગુમાવે છે ? કુસંગતિ પતનનું કારણ છે અને દુઃખને નોતરે છે તો એવા રસ્તે શા માટે જવું ?

હે અનુભવ ! મારો નાથ જો મારા મંદિરે આવે તથા મારી ( સમતા ) સાથે રમે તો ત્રણેય લોકમાં જીત નગારાં વાગે. આજે ભિખારી જેવો દેખાતો એ ત્રિલોકીનાથ બની જાય તથા પરમાત્મપદધારીનો જય જયકાર બોલવા લાગે. જો ચેતન, સમતાને ઘરે આવે તો તૃષ્ણા એક પળ પણ રહી શકે નહીં પછી તેની હાલત ઘણી ખરાબ થાય.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છેઃ–

એક કીડીએ દરિયો પીધો, તો પણ તરસી થાય,
બાર મેઘના પાણી પીધાં, નદીમાં ડૂબી જાય,
ભલા જગ સાંભળો, સંતો રે, નાવ પર દરિયો ચાલ્યો જાય.
બુડિયા બાવા, યતિ, સંન્યાસી, ખાખી જોગી ફકીર,
જલમય દુનિયા દેખી જયારે, રહી નહીં કોઈની ધીર,
ભલા જગ સાંભળો, સંતો રે, નાવ પર દરિયો ચાલ્યો જાય.[1]

આ તૃષ્ણારૂપ કીડી એવી તો શક્તિશાળી છે કે તે બધા સમુદ્રનું પાણી પી જાય, તેમ જ બારેય મેઘ પાણી પી જાય, તો પણ તેનું પેટ તો ભરાતું નથી પણ તરસીને તરસી જ રહે છે. પણ જો એ સમતારૂપ નદીમાં આવી જાય ને તેમાં ડૂબી જાય તો પછી ભલે ને બહાર ભૌતિક સંસારનો સાગર ઘૂઘવતો રહે તો પણ નાવને ઊની આંચ આવતી નથી.

જગતના સર્વ જીવો તૃષ્ણાના તાણમાં તણાતાં રહે છે. સંસારી જીવો તો શું પણ ઘર સંસાર છોડનારા એવા કહેવાતા બાવા, સાધુ,

૧. આનંદઘન પદ ભાવાર્થ ભા૦ ૧. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પૃ. ૬૧





સંન્યાસી, જોગ, જતિ, ફકીર વગેરે પણ આ તૃષ્ણાથી મુક્ત નથી. કોઈ પોતાનો પંથ ફેલાવવામાં, તો વળી કોઈ ભક્તોની ભીડમાં ભૂલા પડયા છે. કોઈ જગકલ્યાણની કામનાનો દંભ કરે છે તો કોઈ પદપ્રતિષ્ઠાની પ્રાપ્તિમાં પ્રયત્નશીલ છે. આ બધાં કાર્યોમાં વક્રગતિવાળી આ તૃષ્ણાને કોઈ ઓળખી શકતું નથી. માટે હે અનુભવ ! તું ચેતન સ્વામીને સમજાવ, તેનાં આંગણામાં મીઠી નદી વહે છે. અરે ! ઊંબરામાં જ કલ્પવૃક્ષ ખીલ્યું છે પછી બહાર ભટકવાની શી જરૂર છે ? જો તે સમતાસાગરમાં ડૂબી જશે તો જરૂર આનંદઘનપદ ધારણ કરશે તથા સર્વત્ર આનંદ– મંગળના જીત નગારા વાગશે.

આ પદમાં કવિએ સમતાની વ્યથાનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે. સમતાએ સજ્જનતાનો સ્વાંગ સજ્યો છે ત્યારે માયા–મમતામાં દુર્જનતાની સીમા નથી.

ચૈતન્યદેવ ! પર પરિણતિમાં મસ્ત છે. સમતા, અનુભવને વિનંતીના સૂરમાં કહે છે કે આ પદમાં સ્વ–પર પરિણતિનું ભેદજ્ઞાન કરાવે છે. અનુભવને

સંદેશવાહક બનાવી સમતા, ચેતનને સ્વઘર તરફ વાળવા સતત પુરુષાર્થ કરે છે. ત્યાગ, વૈરાગ, સંયમ અને અધ્યાત્મને માર્ગે જનારાઓ આરંભદશાના બાળજીવો માટે વિભાવદશાનું જો વરવું ચિત્ર દોર્યું હોય તો તેનાથી દૂર રહેવાની વાત તેમાં મનમાં ઠસી જાય છે.

# પદ-૧૫

"मेरे घट ग्यान भानु भयो भोर"

અનુભવજ્ઞાની, વિજ્ઞાની અને ધ્યાની એવા શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં આત્માની જ્ઞાનદશાની વાતો કરી છે, જેમ જન્માંધ માનવને કોઈ કર્મયોગે દૃષ્ટિદાન મળે તો તે આનંદવિભોર બની જાય છે. તેવી રીતે આત્માની મોહાંધતારૂપ અજ્ઞાન દશા દૂર થતાં, જ્ઞાનદશા પ્રગટ થાય છે. જે પરમાં પોતાપણું માનતો હતો ત્યાં સ્વ–પરનો વિવેક જન્મે છે અને તેથી આત્મઆંગણમાં ચૈતન્યદેવ સ્વપરિણતિ સાથે આનંદમગ્ન બની નાચવા લાગે છે. શ્રી આનંદઘનજી કહે છે, સારંગ રાગ –

मेरे घट ग्यान भानु भयो भोर...।
मेरे चेतन चकवा चकवी, भागो विरहको सोर...।।मेरे।।१।।

ઘટનો સામાન્ય અર્થ થાય છે ઘડો, તત્ત્વજ્ઞાનની ભાષામાં 'ઘટ' શબ્દનો પ્રયોગ અનેક રીતે કરવામાં આવે છે પરંતુ અહીં 'ઘટ' એક પાત્રરૂપ છે. પાત્રમાં વસ્તુ રહી શકે છે. તેમ અહીં જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થયો, પણ ક્યાં થયો ? કવિ કહે છે કે જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય ઘટમાં થયો. અહીં 'ઘટ' શબ્દનો સામાન્ય વ્યાવહારિક ભાષામાં અર્થ થાય છે – 'હૃદય'.

ભગવાનનાં કેવળજ્ઞાનનો મહિમા ગાતાં જ્ઞાનીઓ તથા સંતજનો કહે છે કે, હે પ્રભુ ! આપ તો "મન–મનની વાત જાણી દેખી રહ્યા છો. ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છો"[1] મન એટલે મનોવર્ગણાની એક પ્રકારની વિચારણાયુક્ત શક્તિ. આ શક્તિ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને હોય છે. પ્રભુ સંજ્ઞી જીવોના મનની વાત જાણે છે પણ અસંજ્ઞી જીવો જેવા કે એકેન્દ્રિયની લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોના ભાવોને જાણવા તે ઘટ છે. આ સ્થાને 'ઘટ' નો અર્થ અંતઃકરણ થાય છે. અંતઃકરણ એટલે આત્મપરિણામ.

કબીર પણ કહે છે,

"તેરે ઘટમેં સિરજનહાર, ખોજ મન કાયાનગરી,
પત્થરમેં પાવક બસૈ, યો ઘટમેં કરતાર"[2]

---

૧ આવશ્યક સૂત્ર ( ખામણા ) સ્થા. જૈન મહાસંઘ પૃ. ૯૮
૨ કબીરનાં ભજનો સંકલનઃ મણિલાલ તુ. મહેતા પૃ. ૩૪





પ્રભુદર્શનનાં પિપાસુ હે ભક્તરાજ ! જે પ્રભુને તું તારા તનમાં મનમાં શોધી રહ્યો છે તે પ્રભુ આ કાયાનગરીમાં નથી પણ આ સંસારનો સર્જનહાર તો તારા ઘટમાં જ બિરાજમાન છે. જેમ પત્થરમાં અગ્નિ છે. તેમ તારા ઘટ વિષે કિરતાર વસી રહ્યો છે. અહીં કબીરે પણ 'ઘટ' શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી ઘટ એટલે અંતઃકરણ સ્વરૂપ આત્મદેવ એવો અર્થ થાય છે.

આજ સુધી સમતાએ અનુભવ દ્વારા ચેતનને સમજાવવા ઘણો ઘણો પુરુષાર્થ કર્યો. હવે તેને થોડી સમજણ આવી છે. મોહનાં પડળો થોડાં દૂર થયા છે અને જ્ઞાનભાનુનો ઉદય થયો છે. જેના પ્રભાવે ચેતનને સત્યતત્ત્વનું ભાન થવા લાગ્યું છે.

કવિએ અહીં સર્વસામાન્ય દ્રષ્ટાંત આપી ચેતન તથા ચેતનાનો સંબંધ ચક્રવાક અને ચક્રવાકી જેવો બતાવ્યો છે. શુદ્ધ ચેતન અને શુદ્ધચેતના વસ્તુસ્વરૂપે એક જ છે. તેઓ વચ્ચે ગુણ–ગુણી જેવો સંબંધ છે પણ અનાદિકાળથી કર્માવરણને કારણે શુદ્ધસ્વરૂપ વિસરાઈ ગયું હતું પણ જ્ઞાનભાનુના પ્રકાશને કારણે સ્વરૂપાનુંસંધાન થાય છે. કર્મ પ્રચુરતારૂપ નદી હવે વચમાંથી ખસી જાય છે.

આ પદમાં ચેતનાની અંતરવેદના ચક્રવાક તથા ચક્રવાકીના દ્રષ્ટાંત દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાત્રી થતાં જેમ ચક્રવાક અને ચક્રવાકી જુદાં પડી જાય છે તથા નદીના સામ–સામે કિનારે બંને હોય છે છતાં રાત્રીનાં અંધકારને કારણે તેઓ એકને જોઈ શકતા નથી તેથી વિરહવ્યથાથી વ્યાકુળ ચક્રવાક તથા ચક્રવાકી કોલાહલ મચાવે છે. તેવી રીતે ચેતન તથા ચેતનાનો વિયોગ અનાદિ કાળથી પડયો છે. ચેતના, ચેતનને મળવા ઝંખી રહી છે. પરંતુ મિથ્યાત્વરૂપ અજ્ઞાનનો ગાઢ અંધકાર છવાઈ ગયો હોવાથી ચેતન સ્વામીનાં દર્શન થઈ શકતાં નથી. હવે ચેતન, સ્વયં ચેતનાને મળવા ઉત્સુક છે કારણ કે મિથ્યાત્વનું જોર હવે જરા મોળું પડયું છે. ચેતનનો સ્વ તરફનો પુરુષાર્થ ઉપડયો છે. મોહનીય કર્મનો ક્ષય થતાં ચેતન સર્વથા શુદ્ધદશાને પામે છે અને શુદ્ધચેતના પ્રગટ થાય છે. શુદ્ધદશામાં વર્તતા ચેતનનું મુખ ઉઘડી જાય છે તથા બોલવા લાગે છે કે મારા હૃદયમાં જ્ઞાનભાનુનો ઉદય થતાં પ્રભાત થયું છે. માનવસહજ પ્રકૃતિ છે કે દુઃખના સમયે તે આક્રંદ કરે છે અને સુખના સમયે કિલ્લોલ

કરે છે. તેમ જ્ઞાન પ્રભાત થતાં ચેતન ચેતનાનો સંબંધ થાય છે અને આનંદની સરવાણી ફૂટે છે.

કવિ બીજી કડીમાં કહે છે,

**कैली चिटुं दिसि चतुरा भावरुचि, मिट्यो भरम तम जोर...।**
**आपकी चोरी आप ही जानत, और कहत न चोर...।।मेरे।। २।।**

જેમ સૂર્યોદય થતાં સૂર્યની કાંતિ ચારે બાજુ ફેલાઇ જાય છે તેમ જ્ઞાનભાનુનો ઉદય થતાં વિવેકરૂપ કાંતિ ચારે બાજુ ફેલાઈ ગઈ છે કારણે જગતના સર્વ પદાર્થો યથારૂપ જણાય છે તથા જડ પદાર્થોના ગુણધર્મો અને ચેતનના ગુણધર્મોનું ભેદવિજ્ઞાન થાય છે. આજ સુધી તન, ધન, પરિવારને તે પોતાના માનતો હતો, અજ્ઞાન અંધકાર દૂર થતાં મોટામાં મોટો ભ્રમ ભાંગી ગયો તેથી સત્યતત્ત્વની પ્રતીતિ થઈ.

ચેતનના ઘરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રિરત્નની ચોરી થઈ ગઈ. ચેતન, ચોરને શોધતો હતો પણ મળતો ન હતો. જ્ઞાનભાનુના ઉદયે ચોર પકડાઈ ગયો. હવે ચેતનને સમજાયું છે કે મારી વસ્તુ તો મારી પાસે જ છે પણ અજ્ઞાન અંધકાર છવાઈ જતાં આત્મઘરમાં ત્રિરત્નની ચોરી થાય છે અથવા ચેતન પોતાના સ્વભાવરૂપ ઘરને છોડી પર ઘરે મોજ માણવા જાય છે ત્યારે તેના ઘરને રેઢું ભાળી કર્મ ચોર ચોરી કરવા આવે છે પણ સત્યજ્ઞાન વડે ચોર પકડાઈ જાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

"अप्पा मित्तममित्तं च दुप्पट्ठिय सुपट्ठिओ"[૧]

આત્મા જ આત્માનો મિત્ર છે અને આત્મા જ આત્માનો શત્રુ છે દુપ્પથ પર જતાં આત્મા શત્રુ છે ને સુપથ પર જતાં આત્મા મિત્ર છે. કર્માદિ શત્રુઓને ઘરમાં રાખનાર પણ હું આત્મા જ છું. કર્મનો કરનાર પણ હું જ છું, આ પ્રકારનું યોગ્ય જ્ઞાન થતાં દૃષ્ટિ અને દશા બધું બદલાઈ જાય છે.

અજ્ઞાનને કારણે

**"यथा शुक्तिकायामिदं रजतमिति"**[૨]

રજ્જૂમાં સર્પ અને છીપમાં ચાંદી દેખાય તેમ પરમાં આત્મબુદ્ધિ

૧ જીવન શ્રેયસ્કર પાઠમાલા ઉ. સૂ. આ ૨૦ ગાથા ૩૦ પૃ૪૭
૨. જીવન શ્રેયસ્કર તત્ત્વાલોક પં. શોભાચંદ ભારિલ્લ સૂત્ર ૧૦





હતી તે ટળી ગઈ. શ્રીમદ્‌રાજચંદ્રજી કહે છે,

**"આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ"**[૩]

આત્મભ્રાન્તિ ટળી ગઈ અને મોક્ષની સાચી કેડી મળી ગઈ. હવે ચેતન સ્વભાવરૂપ ઘરે જવા તત્પર બની ગયો. ચેતનને પોતાની શુદ્ધદશા સમજાઈ ગઈ છે. ચેતનના પરિવર્તનની વાત કવિ આ પદની ત્રીજી કડીમાં કહે છે.

**अमल कमल विकय भये भूतल, मंद विषय शशि कोर...।**
**आनंदघन एक वल्लभ लागत, और न लाख किशेर...।।मेरे।।३।।**

જેમ સૂર્યોદય થતાં તળાવમાં કમળ ખીલી ઊઠે છે તેવી રીતે જ્ઞાનભાનુ ઉદય થતાં આત્મકમલ ખીલી ઊઠે છે અને શશી સાથે પ્રીત રાખનાર કમલિની સૂર્ય ઉદય થતાં મંદતાને પામે છે.

"કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ઘરે ચંદશું પ્રીત"[૪]

કમળને સૂર્ય સાથે અને કુમુદિનીને ચંદ્ર સાથે પ્રીત છે, તેમ જ્ઞાનભાનુનો ઉદય થતાં, આત્મભૂમિ ઉપરની વિષય – કષાય રૂપ ચંદ્રની કાંતિ ઝાંખી પડવા લાગે છે. પાંચ ઇન્દ્રિયોના તેવીસ વિષયો, રાગ–દ્વેષાદિ ભાવો મંદ પડવા લાગે છે. વસ્તુસ્વરૂપનું જ્ઞાન થતાં વિષયો મોળા પડી જાય છે. હવે તેને વિષયો લલચાવી શકતા નથી. તેમજ આજ સુધી તેને વિષયો વલ્લભ લાગતા હતા. હવે તેને આનંદઘન સ્વરૂપ આત્મા પ્રિય લાગે છે. લાખો–કરોડો પદાર્થો નજર સામે હોવા છતાં તેની તેને પ્રીત નાશ પામી ગઈ છે.

આત્માએ આત્મિક ધર્મો અને પૌદ્‌ગલિક પદાર્થો સાથેનો સંબંધ કેવો છે તે વિચારી તેની સાથેનો સંબંધ વિચ્છેદ કરી, વેગળા થવા, વેગવાન પુરુષાર્થ ઉપાડવો જોઈએ.

આ પદમાં ચેતન સભાન બને છે. ચેતનની અનુભવ વાણી જ ચેતનને જગાવી દે છે. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

**કરું એક ઉપાય મેં ઉદ્યમ, અનુભવ મિત્ર બોલાવેંગે**
**આપ ઉપાય કરકે અનુભવ, નાથ મેરા સમજાવેંગે**
**મેરે કબ ઘર ચેતન આવેંગે...**[૫]

૩. આત્મસિદ્ધિ શાસ્ત્ર શ્રીમદ્ રાજચંદ્રજી ગાથા ૧૨૯
૪. આનંદઘનજીનાં પદો ભા.– ૧ મોતીચંદ ગિરધરલાલ કાપડિયા પૃ. ૧૧૦
૫ વાચક જશની અનુભવવાણી : ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પૃ. ૬૫

શ્રી ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે, ‘મારો ચેતન ઘરે ક્યારે આવશે ? ચેતના કહે છે કે હવે મારી પાસે એક જ ઉપાય છે કે અનુભવમિત્રને બોલાવી તેને બધી વાત કરું ને સમજાવવાની ભલામણ કરીશ કારણ કે અનુભવ મારા ચેતનનાથનો અંગત મિત્ર છે. અનુભવના આધાર વિના હું સાવ નિરાધાર છું. આનંદઘનજીનાં પદોમાં અનુભવ ચેતનને સમજાવે છે તેથી ચેતનમાં સત્યાસત્યનો વિવેક જાગે છે અને આત્મકમલ વિકસિત થાય છે. આત્મા પોતાના આનંદમાં મસ્ત બની, નિજાનંદની મોજ માણવા તત્પર બને છે.

આ પદમાં આત્માની જ્ઞાનદશા પ્રગટ થઈ છે. જ્ઞાનરૂપી સૂર્યના આગમનથી કમલરૂપી આત્મા ખીલી ઊઠે છે. મિથ્યાત્વ અંધકારને કારણે ચેતનરૂપ ચકવો, ચેતનારૂપી ચકવી વગેરે રૂપકો મૂકી, આ પદમાં આત્મદશાનું માધુર્યપૂર્ણ નિરુપણ કર્યું છે.





## પદ-૧૬

“निशदिन जोउ तारी वाटडी, घरे आवोने ढोला”

ભૌતિક દુનિયાથી દૂર અને આત્મભાવોમાં મગ્ન એવા શ્રી આનંદઘનજી મહારાજે આત્મા અને શુદ્ધચેતનાને પતિ-પત્નીનું રૂપક આપી આ પદમાં વિરહિણી સ્ત્રીની વિરહવ્યાકુળતાનું આબેહૂબ ચિત્ર રજૂ કર્યું છે.

પોતાનો પતિ ઘરે અકારણ મોડો પહોંચે તો તેની સ્ત્રીની મનોવેદના વધી જતી હોય છે તે જ પ્રમાણે શુદ્ધચેતનાનો પતિ ચેતન અનાદિકાળથી ચેતનાને દ્વારે આવ્યો નથી એને કારણે ચેતનાની વિરહદશા કેવી હશે ?

ચેતનને સમજાવવા ચેતનાએ અનેક માર્ગ શોધ્યા અને લીધા. છેવટે એણે અનુભવ મિત્રનો સાથ લીધો. ચેતનાને વિશ્વાસ હતો કે અનુભવના કહેવાથી ચેતન જરૂર સન્માર્ગે વળશે જ તેથી હવે ચેતના, ચેતનની રાહ જોવા લાગી છે. તેથી શ્રી આનંદઘનજી મહારાજ “મારુ રાગમાં” આ સોળમા પદમાં કહે છે,

निशदिन जोउ तारी वाटडी, घरे आवोने ढोला...।
मुख सरिखी तुज लाख है, मेरे तूं ही भमोला...।। निशदिन।। १।।

હે નાથ ! હું તમારી રાત – દિવસ રાહ જોઉં છું. તમારે આવવાના જે જે માર્ગ છે તે માર્ગ પર મારી અનિમેષ દૃષ્ટિ મંડાયેલી જ રહે છે. મને ખબર નથી કે તમે મારે મંદિર કયે રસ્તેથી પધારશો ? તેથી દરેક માર્ગ પર મારી આંખો ફર્યા જ કરે છે. હે પ્રભુ ! હવે કૃપા કરો અને મને પાવન કરો.

આ જગત છ દ્રવ્યોનું બનેલું છે. તેમાં પાંચ દ્રવ્યો તો અજીવ સ્વરૂપ છે. માત્ર એક ચેતન જ જીવ સ્વરૂપ છે. છ યે દ્રવ્યોને જાણનાર તથા જોનાર એક જીવ દ્રવ્ય જ છે. જગતની રંગભૂમિ પર પાત્ર ભજવતી જીવસૃષ્ટિનો વિચાર કરતાં નવ તત્ત્વ સમજાય છે. તેમાં પ્રથમ જીવતત્ત્વ છે. તેને આધારે જ બાકીનાં આઠ તત્ત્વો છે. એક જીવ સ્વરૂપ ચેતન ન હોય તો જગત, જગત તરીકે રહે જ નહીં, તેથી જ્યાં જ્યાં નજર કરીએ

ત્યાં ચેતનનું જ સામ્રાજ્ય છે. પરંતુ ચેતન, અત્યારે ભૌતિક જગતનો વાસી બની ગયો છે. તેને પોતાનો દેશ કે ઘર યાદ પણ આવતું નથી. ચેતનની આ દશાથી ઘરની વ્યક્તિઓ દુઃખી છે છતાં ચેતનની શાન ઠેકાણે આવતી નથી માટે જ ચેતના કહે છે કે હે પ્રભુ ! હે ચેતન ! હવે મહેરબાની કરો, સ્વધામ સીધાવો. મારા મંદિરનાં સોપાન પર બેઠી બેઠી હું તમારી રાહ જોઉં છું. પ્રભુ ! આત્મમંદિરના વધારે નહીં ફકત ચૌદ જ સોપાન છે. આપ અહીં પધારો તો હું નીચે સુધી આપનું સ્વાગત કરવા આવું. કવિશ્રી ઉદયરત્ને શાંતિનાથ પ્રભુના સ્તવનમાં આવો જ ભાવ વ્યક્ત કરતા કહ્યું છે,

**મહારે તો તુ હિ જ એક, ત્હારે મુજ સરીખા અનેક,**
**હું તો મનથી ન મેલું માન, તુમે માન રહિત ભગવાન..**
**સુણો શાંતિ જિણંદ સોભાગી.. ૧**

પ્રભુને ભક્તોનો કોઈ પાર હોતો નથી પણ ભક્તોને ભગવાન તો એક જ હોય છે. ચેતનને પણ મોહદશાને કારણે દુર્વૃત્તિઓ રૂપી અનેક સ્ત્રીઓ ઘેરી વળે છે. ચેતન તે બધાં વચ્ચે મુંઝાય છે ને પછી ફસાય છે. મોહ, મમતા, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા, અભિલાષા રૂપી અનેક સ્ત્રીને તે વશ બની જાય છે પણ અજ્ઞ ચેતનને ખ્યાલ નથી કે આ બધી સ્ત્રીઓ તો ચંચલ છે તે એક ને જ વફાદાર રહેનારી નથી. તેઓ અનેકને લલચાવનારી અને ફસાવનારી છે. આવી કામણગારી સ્ત્રીઓને પનારે પડેલો પુરુષ તો દુઃખી થઈ જાય છે. ચેતના કહે છે કે, હે ચેતન ! હું તો પડછાયાની માફક તમારી સાથે રહેનારી સતી સ્ત્રી છું. હું વિરહમાં ઝૂરતી રહીશ પણ અન્ય પુરુષનો પડછાયો સુદ્ધાં નહીં લઉં, કારણ કે, તમારું મૂલ્ય શું છે તે મને સમજાયું છે. મારે મન તો તમે અણમોલ રતન છો.

આ પ્રકારની વિનંતીથી ચેતનની આત્મદશા ધીરેધીરે સુધરવા લાગે છે. જેથી સાધ્યનું સામીપ્ય થાય છે અને દૂરથી દર્શન થાય છે.

ચેતના, ચેતન સાથે મનોમન શું વાત કરે છે તે માટે કવિ કહે છે,

जवहरी मोल करे लालका, मेरा लाल अमोला...।
जीसके पटषर को नहीं, उसका क्या मोला ?...।। निशदिन।। २।।

ઝવેરીનો સ્વભાવ છે કે રત્નોની પરખ કરી મૂલ્ય કરે. હીરા,





માણેક, પન્ના વગેરે પરખનાર ઝવેરી રત્નપારખુ કહેવાય છે. પણ દરેક રત્ન એક સરખી કિંમતનું ન હોય, કોઈની કિંમત હજાર, તો વળી કોઈ લાખનું, દુનિયામાં કિંમતીમાં કિંમતી વસ્તુ રત્નો છે, પણ તેથી પણ મૂલ્યવાન ચેતન છે. આ ચેતનલાલની તો કોઈ કિંમત આંકી શકાય જ નહીં, એ તો અણમોલ છે. જ્યાં બે વસ્તુ હોય ત્યાં ઊંચ–નીચ જોઈ તેની કિંમત આંકી શકાય છે પણ મારો લાલ તો એકનો એક છે, તેથી તેની કોઈપણની સાથે સરખામણી કરી શકાય નહીં અને એની કિંમત આંકી શકાય નહીં. માણેક તો મસ્તકે, કાને, હાથે ગળે, કમરે એમ વિવિધ રીતે શરીર પર ધારણ કરી શકાય છે. પણ તેને હૃદયની અંદર ધારણ કરી શકાતું નથી આ કારણથી તે પરંતર છે પણ મારો નાથ તો હૃદયમાં જ વસી રહ્યો છે તેથી કોઈ પરંતર નથી. વળી જેનું હૃદયથી પરંતર ન હોય તેનું મૂલ્ય પણ કોણ આંકી શકે ?

માણેકનું ભિન્ન ભિન્ન તેજ હોવાને કારણે તેની કિંમત પણ ભિન્ન ભિન્ન થાય છે ત્યારે મારા આત્મરૂપ તેજની કઇ સીમા નથી માટે તે અમૂલ્ય છે.

કવિએ અહીં ઝવેરાતની વાત કરી છે. હીરા, માણેક વગેરેમાં ડાઘ, લીસોટો વગેરે હોય તો તેનું તેજ ઓછું હોય અને કિંમત પણ ઓછી અંકાય, કવિના જમાનામાં રત્નોના આવા ડાઘ માટે 'પરંતર' શબ્દનો પ્રયોગ થતો હશે આજે 'જિરમ્', 'કચુ' વગેરે શબ્દો વપરાય છે પણ અહીં તો તદ્‌ન સ્પષ્ટ થાય છે કે આત્માના અનંત ગુણોમાં એક એક ગુણ અમૂલ્ય છે. જે ગુણ જડમાં ક્યાંય જોવા મળતા નથી. વળી શુદ્ધદશામાં રહેતા આત્માનું તેજ નિરંતર એક સરખું જ રહે છે. તેનામાં ચન્દ્રકળાની જેમ વધ–ઘટ થતી નથી. તે સૂર્યસમાન હંમેશાં ઝળહળતી જ રહે છે. આ અમૂલ્ય ગુણોવાળા રત્નોના ભંડારની કિંમત કહી પણ થઈ શકે નહીં, ઓજવી તેજસ્વી એવા મારા ચેતનરાજનું હું એક – બે પાંચ કે પચ્ચીસ ભવથી નહિ પણ અનાદિકાળથી અનંત ભવથી રાહ જોઈ રહી છું તેને પામવા હું અત્યંત ઉત્સુક છું માટે જ કવિ ત્રીજી કડીમાં કરે છે,

पंथ निहारत लोथणे, दग लागी अडोला...।
श्रेणी सुरत समाधिमें: मुनि ध्यान झलोका...।। निशदिन।। ३।।

શ્રી બુદ્ધિસાગરજી મહારાજે આ પદમાં 'પંથ' ને બદલે 'પથ' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'પથ' એટલે કે પગ એટલે ભક્ત ભગવાનની ચરણસેવા ઈચ્છે છે. શિષ્ય ગુરુના ચરણ સ્પર્શ કરે છે. જ્યોતિષીઓ પગ જોઈને ભવિષ્ય કથન કરે છે. ડોકટરો હાથ પગના નખ જોઈને દર્દનું નિદાન કરે છે. આ રીતે વિચારતા પગનું મહત્ત્વ સવિશેષ છે. જેના પગ સુંદર તેનું ભવિષ્ય ઉત્તમ હોય તેમ અનુભવી કહે છે.

અહીં ચેતના કહે છે કે હે પ્રભુ ! હું આપનાં ચરણોની દાસી છું. આપનાં ચરણોની સેવા ઈચ્છી રહી છું. મારાં લોચન આપના ચરણકમળનાં દર્શન કરવા અડોલઆસન ઢાળીને બેસી ગયા છે. સાધ્ય વસ્તુમાં જ જેમ ઉપયોગ સ્થિર થાય છે તેમ મારી નજર તારા ઉપર જ ઠરી છે અને હૃદયમાં "તૂં હી, તૂં હી" ના જાપ ચાલ્યા કરે છે. વ્રત, નિયમ વડે મને મારા નાથ મળશે તેમ માનીને હું મારી આંખનું મટકું પણ મારતી નથી. મારાં લોચન આપના માર્ગ પર સ્થિર થઈ ગયા છે. જેમ યોગીનું સાધ્ય સમાધિમાં અને મુનિનું મન ધ્યાનમાં સ્થિર થાય છે તેમ હે લાલ ! મારી દૃષ્ટિ પણ તમારા પર જ સ્થિર છે. જ્યાં દેખું ત્યાં તૂંહી તૂંહી જ થયા કરે છે.

શ્રી હેમચંદ્રાચાર્યજી યોગશાસ્ત્રમાં કહે છે,

ધ્યાનમાં ચિત્તની અદ્ભુત સ્થિરતા પ્રાપ્ત થાય છે. આગળ જતાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકાગ્રતા થઈ જાય છે. સમાધિ ધારણ કરવી તે યોગીનું ચરમ સાધ્ય છે. તેમ હે નાથ ! આપના માર્ગરૂપ ધ્યેયને હું અનિમેષ દૃષ્ટિથી જોયા કરું છું. જેમ યોગી, સમાધિમાં સ્વરૂપ શૂન્ય થઈ જાય છે તેમ હે નાથ ! મારી દશા છે. મુનિ ધ્યાનમાં સ્થિર રહે છે તેમ હે દેવ ! હું એકાગ્રતા કરીને તમારી માર્ગપ્રતિક્ષા કરું છું. સારાંશ કે હું એકાગ્ર દૃષ્ટિએ તમારા આવવાના માર્ગને જોયા કરું છું જેમ યોગી તથા મુનિ છે તેમ હું પણ છું.

સાધકના મનની સ્થિરતા એટલી હદ સુધી થઈ જાય છે કે છેવટે મનોયોગનો પણ નિરોધ થઈ જાય છે. શુક્લધ્યાનના ચોથા પાયામાં મનોયોગનો નિરોધ કરી જીવ સિદ્ધદશાને પામે છે. જે જીવની ચરમ અને પરમ ધ્યેયપ્રાપ્તિ છે. ચેતના પણ એવો જ અનુભવ કરી રહી છે તેનું સ્પષ્ટદર્શન આ પદમાં થાય છે. કવિશ્રી ચેતનાની મનોવ્યથાનું વર્ણન





કરતાં ચોથી કડીમાં કહે છે,

कौन सुने किनकुं कहुं, किम मांडुं मैं खोला...।
तेरे मुख दीढे टले, मेरे मनका चोला...।। निशदिन।। ४।।

ચેતના, ચેતનની સાથે મનોમન વાતો કરે છે અને કહે છે કે હે પ્રભુ ! આપનામાં હું કેવી તલ્લીન થઈ ગઈ છું તે હું કોને કહેવા જાઉં ? મારી આવી વાતો સાંભળનાર પણ કોણ છે ? સમકક્ષની વાતો બધા સાંભળે અને જાણે પણ મને તો આ જગતમાં તારાથી કોઈ ઉત્તમ દેખાતું જ નથી. તેથી મારી વાત કોણ માને ? કારણકે ધર્માસ્તિકાય વગેરે જડ છે તેને તો ચેતનનો કોઈ અનુભવ જ નથી. મારો ને તારો અભેદ સંબંધ છે. ચેતનથી ભિન્ન પુદ્ગલ દ્રવ્ય તો સ્વયં જાતે જ જડ છે. તેથી તેમાં સુખ ગુણ નથી. ત્યારે ચેતના કહે છે કે મારું જીવન સહજ સુખરૂપ છે. કારણ કે ચેતન સ્વામી સાથે મારો તાદાત્મ્ય સંબંધ છે. મારી અને એની એક જ જાતિ છે અને એક જ સ્વભાવ છે પરંતુ પુદ્ગલને કારણે ભેદતા દેખાય છે માટે જ કહું છું કે હે પ્રભુ ! મને એક વખત તો આપના મુખદર્શન કરાવો. હે નાથ ! તમારી પાસે હું ખોળો કેમ પાથરું ? ખોળો પાથરવો એટલે દીનતા વ્યક્ત કરવી. હું ગરીબ કે ભિખારી પતિની પત્ની નથી કે જેથી મારે ખોળો પાથરવો પડે અને ભીખ માંગવી પડે. મારો સ્વામી તો શાહુકાર છે. શાહુકાર પતિની પત્નીને શી ચિંતા હોય ? શુદ્ધચેતના કહી રહી છે કે હે પ્રભુ ! જ્યારે હું આપનું મોઢું જોઉં છું ત્યારે મારા મનની ડામાડોળ સ્થિતિ ચાલી જાય છે અર્થાત્ હું તમારામાં સ્થિર થઈ જાઉં છું. મારો તમારો એક વખત મેળાપ થયા પછી કદી પણ વિરહ પડતો નથી. માત્ર મિલનથી જ મનની અસ્થિરતા દૂર થઈ જાય તો હંમેશના સંયોગથી કેવી સ્થિતિ સર્જાય ? માટે જ કહું છું કે હે નાથ ! હવે આપ મારા મંદિરે પધારો, વિવેક શું કહે છે તે કવિ આ પદની પાંચમી કડીમાં કહે છે,

मित्त विवेक बातें कहें, सुमता सुनि बोला...।
आनंदघन प्रभु आवशे, सेजडी रंग रोला...।। निशदिन।। ५।।

ચેતનાવતી, સમતારૂપ સાહેલી ચેતનને સમજાવવા અત્યાર સુધી પ્રાર્થના કરી રહી છે, તેની પ્રાર્થના સાંભળીને વિવેકરૂપી મિત્ર સમતાને પ્રાર્થના કરતા કહે છે કે હે સમતા ! હવે તું જરા પણ ચિંતા ના કરીશ. તું

સર્વપ્રકારે વિષાદમુક્ત બની જા. હવે ચેતનનો ચેતના સાથે સંબંધ થવા લાગ્યો છે. તેના મનની ગુપ્ત વાત હું તને કહી રહ્યો છું, મેં તેને વિશિષ્ટ વસ્તુઓનું તથા સ્વસ્વરૂપનું જ્ઞાન આપ્યું છે. તેથી તે માયા, મમતાના સંગથી મુક્ત થવા લાગશે. જેમ હંસની તાકાતથી દૂધ અને પાણી જુદા થઇ શકે છે તેમ મારું કામ પણ ચેતનને કુમતિથી જુદો કરવાનું છે. ચેતનને ચેતાવી સન્માર્ગે લાવવો તે મારું કાર્ય છે. આજ સુધી મેં અનેક જીવોનાં દિવ્યચક્ષુઓ ખોલાવી સિદ્ધ – બુદ્ધ પરમાત્મા બનાવ્યા છે.

હે સમતા ! હું ચોથે પગથિયે તારા આત્મસ્વામીને મળીશ અને સત્ય સમજાવીશ. મને વિશ્વાસ છે કે તારો પતિ સમજી જશે અને તરત જ તને મળવા તે ઉત્સુક બની જશે. તારા મંદિરમાં જરૂર પધારશે અને તારી સેજમાં આવી તારી સાથે આનંદરસમાં રંગાઈ જશે. તને તે પોતાના પ્રેમમાં ભીંજવી દેશે. પછી તો તારા જીવનમાં આનંદસાગર લહેરાવા લાગશે માટે, હવે તું નિશ્ચિંત બની સ્વરૂપસ્થ થઈ જા.

આ પદમાં કવિશ્રીએ આત્મશુદ્ધિની વાત દર્શાવી છે. આત્મામાં જો સત્યાસત્યનો વિવેક જાગે તો આત્મશુદ્ધિની દિશા ખુલ્લી જાય છે અને મિથ્યાત્વરૂપ મહાઅંધકાર દૂર ખસી જાય છે. વિવેક પોતાનું કાર્ય સંભાળવા કટિબદ્ધ થયો છે. તે ચેતનાને વચન આપે છે કે તારે હવે આનંદરસમાં રંગરેલી કરવાની છે. પ્રાણીના જીવનમાં સુખ અને દુઃખ, તડકો અને છાયો આમ ચાલ્યા જ કરે છે. ચેતના અત્યાર સુધી વિરહ દુઃખથી અત્યંત પીડિત હતી પણ હવે એવો સમય આવશે કે જયારે અનંત–અનંત કાળમાં ક્યાંય દુઃખની છાયા પણ નહિ હોય.

જીવ, વિભાવદશામાંથી સ્વભાવદશામાં એટલે કે પોતાનાં મૂળ સ્વરૂપમાં પાછો ફરે છે ત્યારે જેમ ગુમાવેલી મૂડી પાછી મળતા જે આનંદ થાય તેવો આનંદ ચેતનને થાય છે. પ્રિયતમા અને પ્રિયતમનું રૂપક કવિએ આરંભમાં પ્રયોજયું છે. માટે જ અંતિમ કડીમાં મિલન માટે સેજ ( પથારી ) નું રૂપક પણ કવિએ પ્રયોજયું છે. આ પદ ગીતિકારૂપે તન્મય થઈ જવાય તેવું, આત્મવિભોર ભાવોને ઉત્તેજન આપતું આ પદ છે.





## પદ-૧૭

"છોરાને ક્યું મારે છે રે"

કવિશ્રી આનંદઘનજીએ ઉચ્ચભાવોને પ્રગટ કરી, સર્વજન હિતાર્થની ભાવના વડે આ પદમાં નવીનતાના દર્શન કરાવ્યા છે.

સોરઠ ગિરનારી રાગમાં આ પદ લખાયેલું છે. જેમ સિંહગર્જનાથી બધાં વનચર પ્રાણીઓ ભયભીત થઈ ભાગી જાય છે તેવી રીતે કવિશ્રીએ આ પદમાં સિંહગર્જના કરી છે.

**छोराने क्युं मारे छे रे, जाय काटया डेण...।**
**छोरो छे मारो बालो भोलो , बोले छे अमृत वेण...।।छोराने।।१।।**

છોરો એટલે છોકરો, દીકરો. અહીં દીકરો તે કોણ ? કવિએ અહીં સમ્યક્ત્વને દીકરારૂપે વર્ણવ્યો છે. વિવેકે આવી આત્માને જાગૃત કર્યો ત્યારે સુમતિ ચેતનને કહે છે કે "હે સ્વામી ! તમે સમ્યક્ત્વરૂપ દીકરાને શા માટે મારો છો ? તેના કારણે તો આપણું દેવું ( ડેણ ) કપાશે. અહીં ઉપશમ સમ્યક્ત્વને દીકરો કહ્યો છે. એ ઘણો જ હોંશિયાર તથા બુદ્ધિમાન છે. સુમતિ કહે છે કે હે ચેતન ! આ દીકરો તારા ભવોભવના દેણાનો નાશ કરનાર છે. જે બાપની સંપત્તિ પર બેસે તે કાયર ગણાય છે. પણ જે દીકરો પોતાની કાંડાની કમાણી વડે બાપને કરજમાંથી મુક્ત કરે છે તે સુપુત્ર અથવા શૂરવીર કહેવાય છે. આ સમ્યક્ત્વરૂપ બેટડો તો મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર છે. દિ–વાળે તે દીકરો. ઘરમાં, કુળમાં પ્રકાશ કરે તે દીકરો તેણે સમ્યક્ત્વરૂપ જ્ઞાનનો પ્રકાશ પ્રગટ કર્યો છે. જેથી અજ્ઞાનરૂપ અંધકાર નાશ પામ્યો છે. ચેતનનો આ દીકરો બાપને કર્મના દેવામાંથી મુક્ત કરે છે.

કવિએ ઉપશમ સમ્યક્ત્વને બાળકની ઉપમા આપી છે. ચેતન પર મિથ્યાત્વરૂપ કર્મનું દેણું હતું. તેમાંથી આત્માને મુક્ત કરી હળવો ફૂલ બનાવી દીધો છે. પણ ઉપશમ સમ્યક્ત્વની અંતર્મુહૂર્તની સ્થિતિ હોવાને કારણે અને અનાદિથી ઘર કરીને બેઠેલું મિથ્યાત્વ ઉપશમને અલ્પ સમયમાં જ બહાર કાઢી મૂકે છે. ઉપશમ ચેતનના ઘરમાંથી વિદાય લઇ લે છે પણ

શુદ્ધચેતના તથા શુદ્ધચેતનનું મિલન થતા, સમ્યક્ત્વરૂપ દીકરાનો જન્મ થાય છે. પણ તે હજી નાનો છે તેથી કવિ કહે છે કે તે બાળો – ભોળો છે. તેનામાં બાળકબુદ્ધિ છે. તે નાનો હોવાને કારણે કોઈ તેને ચૂપ બેસાડી દે છે અથવા કોઈ ઘરની બહાર કાઢી મૂકવાની ધમકી આપે ત્યારે તે શાંત બેસી જાય છે. આ નાનકડા દીકરાની ભાષા ઘણી મીઠી છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં ચેતનની વાણી, વર્તન તથા વિચાર બધું બદલાઈ જાય છે. સમ્યક્ત્વની કાલી – કાલી, મીઠી – મીઠી બોલીથી જીવન નંદનવન સમું બની જાય છે. બાળકને જન્મ આપ્યા પછી સ્ત્રીના જીવનમાં પરિવર્તન આવી જાય છે. તે સ્ત્રી બાળકમય બની જાય છે. તેવી રીતે સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં ચેતનાની દશા બદલાઈ જાય છે. દશા બદલાઈ જતાં દિશા બદલાઈ જાય છે.

અનાદિના મિથ્યાત્વીજીવને સર્વ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વના મૂળ ઉપશમી જાય છે તેથી મિથ્યાત્વ પાછો પરચો બતાવે છે. પરંતુ પરિણતિમાં એટલો બધો ફરક પડી જાય છે કે આજ સુધી કુદેવ ને દેવ, કુગુરુને ગુરુ અને કુધર્મને ધર્મ માનતો હતો. તેને બદલે સુદેવ, સગુરુ ને સુધર્મ પ્રતિ તે શ્રદ્ધા રાખતો થઈ જાય છે તથા શ્રદ્ધા દૃઢ બનતી જાય છે. સત્ય સમજણ આવતાં, આ બાળક તો આત્મધર્મ અને કેવળીપ્રણીત ધર્મને અભેદ બતાવે છે તથા શુદ્ધ ધર્મનું જ્ઞાન કરાવે છે તથા સાધ્ય દર્શન કરાવે છે. આવો ઉત્તમ આ બાળક છે. તેને તું શું જોઈને મારે છે ? શા માટે તેનો નાશ કરવા યત્ન કરે છે ? તારું આ કાર્ય તદ્દન ગેરવ્યાજબી છે. આ સમ્યક્ત્વરૂપ બેટડો તો હવે ધીરે ધીરે મોટો થવા લાગ્યો છે. તેની પ્રગતિ તો નજરે જોઈ શકાય તેવી છે. તે કેવો છે તે બતાવતા કવિ બીજા કડીમાં કહે છે,

लेय लकुटिया चालण लाग्यो अब कांई फूटा छे नेण...।
तु तो मरण सिराणे सुतो, रोटी देसी कोण ?...।।छोराने।। २।।

લેણદાર મિથ્યાત્વ ! તું જરા આંખ તો ખોલ. તું આ દેણદારનો દીકરો તો પ્રગતિ કરી રહ્યો છે. તે સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે તથા તત્ત્વરુચિ અને આગમ શ્રદ્ધાના બે પગ વડે ઉપશમસમ્યક્ત્વની લાકડી લઈ ચાલી રહ્યો છે અર્થાત્ જ્ઞાનરુચિ તથા વીતરાગ વચન પરની શ્રદ્ધારૂપ





પગ ડગુમગુ થતાં ચાલી રહ્યો છે. પરંતુ લાકડીનો ટેકો મળતાં સ્વરૂપાનુભવ કરે છે. ચેતનરાજનો હવે ઉત્ક્રાંતિનો કાળ શરુ થયો છે. કવિ પોતાના તરફથી કહે છે કે અનાદિકાળથી ચેતનની સાથે વસતા, હે વૃદ્ધ મિથ્યાત્વ ! શું તારી આંખો ફૂટી ગઈ છે ? તને કાંઈ દેખાતું નથી ? અથવા ચેતનનાં કેવળજ્ઞાનદર્શનનાં નેત્રો તો અનાદિકાળથી ફૂટી ગયાં છે. એવી ફૂટેલી આંખે શું જોવાનું હોય અને શું દેખવાનું હોય ? હે મિથ્યાત્વ ઘરડા ડોસા ! તું તો આ જન્મ આંધળો છે તને સ્વરૂપ જ્ઞાનનો ભાસ ક્યાંથી થાય ? વળી હવે તો તું ઘરડો થઈ ગયો છે. અત્યાર સુધી તો તે આત્મમંદિરમાં રહી ઘણો વિલાસ કર્યો. વાણીવિલાસ વડે લોકરંજન પણ કર્યું પરંતુ હે અજ્ઞાની ! તું કેટલો મૂર્ખ છે કે જે ઘરમાં તું રહે છે તે ઘરના માલિકને પણ તું ઓળખી ના શક્યો ? તું કેટલી અધમપ્રકૃતિનો માણસ છે કે જેણે પોતાની સજ્જનતા વાપરી રહેવા આશરો આપ્યો તું તેના જ ઘરનો માલિક બની બેઠો છે. તેનાં જ્ઞાન, દર્શનાદિ રત્નભંડારોને તે દાબી દીધા છે. ઉપરાંત ઘરને ઊકરડા જેવું બનાવી દીધું છે. આ કાંઈ જેવી તેવી નીચતા નથી. સમ્યક્ત્વરૂપ દીકરો તારી આ સ્થિતિ ચલાવી લેશે નહીં. તારી તો હવે વૃદ્ધાવસ્થા છે. તું તો હવે મરવા વાંકે જીવી રહ્યો છે. તને હવે મોત બોલાવી રહ્યું છે કારણ કે ચેતનને સમ્યક્ત્વરૂપ દીકરાનો સાથ મળી ગયો છે. આગમમાં કહ્યું છે,

"पाणवारा उवसभियं" ઉપશમ સમકિત પાંચ વાર આવે ૧

આ પ્રકારના સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જરૂર ક્ષપકશ્રેણી શરૂ થાય અને ક્ષપકશ્રેણીનો આરંભ થતાં મિથ્યાત્વનો સમૂળગો નાશ થઈ જાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ તેમજ મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય અને સમકિતમોહનીય એ તારો ખોરાક હતો પણ ક્ષાયક સમકિત પ્રાપ્ત થતાં હવે તને એવો ખોરાક મળશે નહીં માટે તારે તો ઉપવાસ કરવાનો વારો આવશે. ખોરાકના અભાવમાં તારી જીવન શક્તિ પણ ક્ષીણ થતી જશે અને છેવટે મરણ સિવાય બીજો કોઈ ઉપાય નથી. ચેતન તો સમ્યક્ત્વના આધારે એવો તો શક્તિશાળી બની ગયો છે કે તે વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરી લેશે. પરંતુ જો ઉપશમ સમકિત હોય તો મિથ્યાત્વ એવું જબરદસ્ત જોર

કરે છે કે જેથી એક વખત તો ચેતનને પછાડે જ છે પરંતુ ચેતન પાછો આળસ મરડીને બેઠો થઈ જાય છે અને પછી તો એવી દોટ મૂકે છે કે મિથ્યાત્વના તો ભૂક્કા બોલી જાય છે. ચેતન સ્વરાજયને પ્રાપ્ત કરી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બની જાય છે.

હવે ચેતના ! ચેતનને વિનંતીના સૂરમાં કહે છે,

"જોઈ હૃદયનેત્ર, વનક્ષેત્ર પધારો પ્રીતે રે;
તારા રત્નત્રયીની સાથ, રાખો રસ રીતે રે... ૧

હે ચેતનપરમાત્મા ! હવે તો તમે તમારી હૃદયરૂપી આંખે મારી સામું તો જુઓ અને તમે મારા હૃદયરૂપી ઘરમાં પ્રેમથી પધારો. બસ તમે મને તમારા રત્નત્રયી રંગમાં રંગી દો. ત્રિરત્નના રસમાં તરબોળ કરી દેજો. પ્રભુ ! તમારા દર્શનમાત્રથી જ મારી મિથ્યા ભ્રમણા ભાંગી ગઈ છે. બસ મારે ઘરે તો હવે નિત્યપ્રતિ દિવાળી છે. સમ્યક્ત્વરૂપ બેટડાની (પુત્રની) મા હું આજે ગૌરવ અનુભવુ છું કે મારો દીકરો કેવો ભાગ્યશાળી છે કે તે હવે ત્રિલોકીનાથ બનશે. સંસારના સર્વ જીવોનો તારણહાર એવો મારો દીકરો મને પણ તારી ને તીર કરશે. સંયમનો તે પિતા બનશે તથા પુણ્યાત્માના પગલે ધનના ઢગલા થાય, તેમ શુદ્ધાત્માના પગલે ગુણ ભંડારોના ઢગલા થશે.

તે આત્મગુણો ક્યા છે તે બતાવતા કવિ ત્રીજી કડીમાં કહે છે,

पांच पचीस पचासा उपर, बोले छे सुधा वेण...।
आनंदघन प्रभु दास तुमारो, जनम जनम के सेण...।।छोराने।।

સમકિતરૂપ પુત્રથી સંયમરૂપ દીકરાનો જન્મ થયો. તે દીકરો પાંચ, પચ્ચીસ કે પચાસ વર્ષ ઉપરનો થાય છે ત્યારે તેની વાણી તથા વચનમાં શુદ્ધતા પ્રગટતી જાય છે અને જેમ જેમ સંયમપર્યાય વધતી જાય છે તેમ તેમ ભાષાસમિતિમાં ઉચ્ચતા, શુદ્ધતા આવતા ભાષામાં પણ મધુરતા ટપકે છે અને ચેતન પોતાની મધુર ભાષા વડે લાખો માણસોનું હિત કરે છે. હે આનંદઘનદેવ ! ચેતન સ્વામી હવે તારો જન્મોજન્મનો દાસ છે. તેણે હવે તારું જ શરણ સ્વીકાર્યું છે. જેથી તારા જેવો આત્મવૈભવને હું પણ પામી શકું. હે દેવ ! હવે આપ સમતારૂપ જળથી તેને સ્થાન કરાવો અને શુદ્ધ પ્રેમભાવથી તેના તરફ દૃષ્ટિ કરો.





સુમતિ મિથ્યાત્વ ડેણને કહે છે કે પરમેશ્વરભાષિત આગમમાં એવું વચન છે કે સમાયાવચ્છેદે, અસંખ્યાતજીવો ઉપશમસમકિતને પામીને સર્વ જીવો આગમાનુયાયીથી શુદ્ધ વચન બોલે છે કારણ કે હવે ક્ષપકશ્રેણીનો પ્રારંભ થઈ ગયો છે. હે પ્રભુ ! આત્મસ્વરૂપ તમારો ઉપશમસમકિતનો દાસ છે. કારણ કે હવે તો જન્મોજન્મના તમે તેના સ્વજન છો.

આ પદમાં વિવેક, ચેતનને કહે છે કે હે ચેતન ! તું સંયમરૂપ બાળકને શા માટે મારે છે ? તું અસંયમથી તો મરેલો છે. માટે વિવેક મિથ્યાભાવોને કહે છે કે, હે મરેલા મડદા ! બિન ઉપયોગી તું છો. જેમ નવદીક્ષિતને દીક્ષા પછી પરિસહ આવતાં અસંયમના ભાવ આવી જાય છે. (જેમકે મેઘકુમાર) આ પ્રકારના અસંયમના ભાવથી મુક્ત થવા પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે. સંયમ વિના શુદ્ધચેતનાનું પ્રાકટ્ય થતું નથી માટે જ તેની રક્ષા કરવાની રહે છે. તેથી વિવેક કહે છે કે સંયમરૂપ દીકરો હજુ નાનો છે તે ભદ્ર પરિણામી છે. તે બધાનું હિત ઈચ્છનાર છે. તે મીઠી વાણીથી બધાંને બોલાવે છે. કારણકે તે ભાષાસમિતિનું પાલન કરે છે. આવા ઉત્તમ ગુણયુક્ત મારા દીકરાને તું શા માટે મારે છે ? સંયમરૂપ બાળક હવે થોડો મોટો થયો છે. તે પાંચ, પચીસ વચન બોલતો નથી પણ હવે તો ઘણું બોલે છે.

પાંચ બોલ પંચ મહાવ્રત

પચ્ચીસ બોલ પાંચ મહાવ્રતની પચીસ ભાવના.

પચાસ – તપના ૫૦ ભેદ

સંયમરૂપ દીકરો આવા મીઠાં વચનો બોલે છે. ચરણસિત્તરી અને કરણસિત્તરીની વાતો પણ કરે છે માટે હે આનંદઘન પ્રભુ ! મારા નાથ ! આ દીકરો તમારો જ છે ને તમારાથી જ ઉત્પન્ન થયો છે તેથી જ આ બાળક આપને કહે છે કે હે પ્રભુ ! તમે મારા જન્મજન્મના સગા છો તેથી આ સગપણ કાયમ ટકાવી રાખજો. હું આપનો સાથ છોડવા જરા પણ ઈચ્છા રાખતો નથી. તમે મારો હાથ ઝાલ્યો છે, હવે કદી પણ મારો હાથ છોડતા નહીં, આ વચન સુમતિ ચેતનને કહે છે.

વ્યવહારુ ભાષા પ્રયોગ દ્વારા, અધ્યાત્મના ઉન્નતભાવો અભિવ્યક્ત કરવાની કવિની શક્તિનું સુભગદર્શન, આ પદમાં થાય છે.

# પદ-૧૮

"રીસાની આપ મનાવો રે।"

જીવનો મૂળભૂત વીતરાગસ્વભાવ છે. છતાં પણ કર્મયોગે પોતાના સ્વભાવને ભૂલી આત્મા, વિભાવને વશ બની જાય છે. રાગ અને દ્વેષથી યુક્ત આત્મા, સાંસારિક પદાર્થોમાં રતિ–અરતિ ભાવ કરી, કર્મમલથી મલિન બને છે. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ તો છે જ. કોઈ વ્યક્તિને એક વ્યક્તિ પ્રત્યે પ્રેમ થાય છે તો બીજી વ્યક્તિ પ્રત્યે દ્વેષ પણ થાય છે. પરંતુ દરેક જીવને દરેક વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે દ્વેષ પણ થાય છે. પરંતુ દરેક જીવને દરેક વસ્તુ કે વ્યક્તિ પ્રત્યેના રાગ–દ્વેષમાં તીવ્રતા કે મંદતાનો ભાવ હોય છે. ભાવના આધારે તેની વાણી–વર્તનમાં પરિવર્તન થાય છે.

કવિના આ પદમાં સુમતિ તથા ચેતનનો સુંદર વાર્તાલાપ રજૂ થયો છે. ચેતના સ્ત્રી છે, સ્ત્રીજાતિમાં રીસ અધિકતર જોવામાં આવે છે. આ પદમાં ચેતનથી, ચેતના રીસાઈ ગઈ છે. તેથી ચેતન સુમતિને કહે છે કે 'હે સુમતિ ! ચેતના તો જાણે શોકભવનમાં જઈને બેસી ગઈ હોય તેવું લાગે છે. તેમાં સ્ત્રીહઠ છે, તેથી તેને મનાવવી મુશ્કેલ છે.

સુમતિ ચેતનાને મનાવવાનો માર્ગ ચેતનને બતાવે છે.

'માલકૌંશ રાગમાં' કવિ કહે છે,

रीसानी आप मनावो रे, प्यारे बीच्च वसीठ न फेर...रिसानी<br>
सोदा अगम हे प्रेमका रे, परख न बूझें कोय;<br>
ले दे वाही गम पडे प्यारे, और दलाल न होय...रिसानी।। ३।।

આજ સુધી ચેતનને ઘણો સમજાવ્યો. અનુભવમિત્રને વિનંતી કરી. વિવેકનો આધાર લીધો. પણ 'આપ મુઆ વિના મોક્ષ ન જવાય' એમ વિચારી સુમતિ સ્વયં કાંઈક કરવા તત્પર બને છે. ચેતનને હવે પોતાની ભૂલ સમજાઈ છે. ચેતનને લાગે છે કે પૌદ્‌ગલિક સુખોમાં રાચી રહેવું તે મારો સ્વભાવ નથી. પણ ઇન્દ્રિયજન્ય વિષયભોગનો ત્યાગ કરી, ચેતનત્વ પ્રગટાવવું તે જ મારો ધર્મ છે. ચેતન હવે ચેતનાને મળવા ઉત્સુક થયો છે. તે સુમતિને પૂછે છે કે ચેતનાને પાછી કેવી રીતે મેળવી શકાય ?





સુમતિ કહે છે કે હે નાથ ! ચેતનાને આપ પોતે જ સમજાવો, વચ્ચે કોઈ દલાલ રાખવાની જરૂર નથી. વેપારી દલાલ મારફત માલની ખરીદી અને વેચાણ કરે છે પણ તમારે તો પ્રેમનો સોદો કરવો છે. પ્રેમ એ કોઈ બજારુ વસ્તુ નથી કે જેથી દલાલની જરૂર પડે. પ્રેમ એ તો અંતઃકરણનો વિષય છે. કોઈપણ સ્ત્રી પોતાની અને પતિની વચ્ચે ત્રીજી વ્યક્તિને ઈચ્છતી નથી. પોતાના હૃદયના ભાવો તે પતિ સિવાય બીજે ક્યાંય પ્રગટ કરતી નથી. માટે હે ચેતન ! ચેતનાને મનાવવા હવે તારે જ જવું પડશે. તે તો સતી સ્ત્રી છે. તે કોઈ વેશ્યા કે કુલટા સ્ત્રી નથી કે તેને વચ્ચે દલાલ રાખવો પડે. સતી સ્ત્રી તો પતિને ઈચ્છતી હોય છે. પતિના મનાવવાથી તે માની જાય છે. પ્રેમનો સોદો ન હોય, પ્રેમની ભાષા પ્રેમી જ જાણે. જે વ્યક્તિ સંસારવાસનાથી ભરેલી હોય તે પણ જો કુળવાન હોય તો પ્રેમવાર્તા પતિ સિવાય બીજી કોઈ વ્યક્તિ સાથે કરતી નથી ત્યારે આ તો વિષયવાસનાથી રહિત અવિકારી ભાવોનો પ્રેમ છે. વીતરાગભાવોની ઉત્તમ વાતો તો જેની ભૂમિકા હોય તેની સાથે જ થાય.

એક કવિએ કહ્યું છે,

"यह मीठा प्रेमका प्याला कोई पीगा किस्मतवाला"

આત્મપ્રેમનો મધુરરસ પૂર્ણ પ્યાલો કોણ પી શકે ? યોગ્યતા સિવાય પીવાય નહીં અને પીવે તો પચે પણ નહીં માટે આ પ્રેમ પરીક્ષાને કોઈ નથી જાણી શકતું તો માણવાની તો વાત જ ક્યાં રહી ? પ્રેમ એ જોવાની કે બતાવવાની વસ્તુ નથી પણ અનુભવની ચીજ છે. જયારે એક બીજા સામસામે મળે છે ત્યારે તેની આંખોમાં અને હૃદયમાંથી પ્રેમનો સ્ત્રોત એકાએક વહેવા લાગે છે.

હવે ચેતનાને મનાવવાનો માર્ગ સુમતિ ! ચેતનને ક્યો બતાવે છે તે કવિ બીજી કડીમાં કહે છે.

दो बातां जीयकी करो रे, मेटो मनकी आंट...।<br>
तनकी तपत बुझाइअे प्यारे, वचन सुधारस छांट...।।रिसानी।।२।।

જયારે ચેતન શુદ્ધચેતનાને મનાવવા ઉત્સુક થયો ત્યારે સુમતિ, ચેતનને કહે છે કે, હે ચેતન સ્વામી ! શુદ્ધચેતનાને સમજાવવી તે કોઇ

સરલ વાત નથી. કારણકે તે સામાન્ય સ્ત્રી નથી તેથી તારે અથાગ પુરુષાર્થ કરવો પડશે. સર્વ પ્રથમ તમે તેની પાસે જઈ તમારી શક્તિની તેમજ ગુણરત્નોના ભંડારની બે વાતો કરો. પરંતુ એ વાત કરતાં એક શરત મંજૂર કરવી પડશે કે તમારે તમારું અભિમાન અળગું કરી દેવું પડશે. નમ્રતાની મૂર્તિ બની આત્માની બે વાતો કરો પણ એ વાત કરતાં એક શરત આત્માની બે વાતો દિલ ખોલીને કરો. હું આમ છું અને મારામાં અનંતશક્તિ છે, બધાંને ઉખેડીને ફેંકી દઉં તેટલી મારી તાકાત છે, આવી વાણી ત્યાં ઉચ્ચરતાં નહીં, તમે અભિમાનની આંટીને કાઢી નાંખો પછી બે વાતો કરો.

અહીં લક્ષણથી અન્ય અર્થ નીચે પ્રમાણે લઈ શકાય છે. ચેતન અનાદિકાળથી પરભાવ રમણ કરી રહ્યો છે. તેથી ચેતન અને ચેતના વચ્ચે વૈમનસ્યની ગાંઠ પડી ગઈ છે. તે ગાંઠને ગાળી, આંટીઘૂંટી ઓગાળી, હે ચેતન ! આપ ચેતનાને બે વાત કરો. પ્યારા ચેતનરાજ ! આજ સુધી આપે બાહ્ય સુખ– ભોગમાં જ આનંદ માણ્યો છે તેની પ્રાપ્તિ ન થવાથી આપના શરીરમાં વિષયાગ્નિ જલી રહ્યો છે. આપ પહેલાં વાસનાના અગ્નિને બુઝાવી દો. કારણકે એક બાળક પણ અગ્નિનો સ્પર્શ કરવા ચાહતો નથી તો ચેતના તમારી આ દશા જોઈ તમારી પાસે ક્યાંથી આવે ? તેથી પહેલાં અગ્નિ શાંત કરો પણ આ અગ્નિ એની મેળે બુઝાશે નહીં. તેને બુઝાવવા ઉત્તમ સાધન જોઈએ. તે છે સર્વજ્ઞદેવનાં વચનરૂપ વાણીનું પાન જેમ કડકડતા તેલમાં ચંદનના બે છાંટા પડે તો ત્યાં તેલ ઠરી જાય છે તેમ વિષયકષાય જન્ય અગ્નિમાં તીર્થંકર પરમાત્માના સુધારસ વચનના છાંટણાં થતાં તમારો અગ્નિ શાંત થઈ જશે.

મોતીચંદભાઈ કાપડિયા લખે છે કે "આત્મા જયારે ક્ષાયક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તેને શુદ્ધચેતનાનો નિરંતર સંબંધ થાય છે પણ ત્યાર પહેલાં પરભાવરમણ અને સ્વરૂપ સંતાપ આ બંને ભાવો શાંત કરવા પડે છે. તેને મૂળમાંથી ઉખેડી નાખવા પડે. સર્વજ્ઞ કથિત વાણીથી આ કાર્ય સહજ બની જાય છે" ૧.

ચેતનાને સમજાવવાનો આ એક રસ્તો બતાવ્યો, હવે બીજો રસ્તો સુમતિ શું બતાવે છે તે કવિના શબ્દોમાં જોઈએ.





नैक नजर निहालीए रे, उजर न कीजें नाथ।
तनक नजर मुजरे मिले प्यारे, अजर - अमर सुख साथ।। ३।।

સુમતિ, ચેતનને કહે છે કે નાથ ! જગતના સર્વ જીવો પર દયા દ્રષ્ટિ રાખો. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોમાં આપ આત્મપ્રભુનાં દર્શન કરો. આ ભાવ માટે મૈત્રીભાવ કેળવવો પડે છે. શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે,

સર્વમિત્ર કરી ચિંતવો સાહેલડી રે, કોઈ ન જાણે શત્રુઓ;
રાગ- દ્વેષ એમ પરિહરી સાહેલડી રે, કીજે જન્મ પવિત્ર તે. ૨

કોઈ ઉપર રાગ–દ્વેષ, ન કરતાં, સમભાવ રાખી, સર્વ જીવો સાથે બંધુભાવ કેળવવો જોઈએ. 'નેક નજર' એટલે મીઠી નજર. અમીદ્રષ્ટિ જયારે સર્વ જીવો સામું મીઠી નજરથી જોવામાં આવે છે ત્યારે ચેતનાને સમજાવવી સરલ બની જાય છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે કેઃ

"કરુણા કીજે સર્વ જીવો પર, ભાવ દયા ચિત્ત ધારી રે" ૩

સર્વજીવો પર દ્રવ્ય અને ભાવરૂપ કરુણાદ્રષ્ટિથી જોવું જોઈએ. અન્યની ઈર્ષા – નિંદાથી મુક્ત થઈ જવાથી ચેતના સામે મુજરો કરવા આવશે. પ્રભુ ! તમારે હવે કોની ગરજ છે ? સર્વ પૌદ્ગલિક ભાવોનો ત્યાગ કરી દો. જેથી ચેતના આપની ચરણસેવિકા બની જશે. હવે મુજરો કરશે. એટલું જ નહીં તે આપનું સ્વાગત કરશે. જેથી આપ અવ્યાબાધ, અખંડ, શાશ્વત સુખ પામશો. સંસારના સર્વ પ્રકારનાં દુઃખોથી મુક્ત થશો.

ચેતન શું કરે છે તે પર ધ્યાન આપતાં કવિ કહે છે,

निशि अंधयारी धन घटा रे, पीउँ न वाटलो फंद;
करुणा करो तो निरवहुं प्यारे, देखुं तुम मुखचंद्र...।। रिसानी।।४।।

ચેતનની અકળામણ ઓછી કરવા સુમતિએ ચેતનને સમજાવ્યો તથા રીસાયેલ ચેતનાને મનાવવાના વિધવિધ રસ્તા બતાવ્યા. ચેતન સમજી ગયો. હવે ચેતન ચેતનાને મનાવવા તથા મળવા ઉત્સુક થયો છે ત્યારે બીજી બાજુ સુમતિ ચેતના પાસે જાય છે તથા ખુશખબર આપી ચેતનાને સ્ત્રીધર્મ તથા પત્નીધર્મથી માહિતગાર કરે છે. સુમતિ, શુદ્ધચેતનાને કહે છે કે "તું સતી સ્ત્રી છો. પતિ તારે ઘરે આવે તેના કરતાં તું પતિને ઘરે

જા તેમાં વિશેષ શોભા છે.

ચેતના પણ પોતાના યથાર્થધર્મને સમજતી હોવાથી ચેતનને ઘરે જવા તૈયાર થાય છે. પરંતુ એ સમયે ચેતના, ચેતનને વિનંતીના સૂરમાં કહે છે કે હે પ્યારા પ્રીતમ ! અમાસની અંધારી રાત્રી જેવો ચારે બાજુ અંધકાર છવાઈ ગયો છે. આકાશ વાદળાઓથી ઘેરાયેલું છે. એનો અર્થ એ છે કે મોહનીયકર્મ સાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનાં વાદળ છવાઈ ગયા છે. જેથી ક્યાંય રસ્તો દેખાતો નથી. વળી રસ્તે ચોરે, લૂંટારા, ડાકુઓનો પણ ભય લાગે છે.

ક્રોધ, માન, માયા, લોભરૂપી લૂંટારાઓ, ઈર્ષા, દ્વેષરૂપ ચોર, કામ, વાસનારૂપ ડાકુઓ રસ્તો રોકી વિઘ્નો ઊભાં કરે છે. માટે હે સ્વામી ! આપ મારા પર કૃપા કરો કે જેથી રસ્તામાં મને કોઈપણ પ્રકારનું વિઘ્ન આવે નહીં. મારો માર્ગ સ્વચ્છ અને સરલ બને. જેથી હું અપ્રમત્તગુણસ્થાનક, અપૂર્વકરણગુણસ્થાનકનો માર્ગ ઓળંગીને સંયોગી કેવળીરૂપ આપના ઘરે આવી શકું અને આપના મુખચંદ્રના દર્શન કરું, આપના દર્શનથી મારા ગાત્ર પુલકિત થઈ જશે.

એક કવિએ કહ્યું છે,

"તારા દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાંગી રે;
મેં તો લોકલાજની કુટેવ, સરવે ત્યાગી રે...

હે દેવ ! આપનાં દર્શન માત્રથી જ હું લાભ, લાભ ને લાભમાં જ છું. આપનાં દર્શનથી મારી અનાદિની ભ્રમણા ભાંગી ગઈ. માટે હવે તો બસ આપનાં દર્શન માટે મારી આંખો અતૃપ્ત છે. આપનું મુખ જોવા હું આતુર છું. બસ, હવે અનિમેષ દૃષ્ટિથી આપને જ જોયા કરું. હવે મને લોકલાજની કાંઈ પડી નથી. મેં મારી ભૂલને કારણે ઘણું ગુમાવ્યું પણ હવે આપને છોડી હું ક્યાંય જવા ચાહતી નથી. આપનાં ચરણોમાં જ મારું સર્વસુખ સમાયેલું છે. હવે શુદ્ધચેતના, ચેતનને શું વિજ્ઞપ્તિ કરે છે તે જોઈએ.

प्रेम जहां दुविधा नहि रे, नहि ठकुराईत रेज;
आनंदघन प्रभु आई बिराजे आप ही समता सेज....।। रिसानी।। ५।।

હે પ્રભુ ! જ્યાં શુદ્ધપ્રેમ હોય ત્યાં કદી પણ ભિન્નત્વ રહેતું નથી.





દ્વિધાભાવ ટકતો નથી. મનમાં જુદું અને બોલવાનું જુદું તેવું વર્તન કે વાણી હોય નહીં. વળી શુદ્ધપ્રેમમાં સ્વાર્થની ગંધ સુધ્ધાં હોય નહીં. વળી નાના – મોટાનો ભેદ પણ હોય નહીં, તેથી અહંવૃત્તિ, મોટાઈ કે અભિમાનનું તો સ્થાન જ રહેતું નથી. હે આનંદઘન પ્રભુ ! આપ જ ચેતનાને દ્વારે પધારો અને સમતારૂપ સેજમાં બિરાજો.

ચેતન સ્વઘર સિધાવે પછી કોઈ વિકલ્પને સ્થાન રહેતું નથી. વિભાવનું વમન કરી, સ્વભાવ તરફ ઝુકતા ચેતનની ચેતના જાગૃત થાય છે. અનંતકાળથી વિખૂટા પડેલ ચેતન–ચેતનાનું મધુર મિલન થાય છે. પછી તો આનંદરસની રંગરેલી જ હોય ને. આ પદમાં અધ્યાત્મભાવોનું ઉંડાણ અને ગાંભીર્ય દૃશ્યમાન થાય છે.

આનંદઘનપ્રભુ ! પોતાની પ્રિયાને મળવા ઈચ્છે તો છે પણ જે માણસ વર્ષો થયા ઘરે ગયો ન હોય તથા પોતાની પત્ની સામું જોયું ન હોય તેને ઘરે જતાં શરમ આવે તથા ડર પણ લાગે. માનવ વિચારે પણ ખરો કે હું કેમ ઘરે જાઉં ? કેવી રીતે પત્નીને સમજાવું ? શી વાત કરું ? વાતની શરૂઆત કેવી રીતે કરું ? વગેરે પ્રશ્નો થાય તથા તેનું સમાધાન પણ સહજ રીતે અંતઃકરણમાંથી મળી જાય છે.

કવિશ્રીએ આ પદમાં માનવીયકરણ કરી આત્માની વ્યાકુળતા જાહેર કરી છે. સુમતિ, ચેતન – ચેતનાને મિલન કરાવવા ન્યાયાધીશનું કામ કરે છે.

કવિએ આ પદમાં, પ્રણયની પરિભાષાના શબ્દોનો, આધ્યાત્મિક દૃષ્ટિએ વિનિયોગ કર્યો છે.

# પદ-૧૯

"दुलह नारी तुं बडी बावरी"

સ્વભાવદશાને ઢંઢોળીને જાગૃત કરે એવું આનંદઘનજી મહારાજનું આ પદ મર્મસ્પર્શી છે. કવિશ્રીએ ચેતન, ચેતનાની આંતર–બાહ્યદશાનું આબેહૂબ વર્ણન કરેલું છે. સ્વપુરુષાર્થથી વિકાસની શ્રેણી પર આત્માએ ચડવાનો ક્રમ અહીં બતાવવામાં આવ્યો છે. આ ક્રમ વિધિપૂર્વક જ હોય છે. અવિધિથી ઉટપટાંગ રીતે આત્મશુદ્ધિ તો ન થાય. અરે ! એ માર્ગે ચાલવાની યોગ્યતા પણ પ્રાપ્ત ન થાય માટે સર્વપ્રથમ જીવ સત્ પુરુષાર્થથી માર્ગાનુસારી બને છે અને પછી અનાદિ મિથ્યાભાવોનો ત્યાગ કરી પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનકથી બેઠો થાય છે તથા આગળ વધવા પગ ઉપાડે છે. ચેતન પગ ઉપાડી ચેતના પાસે જાય છે ત્યારે ચેતના શું કહે છે તથા ચેતન, ચેતનાની આ દશા જોઈને ચેતનનો અનુભવ મિત્ર કે જે દરેક ક્ષણે ચેતનની સાથે જ રહે છે તે ચેતનાને શું કહે છે તે કવિશ્રી 'વેલાવલ રાગમાં' કહે છે.

दुलह नारी तुं बडी बावरी, पिया जागे तुं सोवे;
पिया चतुर हम निपट अग्यानी, न जानु क्यां होवे ?।। १।।

નવપરિણિત સ્ત્રીને દુલ્હન કહેવામાં આવે છે. સામાન્ય રીતે સ્ત્રી જાગે અને પતિ સૂવે. પતિને સુવરાવ્યા બાદ પત્ની સૂઈ જાય. પરંતુ અહીં તો પત્ની સૂતી છે ને પતિ જાગે છે. તેવી વિપરીત સ્થિતિ છે. તેથી અનુભવરૂપી મિત્રને આશ્ચર્ય થાય છે અને તે શુદ્ધચેતનાને કહે છે કે હે ચેતના ! તું કેવી મૂર્ખ છો ? તારો પતિ જાગે છે અને તું સુતી છો ? આ પદનો ગૂઢાર્થ છે હે ચેતન ? તું દ્રવ્યક્રિયામાં જાગે છે એટલે વિભાવમાં જાગે છે. સંસારના હેતુભૂત સ્ત્રી–પુત્રાદિક વગેરેમાં પ્રેમભાવ રાખવો તથા સંતાન માટે ખટપટ કરવી તે મોહની નિશાની છે. ચેતન તેમાં જાગતો રહે છે. એટલે કે તે વિભાવમાં જાગતો રહે છે ત્યારે ચેતના કહે છે કે હું તો માર્ગની બિલકુલ અજાણ છું. વળી આમ પારકા ઘરે રખડતા પતિથી પત્ની રીસાઈને સૂતી રહે તેમાં કોઈ આશ્ચર્યરૂપ ઘટના નથી.





પતિને સ્વસ્થાને લાવવા પત્નીએ એમ કરવું પણ પડે છે. અનુભવમિત્ર, કહે છે કે હે ચેતના ! ચેતનને મળવા તું અનંતકાળથી ઉત્સુક છે. આજે એ દુર્લભ સમય આવી ગયો છે. પ્રબળ પુરુષાર્થે તે પ્રાપ્ત થયો છે. ત્યારે કેવળજ્ઞાન દૃષ્ટિરૂપ હે ચેતના ! તું કેમ સૂતી છો ?

અવિરતિગુણસ્થાનક પ્રાપ્ત થતાં મતિ, શ્રુત જ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે ચેતન જાગે છે પરંતુ કેવળજ્ઞાનાવરણીય કર્મના આવરણને કારણે ચેતના સૂતી છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે કે "મારો આત્મસ્વામી ત્રણભુવનનો નાથ છે. પણ કર્મના આચ્છાદનને કારણે હું તે વાતથી તદ્દન અજાણી છું. વળી મારા પર એટલા બધાં આવરણોનાં જાળાં જામ્યાં છે કે ચોથા ગુણસ્થાનકે રહેલા મારા આત્મસ્વામીને ઓળખી પણ શકતી નથી અને અત્યંત ગાઢ આવરણને કારણે મારી દૃષ્ટિ ચોથા ગુણસ્થાનકે પણ ઉઘડતી નથી. જ્યાં સુધી મારાસ્વામી મારી સામું ન જુએ ત્યાં સુધી હું તો દુઃખી જ છું અને મારી સર્વશક્તિઓ આવરિત જ રહે છે.

કવિએ ચેતનાના ભાવોને જાણ્યા પછી ચેતન પાસે બીજી કડીમાં બોલાવે છે,

"आनंदघन पिया दरस पियासे, खौल घूंघट मुखजोवे... दुल।। २।।

શુદ્ધચેતના, પોતાના આત્મસ્વામીને મળવા ઉત્સુક છે. પણ ચેતન ચોથા ગુણસ્થાનકને છોડી, તેરમા ગુણસ્થાનકે આવે નહીં ત્યાં સુધી તે પોતાના સ્વામીને મળી શકતી નથી.

સુમતિ તથા સમતાના કહેવાથી શુદ્ધચેતના ( એટલે કે કેવળજ્ઞાન દૃષ્ટિરૂપ ચેતનની પત્ની ) ચેતનને મળવા અત્યંત ઉત્સુક બની, ચેતનના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરવા લાગે છે. જેથી શુદ્ધ પરિણતિને આધારે ચેતન પોતાના સ્થિરતારૂપ સ્વરૂપચારિત્રથી ગુણસ્થાનકની ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત કરવા લાગ્યો. અંતે ક્ષપકશ્રેણી વડે ઉપર ચડતા ચડતા બારમાં ક્ષીણમોહ ગુણસ્થાનકના અંતે ( દ્વારે ) આવી પહોંચે છે ત્યારે આત્માની શુદ્ધ પરિણતિરૂપ શુદ્ધચેતના કેવળજ્ઞાનાવરણીયરૂપ કર્મનો ઘૂંઘટ ખોલીને ચેતનાં દર્શનમાં સ્થિરતા સાધે છે તથા ચેતનસ્વામીના સંપૂર્ણ સ્વરૂપને સાક્ષાત્પણે નીરખવા લાગે છે. તેમાં જ ઐકય અનુભવે છે અને અદ્વૈતને પામે છે માટે જ કવિ કહે છે,

"તારા રત્નત્રયની સાથ, રાખો રસ રીતે રે"

ચેતન તથા ચેતનાનું મિલન થતાં ચેતના કહે છે કે હે પ્રભુ ! જેમ તમે અને જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ત્રિરત્નો જુદાં નથી તે અભેદભાવે હંમેશાં આપનામાં રહે જ છે તે રીતે મને પણ અભેદભાવે આપનામાં લયલીન બનાવી દો. હવે પછી આદિ અનંતકાળમાં પણ મારો – તમારો વિયોગ થશે નહીં.

સતી સ્ત્રી હંમેશાં પોતાના સ્થાનમાં જ રહે છે. તે ગમે તેવા સમયે પણ જારસ્ત્રીઓની પેઠે સ્વકુલમર્યાદા ત્યાગતી નથી પણ પોતાની કુળ આબરુને સાચવી રાખે છે.

કેવળજ્ઞાન દૃષ્ટિરૂપી સ્ત્રી આત્માના અસંખ્યાત પ્રદેશરૂપ સ્વઘરમાં રહે છે. તેના ઉપર ગમે તેટલાં કર્મનાં આવરણો આવે છતાં પણ પોતાનાં આત્મસ્વામીને ત્યજીને અન્યની બનતી નથી. આત્મસ્વામી આવરણો હટાવી સ્વગૃહે પધારે છે ત્યારે ચેતના, ચેતનનું સ્વાગત કરવા હાથમાં કેવળદર્શનની વરમાળા લઈ ઊભી રહે છે. સ્વામીનાં દર્શન થતાં જ મોક્ષરૂપમાળા તેના ગળામાં આરોપે છે તથા અનંત અનંત કાળ સુધી એકરૂપ થઈ બની રહે છે.

આ પદમાં ઘૂંઘટ ખોલી, પિયાનાં દર્શન કરવાની વાત છે. કેવળજ્ઞાનાવરણીય કર્મરૂપી ઘૂંઘટ ખુલ્લી જતાં ચેતન, ચેતનાનાં મુખદર્શન કરે છે અને ચેતના – ચેતનનાં મુખદર્શન અનિમેષ દૃષ્ટિથી કરતાં તેમાં લીન બની જાય છે.

આ પદ આત્માની ઉચ્ચભૂમિકાનાં દર્શન કરાવે છે. અનુભવ મિત્રના બોધથી ચેતન જાગૃત થાય છે. ચેતના સતી પતિના ધ્યાનમાં બેસી જાય છે. સ્વરૂપરમણતામાં સ્થિરતા વધતા ચેતનની ગતિ શીઘ્ર બને છે. તે દોડીને બારમા ગુણસ્થાને જઈ મોક્ષનાં બારણાં ખખડાવે છે.

આ પદ ઘણું ટૂંકુ છતાં અર્થ સભર છે. કવિએ સરસ સંવાદ ગૂંથી લીધો છે. ચેતન અને ચેતનાની વિયોગની સ્થિતિનું તેમાં તાદૃશ ચિત્ર ઉપસેલું છે.





# પદ-૨૦

"आज सुहागन नारी अवधू आज"

જેના આધારે, જેના પાયા પર આખો સંસાર ઊભો છે તથા સાહિત્યક્ષેત્રમાં જેને રસોનો રાજા કહ્યો છે તે શૃંગારરસ છે. આ સાંસારિક રસ એકંદરે સર્વજનને પ્રિય હોય છે. સહુ જીવોને તે આકર્ષે છે. સંસારી જીવમાત્રમાં મૈથુનસંજ્ઞા છે. સંસારરસના કવિઓએ આ રસનું સાંસારિકભાવથી નિરુપણ કર્યું છે. ત્યારે અધ્યાત્મરસના કવિઓએ આ રસને અધ્યાત્મરૂપ આપેલું છે. શૃંગારરસ આખા યે સંસારને હચમચાવી નાખે એવો છે પરંતુ તે જો અધ્યાત્મમાર્ગે વળે તો જીવના અનાદિકાળના સંસારભાવને હચમચાવી નાખે. અરે ! એટલું જ નહીં પણ ઉખેડી નાખે.

કવિશ્રી આનંદઘનજી મહારાજે 'ગોડી – આશાવરી રાગ'માં આ વીસમા પદની રચના કરી છે. પદનો પ્રારંભ કરતાં કવિ કહે છે,

**आज सुहागन नारी, अवधू आज - मेरे नाथ आप सुघलीनी, कीनी निज अंगचारी... अवधू...।।१।।**

ચેતન, જયારે ચેતનાના પ્રાંગણમાં આવે છે ત્યારે ચેતના હર્ષઘેલી બની જાય છે કારણકે જે અનંત અનંત કાળથી પતિ વિરહિણી હતી. બારીએ અને ગોખે બેઠી બેઠી તે રાત દિવસ પતિની રાહ જોતી હતી. પોતાની આંતરિક વેદનાના સંદેશા સુમતિ, સમતા અને અનુભવ સાથે વારંવાર પતિને મોકલતી હતી એવી એ ચેતનારાણી આજે પોતાના પુરુષાર્થની સફળતા દેખતાં આનંદવિભોર બની ગઈ છે.

શુદ્ધચેતના નાચતી, કૂદતી, ગાતી ફરે છે આજે હું ભાગ્યશાળી બની ગઈ. કારણકે આજે તો ખુદ મારાદેવે આવી મારી સંભાળ લીધી. તેથી મારું સૌભાગ્ય વૃદ્ધિ પામ્યું છે. હું સૌભાગ્યવતી તો ત્રણેય કાળમાં છું જ પણ આજે એ સૌભાગ્ય પ્રગટ થયું છે.

હે આત્મસ્વામી ! આપના અસંખ્યાત પ્રદેશમાં હું વ્યાપેલ છું પણ જેમ મલિન કપડાંને પાણી અને સાબુ બરાબર લગાવવાથી સ્વચ્છ બની જાય છે, તેમ હું આપની સહચારિણી આપના ચરણની ચરણસેવિકા

આપના એક એક પ્રદેશ પર સ્થાન મેળવીશ. ત્યારે ક્રોધ, માન, માયા, લોભ, રાગ–દ્વેષરૂપી જે મલિનતા છે તે નાશ પામી જશે. હે પ્રભુ ! આપને મળવાના મેં અનેક ઉપાયો કર્યાં, છેવટે આજે એમાં સફળતા મળી અને મારી અભિલાષાઓ પૂર્ણતાને પામી.

શુદ્ધચેતનાને ચેતનના દર્શન થતાં તે કેવા પ્રકારનો શૃંગાર કરે છે તે વાત કવિ આનંદઘનજી બીજી કડીમાં કહે છે,

प्रेम प्रतीत राग रुचि रंगत, पहिरे जीनी सारी;
महिंदी भक्ति रंगकी राची, भाव अंजन सुखकोरी - अवधू...।। २।।

આર્યનારી પતિના મનોરંજન માટે પોતાના શરીર ઉપર વિધવિધ પ્રકારનાં શૃંગાર કરે છે. પરંતુ પતિ જો દૂર દેશાવર હોય તો સતી સ્ત્રી શૃંગારનો ત્યાગ કરી સફેદ વસ્ત્ર પરિધાન કરે છે. પત્ની પતિના મનોરંજન માટે શરીર પર ઝીણી સાડી પહેરે છે. કારણકે તે સાડીમાંથી પોતાનાં અંગપ્રત્યંગના દર્શન થતાં પતિ તેના તરફ આકર્ષાય છે. તેવી રીતે શુદ્ધચેતના પણ ચેતન મળતાં શૃંગાર સજે છે. કહેવત છે કે સારાં કપડાં તથા અલંકાર ગારાની ગોરને પહેરાવો તો તે પણ સુંદર લાગે છે ત્યારે માનવ શૃંગાર કરે તો કોને ન ગમે ? અહીં શુદ્ધચેતના પણ શૃંગાર કરે છે. તેમણે પ્રેમની પ્રતીતિ કરી રાગરુચિના રંગથી રંગેલી ઝીણી સાડી શરીર પર ધારણ કરી છે.

કવિએ આ કડીમાં ચાર શબ્દનો પ્રયોગ કર્યો છે. તેમાં સર્વ પ્રથમ ‘પ્રેમ’. પ્રેમ એટલે જે વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે પ્રેમ હોય તે વ્યક્તિ કે વસ્તુ માટે જાણતાં અજાણતાં એવું જ કાર્ય થાય કે જે તેનાં સર્વાંગ ઉત્કર્ષ માટે જ હોય. પ્રેમ સર્વજનપ્રિય છે. આ શબ્દમાં બંધુભાવ છે. પ્રેમમાં નિર્દોષતા છે તથા પ્રેમમાં પવિત્રતા પાંગરે છે. સર્વજન હિતાય અને સર્વજનસુખાયની ભાવના કેળવાય છે. જેના પ્રેમમાં જે રંગાય છે તેની પાછળ તે ઘેલાં હોય છે. તેને તેના સિવાય બીજે ક્યાંય ગમતું કે ગોઠતું નથી. પ્રતીત.... વિશ્વાસ.... શ્રદ્ધા. શ્રદ્ધા તો આત્માનો સ્વભાવ છે, તે ગુણ છે, ગુણનો નાશ ન થાય પરંતુ તેમાં વિકૃતિ જરૂર આવી શકે છે. હવે ચેતનાને ચેતનના દર્શન થઈ ગયા તેથી તેને પ્રતીતિ થઈ ગઈ છે કે હવે ચેતન મને છોડીને ક્યાંય જવાનો નથી.





શ્રી મોતીચંદ કાપડિયા લખે છે, પ્રતીત... વિશ્વાસ, વિચારણાપૂર્વકના જ્ઞાન સાથે તીર્થંકર પરમાત્માએ જે હકીકત બતાવી છે તે સત્ય છે. એવી અડગ શ્રદ્ધાને, આસ્થાને પ્રતીત કહેવામાં આવે છે. પ્રતીતિપૂર્વકની શ્રદ્ધા કદી પણ ઓછી થતી નથી તેમજ ચલ-વિચલ પણ થતી નથી. સુદેવ, સદ્‌ગુરુ તથા સુધર્મ પ્રત્યે જે પ્રેમ થાય છે તે પ્રશસ્તરાગ છે. સ્વાર્થ તથા લોભ કે મોહથી થતો રાગ સંસારવૃદ્ધિનું કારણ બને છે. આવા રાગના ત્યાગની વાતો દરેક સંતોએ કરી છે.

શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

રાગ ન કરશો કોઈ જન કોઈશું રે, ન રહેવાય તો કરજો મુનિશું રે !
મણી જેમ ફણી વિષનો તેમ તે હો રે, રાગનું ભેષજ સુજસ સનેહો રે ૧

આવા પ્રકારનો રાગ છેવટે નીરાગતાનું કારણ બને છે. રુચિ એટલે કે ઈચ્છા. સ્વકર્તવ્યપૂર્તિકારક સમકિતરૂપ શ્રદ્ધા.

આ રીતે પ્રેમ – પ્રતીત રાગ – રુચિના રંગથી રંગાયેલી ઝીણી સાડી ચેતનાએ પહેરી છે જેથી ચેતનનું વિશેષ આકર્ષણ થાય છે.

નવપરિણીત સ્ત્રી હાથે મહેંદી મૂકી, હાથને ઠંડા તથા લાલ બનાવે છે. તેમ કરવાથી તેની સુંદરતામાં વૃદ્ધિ થાય છે. તેમ ચેતનાએ પતિભક્તિની મહેંદી મૂકી છે. ભક્તિનો રંગ એવો અભિનવ છે કે તેની લયમાં રાવણ જેવા અનેક જીવો પરિત સંસારી થઈ ગયા. ભક્તિ એ પુષ્ટ અવલંબન છે. ભક્તિમાં અગાધ શક્તિ છે. ભાવયુક્ત ભક્તિ ભગવાનને ખેંચી લાવે છે. શબરીની ભક્તિથી ભગવાન રામ ખેંચાયા, દ્રૌપદીની આંતરિક ભક્તિથી કૃષ્ણ અદૃશ્ય રહી હાજર થયા. ભક્તિ, પરંપરાએ અવશ્ય મુક્તિ અપાવે છે.

સામાન્ય રીતે દરેક સ્ત્રીને ટેવ હોય છે કે તે શૃંગારની સાથે આંખોમાં કાજળ આંજી, પાંપણ પાસે કાજળની કાળી પાતળી રેખા બનાવે છે. એથી મોઢાની સુંદરતામાં ઓપ આવે છે. શુદ્ધચેતનાએ પોતાના સ્વભાવગત પારિણામિક ભાવોનું આંજણ આંજેલ છે. શુદ્ધભાવોમાં તન્મયતા આવતા ચેતના તો ચેતનનાં ધ્યાનમાં સ્થિર થઈ ગઈ છે.

આ કડીમાં ત્રણ પ્રકારના શૃંગાર કહ્યા. પતલી સાડી – શ્રદ્ધારૂપ સાડી, ભક્તિરૂપ મહેંદી, ભાવોરૂપ અંજન આ ત્રણે ભાવો આત્મામાં

પડયા છે. જેને આપણે જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહીએ છીએ. જ્ઞાનરૂપ આંખોમાં અંજન છે. એક સુભાષિતકાર કહે છે,

अज्ञान तिमिरान्धानाम ज्ञानांजन शलाकया।
यक्षुरुन्मिलितं येन, तस्मै श्री गुरवै नमः।।

ગુરુદેવ જ્ઞાનરૂપી અંજન આંખમાં આંજી, અજ્ઞાન રૂપી અંધકાર દૂર કરે છે. શ્રદ્ધાભક્તિરૂપ દર્શન છે અને ચારિત્રરૂપ જીણી સાડી પહેરી છે. કુળવધૂ આવા ઉત્તમ શૃંગારથી પતિને પોતાનો કરીને રાખે છે. ચેતના આવો શૃંગાર શૃંગારભવનમાં જઈ કરી રહી છે. ત્રીજી કડી જુઓઃ

सहज सुभाव चूरी मै पेनी, थिरता कंकन भारी।
ध्यान उरवशी उरमें राखी, पिय गुनमाल... आधारी अवधू...।। ३।।

સ્ત્રીઓ સૌભાગ્યના ચિહ્નરૂપ હાથમાં કંગન પહેરે છે. જયારે તે સૌભાગ્યવતી હોય ત્યારે પતિના આનંદ માટે અધિક બંગડીઓ પહેરે છે, વળી ચૂડીઓનો અવાજ કર્ણપ્રિય પણ લાગે છે. વધારે ચૂડીઓ માણસની હસ્તિનો પણ ખ્યાલ આપે છે. તેવી રીતે શુદ્ધચેતના કહે છે કે મેં સહજ સ્વભાવરૂપ સૌભાગ્યના ચિહ્નરૂપ બંગડીઓ પહેરી છે. વળી જ્ઞાતાદૃષ્ટારૂપ મારો સ્વભાવ છે. જે ત્રણ કાળમાં મારાથી ભિન્ન થતો નથી. તે દરેક સ્થિતિપરિસ્થિતિમાં સાથે જ હોય છે. અહીં સુભાવ શબ્દ પ્રયોજયો છે. તેનો અર્થ છે આત્માનો સહજ પરમ પારિણામિક ભાવ. તે મારો ભાવ છે. જે હર હાલતમાં જીવની સાથે જ રહે છે. સહજ સ્વભાવરૂપ જ્ઞાતાદૃષ્ટા ભાવ છે. વળી બે હાથમાં બે ચૂડીઓ છે તે જ્ઞાતાદૃષ્ટારૂપ જીવની શક્તિઓ છે. તે આત્માથી કદીપણ અલગ સંભવી શકે નહીં. આવી બે ચૂડીઓની વચ્ચે શુદ્ધચેતનાએ સ્થિરતારૂપ કંગન પહેર્યા છે. સારા પ્રસંગે પહેરતા કંગન શોભારૂપ બને છે તથા કિંમત પણ થાય છે. તેમ આત્મા જયારે સ્વરૂપ રમણતામાં સ્થિરતા ધારણ કરે છે ત્યારે આત્માનંદમાં તરબોળ બની જાય છે. યોગ અને કષાયને કારણે આત્મપ્રદેશો જે પ્રકંપિત થાય છે. તે સ્વભાવરમણતા થતાં સ્થિર બની જાય છે. જેટલી દૃઢતા પૂર્વકની સ્થિરતા તેટલી કર્મ મલિનતા ઓછી અને આત્મવિશુદ્ધિ અધિક. શુદ્ધચેતનાની દૃષ્ટિ એક ચૈતન્ય પ્રભુ સિવાય બીજે ક્યાંય નથી. શુદ્ધચેતનાને ધ્યાનરૂપ વડારણે ખોળામાં બેસાડી છે અને ગળામાં ગુણરૂપ





માળા ધારણ કરી છે. કારણ કે પતિવ્રતા સ્ત્રી પતિમય થઈ જતાં પતિની સંપત્તિમાં પોતાનો અધિકાર અધિકાર માને છે. ચેતનની સંપત્તિ છે ગુણરત્નોનો ભંડાર, માટે ચેતનાએ ગુણરત્નની માળા ગળામાં ધારણ કરી છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે,

આત્માની જેમ જેમ સ્થિરતા વધતી જાય છે તેમ તેમ મોહનીયકર્મનો ક્ષય થતો જાય છે. પ્રમત્તગુણસ્થાનક કરતાં અપ્રમત્ત ગુણસ્થાનકમાં સ્થિરતા અધિક પ્રગટે છે. તેથી ચેતના સમતારૂપ સખીને કહે છે કે હે સખી ! જે સ્ત્રી પોતાના સ્થિરભાવે રહેતી નથી. ઘડીમાં માસો અને ઘડીમાં તોલો થઈ જાય છે. તે પોતાના સ્વામીની અવહેલના કરાવે છે. ચેતના કહે છે મારી દૃષ્ટિ ક્ષણે ક્ષણે મારી ચૂડીઓ ઉપર પડે છે જેથી હું પરભાવમાં રંગાતી નથી. સહજ સ્વભાવરૂપ ચૂડીઓ છે અને સ્થિરતારૂપ કંગન છે. સ્થિરતારૂપ કંગન એમ સૂચવે છે કે સદાકાળ આત્મસ્વામીની આજ્ઞામાં રહેવું. ચેતના કહે છે કે "મારા હૃદયમાં મેં ધ્યાનરૂપ ઊર્વશીને ધારી છે. સ્ત્રીઓ પોતાના હૃદયમાં શોક માદળિયા પહેરે છે. ધ્યાનરૂપ ઉર્વશી છાતીમાં ધારણ કરવાથી કોઈ તરફથી પીડા થતી નથી. અરે ! ધ્યાનના યોગે મોહ શત્રુનું જોર ચાલતું નથી.

આત્મા ધ્યાનારૂઢ થતાં ને સ્થિરતાં વધતાં મોહશત્રુ તો ભાગે છે પણ તેના સાથીદાર બીજાં ઘાતીકર્મો પણ નાશ પામી જાય છે. ઘાતીકર્મોનો ક્ષય થતાં ચૈતન્યની સૂરત ખીલી ઊઠે છે. ચેતનની સૂરત કેવી છે તે કવિ ચોથી કડીમાં કહે છે.

सुरत सिंधूर मांग रंग राती, निरते वेनी समारी।
उपजी ज्योत उद्योत धट त्रिभुवन, आरसी केवल कारी।। ४।।

શુદ્ધચેતનાએ શૃંગાર સજયો. તેમાં શુદ્ધ ઉપયોગનો સેંથો પૂર્યો છે. લગ્નગ્રંથિથી જોડાયેલી સ્ત્રીને લગ્નને દિવસે સર્વપ્રથમ તેનો પતિ સેંથો પૂરી સૌભાગ્યદાન કરે છે. તેવી રીતે શુદ્ધચેતનાએ કાળજીપૂર્વક વિરોક્તભાવોનો અંબોડો વાળી સરસ કેશ-કલાપ કરી તેમાં શુદ્ધોપયોગનો સેંથો પૂર્યો અને કેવળજ્ઞાનનું સિંદૂર પૂર્યું કારણકે જ્ઞાનનો રંગ લાલ છે અને નવકારમાં સિદ્ધભગવાનનો રંગ પણ લાલ કહ્યો છે. જયારે ચેતન, ચેતનાનો સંયોગ થાય છે ત્યારે મૂળગુણો પ્રગટ થાય છે અને તેમાં જ મગ્ન રહે છે.

શ્રી મોતીચંદજી કાપડિયા લખે છે, "જ્ઞાનગુણ તે આત્માની શક્તિ છે. જ્ઞાનોપયોગ તે શક્તિની વપરાશ છે. શક્તિ જ્યાં સુધી અવ્યક્તરૂપે રહે ત્યાં સુધી તે અંદર પડી રહે છે તેને Potential એ Kinetic Energy છે. ૧

શૃંગારભવનમાં શૃંગાર કરી, ચેતના સ્વગૃહે સિધાવે છે અને ચેતન સ્વામીની રાહ જોઈ રહી છે. ચેતનદેવ પોતાના મંદિરે પધારે અને અંધકાર હોય તે કેમ ચાલે ? તેથી શુદ્ધચેતનાએ કેવળજ્ઞાનનો દીપ પ્રગટાવ્યો. જેથી ત્રણેલોક પ્રકાશિત થાય છે. અર્થાત્ લોકાલોકનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય છે. પહેલાં જે સ્થિતિ સમજાણી નહોતી તે જાણે પ્રત્યક્ષ હોય તેમ દેખાય છે અને આરસીમાં જેમ પદાર્થ કે વ્યક્તિ જેવી હોય તેવી દેખાય છે તેમ કેવળજ્ઞાનમાં પદાર્થ પ્રગટપણે જણાય છે. જ્ઞાનનું કામ જાણવાનું છે તો દર્શનનું કામ જોવાનું છે. તેથી કેવળજ્ઞાનની આરસીમાં શુદ્ધ ચેતનના સ્વરૂપને નિહાળે છે. દર્શનનું આવરણ હટી જતાં વાસ્તવિક પોતાના ઘરમાં જે હતું તે જ બહાર પ્રગટ થયું છે. આ દશા પ્રગટ થતાં તેની કેવી સ્થિતિ થાય છે તે કવિ આ પદની પાંચમી કડીમાં કહે છે..

उपजी धुनी अजपाकी, अनहद जितनगारे वारी
झंडी सदा आनंदघन बरखत, वन मोर एकनतारी... अवधू...।।५।।

જે સમયે ચેતન તથા ચેતનાનું મિલન થાય છે ત્યારે ચેતનાના દ્વારે વિજય ઠંડા વાગે છે. તેમજ સતત સોહમ્ સોહમ્‌નો ધ્વનિ થવા લાગે છે. અરે ! હાર્ટના ધબકારાને પણ સમયાન્તર રહે છે. તેટલું અંતર પણ નથી પડતું. નિરંતર અજપાજાપ થતાં થતાં અનાહત નાદ શરૂ થઈ જાય છે. તેનો ધ્વનિ લૌકિકવાજિંત્રોનાં અવાજથી પણ અતિ મધુર હોય છે. જેને યોગની ભાષામાં અનાહત્‌નાદ કહેવાય છે, ચિંદાનંદજી મહારાજ એ ધ્વનિ પર વિવેચન કરતા એક જગ્યાએ કહે છે,

ચિદાનંદજી મહારાજે આ પદમાં અજપાજાપની અતિ ઉત્તમ સ્થિતિ બતાવી છે. કુમતિનો સંગ સર્વથા ત્યાજય છે, કારણ કે તે એવી ઠગારી છે કે કાચ આપી ચિંતામણિરત્ન લઈ જાય છે. પરંતુ અનુભવીઓએ તો આત્માનું સ્વરૂપ ત્રણ લોક વ્યાપકપણે બતાવ્યું છે. પણ જો પુરુષાર્થ વડે અજપાજાપનો દિવ્યધ્વનિ ચાલે તો તેની લયનો આનંદ અંદર આવે છે.





ધ્વનિ અંદર સંભળાય છે બહાર નહિ. પરંતુ અનુભવ વિના તેનું સ્વરૂપ સમજી શકાય નહીં.

અનાહતનાદનાં જિતનગારા ચેતનાને દ્વારે વાગવા લાગ્યા. જેથી શુદ્ધચેતના પિયુ મિલન માટે અતિ ઉત્સુક બની ગઈ છે. ચેતનરાજ પણ હવે ચેતના વિના રહી શકે નહીં એવી ભાવધારામાં ખેંચાઈ રહ્યાં છે. બંનેનાં મિલનની તીવ્રતા વર્તતા ચેતન – ચેતનાના હૃદયમાં આનંદરસની અનરાધાર વર્ષા થવા લાગી. આજ સુધી ચેતન ચેતનાનો ભેદ હતો તે હવે અભેદપણે રહેવા લાગ્યા. દીર્ઘકાળની કામના પૂર્ણતાને પામતાં બંનેનો આત્મ મયૂર એકતાન થઈ નાચવા કુદવાને ગાવા લાગ્યો. આનંદના અવસરે આત્મમયૂર પણ આનંદરસની વર્ષામાં મસ્ત બને છે. ચેતના કહે છે કે 'સર્વત્ર અસંખ્યાત પ્રદેશમાં નખથી શિખ પર્યંત આનંદની ઘનઘટા છાઈ ગઈ છે. દુઃખનું સ્વપ્ન પણ હું ભૂલી ગઈ છું. આનંદઘન સ્વામીના સહવાસમાં ત્રિવિધ તાપ ટળી ગયા. હવે કોઈ પણ જાતનો ઉપદ્રવ રહ્યો નથી.

કવિશ્રીએ આ પદમાં શૃંગારરસનું સુંદર આલેખન કર્યું છે. પોતે એક ત્યાગી સંત હોવા છતાં સ્ત્રીસૌંદર્યનું યથાતથ્ય જ્ઞાન ધરાવતા આ સંતે સાહિત્યક્ષેત્રમાં ઘણું ઉંડાણ અનુભવ્યું છે. લૌકિકવાતને અધ્યાત્મ ભાવોના તારમાં ગૂંથીને કવિએ માનવમનને બદલવા સફળ પ્રયાસ કર્યો છે. મુનિશ્રી સહજ અને સરલતાથી લોકદૃષ્ટિ બદલી શક્યા છે. સ્ત્રીઓના સોળશૃંગાર કવિએ આ પાંચ કડીના પદમાં વર્ણવ્યા છે. શૃંગારરસસભર આ પદમાં બાહ્યઆંતર અનુભૂતિનું અલૌકિક દર્શન કરાવે છે. આ પદ સાહિત્યક્ષેત્રમાં ઉત્તમ ગણી શકાય તેવું સ્થાન ધરાવે છે.

# પદ-૨૧

"निशानी कहां बतावुं रे"

સંસારમાં અનેકાનેક પદાર્થ તથા જીવરાશિઓ છે, તેમાં કેટલાક દૃષ્ટ છે તો કેટલાક અદૃષ્ટ છે. કેટલાયે પદાર્થનું કાર્ય, સૃષ્ટિ પર દૃશ્યમાન હોવા છતાં તે પદાર્થ અદૃશ્ય હોય છે.

જૈન પરિભાષામાં જેને દ્રવ્ય કહેવાય છે. ( જેવા કે ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યો ) તેનું કાર્ય જણાય છે પરંતુ તે મૂળદ્રવ્ય દૃષ્ટિગોચર થતું નથી. તેવી રીતે જીવદ્રવ્યની બાહ્યક્રિયાઓ હલનચલન, શ્વાસોશ્વાસ, ખાવુંપીવું વગેરેથી શરીરધારી જીવ પોતાનું અસ્તિત્વ જાહેર કરે છે પરંતુ જીવને ( આત્માને ) જોઈ શકાતો નથી. માટે જ અધ્યાત્મયોગી કવિશ્રી આનંદઘનજી મહારાજ 'ગોડી રાગમાં' આ એકવીસમા પદમાં કહે છે,

निशानी कहा बतावुं रे, तेरो अगम अगोचर रुप - निशानी,
रुपी कहुं तो कछुं नहि रे, बंधे कैसे अरूप?
रुपारुपी जो कहुं प्यारे, अैसे न सिद्ध अनूप... निशानी।। १।।

શુદ્ધચેતના, ચેતનજી પાસે આવે છે તથા બન્નેનું મિલન થતાં એકરૂપ થઈ અભિન્નભાવે રહે છે. એ સમયે તેનું જે રૂપ છે તેનું વર્ણન થઈ શકે તેવું નથી. કવિ ચેતનને કહે છે કે, હે આત્મન્ ? તારું રૂપ જાણવું તથા સમજવું ઘણું જ મુશ્કેલ છે. તારી ઓળખાણ કેમ કરવી તેની કોઈ નિશાની છે ખરી ? તારું કોઈ ઠામ – ઠેકાણું છે ખરું ? અરે ! તારું સ્વરૂપ તો અલૌકિક છે. હે ચેતન ? તને શું હું પૌદ્ગલિક પદાર્થ સાથે સરખાવું ? ના, કારણ કે તે તો જડ છે. જડના ગુણધર્મો તારામાં શોધ્યા પણ મળતા નથી તેથી જડ સાથે સરખાવી ના શકાય.

શ્રી કુંદકુદાચાર્યે પંચાસ્તિકાયસંગ્રહમાં કહ્યું છે,

जीवा पुग्गलकाया धम्माधम्मा तहेव आगासं।
अत्थि तम्हि य णियदा अणण्णमइया अणुमहंता।। १।।

લોકમાં દ્રવ્ય છ પ્રકારનાં છે. તેમાં પાંચ દ્રવ્ય અજીવ છે. એક જીવ દ્રવ્ય જ જીવ છે. અજીવમાં જાણવાજોવાની શક્તિ નથી. અજીવને જાણનાર





તથા જોનાર ચેતન પોતે જ છે. જ્ઞાતાદૃષ્ટા એ તો ચેતનનો સ્વભાવ છે અને તે જીવનો અસાધારણ ગુણ છે. વળી ચેતનનું આ કાર્ય સર્વજન વિહિત હોવા છતાં ચેતનને જાણવાજોવાની શક્તિ સર્વ સામાન્ય જીવોમાં નથી હોતી. છતાં તેના સ્વરૂપનું વર્ણન શાસ્ત્ર આધારે સમજવા અધિકાધિક પ્રયત્ન થતાં રહે છે. તેનું સ્વરૂપ વચનાતીત છે તો પછી તેની ઓળખાણ કઈ રીતે કરવી ? કવિને પ્રશ્ન થાય છે કે આત્મા શું રૂપી છે ? રૂપી પદાર્થમાં તો વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. તેનો આકાર વગેરે છે. ત્યારે શ્રી દેવસેનઆચાર્યજી કહે છે,

कास रस रुप गंधा सददादीया य जस्स णत्थि पुण्ते।
सुद्धो चेयण भावो, ळिरंजणो सो अहं भणिओ।।

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ આદિ જેમાં કાંઈ પણ ન હોય તે જીવ દ્રવ્ય છે. કારણકે એ પુદ્ગલ દ્રવ્યના પરિણામ છે. આ પ્રકારનું સ્વરૂપ હોવાથી તે વાણીનો તથા દૃષ્ટિનો વિષય બની શકતો નથી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે,

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રુપ
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૧

અહીં શિષ્ય ગુરુદેવને પ્રશ્ન કરે છે કે જીવ છે, તેનું પ્રમાણ શું ? કારણકે જીવ, દૃષ્ટિમાં તો આવતો નથી તથા તેનો બીજો પણ કોઈ અનુભવ નથી તો પછી તેને રૂપી કેમ કહેવાય ? તથા તેને ચેતન કેમ મનાય ?

કોઈક દર્શનકાર આત્માના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરતા નથી. તેઓ કહે છે કે પંચ મહાભૂતના સંયોગથી આત્મા ઉત્પન્ન થાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચે મળે છે ત્યારે તેમાં એક પ્રકારની શક્તિ ઉત્પન્ન થાય છે. તેને આત્મા કહેવામાં આવે છે. વળી કોઈ આત્માને નિત્ય તો કોઈ અનિત્ય માને છે.

કવિશ્રી કહે છે કે હે ચેતન ! તારું સ્વરૂપ કેવું છે તે તો બતાવ. જો રૂપી કહું તો તે વાત બુદ્ધિગમ્ય પણ થતી નથી અને જો અરૂપી કહું તો જેમ આકાશને કોઈ બાંધી શકતું નથી તથા હાથથી પકડી શકતું નથી તેમ જો અરૂપી કહું તો તેને પુણ્ય – પાપરૂપ કર્મનું બંધન કેમ લાગી શકે ?

વળી અરૂપીની ઉત્પત્તિ તથા નાશ પણ ન હોય પણ જીવમાં આ ક્રિયા જણાય છે.

જો આત્માને અરૂપી કહેવામાં આવે તો તેને કર્મબંધ કેવી રીતે સંભવી શકે ? અરૂપી ને રૂપીનું બંધન કેમ કરીને ઘટે ? વળી આત્મા સંસારાવસ્થામાં હોય ત્યારે કર્મથી બંધાય છે ને ત્યારે તે રૂપી લાગે છે. માટે આ પ્રમાણે આત્માને અરૂપી વિશેષણ સંપૂર્ણ લાગુ પડતું નથી. તો પછી, હે ચેતન ? તને હું શું રૂપારૂપી કહું ? તું અમુક અંશે રૂપી અને અમુક અંશે અરૂપી એમ કહું તો પણ વિરોધ આવે છે. કારણ કે સિદ્ધ ભગવાન કર્મરહિત છે. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ગુણરત્નોનો ભોકતા તથા અમૂર્ત સ્વરૂપી હોવાથી રૂપારૂપીપણું ત્યાં ઘટતું નથી. માટે આત્માને રૂપી, અરૂપી કે રૂપારૂપી કહેવો તે વાતમાં મુશ્કેલી ઊભી થાય છે. તેથી હે ચેતના, તારું સ્વરૂપ તો વિલક્ષણ છે. તે જાણવું અને સમજવું બહુ કઠિન છે. શ્રી આનંદઘનજી મહારાજ આગળ કહે છે,

सिद्ध सरुपी जो कहुं रे, बंध न मोक्ष विचार;
न घटे संसारी दशा प्यारे, पुन्य पाप अवतार... निशानी।। २।।

અહીં શ્રીમદ્જી કહે છે, હે ચેતન ! તને સિદ્ધ સ્વરૂપી કહું તો એ વાત પણ મારી શ્રદ્ધામાં આવતી નથી. કારણકે સિદ્ધને નથી કોઈ બંધન, તો ત્યાં ગયા પછી બીજો કોઈ મોક્ષ નથી. મુક્તાત્મા બીજા કયા પદાર્થથી મુક્ત બને ? વળી મુક્તાત્માને કર્મબંધ પણ સંભવી શકતો નથી. સંસારમાં બંધન છે તો બંધથી મુક્તિ પણ છે પરંતુ સિદ્ધ ભગવાનને એ ઘટતું નથી. માટે ચેતનને એકાંતે સિદ્ધસ્વરૂપી કહી શકાય નહીં.

ચેતન સંસારમાં વર્તે છે. પૌદ્‌ગલિક વસ્તુ સાથે સંબંધ રાખે છે તથા તેને શુભાશુભ પરિણામે પ્રવર્તે છે. એથી પુણ્ય – પાપરૂપી બંધ થાય છે એના ફળસ્વરૂપ સદ્‌ગતિ કે દુર્ગતિ એને ભોગવવી પડે છે.

કવિશ્રી આનંદઘનજી આ પદની ત્રીજી કડીમાં કહે છે,

सिद्ध सनातन जो कहुं रे, उपजे विळसे कौण;
उपजे विणसे जो कहुं प्यारे, नित्य अबाधित गौन... निशानी।। ३।।

જો આત્માને સિદ્ધ સનાતન કહું તો તે પણ યોગ્ય નથી કારણકે તેથી ઉત્પત્તિ અને નાશરૂપ ક્રિયા આત્મામાં ઘટી શકતી નથી. વળી જીવ





માનવગતિમાં ઉત્પન્ન થયો અને સ્થિતિપૂર્ણ થતાં નાશ પામ્યો તે કેમ માની શકાય ? જો આપણે તેમાં કર્મસંયોગ કહીએ તો કર્મ આવ્યા ક્યાંથી ? કર્મ જીવને સતાવી શકે છે તથા લાગી શકે તેમ હોય તો સિદ્ધને પણ કર્મ લાગવા જોઈએ પણ તે સંભવી શકતું નથી. તો શું આત્માનો ઉત્પાદ્ વ્યય થાય છે તેમ માનવું ? જો તેમ માનવામાં આવશે તો નિત્યપણાનો તથા અબાધિતપણાનો લોપ થઈ જશે. વળી બૌદ્ધમતવાદીઓ ક્ષણિકવાદી હોવાને કારણે તેઓ આત્માનો ક્ષણે ક્ષણે નાશ તથા ઉત્પાદ્ માને છે. અને જો એમ માનવામાં આવે તો આત્માની નિત્યતા ખંડિત થાય છે તથા અબાધિતપણાનો લોપ થશે. વૈશેષિક મત આત્માને કૂટસ્થ નિત્ય માને છે. આત્મા નિત્ય છે, અચલ છે, સ્થિર છે વગેરે સિદ્ધાંતો નાશ થાય છે. કારણકે જન્મમરણરૂપ ક્રિયા નજર સમક્ષ જણાય છે. માટે આત્માને એકાંતે નિત્ય ( સનાતન ) કહેવો તે યોગ્ય નથી. ઠાણાંગસૂત્રમાં બે પ્રકારના જીવ કહ્યા છે ( ૧ ) સિદ્ધ અને ( ૨ ) અસિદ્ધજીવ

જો આત્માને સિદ્ધ સનાતન માનવામાં આવે તો આવા ભેદ માની શકાય નહીં, પરંતુ જીવની સંસારી અવસ્થા છે તે સર્વને અનુભવગમ્ય છે. તો હવે પ્રશ્ન થાય છે કે તો આત્માનું લક્ષણ શું માનવું ? કે જેથી કોઈ પણ જાતનો વિરોધ ન આવે. ત્યારે કવિ સ્વયં પ્રશ્નનો ઉત્તર આપતાં ચોથી કડીમાં કહે છે,

सर्वांगी सब नय घणी रे, माने सब परमान;
नयवादी पललो ग्रही प्यारे, करे लराइ ठांन... निशानी।। ४।।

આત્માનું સત્ય સ્વરૂપ સમજવા માટે કોઈ એક નય ને ગ્રહણ ન કરતાં સર્વ નયોનો વિચાર કરવો ઘટે. એથી આત્મા વિષેની સાચી સમજણ આવી શકે છે. આત્માને એક નયને લઈને સમજવા જઈએ તો તેનું સત્ય સ્વરૂપ સમજી શકાય નહીં, માટે નયનું લક્ષણ વિચારવું ઘટે. નયચક્રમાં કહેવામાં આવ્યું છે કે “अनंत धर्मात्मके वस्तुन्येक धर्मोन्नयनं ज्ञानं नयः” પદાર્થ અનેક ધર્મયુક્ત હોય છે. તેમાનાં એક ધર્મની મુખ્યતા કરી બીજા ધર્મોનો અપલાપ ન કરવો, તથા ગ્રહણ પણ ન કરવા તેને ‘નય’ કહેવામાં આવે છે. નયવાદમાં એક અંગ ઉપર વિશેષ લક્ષ્ય રહે છે ત્યારે “પ્રમાણ ’ માટે કહે છે કે “सकलं धर्मग्रहणं प्रमाणं” ૨. તેમજ પ્રમાણનય

તત્ત્વાલોકમાં કહેવામાં આવ્યું છે કે "स्वपर व्यवसायि ज्ञानं प्रमाणम्" ઉ. પદાર્થના સર્વધર્મના અંશોને ગ્રહણ કરી પદાર્થજ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. જે જ્ઞાન સ્વ-પરનો નિર્ણય કરે તે પ્રમાણજ્ઞાન છે.

સંસારદશામાં જીવ કર્મસંયોગી છે. વળી કર્મને રૂપી કહ્યો છે. વળી જીવ, કર્મથી આવૃત્ત હોવાને કારણે કર્મસાપેક્ષ જીવને રૂપી કહી શકાય એ વ્યવહારનયનું કથન છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કે નૈગમનયની અપેક્ષાએ તથા વ્યવહારનયની અપેક્ષાએ આત્મારૂપી પણ કહેવાય છે અને નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા અરૂપી પણ કહેવાય છે. સંસારી આત્મામાં એક વખતે વ્યવહારનયથી રૂપીપણું અને નિશ્ચયનયથી અરૂપીપણું ઘટે છે. સંગ્રહનયની અપેક્ષાએ આત્મા, શુદ્ધ સનાતન કહેવાય છે. દ્રવ્યાર્થિક નયથી આત્મા નિત્ય છે અને પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી આત્મા ઉત્પાદ્ – વ્યય થવાથી અનિત્ય છે. ઋજુસૂત્રનયની અપેક્ષાએ આત્મા ક્ષણિક છે. સંગ્રહનયની અપેક્ષાએ આત્મા એક છે. વ્યવહારનયની અપેક્ષાએ આત્મા અનેક છે અને એવંભૂતનયની અપેક્ષાએ આત્મા સિદ્ધ બુદ્ધ કહેવાય છે. એકાંત સંગ્રહનયથી અદ્વૈતવાદ ઊભો થાય છે. એકાંત વ્યવહારનયથી હઠવાદ અથવા સાંખ્યમત ઊભો થાય છે અને એકાંત ઋજુસૂત્રનયની માન્યતાથી બૌદ્ધદર્શન ઉત્પન્ન થાય છે.

શ્રી મોતીચંદભાઈ કાપડિયા લખે છે, "આત્માના આઠ રુચક પ્રદેશ જેમાં હંમેશાં હોય છે અથવા રહે છે તેથી સંગ્રહનયની અપેક્ષાએ આત્મા સિદ્ધસ્વરૂપી કહી શકાય તેમ જ તે દૃષ્ટિથી તેને શુદ્ધ સનાતન પણ કહી શકાય."

આગમસાર ગ્રંથમાં ગણિશ્રી દેવચંદ્રજી કહે છે, સિદ્ધ શબ્દની સાત નયે વ્યાખ્યા થઈ શકે છે.

( ૧ ) નૈગમનયઃ– સર્વ જીવ સિદ્ધ છે કેમકે સર્વ જીવના આઠ રુચક પ્રદેશ સિદ્ધ સમાન નિર્મળ છે.

( ૨ ) સંગ્રહનયઃ– સર્વ જીવની સત્તા સિદ્ધ સમાન છે.

( ૩ ) વ્યવહારનયઃ – જે વિદ્યાલબ્ધિ ગુણ વડે સિદ્ધ થયો તે સિદ્ધ થયો તે સિદ્ધ

( ૪ ) ઋજુસૂત્રનયઃ– જે પોતાના આત્માની સિદ્ધપણાની દશા





ઓળખે છે અને જેના જ્ઞાનનો ઉપયોગ સતેજ વર્તે છે તે જીવ સિદ્ધ જાણવો. આ નયની અપેક્ષાએ સમકિતીજીવને સિદ્ધ સમાન કહ્યો છે.

( ૫ ) શબ્દનયઃ– જે શુદ્ધ શુક્લધ્યાનના પરિણામે વર્તતો હોય તેને સિદ્ધ સમાન કહ્યો છે.

( ૬ ) સમભિરુઢ નયઃ– જે કેવળજ્ઞાન, કેવળદર્શન તથા યથાખ્યાત ચારિત્રાદિ ગુણો સહિત હોય તેને સિદ્ધ કહી શકાય.

( ૭ ) એવંભૂતનયઃ– જેના સકલ કર્મ ક્ષય થઈ, લોકાંતે બિરાજમાન હોઈ, અષ્ટગુણસંપન્ન હોય ને જ સિદ્ધ કહી શકાય.

આ રીતે આત્મા તો સર્વાંગી છે. તે પોતે સર્વનયોનો સ્વામી છે. સર્વનય તેમાંથી ઉત્પન્ન થાય છે. તે સર્વનયનું સ્વરૂપ સમજાવે છે. તે સર્વ નયોમાં વિદ્યમાન છે છતાં પણ એક નયથી તેનું સ્વરૂપ સિદ્ધ થતું નથી. દરેક નયથી આત્માને જોવાથી તથા દરેક દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને જોવાથી તેનું સ્વરૂપ સમજી શકાય છે.

એક નયથી વસ્તુનું યથાર્થ નિરુપણ થઈ શકે નહીં અને નયાગ્રહથી લડાઈ, ઝઘડા થાય છે. દુનિયામાં જ્યાં જ્યાં નયાગ્રહ છે ત્યાં ત્યાં યુદ્ધસ્થલી રચાણી છે. પ્રમાણજ્ઞાનથી આત્મતત્ત્વ સત્યરૂપે જણાય છે. હવે આત્માની ઓળખ માટે કવિ કહે છે,

अनुभवगौचर वस्तुको रे, जाणवो यह इलाज
कहन सुननको कछु नहि प्यारे, आनंदघन महाराज... निशानी।।५।।

ચેતન કે છે કે મારી મોટી મોટી વાતો કરવાથી કે મારી વાતો સાંભળવા માત્રથી હું જણાઈ જતો નથી. આત્મતત્ત્વએ અનુભવનો વિષય છે. અનુભવજ્ઞાનમાં જે ભાસે તે સત્ય ભાસે છે. આત્મ સ્વરૂપનો અનુભવ થયા વિના આત્માનું કથન કે શ્રવણ તે એકડા વિનાના મીંડાં બરાબર છે. અનુભવજ્ઞાન પછી આત્માનો નિશ્ચય થાય છે. અનુભવ પછી આત્મપરિણતિમાં પરિવર્તન આવી જાય છે.

આત્મચિંતનના આધારે આનંદ સ્વરૂપ આત્માની અનુભૂતિ થાય છે તથા તેની પ્રતીતિ થાય છે. આત્મતત્ત્વની સત્ય ઓળખ તથા તેનાં સ્વરૂપસ્થ જ્ઞાન માટે જે માર્ગ છે તેનું દર્શન તથા સ્વરૂપ વિવેચન આ પદમાં છે. આત્મતત્ત્વને સત્ય પુરવાર કરતું આ પદ મહત્ત્વપૂર્ણ વાત રજૂ

કરે છે.

કવિએ પ્રશ્નોત્તરરૂપ શૈલીએ જીવના સ્વરૂપની આત્મતત્ત્વની ગહન વિચારણા થોડા પણ અર્થગંભીર અને ગહન શબ્દો દ્વારા રજૂ કરી છે અને અંતે આત્માનુભૂતિ ઉપર, અનુભવગોચરતા ઉપર ભાર મૂક્યો છે.

તત્ત્વજ્ઞાન જેવા ગહન વિષયને કવિતામાં રજૂ કરતી રચનાઓમાં આ રચના ઉત્તમ આદર્શરૂપ છે.





## પદ-૨૨

"विचारी कहा विचार रे"

શાંતિનું મૂળ છે સાપેક્ષવાદ. સમત્વનું સામ્રાજ્ય છે સ્યાદવાદ્ ધર્મ અને અનેકાન્તવાદના પ્રણેતા છે– સર્વજ્ઞ પરમાત્મા–તીર્થંકર. ભગવાનમહાવીરની ઉત્તમ અને ગંભીરવાણીની શ્રી આનંદઘન મહારાજે કાવ્યરૂપે આપણને પ્રસાદી આપી છે. જેમકે એક સ્ત્રી કોઈની દીકરી છે તો કોઈની મા પણ છે, તે કોઈની સાસુ છે તો કોઈની વહુ પણ છે. જે દીકરી છે તે મા ન હોય તેમ નથી. તેમ કોઈપણ પદાર્થને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવો તેને કહેવાય છે સાપેક્ષવાદ. તીર્થંકર પરમાત્માએ આપણને સ્યાદવાદની આંખો આપી છે. જેમાં નથી કોઈ વિરાટ કે નથી કોઈ વિનાશ પણ તેમાં છે વિરાટના વિકાસનું અમૃત.

'ગોડી રાગમાં' કવિશ્રી કહે છે,

विचारी कहा विचारे रे, तेरो आगम अगम अथाह...।। विचारी ।
बिन आधे आघा नहि रे। बिन आधेय आधार;
मुरगी बिनु इंडा नहि प्यारे, या बीन मुरगीकी नार...।।विचारी...।। १।।

આત્મ સ્વરૂપની નિશાની બતાવવામાં કેટલી બધી મુશ્કેલી છે. એ સ્વરૂપ જીભેથી કહી શકાય નહીં તથા કાનેથી સાંભળી શકાય નહીં તેવું અગોચર તારું રૂપ છે. આ અનુપમ તારું રૂપ એ તો અનુભવગોચર જ્ઞાન છે. એ ઈન્દ્રિયોનો વિષય નથી.

શ્રી મોતીચંદભાઈ કાપડિયા લખે છે,

એ જ્ઞાનપ્રાપ્તિના સામાન્ય રીતે બે માર્ગ હોઈ શકે. એક બુદ્ધિશાળીમાણસ પોતાની વિચારશક્તિ દ્વારા અનુભવગોચર વસ્તુઓનું સ્વરૂપ વિચારે અને બીજું દિવ્યજ્ઞાનથી મહાત્માઓ જે સ્વરૂપ બતાવી ગયા છે તેને ધ્યાનમાં લઈને પોતે સ્વરૂપ સમજવા યત્ન કરે. સ્વતંત્ર વિચાર કરતાં બહુ પ્રકારની મુશ્કેલીઓ આવે છે તે અહીં બતાવવામાં આવ્યું છે. વસ્તુનું સ્વરૂપ જિનેશ્વર ભગવાને પોતાના દિવ્યજ્ઞાનથી બતાવ્યું છે.

માત્ર તર્કશક્તિથી કે અનુમાનપ્રમાણથી કોઈપણ વાત વિચારી કાંઈ કહે તો તે વાત કેટલે અંશે સત્ય ઠરી શકે ? પરંતુ જેની અંતરદૃષ્ટિ ખુલ્લી ગઈ છે તેઓ આગમનો સાર સમજી શકે છે. હે પ્રભુ ! તારા આગમરૂપ સમુદ્રનો પાર નથી. એ સમુદ્રનો તાગ જે તારા જેવા થાય તે જ પામી શકે. કારણકે એ જ સર્વ પદાર્થને સર્વપ્રકારે પ્રત્યક્ષ જુએ છે અને જાણે છે. તેથી પદાર્થના સર્વ ભાવોને જાણવાની શક્તિ તારા જેવી દૃષ્ટિ પામ્યા વિના પ્રગટી શકે નહીં. તારા જેવી દૃષ્ટિ મળતા આગમની વાતો સમ્યગ્‌રૂપે પરિણમે છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે કે આત્મામાં આ બધી શક્તિઓ તો પડેલી જ છે કારણકે ગુણ અને પર્યાયનો આધાર આત્મા છે. આધાર વિના આધેય ન રહે અને આધેય વિના આધારનું મૂલ્ય નહીં. આત્મદ્રવ્યમાં આધેયરૂપ ગુણ પર્યાય છે પરંતુ બંને કાર્ય–કારણભાવરૂપ છે. છ દ્રવ્યમાં આકાસ્તિકાય આધાર છે અને શેષ પાંચ દ્રવ્ય આધેય છે, જેમ કે મરઘી વિના ઇંડું અને ઇંડા વિના મરઘી ન હોય. આ રીતે કાર્ય–કારણ સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. એ જ રીતે જીવ અને કર્મનો સંબંધ પણ ભગવતીસૂત્રમાં બતાવેલ છે. રોહાઅણગારે પ્રભુ મહાવીરને પ્રશ્ન કર્યો

'एवं भवसिद्धिया य अभव सिद्धयाय सिद्धा असिद्धा" १

કર્મ પહેલાં કે જીવ પહેલાં ? ઉત્તરઃ – જેમ ઇંડુ અને મરઘીનો કાર્ય–કરણ સંબંધ છે તેમ જીવ અને કર્મનો અનાદિ સંબંધ છે.

આ વાતને વધારે સ્પષ્ટ કરતાં શ્રી આનંદઘનજી લખે છે,

भुरटा बीज बिना नहि रे, बीज न भुरटा टार;
निसी बीन दिवस धटे नहि प्यारे, दिनबिन निसि निराधार...।। विचारो...।। २।।

આ કડીમાં કવિએ સાપેક્ષવાદનાં ભિન્ન ભિન્ન ઉદાહરણો આપી સાપેક્ષવાદને વધારે પુષ્ટ કર્યો છે. તેઓશ્રી કહે છે કે જેમ બીજ વિના ફળ નહીં અને ફળ વિના બીજ નહીં, વળી જો રાત્રી છે તો દિવસ છે અને દિવસ છે તો રાત્રી પણ છે એ બંનેનો કાર્ય – કારણભાવ સંબંધ બતાવી અધ્યાત્મમાર્ગના અસ્તિ નાસ્તિમાર્ગની સિદ્ધિ કરે છે. દિવસ પણ રાત્રીની અપેક્ષાએ છે. રાત્રી આગળના દિવસની અપેક્ષાએ છે પરંતુ બન્નેમાં કોણ પહેલાં અને કોણ પછી તે કહી શકાય નહીં તે રીતે સૃષ્ટિનો પણ





આદિ કે અંત નથી. તેથી મીમાંસકો–વેદાંતીઓનો ઈશ્વર કર્તૃત્વવાદ ઊભો રહેતો નથી. વૈશેષિકો અને નૈયાયિકો પરમાણુંને અનાદિ માને છે. કવિશ્રી આગળ કહે છે,

सिद्ध संसारी बिनुं नहि रे, सिद्ध बिना संसार;
करता बिन करणी नहि प्यारे, बिन करनी करतार... ।। विधारी।। ३।।

સંસારી જીવોની અપેક્ષાએ સિદ્ધ જીવો છે કારણકે જે અષ્ટકર્મથી મુક્ત બને છે તેને સિદ્ધની કોટિમાં મૂકી શકાય છે. જો સંસારીજીવો નહીં તો સિદ્ધના જીવો પણ હોઈ શકે નહીં. જે કર્મ બંધનમાં છે તે જ મુક્ત થવા ઈચ્છે છે. આ બન્નેમાં કોણ પહેલાં અને કોણ પછી એમ પૂછવામાં આવે તો તેના જવાબમાં બંને સહ વર્તમાન છે જ.

અદ્વૈતવાદીઓ સિદ્ધ અને સંસારી એ બંને વસ્તુતઃ છે જ નહીં એમ એકાંતપક્ષનો સ્વીકાર કરે છે પરંતુ તે યોગ્ય નથી. શ્રી બુદ્ધિસાગરજી કહે છે કે કેટલાક મતવાદીઓ મુક્તઆત્માઓ પુનઃ સંસારમાં પાછા અવતાર ગ્રહણ કરે છે તેમ માને છે. એ વાત પણ સત્ય ઠરતી નથી કારણકે કર્મથી મુક્ત થવા આટલો પુરુષાર્થ કર્યા પછી કોણ એવો મૂર્ખ હોય કે પાછો કર્મથી બંધાય ? ઈશ્વર કર્તૃત્વવાદીઓ સંસાર અને મોક્ષના કર્તા તરીકે ઈશ્વરને માને છે. આ વાત પર ઘણા પ્રશ્નો થાય અને તેનો ઉત્તર સંતોષકારક ન મળે. માટે એ વાતને પણ સ્થાન રહેતું નથી, કારણ કે બધાં દ્રવ્ય સ્વતંત્ર છે અને બધાં પોતાના સ્વભાવાનુસાર પરિણમે છે.

કર્તા વિના ક્રિયા નથી અને ક્રિયા વિના કર્તા સિદ્ધ થતો નથી. આત્મામાં છ કારકો ઘટે છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. આ છ કારકોનો કર્તા આત્મા છે અને તે સંબંધી દરેક ક્રિયા આત્મામાં છે. માટે કોઈપણ કર્મનો કર્તા આત્મા ( જીવ ) છે. વળી જીવ વિના કોઈપણ ક્રિયા ઘટી શકે નહીં માટે કર્તા–કર્મભાવ અનાદિ છે. તે વાતને સ્પષ્ટ કરતા શ્રી આનંદઘનજી મહારાજ આ પદની ચોથી કડીમાં કહે છે,

जामन मरण विना नहि रे, मरण न जनम विनास;
दीपक बीनुं परकाशता प्यारे, बिन दीपक परकाश...।।विचारी...।। ४।।

મૃત્યુ વિના જન્મ ન હોય અને જન્મ વિના મૃત્યુ ન હોય. પ્રકાશ

વિના દીપક હોય નહીં અને દીપક વગર પ્રકાશ ન હોય આ રીતે બંનેનો અવિનાભાવ સંબંધ છે.

અનાદિ સંસારમાં ભટકતા આત્માને કર્મની મલિનતાને કારણે જન્મમરણરૂપ ક્રિયાઓ કરવાની રહે છે અને તે ક્રિયાના પરિપાક સ્વરૂપ કર્મફળ ભોગવવાં અનેક ગતિ યોનિઓમાં પરિભ્રમણ કરવું પડે છે.

આત્મા મૂળ શુદ્ધ સ્વરૂપે અરૂપી હોવા છતાં, કર્મ અપેક્ષાએ રૂપી છે. આત્મા અદૃષ્ટ હોવા છતાં તેની જાણવા-જોવાની શક્તિ શરીર દ્વારા દૃશ્ય હોવાથી તેને વ્યવયહારનયથી રૂપી કહી શકાય છે. માટે શરીર સાપેક્ષ આત્મા રૂપી છે અને કર્માધારિત જન્મ – મરણ થયા કરે છે. જ્યાં કર્મ છે ત્યાં જન્મ-મરણ અવશ્ય છે જ. તેથી જન્મ વિના મૃત્યુ સંભવી શકતું નથી અને મૃત્યુ વિના જન્મ પણ થઈ શકતો નથી. છતાં પણ એક વાત છે કે અરિહંત પરમાત્માને તથા કેવલી ભગવંતોને મૃત્યુ હોવા છતાં તેમનો પુર્નજન્મ નથી કારણ કે ચરમશરીરધારીઓને કર્માભાવે મૃત્યુ પછી જન્મ હોઈ શકે નહીં વળી જન્મમરણની ક્રિયા કર્મસાપેક્ષ છે. કર્મરૂપી ગ્રહણથી મુકાયેલ આત્માને કદી પણ સંસાર સંભવે નહીં.

અમુક જીવનો જન્મ થયો તે આગામીભવના મૃત્યુનું સૂચક છે. જન્મ પહેલાં જો મૃત્યુ ન હોય તો જીવ આવ્યો ક્યાંથી ? શા માટે આવ્યો ? કોની પ્રેરણાથી આવ્યો ? વળી જીવ, અમુક જ સ્થાને જન્મ પામે છે અને આયુષ્ય પૂર્ણ થતાં એક ક્ષણ પણ રહી શકતો નથી. તેનું શું કારણ ? વગેરે ઘણા પ્રશ્નોત્તર થાય પણ તેના જવાબ રૂપે કર્મોદય જ છે.

જેમ જન્મમરણનો સંબંધ છે. તેમ કવિએ દીપક અને પ્રકાશનો સંબંધ બતાવ્યો છે. દીપક છે તો પ્રકાશ પણ છે એટલેકે જ્યાં જ્યાં દીપક છે ત્યાં ત્યાં પ્રકાશ છે જ, પણ જ્યાં જ્યાં પ્રકાશ હોય ત્યાં દીપક હોય પણ અને ન પણ હોય. જેમ કે હીરા, રત્ન, મણિ, સૂર્ય-ચંદ્ર, તારા વગેરેનો પ્રકાશ હોય છે પણ દીપક નથી છતાં કવિએ દીપકનું ઉદાહરણ લીધું છે કારણકે દીપક પ્રકાશ માટે પ્રસિદ્ધ છે. તેવી રીતે જીવ અને કર્મનો સંબંધ છે. સાપેક્ષવાદ સમજાવવા કવિએ ભિન્ન ભિન્ન ઉદાહરણો આપ્યા છે. કવિ આગળની કડીમાં કહે છે,





आनंदघन प्रभु वचनकी रे, परिणति धरी रुचिवन्त;
शाश्वत भाव विचारते प्यारे, खेलो अनादि अनंत...।।विचारी...।। ५।।

કવિ આનંદઘન, પરમાત્માનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે હે જીવ ! તું પણ પરમાત્મા સ્વરૂપ છો. આનંદરૂપ રાશી છો. અખંડ ચૈતન્યમય સ્વરૂપ તું તું આત્મા, તું તારા સ્વરૂપને પ્રગટ કરવા સ્વપુરુષાર્થ કર. જિનેશ્વરદેવ કે જેમણે શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરી આત્મસ્વરૂપનો ઉપદેશ આપ્યો છે. જેથી તેનાં વચનોની મહત્તા, ગંભીરતા તથા વિશાળતા આપણી દૃષ્ટિમાં આવી શકે. કવિ કહે છે કે પ્રભુનાં વચનોને વિચારની સરાણે ચડાવ પછી જ તેના પર આસ્થા રાખ. સમજણ પૂર્વકની શ્રદ્ધા હોય તથા તત્ત્વ તરફ રુચિ થતાં પરિણતિ તે તરફ વહે છે. આમ આત્માના શુદ્ધ અખંડ નિત્ય અને નિર્મળ અનાદિ- અનંતભાવમાં રમતા શાશ્વત સિદ્ધિ મેળવી શકાય છે.

કવિ કહે છે કે સર્વજ્ઞના વચનમાં શ્રદ્ધા થવાથી પર તરફ વહેતી પરિણતિ સ્વ તરફ વહેવા માંડે છે અને ચેતન તથા જડના શાશ્વતભાવોનું રહસ્યોદ્‌ઘાટન થશે.

કવિ કહે છે કે જો તમે સૃષ્ટિને પરમેશ્વરકૃત માનશો તો જડમાંથી ચૈતન્યની ઉત્પત્તિ અને ચેતનમાંથી જડની ઉત્પત્તિ માનવી જ પડશે પણ તે કદી શક્ય જ નથી. વળી પૃથ્વી શા માટે બનાવી ? તેને બનાવવા વસ્તુઓ કોણ લાવ્યું ? તો વળી એ વસ્તુઓનો બનાવનાર કોણ છે ? જેણે વસ્તુઓ બનાવી તેને બનાવનાર કોણ છે ? વગેરે અનેક પ્રશ્નોની હારમાળા રચાઈ જશે. ત્યારે જૈનદર્શન કહે છે કે એ બધા અનાદિ અનંત ભાવ છે. પર્યાયાપેક્ષા પદાર્થમાં ઉત્પાદ-વ્યય છે. દ્રવ્ય અપેક્ષા અનાદિ અનંત ભાવ છે પણ નય-પ્રમાણ વડે દ્રવ્ય-પર્યાય જાણવાથી દરેક પદાર્થના પ્રશ્નોનું નિરાકરણ થઈ જાય છે.

જેમ બીજ અને ફળ અનાદિ છે. તેમ સિદ્ધ અને સંસારીભાવ પણ અનાદિ છે. દ્રવ્ય – પર્યાયના તરંગોમાં ખેલી રહ્યું છે પણ જીવની પર્યાય દૃષ્ટિ દૂર થતાં અને દ્રવ્ય – દૃષ્ટિ ખુલતાં જૈનશાસ્ત્રના અગમ્ય ઊંડાણને માપી શકાય છે. તથા આનંદઘનસ્વરૂપ પરમાત્મા પ્રભુનો શાશ્વત આનંદભાવ માણી શકાય છે આવો ઉત્તમભાવ આ પદમાં બતાવવામાં

આવ્યો છે. આ પદ દ્વારા જૈનશાસ્ત્રોનું રહસ્ય સમજાવવા કવિ સફળ થયા છે. આબાલવૃદ્ધ સર્વજનોને સમજાવવા વિવિધ ઉદાહરણો આપી તત્ત્વને સરલતાથી નિરુપ્યું છે. આ પદ ઘણું જ તાત્ત્વિક તથા માર્મિક છે.







# પદ-૨૩

'अवधू अनुभव कलिका जागी"

અનુભવનું એક બિન્દુ આત્મભાવનો સિન્ધુ બની જાય છે. અનુભવ પછીનો આનંદ, જાણે સરકારી નાણાંની મહોર. આવી આત્માનુભવની અનુભૂતિ ઈન્દ્રિયજ્ઞાનથી પર છે. પર ભાવોથી ભિન્ન એવા અનુભવને કવિએ આ પદમાં વાચા આપી છે.

જેમ ત્રણ દિવસના ભૂખ્યાને, સૂકા રોટલાનો ટુકડો મળે અને જેવો આનંદ થાય તેથી વિશેષ આનંદ આત્મજ્ઞાનીને આત્માનુભવ થતા થાય છે. માટે જ શ્રી આનંદઘનજી મહારાજ 'આશાવરી રાગમાં' આ ત્રેવીસમા પદમાં કહે છે,

अवधू अनुभव कालिका जागी,
मति मेरी आतम शु मीलन लागी...।।अवधू।।
जाये न कबहु और ढिग नेरो, तोरी वनिता वेरी;
माया चेडी कुटुंब करी हाथे, एक डेढ दीन घेरी...।। अवधू...।। ९।।

કવિએ અહીં અનુભવજ્ઞાનને પ્રથમ સ્થાન આપ્યું છે. કોઈપણ પદાર્થનું પ્રથમ જ્ઞાન થયા પછી જ તેનું શ્રદ્ધાન થાય છે. માટે જ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું છે કે 'पढमं नाणं तओ दया'[1] પહેલાં જ્ઞાનને મહત્ત્વ આપતાં બીજે સ્થાન પર કહેવામાં આવ્યું છે કે "जो जीवेऽवि वियाणइ'' જે જીવને જાણે છે તે અજીવને પણ જાણે છે. માટે પ્રથમ આત્મજ્ઞાનને સ્થાન આપવામાં આવ્યું છે. જડભાવે જડનું જ્ઞાન મેળવ્યું પણ હવે આત્મભાવે આત્મજ્ઞાન મેળવવાનું કવિ કહે છે. આ પદમાં ચૈતન્ય, સ્વઘરે પધારે છે. તેથી સુમતિ તથા ચૈતન્યનું મિલન થયું. હવે સુમતિ ચેતનને કહે છે કે, હે શુદ્ધ ચેતનજી! તમે જયારે શાશ્વતભાવમાં અનાદિ અનંતભાવોમાં રમો છો ત્યારે અનુભવજ્ઞાનરૂપ કળી જે આજ સુધી બીડાયેલી હતી તે ખીલી જાય છે. આત્મસ્વરૂપનું ધ્યાન કરતાં અનુભવ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અનુભવની કળીની સુવાસ ચોમેર ફેલાઈ જાય છે. સ્વ તરફ દ્રષ્ટિ થતાં હવે સમજાય છે કે હું પોતે તો અનાદિ અનંત છું.

અરૂપી અવિનાશી શાશ્વત પદાર્થ છું. સર્વથી ભિન્ન એવો હું આત્મા છું. હું વર્ણ–ગંધ, રસ, રૂપ, સ્પર્શ સ્વરૂપ નથી, હું તો શુદ્ધ, ચૈતન્ય, અખંડ, અવિનાશી, અગોચર આત્મતત્ત્વ છું. આ પ્રકારનું ચિંતન થતાં માયારૂપી દાસી અને તેનાં કુટુંબીઓ ક્રોધ, માન અને લોભ વગેરે પર અંકુશ આવી જાય છે. દોઢ દિવસ તેને દાબી રાખવાથી અનુભવજ્ઞાન પ્રગટ થાય છે.

અહીં 'ડેઢ' શબ્દ એટલે દોઢ દિવસ, એટલે થોડો વખત. અનુભવકલિકા જાગૃત થતાં મતિ આત્મા સાથે મળવા લાગી. મન પણ વ્યવસ્થિત કાર્ય કરવા લાગ્યું તેથી પર્યાયદૃષ્ટિ હટીને દ્રવ્યદૃષ્ટિ બની ગઈ. જે ઇન્દ્રિયો વિષયભોગી હતી તે સ્વરૂપ ગુપ્તા બની ગઈ. જેથી "અમે જઈશું સ્વરૂપ સ્વદેશ જો' એક અલૌકિક આનંદનો અનુભવ થાય છે. આ કડીનો ભાવ એવો છે કે સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થતાં, આત્માનુભવ કલિકા ખીલે છે અને ચાર કષાયોનો ઉપશમ થતાં થોડા સમયમાં શુદ્ધ દશા પ્રગટ થાય છે.

ચેતનમાં અનુભવરૂપી સમ્યગ્દર્શનનું કમળ ખીલતાં, કમળની પરાગ ચારેબાજુ પ્રસરે છે. એથી આત્મદશા પ્રગટે છે. આ દશા પ્રગટતાં સંસારનું કાર્ય સીમિત થઈ જાય છે.

શ્રી આનંદઘનજી મહારાજ બીજી કડીમાં કહે છે,

जनम जरा मरन वसी सारी, असर न दुनिया जेती;
दे ढवकाय नवा गमें मींया, किस पर ममता एती...।। अवध्...।। २।।

આત્મા જયારે નિજવૈભવને જાણી તેના ભોગ માટે યત્ન કરે છે, ત્યારે આત્માનાં જન્મ મરણ અને જરા સીમિત બની જાય છે. જેમ ઊંબરે આવેલ સારા નરસા માણસને આવકાર આપીએ તો તે ઘરમાં પ્રવેશે છે પણ જો ઉપેક્ષા કરવામાં આવે તો તેની મેળે જ ચાલ્યો જાય છે. તેમ અજ્ઞાનને કારણે કુમતિ આંગણાંમાં ઊભી ઊભી રાજ કરતી હતી. હવે સમ્યક્‌ત્વનો સૂર્યોદય થતાં કુમતિનાં કાળાં કામો દેખાવા લાગ્યા તેમજ ચેતનને નિજવૈભવ તથા શક્તિનો ખ્યાલ આવ્યો. ચેતન નિજ વૈભવ નિહાળતાં દેહદૃષ્ટિ ગુમાવી દે છે.

શ્રી રાજચંદ્રજી કહે છે,

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
એ જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત ૧





સુમતિ કહે છે કે હે ચેતનરામ ! જન્મમરણ દેહના થાય છે. સુખદુઃખ દેહ ભોગવે છે કારણકે તે કર્મજન્ય છે. ત્યારે તારો સ્વભાવ તો જોવા જાણવાનો છે. ચેતનની હવે દૃષ્ટિ બદલાણી છે. હવે દેહદૃષ્ટિ રહી નથી. પછી જન્મમરણના ફેરા તો ક્યાંથી સંભવે ? કવિએ ચેતનને ફકીર કહ્યો છે કારણ કે જેણે ફીકરની ફાકી કરી દીધી છે તે ફકીર છે. ચેતને જન્મમરણની ફીકર ટાળી નાખી છે. એટલે સુમતિ કહે છે કે મારા સંયોગે તમે મસ્ત ફકીર બની ગયા છો. હવે મમતાનું ઘર ઉખેડી નાંખ. મમતાનાં પાયા પર જન્મમરણની દીવાલો ચણાયેલી છે. પાયો હલી જતાં દીવાલો ઘસી પડે છે અને દીવાલો તૂટતાં પૂરો સંસાર ખતમ થઈ જાય છે. જેથી અનંત સિદ્ધો સાથે શાશ્વત સ્થાન પામી શકાય છે. અનુભવની યથાર્થતાનું વર્ણન કવિ ત્રીજી કડીમાં કરે છે.

अनुभवरसमें रोग न सोगा, लोकवाद सब मटे।
केवल अचल अनादि अबाधित, शिवशंकर का भेटा... ।। अवधू...।। ३।।

અનુભવની કળી ખીલતા ચેતનની અનંતકાળની મહેનત સફળ થાય છે. દરેક જીવો પરમપદની પ્રાપ્તિ અર્થે ધાર્મિક ક્રિયા – અનુષ્ઠાનો કરે છે. કોઈ ઘર છોડી જંગલ વાસ કરે છે, તો વળી કોઈ સાધુ બને છે. કોઈ તપ કરે છે, તો કોઈ જપ કરે છે પણ દરેકનું લક્ષ્ય આજ સુધી જે નથી અનુભવ્યું તે અનુભવવાનું કારણ કે અનુભવ થયા પછી રોગશોક સ્પર્શી શકતા નથી તો પછી લોકવાદની તો વાત જ ક્યાં રહી ? પછી સ્થૂલ કર્મો તરફ દૃષ્ટિ રહેતી જ નથી. તેથી મીરાં પણ કહે છે કે "મેરે તો ગિરિધર ગોપાળ, દૂસરા ન કોઈ" મીરાંએ' ગિરિધરને શોધવા મા–બાપ, પતિ, રાજ કે પરિવાર બધું જ છોડયું. સમાજનાં બંધનો પણ છોડી દીધાં. મીરાંએ કહ્યું છે કે "दुनिया बोलती रहेगी, मैं मेरा कार्य करती रहूँगी. અનુભવરસના રસિયા સર્વભયોથી મુક્ત બની જાય છે પછી લોકવાદને કોઈ સ્થાન રહેતું જ નથી. આત્મભાવોની સ્થિરતા મેરુસમાન આવી જાય છે. એવી અચલ અવસ્થાને સાધક ધારણ કરે છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે, "અનુભવજ્ઞાનીને અંતરથી રોગશોકનો અનુભવ કરતો નથી. તેમજ લોકો ગમે તે બોલે તે તરફ લક્ષ આપતો નથી લોકોપવાદથી ભયભીત થતો નથી. અનુભવજ્ઞાની દિવાની દુનિયાના બોલની ઉપેક્ષા

કરે છે". [૨] પણ જે અનુભવકલિકાનો રસ પીએ છે તે જ તેનો અનુભવ કરી શકે છે. સાંભળવા કે કહેવા માત્રથી અનુભવરસ પ્રાપ્ત થતો નથી. અનુભવી બાહ્ય દૃષ્ટિ દૂર કરી અંતરદૃષ્ટિ વડે મોક્ષ તરફ પ્રયાણ કરે છે. છેવટે કલ્યાણ સ્વરૂપ પરમાત્માને ભેટે છે. આવશ્યક સૂત્રમાં કહ્યું છે,

"सिव मयल मरुय मणंत मखय" ३

તે શિવ, કર્મરજથી રહિત, રોગરહિત થઈ અક્ષય સુખના ભોક્તા બને છે. ચેતનનું શુદ્ધસ્વરૂપ શિવ-શંકર જેવું જ છે. સાધકની અંતરદશાનું વર્ણન કરતાં કવિશ્રી કહે છે,

**वर्षा बुंद समुद्र समानी खबर न पावे कोई,**
**आनंदघन है ज्योति समावे, अलख कहावे सोई...।।अवधू।। ४।।**

વર્ષાઋતુમાં વાદળ છવાયા આકાશમાંથી વરસાદની ધાર બૂંદ બૂંદ રૂપે થાય છે પણ એ જળ વહેતું વહેતું સમુદ્રમાં સમાઈ જાય છે પછી તેનું અલગ અસ્તિત્વ રહેતું નથી. તેમ જયારે જીવ શિવ બની જાય છે ત્યારે તે અનંત સિદ્ધો સમ બની જાય છે. એક જયોતમાં બધી જયોત મળી જાય છે. જેમ કે કહ્યું છે,

**એક માંહી અનેક રાજે, અનેક માંહે એક ઠંગ,**
**એક અનેક કી નાહિ સંખ્યા, નમો સિદ્ધ નિરંજન. ૪**

દરેક જીવનું અલગ- સ્વતંત્ર અસ્તિત્વ હોય છતાં એક અનેક સમ બની જાય છે. શ્રી મોતીચંદ્રભાઈ લખે છે કે 'અનુભવરસનું પાન કર્યા પછી જે ક્રિયા કરવામાં આવે છે તે એક બિન્દુ સમાન હોય તો પણ એક અપેક્ષાએ સમુદ્રતુલ્ય થઈ જાય છે. અમુક ક્રિયાનો આધાર અધ્યવાસાયની નિર્મળતા પર છે. બાહ્ય સ્વરૂપે એક સરખી ક્રિયા કરનાર બે વ્યક્તિમાંથી એક મહાકર્મબંધ કરે છે ત્યારે બીજો ઉદાત્તઅવસ્થા ભોગવે છે. અનુભવજ્ઞાનની જયોત આત્મામાં સમાઈ જાય છે. આત્મજ્યોત આત્માથી ભિન્ન નથી. આત્મા તથા આત્મજયોત બંને એક રસરૂપ થઈને રહે છે. અનુભવજ્ઞાની બાહ્ય ચેષ્ટાઓ દ્વારા પોતાનું જ્ઞાન બીજાઓને જણાવી શકતા નથી અને જણાવવા ઈચ્છતા પણ નથી. જે અનુભવ કરે તેને તે જ્ઞાન થતાં, તેવી દશાને પામે છે. અનુભવજ્ઞાન થયા પછી ચેતનનું મનોરાજય એવું વિશાળ બની જાય છે કે તે સમુદ્રમાં પડેલા ટીપાંની જેમ





સમુદ્રમય બની જાય છે. તેને પછી પોતાનો વ્યક્તિભાવ સ્થાપન કરવાની ઈચ્છા રહેતી નથી. તે આત્મા જયારે સિદ્ધદશાએ પહોંચે છે ત્યારે ત્યાં સમુદ્ર સાથે પોતાનાં આત્મબિન્દુને મેળવી દે છે.

સારાંશ એ કે સિદ્ધદશા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રહે છે કારણકે એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં ભળી જતું નથી. તે રીતે દરેક પદાર્થ પોતપોતાની રીતે સ્વતંત્ર છે. ગુણો પણ સ્વતંત્ર છે. જ્ઞાન અપેક્ષાએ સર્વ જીવો સિદ્ધ સમાન છે. તો પણ દરેકનું કેવળજ્ઞાન અને કેવળદર્શન સ્વતંત્ર છે તથા દરેક જીવોનો 'આત્મધન' સ્વતંત્ર છે. જે જીવ મોક્ષગામી હોય તે છેલ્લો દેહ ( ચરમદેહ ) છોડે તે સમયે તેનું શરીર જે અવસ્થામાં હોય તે જ આકારે તેના આત્મપ્રદેશો ગોઠવાઈ જાય છે તથા ચરમશરીરની જે અવગાહના હોય તે પ્રમાણે ૨/૩ ભાગે ઘન પડે છે. તેથી કવિએ 'આનંદઘન' શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો છે. બધા સિદ્ધાત્માના આત્મપ્રદેશો ઘનાકારે ગોઠવાયેલા હોવા છતાં એક-બીજાને બાધક કે રોધક થતા નથી. અસ્તિત્વ ગુણને કારણે બધા સ્વતંત્ર છે.

સાધક પોતાના જીવનમાં સર્વ પ્રથમ દેહ અને આત્માની ભિન્નતારૂપ આત્માનંદનો અનુભવ કરે છે. ત્યારે એ આનંદ અપૂર્વ, દિવ્ય ને ભવ્ય હોય છે. એ અનુભવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં સાધકને અલ્પભવમાં સંસારથી મુક્ત કરાવી દે છે. તેથી કવિએ આ પદમાં અનુભવને કલિકા કહી છે. કળી નાની હોય, કળીમાંથી ફૂલ ખીલે છે. ફૂલ સીધું ખીલતું નથી, તેમ દેહ ભિન્ન આત્માનો અનુભવ સર્વપ્રથમ અલ્પસ્થિતિનો હોવાને કારણે 'કલિકા' કહ્યો છે કારણ કે અનાદિકાળનો મિથ્યાત્વી જીવ સર્વ પ્રથમ 'ઉપશમ' સમકિત પામે છે એવી એક માન્યતા છે. આ સમકિતની સ્થિતિ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે તેથી ફૂલ કરતાં કળીની સ્થિતિ અલ્પ હોવાના કારણે કવિએ પ્રથમ આત્માનુભવને કલિકા કહી છે પછી ક્ષાયિકસમ્યક્ત્વ પ્રગટ થતાં કુસુમનું રૂપ ધારણ કરે છે. આ રીતે આ પદ આત્મસાધક માટે પ્રોત્સાહકને પ્રેરણારૂપ છે. જેમ ફૂલ ખીલવામાં સૂર્ય નિમિત્ત બને છે તેમ ભવ્યાત્મા સૂર્યસમ સદ્ગુરુના જ્ઞાનનું પાન કરે તો તેમાંથી આત્માનુભવ રસનું આસ્વાદન કરે છે તથા આનંદ પામે છે. હકીકતમાં આ પદ પ્રેરણાદાયી છે.

# પદ-૨૪

"मुने मारो कब मिलशे मनमेलु"

શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં સાધકની નિજાનંદની મસ્તી વર્ણવી છે. સુમતિની સમજાવટથી ચેતન સ્વઘર પધારવા તૈયાર તો થયો પણ જ્યાં સુધી ઘરના આંગણામાં આવે નહીં ત્યાં સુધી પોતાની સ્ત્રીને શાંતિ ક્યાંથી વળે ? શુદ્ધ ચેતનને મળવા અત્યંત વ્યાકુળ છે. આ વ્યાકુળતા શ્રી આનંદઘનજીએ સ્વાનુભવના આધારે શબ્દદેહે આપણી સમક્ષ મૂકી છે.

જેમ તૃષાતુર માનવ, પાણીની શોધમાં ચારે બાજુ દોડતો હોય છે એ રીતે સાધક કવિએ આત્મતૃષા છીપાવવા માટે ગ્રામ, નગર, જંગલ, પર્વતો તથા ગુફાઓમાં વસવાટ કર્યો છેવટે સ્વપુરુષાર્થ દ્વારા કવિએ ચેતનને મનાવ્યો. તે સ્વઘરે આવવા તૈયાર તો થયો પણ હજુ ચેતનાને ઘરે પહોંચ્યો નથી.

શુદ્ધચેતના, ચેતન માટે કેટલી વ્યાકુળ છે તે હવે ચેતનાના શબ્દોમાં આપણે જોઈએ. કવિશ્રી આનંદઘનજી "રામગ્રી" રાગમાં કહે છે,

मुने मारो कब मिलशे मनमेलु....।। मुने।
मनमेलु विण केलि न कलीए, वाले कवल कोई वेलू....।।मुने।।

શુદ્ધચેતના કહે છે કે જેની સાથે મારો સ્વભાવ મળી ગયો છે, જેની સાથે મેં કદી ભેદ જોયો, જાણ્યો કે અનુભવ્યો નથી. એવા શુદ્ધ ચૈતન્ય વિના મારો મેળ કોઈની સાથે જામે નહીં. હંમેશાં નિયમ છે કે સરખા સ્વભાવવાળાનો તથા સરખા વિચારવાળાનો મેળ અધિક હોય અને જો મેળ હોય તો રમવાની મજા આવે. તેથી સુમતિ કહે છે કે મારો ને ચેતનનો સ્વભાવ એક જ છે. તેની સાથે એક થઈને રહેવા ઈચ્છું છું. ચેતન જ્ઞાનસ્વભાવી છે. એના અનુભવજ્ઞાનની વાતો કરવાથી કાંઈ વળવાનું નથી. પણ જ્ઞાયકભાવ પ્રાપ્ત થતાં જ્ઞાયકને અનુભવી શકાય છે. જ્ઞાયક જ્ઞાનથી જ્ઞેયને જાણે છે તથા જ્ઞેય જ્ઞાયકના જ્ઞાનમાં ઝળકે છે. પરંતુ જ્ઞાયક જ્ઞેયરૂપ બની જતો નથી. જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે અને





જ્ઞાયક તેને પોતાના સ્વભાવાનુસાર જાણવાનું કામ કરે છે પણ વાસ્તવિક દૃષ્ટિ ખુલતાં ચેતન સ્વયં જાણી શકે છે કે હું પોતે જ જ્ઞેય છું પર પદાર્થને જોતાં જોતાં ચેતનને પોતાના સ્વરૂપનું દર્શન થાય છે. એટલે કે હું જ્ઞેય છું. મારો જ્ઞાયક સ્વભાવ છે. હું મને જાણું, હું મને જોઉં, હું મને પામું.

આવો જ્ઞાયકભાવ જ્યારે પુષ્ટ બને છે ત્યારે ચેતન–ચેતનાનો મેળ જામે છે એટલે ચેતના કહે છે કે હું પતિવ્રતાસ્ત્રી ચેતનારાણી છું, હું પર પદાર્થ સાથે કેલિ ન કરું. "મન વિના મળવું ને ભીંત સાથે ભળવું" એ રીતે જ્યાં પ્રેમ ન હોય ત્યાં સંબંધો લાંબો સમય ટકી શકતા નથી. ચેતન સાથે તેનો જ્ઞાનસ્વભાવ મળે ત્યારે જ રમત રમવાનો આનંદ આવે. વિભાવદશા સાથે ચેતન રમે તે કોઈપણ રીતે ઉચિત ન ગણાય. કોઈ મૂર્ખ એવી રમત રમે તો એ રેતીના કોળિયા ભરાય નહીં, અને તેનાથી પેટ ભરાય નહીં, તેનો સ્વાદ પણ હોય નહીં માટે જ કવિ કહે છે કે હે ચેતન ! તે અનાદિકાળથી રેતીના કોળિયા ભર્યાં છે. તેથી તને આનંદ આવતો નથી અને ક્યાંય ઠરીને ઠામ બેસતો નથી. તું તારા સ્વભાવને પ્રગટ કર. શુદ્ધચેતનામાં સહજ આનંદનો દરિયો વિલસી રહ્યો છે. શુદ્ધચેતનામાં અનંતજ્ઞાન, દર્શન, સુખ અને વીર્યરૂપી ઋદ્ધિ વિલસી રહી છે.

ચેતના ચેતન સિવાય અન્ય કોઈપણ સાથે રમવા તૈયાર નથી. તેનાં રોમરોમમાં ચેતનનું સ્થાન છે. તેથી કહે છે કે મારો ચેતનનાથ મારા મનનો મિલાપી છે. તેથી જ હું તેનું વારંવાર સ્મરણ કરું છું.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે,

મન મળતાં મેળો કહ્યો, મેળા બીજા ફોક,
મન મળ્યા વિણ બોલવું- રણમાં જેવી પોક.
મન મળ્યા વિણ પ્રેમ નહિ, મન મેળા મુશ્કેલ,
બુદ્ધિસાગર જાણવું અનુભવીને સહેલ

જેની સાથે મન મળી જાય છે તેની સાથે સત્ય પ્રેમ જોડાઈ જાય છે. આવો પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ તેને જાણી શકે. તેનો રંગ કોઈ અનેરો જ હોય છે. બાહ્ય પ્રેમમાં પ્રદર્શન હોય પણ વાસ્તવિક પ્રેમમાં સ્વદર્શન હોય, બાહ્ય પ્રેમમાં આડંબર હોય પણ વાસ્તવિક પ્રેમમાં સહજતા હોય, બાહ્ય પ્રેમમાં હૃદય કોરું હોય છે ત્યારે સાચા પ્રેમમાં હૃદય ભીંજાય છે.

आप मिथ्याथी अंतर राखे, सुमनुष्य नहि ते लेलूः ।
आनंदघन प्रभु मन मिलीया विण, को नवि विलगे चेलु... ।।मुने।। २।।

આ કડીમાં કવિ કહે છે કે જ્યાં હૃદયનો પ્રેમ છે ત્યાં કોઈ અંતર હોય જ નહીં. સાચા પ્રેમમાં અંતર પાડતો પડદો પણ હટી જાય છે. પ્રેમનો પરિચય આપવો પડતો નથી પણ એ પ્રેમહૃદય પરસ્પરનો પરિચય મેળવી લે છે. હૃદયપૂર્વકના પ્રેમમાં દિલના દરવાજા ખુલ્લી જાય છે અને મૂકભાષાનો વહેવાર ચાલુ થાય છે. અહીં કવિએ અધ્યાત્મભાવોથી આત્મભાવે મિલન બતાવ્યું છે. આત્મ સ્વસ્વભાવે ન મળે અને પરભાવે મળે તો તે મિલનથી આનંદ પ્રાપ્ત નહીં થાય.

કવિ કહે છે કે મન ભાળ્યા વિના એક બાળક પણ તમારી પાસે આવતું નથી પછી તે બાળક પોતાનું હોય કે અન્ય કોઈનું. એક કૂતરું પણ પ્રેમ જોઈને તમારી પાસે આવી પૂંછડી પટપટાવે છે તથા પગમાં આળોટી પ્રેમ પ્રદર્શિત કરે છે. તો શું માનવ પ્રેમની ભાષા ન જાણે ? પણ જો દિલના દરવાજા ખુલ્લી ગયા હોય તો આનંદ–મંગળ છે. શ્રી આનંદઘનજી કહે છે કે સ્વભાવની એકતા થયા વિના અને મન મળ્યા વિના કોઈ ચેલો પણ થતો નથી. સંસારત્યાગની વાર્તા કાંઈ વાક્ચાતુર્ય કે ત્યાગ વૈરાગ્ય પર આધાર રાખશે નહીં પણ આવનાર વ્યક્તિ તેમનો સદ્ભાવ જોશે અને ત્યાગને બિરદાવશે. ગુરુનો ત્યાગ જોઈ શિષ્ય પણ ત્યાગમાર્ગે આગળ વધશે. ચારિત્રવાન આત્માઓનાં ચારિત્રનો પ્રભાવ વ્યક્તિ તથા સમાજ પર પડતાં ત્યાગીઓ તરફ ભક્તિ ઉમટતા તેમનાં ચરણોમાં સમર્પિત થાય છે.

આ પદ માત્ર બે કડીનું છે પણ એમાં કવિએ ચેતન તથા ચેતનાના મિલાપની સુંદર વાત કરી છે. આ પદમાં વિભાવદશાની નિરર્થકતા ઉપર તથા સંકલ્પવિશુદ્ધિ ઉપર અધિક ભાર દર્શાવ્યો છે. સુંદર રૂપકો યોજી કવિએ આ પદને મનોહર બનાવ્યું છે.





## પદ-૨૫

"क्यारे मुने मिलश्ये माहरो"

અધ્યાત્મમાર્ગની તીવ્ર ઝંખના વિના આત્મપ્રાપ્તિ થતી નથી. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજ એક એવા સાધક છે જે જેમણે આત્મમસ્તી માણતા જ પદોચ્ચારણ કર્યું છે. અધ્યાત્મમાર્ગના સાચા સાધકની દશા કેવી હોય છે તે કવિશ્રીએ રામગ્રી રાગમાં વર્ણવેલ છે.

क्यारे मुने मिलश्ये माहरो संत सनेही....।क्यारे।
संत सनेही सुरीजन पाखे, राखे न धीरज देही....।क्यारे।।

આત્મસ્વરૂપની પ્રાપ્તિના પિપાસુસાધક જેણે આત્માની ભાળ મેળવી લીધી છે તેની પાસે જાય છે અને અંતરની વેદના વ્યક્ત કરે છે. હે સંતો ! મને મારો સ્વામી ક્યારે મળશે ? તેના વિના મને હવે ક્યાંય ચેન પડતું નથી. મારા નાથ વિના મને નથી ઘરમાં ચેન કે નથી મને બહાર ચેન. હે અનુભવી સંતો ! આપે તો તેને જાણ્યો છે. અનુભવ્યો છે. હે પ્રભુ ! મને બતાવો મારો અનંતગુણનિધાન આત્મા ક્યાં સંતાયો છે ? આત્મપ્રાપ્તિ વિના આ અનંતસંસારમાં હું દુઃખ પામી રહ્યો છું.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

જેહ સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદગુરુ ભગવંત.

અનંતસંસાર પરિભ્રમણનું મૂળ કારણ છે, સ્વરૂપનું અજ્ઞાન. આજ સુધી તે જાણ્યું નથી. પણ હે ગુરુદેવ ! આપે તે સ્વરૂપ અનુભવ્યું છે. આપ મને પણ માર્ગ બતાવો. દીપક વડે દીપક પ્રગટે તેમ આપના અનુભવજ્ઞાનથી મારા આત્મદીપ પ્રગટી જશે. આપ જ મારા માર્ગદાતા છો. માટે જ કહ્યું છે,

गुरु विना को नहि मुक्तिदाता, गुरु विना को नहि मार्गगंता
गुरु विना को नहि जाडयहर्ता, गुरु विना को नहि सौख्यकर्ता.... ।।२।।

ગુરુમહિમા અપાર છે, માર્ગ ભૂલેલા પથિક માટે માર્ગ બતાવનાર ભગવંત સમાન છે. કવિ કહે છે કે હે સંતો ? મારા સ્નેહને જાણનાર એવું

શુદ્ધ આત્મસ્વરૂપ અંતર વિના મને ક્યારે પ્રાપ્ત થશે. જેના મનમાં એવી પ્રતીતિ થાય કે આ વસ્તુ મેળવવા યોગ્ય છે તે વસ્તુ મેળવવા પ્રબળ ઝંખના જાગે તથા સતત પુરુષાર્થ ઉપડે તો એ વસ્તુ જરૂર મેળવી શકાય છે અથવા જેણે મેળવી છે તે વ્યક્તિનું માર્ગદર્શન લેવાથી તે વસ્તુ સહજતાથી મેળવી શકાય છે. દુર્લભ વસ્તુ પણ સુલભ બની જાય છે. સદ્‌ગુરુના શરણ વિના કાંઈ સુલભ નથી. પણ સદ્‌ગુરુ કોને કહેવાય ?

તેના માટે શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે,

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, પ્રાણીદયા.......**

જેના કષાયો મંદ પડી ગયા છે. મોક્ષ તરફની સતત લગની લાગી છે વળી જે ગુણાનુરાગી છે. બીજાના પહાડ જેવડા દોષને રાઈ જેવડા જુએ છે અને નાના ગુણને મોટો ગણે છે તેવી વિશિષ્ટદૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ છે તે સદ્‌ગુરુ અથવા સંતપુરુષની કોટિમાં આવી શકે છે. તેથી શ્રી આનંદઘનજી કહે છે કે હે સંતો, મારે વસ્તુતઃ શુદ્ધ આત્મ સ્વરૂપ સાથે અભેદ પ્રીતિ છે. મારો એજ સાચો સ્નેહી છે. આવા ઉત્તમ સ્નેહીનો સંગાથ હતો છતાં પણ હું આજ સુધી અજાણ હતો. મારી વસ્તુ જે મારી પાસે જ હતી તે આપે મને શોધી આપી. ગુરુનાં ઉપદેશથી જણાયું કે આજ સુધી હું જેને મારા માનતો હતો તે બધાં ખોટા છે, પરાયા છે. મારા સાચા સગા કોણ છે તે સમજાયું. હવે હું તેને પામવા ઉત્સુક છું. મારો પ્રભુ મારાથી આટલો નજીક છે તે જાણ્યા પછી મારી ધીરજ રહેતી નથી. હવે મારું લક્ષ્ય તે દિશામાં મંડાયું છે. તેમાં જ મારી સ્થિરતા છે. જેમ-જેમ સ્થિરતા સાધતો જાઉં છું તેમ-તેમ મારા સંબંધીઓથી મારું મિલન થતું જાય છે. તે બધામાં સર્વ પ્રથમ છે સમતા. ત્યારબાદ ક્ષમાદિ દશ યતિ ધર્મો, ઈન્દ્રિય સંયમ, કષાયત્યાગ, યોગ નિરોધ વગેરે શક્તિઓ પ્રાપ્ત થતી જશે.

સાધકને આત્મમિલનની તીવ્ર જિજ્ઞાસા જાગી છે. તીવ્રવ્યથા ઊભી થઈ છે. આવી અંતરદશાનું વર્ણન કવિ બીજી કડીમાં કહે છે:

जन जन आगल अंतरगतनी, वातलडी कहुं केही;
आनंदघन प्रभु वैद्य वियोगे, कीम जीवे मधुमेही....।।क्यारे।। २।।

સ્વરૂપરમણતાના જિજ્ઞાસુ સાધક સંતો પાસે જાય છે અને પોતાના





મનની વાત કરે છે. સાથે સાથે તેને એવું પણ લાગે છે કે હું મારી આ વ્યથા કોની પાસે જઈને કરું ? આવી વાતો ગમે તેની પાસે ન થાય. બધાંને કહેવાથી તો લોકો આપણને મૂર્ખ ગણે. વસ્તુ નજીક હોવા છતાં દેખાતી નથી. અસ્થિરતાને કારણે પદાર્થ જ્ઞાનમાં પણ ભ્રમ ઊભો થાય છે અને એ જ મોટો રોગ છે. જેમ અસ્થિર પાણીના તરંગોમાં પણ અસ્થિરતા જણાય છે તેમ મારા યોગની અસ્થિરતાને કારણે શુદ્ધ સ્વરૂપ જણાતું નથી ને ખોટો ભ્રમ પેદા થાય છે. આજ મહારોગ મને લાગ્યો છે. આવી મારી અંતરવેદનાની વાતો હું કોને કોને જઈને કરું ? હે નાથ ! આપ તો કુશળ વૈદ્ય છો. જેને મધુમેહનો રોગ થયો હોય તે કુશળ વૈદ્ય સિવાય જીવી ન શકે. હે દેવ ! આપ મારા રોગનું નિદાન કરી મને રોગ મુક્ત કરો. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

**આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ,**
**ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન. ।।૧।।**

મારી ભ્રાન્તિના ભાંગનારા પ્રભુ આપ જ છો આપના શુદ્ધ સ્વરૂપની વિચારણાથી તથા ધ્યાનથી મારામાં પણ એવું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થશે. હું મારામાં નિત્યાનંદ પ્રભુને પામી શકીશ. મારા નાથનું પરોક્ષ સ્વરૂપ વિચારતા તેમાં લયલીન બની જતા પણ અનેરો આનંદ અનુભવું છું. ક્ષયોપશમભાવથી સમ્યક્ચેતના ચોથા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાન સુધી તેનો પરોક્ષ અનુભવ કરે છે એટલે કે પરોક્ષપ્રમાણમાં સમાવેશ થાય છે.

શ્રી બુદ્ધિસાગરજી કહે છે કે "ક્ષાયિકભાવથી શુદ્ધચેતના કેવળજ્ઞાનરૂપ છે અને તેનો પાદુર્ભાવ તેરમા ગુણસ્થાનકમાં થાય છે".[૨] અહીં શુદ્ધચેતના ચેતનને પ્રત્યક્ષ મળે છે. ક્ષયોપશમભાવે કે ઉપશમભાવે શુદ્ધ થયેલી ચેતનાને અપેક્ષાએ શુદ્ધચેતના માની શકાય છે.

શુદ્ધચેતના અનુભવને કહે છે કે હવે મારાથી જીવી શકાતું નથી. હું વિભાવદશાથી પીડાઈ રહી છું. મારી આ બીમારીથી કુશળવૈદ્ય સિવાય કોઈ મને મુક્ત કરી શકશે નહીં. હે આનંદઘન પ્રભુ ! મારી બીમારીનું મૂળ આપ જ કાઢી શકશો. આજ હું આર્ત બની ગઈ છું. ઝુરી રહી છું.

આ પદમાં સાધકની કેવી તીવ્ર જિજ્ઞાસા છે, કેવી ઝંખના જાગે છે તે બતાવવામાં આવ્યું છે. આત્માની વાતો સાંભળવાથી કે સ્મરણ કરવાથી

જો શાંતિ છવાઈ જતી હોય તો પ્રત્યક્ષાનુભવથી કેવો ઉત્તમ આનંદ પામી શકાય છે, તે તો અનુભવી જ જાણે છે. કવિશ્રીએ આ બે કડીના પદમાં પરમપદની પ્રાપ્તિ માટેના સાધકના તલસાટને સુંદર પદાવલિમાં અભિવ્યક્તિ આપી છે.





## પદ-૨૯

"अवधू क्या मागुं गुनहीना"

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજ સ્વાનુભૂતિયોગ્ય શબ્દો વડે સાધક આત્માની યોગ્યતાનું દર્શન કરાવતાં કહે છે કે વ્યક્તિ ગમે તે સ્થાને જવા ઈચ્છે પણ ત્યાં જવા માટે તેને યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે. સાધનાનું પ્રથમ પગથિયું છે નમ્રતા. વિનમ્ર આત્મા, આધ્યાત્મિક સાધના માટે યોગ્ય ગણાય છે.

ઘડામાં પાણી ભરવું છે. પણ જો ઘડામાં કાંકરા ભર્યા હોય તો તે ઘડો પાણીથી ભરાશે નહીં પણ ખાલી હોય તો સહેલાઈથી ભરી શકાય છે. તેવી રીતે સાધકમાં અભિમાન ભર્યું હશે તો હૃદયરૂપ ઘટમાં જ્ઞાનરૂપ પાણી ભરી શકાય નહીં, પણ હૃદયરૂપ ઘટ ખાલી હશે તો જ્ઞાનીપુરુષોની વાણીરૂપ પાણી ભરી શકાશે.

કવિશ્રી આ પદનો પ્રારંભ કરતા કહે છે,

अवधू क्या मागुं गुणहीना, वे गुन गनन प्रवीणा....।।अवधू।
गाय न जानुं, बजाय न जानुं, न जानुं सुरभेवा;
रीझ न जानुं, रीझाय न जानुं, न जानुं पदसेवा....।।अवधू।।१।।

કવિ પ્રભુને કહે છે કે હે પ્રભુ ! હું તારી પાસે શું માગું ? કારણ કે હું તો ગુણહીન છું. મને સમજાતું નથી હું તારી પાસે કેવી રીતે આવું અને શું માંગુ ? મને જોઈએ તો છે તારા જેવું પરમાત્મપદ, એટલા માટે હું તારી પાસે આવ્યો છું. કારણકે તું તો ગુણનો ભંડાર છે. તારા ગુણો ગણવાની મારી તો કોઈ તાકાત નથી, પણ અનેક સંતો અને ઋષિઓ પાસેથી સાંભળ્યું છે કે તું અનંત ગુણનિધાન છે. શ્રી માનતુંગાચાર્યજી કહે છે,

वकतुं गुणान गुणसमुद्र शशाङ्क कान्तान।
कस्ते क्षमः सुर गुरु प्रतिमोऽपि बुध्धया।।१।।

છતાં પણ હું આપની ભક્તિને વશ બનીને અલ્પમતિ હોવા છતાં ગુણો ગાવા બેઠો છું કારણકે આપના એ પરમપદને પામવા આપની પાસે આવ્યો છું. આપના ગુણકીર્તન કરતાં મને તો આવડતા નથી. આપના

કયા–કયા ગુણોને સ્તવના થઈ શકે તેનો પણ મને વિવેક નથી. ગાતા તો આવડતું નથી પણ ગાયકો પાસે કેવાં–કેવાં વાજિંત્રો હોય તેનું તથા તેને બજાવવાનું પણ મને જ્ઞાન નથી. ગાયકો આપની પાસે વિધ–વિધ સૂરોમાં ગાઈ પોતાની ભક્તિ રજૂ કરે છે. મારો સૂર પણ એવો મીઠો મધુરો નથી. અનેક પ્રકારના છંદો કે બાવણીના રાગ પણ હું જાણતો નથી. આ ધૈવત રાગ છે કે ગાંધાર છે? તેની પણ મને ખબર નથી. મારા મધુરરાગના અભાવે હું આપને રીઝવી પણ શકતો નથી. સૂર કે સૂરના વિવિધ રાગ વિના ભક્તિ કેમ થાય? અરે! કોઈ વખત તો ગાયકો બિરદાવલીથી રાજાને બિરદાવે છે અને સુંદર રાગમાં ગુણાવલી ગાય છે. જેથી રાજા–મહારાજા રીઝાય અને ઉત્તમ ભેટ અર્પણ કરે છે. પણ પ્રભુ મારામાં તો એવી પણ કોઈ શક્તિ નથી તેથી રીઝતા કે રીઝવતા પણ આવડતું નથી. મારી અણઆવડતની કોઈ સીમા નથી તેથી એમ થાય છે કે આપના ચરણની સેવા કરું પણ પ્રભુ સેવક થવું સહેલું નથી કારણ કે સેવકના જેવી મારામાં નમ્રતા નથી. મને સેવાધર્મ બજાવતાં પણ આવડતો નથી. વળી ચરણસેવા કયા કયા પદાર્થોથી કરવી, કેવા મંત્રોચ્ચાર વડે કરવી, વસ્ત્ર તથા નૈવેદ્યની કઈ સામગ્રી લાવવી તે વિધિ પણ હું જાણતો નથી તો પછી પ્રભુ આપજ કહો મારે શું માગવું. કવિશ્રી બીજી કડીમાં કહે છે,

વેદ ન જાનું કિતાબ ન જાનું, જાનું ન લક્ષણ છંદા;
તરકવાદ વિવાદ ન જાનું, ન જાનું કવિ ફંદા...।।અવધૂ... ।। ૨।।

હું વેદ, કુરાન કે છંદશાસ્ત્ર વગેરે કાંઈ જાણતો નથી. વાદ–વિવાદ કરવા મારી પાસે તર્કજ્ઞાન નથી. તેમજ મારામાં કવિત્વ શક્તિ પણ નથી. આવો સર્વથા શક્તિ હીન હું આપની પાસે કેવી રીતે આવું? અને શું માગું?

હિન્દુ ધર્માનુસાર વેદ સર્વથી જૂનો ગ્રંથ છે તથા વેદ અપૌરુષેય છે તેમ કહેવાય છે. જેની ઉત્પત્તિ કોઈ માનવથી નહીં પણ સાક્ષાત્ ઈશ્વરથી થઈ હોય તેને આગમ કહેવામાં આવે છે. વેદને પણ આગમરૂપ માનવામાં આવે છે. વેદ ચાર છે. તેમાં ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ. આ ચાર વેદમાં ઋગ્વેદ અધિક પ્રસિદ્ધ છે. પરંતુ હે પ્રભુ! મને તો એક વેદનું પણ જ્ઞાન નથી.





મુસલમાનનું કુરાન કે વીતરાગપ્રણિત જૈન આગમ જેમાં મહાસાગર સમું જ્ઞાનજળ ભર્યું છે પણ હું આ વિશાળ આગમોને ન્યાય આપી શકું અથવા સ્વપક્ષ દ્વારા પરપક્ષનું ખંડન–મંડન કરી શકું તેટલું જ્ઞાન પણ મારામાં નથી. કુરાન, બાઈબલ, અવસ્તા વગેરે વાંચી, વિચારી તેના દૃષ્ટિબિન્દુઓ સમજવા તે આત્મજ્ઞાનીનું લક્ષ્ય હોય છે પણ હું તો તે પણ જાણતો નથી. મને છંદશાસ્ત્રનું પણ જ્ઞાન નથી. કયા છંદમાં કેટલી માત્રા વૃત તથા ક્યો છંદ કેટલા ગણોનો હોય, તેમાં સમ તથા વિષમ શું છે? વગેરે જે છંદશાસ્ત્રનાં લક્ષણો છે તેનાથી હું અજ્ઞાન છું. વળી આવા જ્ઞાનાભાવે કવિતા રચવાની શક્તિ પણ હું ધરાવતો નથી. જો એમ હોય તો કવિતા દ્વારા પણ હું આપના ગુણાનુવાદ કરું.

એક અનુભવીએ કહ્યું છે,

પિંગલ પાઠ પઢયા વિના કાવ્ય કરે કવિ હોય
વળી વ્યાકરણ વિના વદે, વાણી વિમળ ન હોય.

વ્યાકરણ કે કવિતાની પદ્ધતિના જ્ઞાન વિના બોલવું તે તો નિરર્થક છે. હે નાથ! વસ્તુની ઘટના જેવા કે હેતુ, દૃષ્ટાંત, ઉપનય, વ્યાપ્તિ વગેરે પાંચ પાંચ અંગ તર્કના પ્રમાણનય તત્ત્વાલોકમાં બતાવ્યા છે. આ રીતે તર્ક વડે વ્યાપ્તિ કરી વસ્તુનું યથાર્થ જ્ઞાન કરવું તેમજ વિવાદના નિયમ મુજબ પક્ષ–પૂર્વ– ઉત્તરપક્ષ, તર્ક, પ્રમાણ દૃષ્ટાંત વગેરે છે તેના વડે વિવાદમાં વિજય મેળવી શકાય એવી શક્તિ પણ મારામાં નથી. હે પ્રભુ! કવિતા બનાવવા માટે મારી પાસે કવિત્વશક્તિ પણ નથી. તેમજ રસ, અલંકાર, વિભાવ, અનુભાવ, સ્થાયીભાવ વગેરે વિભેદો જાણવા જોઈએ તથા તેનું જ્ઞાન હોવું જોઈએ તે પણ મારામાં નથી. ખરેખર, હું કોઈ પણ યોગ્યતા યુક્ત નથી. યોગભ્રષ્ટ, માર્ગભ્રષ્ટ આપની પાસે યાચના કરવા આવ્યો છું પણ પ્રભુ હવે હું શું કરું કે આપના જેવા સ્વરૂપને પામી શકું? હવે કવિશ્રી આનંદઘનજી કહે છે,

જાપ ન જાનું જુવાબ ન જાનું, ન જાનું કથવાતા;
ભાવ ન જાણું ભગતી ન જાણું, જાનું ન સીરા તાતા...।।અવધૂ।। ૩।।

હું જાપ જાણતો નથી. કોઈને પ્રત્યુત્તર દેવાનું જાણતો નથી. મને કથાવાર્તાનું જ્ઞાન નથી. ભાવોની રુચિ તેમજ ભક્તિની રીત હું જાણતો

નથી. મને કથાવાર્તાનું જ્ઞાન નથી. શું ઠંડુ અને શું ગરમ ? કયા કારણથી ઠંડુ–ગરમ થાય છે તે પણ હું સમજી શકતો નથી. બોલો પ્રભુ ! હવે હું આપની પાસે શું માગું ?

હે નાથ ! કહેવાય છે કે પરમાત્મપદ લેવા માટે પરમાત્મસ્વરૂપનું રટણ કરવું જોઈએ તેમજ તેના નામનો જાપ કે અજપાજાપ જાણતો નથી. માળા વિના શાબ્દિક કે માનસિક જાપ કરવાની કળા મારામાં નથી. નવાકારવાળી હાથમાં કેમ પકડવી તથા કઈ આંગળીથી મણકા ફેરવવાના તથા માળા નીચે રાખવી કે હૃદય સામે તેની વિધિ પણ હું જાણતો નથી.

વળી આપના વિષે કે આત્મા વિષે મને કોઈ પૂછે તો આપ કેવા છો ? આપનું સ્વરૂપ કેવું છે ? આપનો આનંદ તેમજ અનુભૂતિ કેવી છે તે પણ જાણતો નથી કે જેથી પૂછનારને સંતોષ થાય તેવો જવાબ આપી શકું.

શ્રી મોતીચંદભાઈ કાપડિયા લખે છે “પ્રભુ ભક્તિ કરતાં કરતાં ભક્ત, ભગવાન બની જાય છે વળી પ્રભુ ! આપની ભક્તિ કેવી રીતે કરી શકાય છે તે પણ હું જાણતો નથી. ‘ચિત્ત પ્રસન્ન રે, પૂજન ફળ કહ્યું રે’ એનું રહસ્ય હું જાણતો નથી અને આપની ભક્તિમાં એવી ચિત્તની પ્રસન્નતા થઈ હોય, એવો અપૂર્વ વીર્યોલ્લાસ થયો હોય કે એવી અપૂર્વ આત્મજ્યોતિનું દિવ્યદર્શન થઈ ગયું હોય એમ મારા ધ્યાનમાં નથી અને એનું કારણ તે ભક્તિ માટે કેવા પ્રકારનો ભાવ જોઈએ, કેવી ઊંચી રુચિ જોઈએ, કેવી દૃઢ સદ્હણા જોઈએ તેનું મને વાસ્તવિક ભાન નથી. ભાવ વિના ક્રિયા કેવી છે. તે વિષે કવિ લખે છે,

ભાવ વિના દાનાદિકા, જાણો અલૂણો ધાન,
ભાવ રસાંગ માયા થકી, ત્રુટે કર્મ નિદાન.૧

ભાવ વિના અનેક ક્રિયાઓ કરી પણ यस्मात् क्रिया प्रतिक लन्ति न भावसून्या। ભાવ વિના ચિત્તની ચંચળતા કરી હશે, જેથી આપનો સાક્ષાત્કાર કદી થયો નહીં. આજ સુધી હું તો ઓઘે ભક્તિ કરતો હતો. મને સ્પષ્ટબોધ નહતો કે હું આપની ભક્તિ આપના ગુણકીર્તન કરી શકું. ભક્તિનું સ્વરૂપ સમજ્યા વિના તથા ભાવરસાંગ મેળવ્યા વિના ભક્તિ





કરતો હોવાથી આજ સુધી કરેલ ભક્તિ આત્મઋધ્ધિ ઉત્પન્ન કરનાર થઈ નહીં, પણ નિષ્ફળ ગઈ એ જ મારું અજ્ઞાનપણું છે.

હે દેવ ! મારા પ્રભુ ! મારી આવી કરુણાજનક સ્થિતિ છે માટે જ કહું છું કે આપની પાસે હું કેવી રીતે આવું અને શી યાચના કરું તે જ મને સમજાતું નથી. હે કૃપાનાથ ! મારા ઉપર કૃપા કરો અને મને માર્ગદર્શન આપો.

કવિશ્રી આનંદઘનજી ચોથી કડીમાં કહે છે,

ग्यान न जानुं विग्यान न जानुं, न जानुं भजनामा;
आनंदघन प्रभुके घर द्वारे, रटन करुं गुणधामा...।।अवधू।। ४।।

મોતીચંદભાઈ કાપડિયા લખે છે કે જ્ઞાન એટલે સામાન્યદર્શન અને વિજ્ઞાન એટલે વિશિષ્ટદર્શન એવો પણ અર્થ થઈ શકે છે. ત્યારે ટબાકારના મતે જ્ઞાન એટલે ગુરુદત્ત જ્ઞાન અને વિજ્ઞાન એટલે આત્મા સંબંધીજ્ઞાન એવો અર્થ પણ થાય છે. હે પ્રભુ ! આપના પ્રત્યક્ષ દર્શન થઈ શકે તેવું જ્ઞાન તો નથી પણ પરોક્ષજ્ઞાનનો પણ મારામાં અભાવ છે. તે જ્ઞાન બે પ્રકારે છે. ‘સ્પષ્ટ પ્રત્યક્ષમ્’ જ્ઞાનાવરણાદિ ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થતું જ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન છે. પરંતુ પ્રત્યક્ષ જ્ઞાનના બે ભેદ છે જેમકે तद् विकलं सकलं च “અવધિ, મનઃપર્યય વિકલ પ્રત્યક્ષ, કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે. મતિ–શ્રુતજ્ઞાન પરોક્ષ જ્ઞાન છે તે પણ મારામાં નથી. સામાન્યજ્ઞાન અને દર્શન પણ નથી તો વિશેષ બોધ કરી વિજ્ઞાન પ્રાપ્ત કરવાની તો વાત જ ક્યાં રહી ? વળી ચિત્રકળા, શિલ્પકળા કે વાદ્યકળા વગેરે વૈજ્ઞાનિક ઢબની કળા પણ હું જાણતો નથી. અરે ! ચિત્રકળા કે શિલ્પકળા જાણતો હોત તો આપની મૂર્તિ કંડારી તેમાં એવો તલ્લીન બની જાત કે મારા અને આપનામાં કોઈ ભેદ ઊભા જ ન રહેત. વળી વાદ્ય વગાડતાં આવડતું હોત તો જેમ મોરલીના સૂરમાં, સર્પ મગ્ન બની જાય છે ને ફેણ માંડી ડોલવા લાગે છે તેમ હું પણ વાદ્ય વગાડી આપને મારી પાસે બોલાવી શકત અથવા વાદ્યના તાલમાં એકાકાર થઈ આપના જેવી સ્થિતિને પ્રાપ્ત કરી શકત. પણ હું તો એ પણ જાણતો નથી. તેથી હે પ્રભુ ! તમે મારામાં યોગ્યતા પ્રગટાવો. તમે સત્યરાહના રાહબર છો માટે મારો હાથ પકડો.

કવિશ્રીએ આ પદમાં પોતાની લઘુતાનું દર્શન કરાવ્યું છે. કહેવાય છે કે "લઘુતાથી પ્રભુતા મળે, પ્રભુતાથી પ્રભુ દૂર". લઘુતા તથા નમ્રતા માનવને મહાન બનાવે છે. આત્મરૂપ હીરાને મેળવવા માટે ઉત્તમસાધક પ્રભુ પાસે નમ્ર બની પ્રાર્થના કરતાં હોય છે. કવિ ઉચ્ચ પ્રકારના સાધક છે. સ્વયંમાં અનેક ગુણોનું પ્રાગટય હોવા છતાં કવિ પોતાનામાં ગુણહીણતાના દર્શન કરે છે. પ્રભુ પાસે પોતાના દોષનું વર્ણન કરતાં શ્રી રાજચંદ્રજી કહે છે,

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હું ય;

એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય... આત્માને જ્યારે સ્વદોષ દર્શન થાય ત્યારે તે દોષમુક્ત બની શકે છે. કવિ કહે છે કે હું બીજું કાંઈ જાણતો નથી. બસ હું તો પરમાત્મપદનું રટણ કર્યા કરું છું. અનેક પ્રકારના રટણની વિષય-કષાય ઓછા થાય છે તથા ઉદાસીનતા આવે છે. પ્રભુપદનું રટણ સાધકજીવનનું પ્રથમ સોપાન છે.

હે પ્રભુ ! આપ ત્રણે કાળમાં પૂર્ણ છો અને આપની પાસે પૂર્ણતાનું દાન લેવા હું આવ્યો છું. અણઘડ પથ્થર જેવો હું, આપ તો ઘડવૈયા છો. પથ્થરને કંડારી સુંદર મૂર્તિ બનાવી આપના જેવો મને બનાવો.

આ પદમાં અધ્યાત્મયોગી કવિ શ્રી આનંદઘનજીએ સાધનાના પ્રથમ સોપાન તરીકે નમ્રતાનું મહત્ત્વ પાણીના ઘડાના દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે. સદ્‌ગુરુને ભગવંત રૂપે જુએ છે અને કહે છે કે સતમાર્ગના ભોમિયા જ આત્મપ્રાપ્તિનો માર્ગ બતાવી શકે છે પણ પોતે અલ્પમતિ હોવાથી તે સમજી શકતો નથી. પોતાની અલ્પમતિનું વિવિધ દ્રષ્ટાંતો દ્વારા નિરૂપણ કરીને કવિએ પ્રભુપ્રાપ્તિની ઝંખનાને સઘન રીતે આલેખી છે. સાથે પોતે એવી દશા અનુભવી રહ્યા છે કે જ્યાં ઠંડા-ગરમનો ખ્યાલ સુધ્ધાં નથી. આમાં કવિશ્રીની ઘણી ઉચ્ચદશાની ઝલક જણાઈ રહી છે.





# પદ-૨૭

"अवधू राम राम जग गावे"

શ્રી આનંદઘનજી મહારાજ જે કાળમાં પૃથ્વીપટ પર વિચરતાં હતા તે સમય કેવો દુષમ અને સંઘર્ષ ભર્યો હતો તેનું દર્શન આ પદમાં થાય છે. દરેક સર્જકના સાહિત્યમાં, તત્કાલીન સમાજ તથા સ્થિતિનો પ્રભાવ થોડે ઘણે અંશે પડયા વિના રહે નહીં.

કવિ આનંદઘનજી 'આશાવરી રાગમાં' લખાયેલ આ સત્તાવીસમા પદમાં કહે છે,

अवधू राम राम जग गावे, विरला अलख लगावे....।।अवधू।
मतवाला तो मतमें माता, मढवाला मठराता;
जटा जटाधर पटा पटाधर, छता छताधर ताताः ।।अवधू.... ।।१।।

સંસારની ઉપાધિઓથી સંતપ્ત માનવ, શાંતિ માટે પ્રભુનું શરણ શોધે છે અને રામનામનું રટણ કર્યા કરે છે, પણ અજ્ઞમાનવ જાણતો નથી કે રામ ક્યાં છે ? કોણ છે ? તથા તેનું સ્વરૂપ કેવું છે ? તથા અસલ સ્વરૂપમાં રામને પામવા શું કરવું જોઈએ તે તે જાણતો નથી. ફક્ત રામ-રામ ગાવાથી કે તેમના નામના નારા લગાવવાથી રામ મળતા નથી. પરંતુ રામધૂનમાં તન્મય થતાં રામ નજીક આવે છે. એક કવિએ કહ્યું છે,

એક રામ દશરથ ઘર ડોલે, એક રામ ઘટો ઘટ બોલે,
એક રામ જગત પસારા, એક રામ જગસે ન્યારા.

વિશ્વમાં એક રામ નથી. એક દશરથ પુત્ર રામ છે. બીજા રામ દરેક જીવોના ઘટમાં વસ્યા છે. ત્યારે કોઈ કહે છે કે રામ તો વિશ્વવ્યાપી છે. સંતે છેલ્લી પંક્તિમાં મર્મ ખોલી વાત કરી છે કે ઉપર બતાવેલ રામની વચ્ચે પણ એક રામ વસે છે, જે સહુથી ન્યારા તથા નિરાલા છે. તે છે આતમરામ. 'રામ' શબ્દની વ્યાખ્યા એ છે કે 'रमते इति रामः' નિજ સ્વભાવમાં રમણ કરે તે રામ, પણ જગતનાં લોકો સ્વભાવ- વિભાવને જાણતા જ નથી અને ભાવ વગર માત્ર મોઢેથી તોતા રટણ કર્યા કરે છે. જેથી રામનું વાસ્તવિક સ્વરૂપ પ્રાપ્ત થઈ શકતું નથી. હે આનંદઘન

આત્મા ! જગતના જીવો 'રામ' 'રામ' એવો જાપ કરે છે પણ તેના અલક્ષ્ય સ્વરૂપને ભૂલી ગયા છે. જગતમાં સહુ પોતપોતાના ઈષ્ટ દેવને રટતા હોય છે. પણ વાસ્તવિક સ્વરૂપ ભાગ્યે જ કોઈ જાણતું હશે. પોતાના આત્મરામને જગાડવા દરેક સાધકે અલખ સાધના કરવી પડે છે. પણ પ્રભુ ! મને તો ઈશ્વર પ્રાપ્તિ અર્થે વિધ-વિધરૂપો જગતમાં જણાય છે. સહુ કોઈ પોતાની માન્યતાનુસાર ઈશ્વરના રૂપને સમજે છે તથા મત સ્થાપના કરી પોતાના મતના આગ્રહી બની જાય છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે.

અથવા મત દર્શન ઘણા

તેમાં મત સાચો ક્યો બને ન એહ વિવેક.

કોઈ રામને, કોઈ રહેમાનને, કોઈ ઈસુને, તો કોઈ જિનને જપતા હોય છે. પણ તેનું સત્ય સ્વરૂપ બહુ ઓછા લોકો જાણે છે. બોધ્ય, સાંખ્ય, મીમાંસક વગેરે ભિન્નભિન્ન મતવાળા પોતાના મતમાં મસ્ત રહે છે. કબીરપંથી, દાદુપંથી, નાનકપંથી અને બીજા અનેક પંથવાળા પોતાના મતના આગ્રહી બની બેઠા છે. બધા મઠાધીશો પોતાના અનુયાયીઓની સંખ્યા વૃદ્ધિમાં રચ્યા-પચ્યા રહે છે. તેઓ ઘણા ખરા સ્વમતના અતિ આગ્રહી હોવાથી ધર્મનું વાસ્તવિક સ્વરૂપ વિસ્મૃત થઈ ગયું છે. તેઓ સ્વપ્નમાં પણ વિચારી શકતા નથી કે પોતાના સિવાય બીજે પણ ક્યાંય ધર્મ હોઈ શકે. કેટલાક જૈનો પણ 'જિન' નામના નારા લગાવે છે પણ તેનું સ્વરૂપ સમજ્યા વિના તેઓ ભુલાવામાં પડી ગયા છે. કહ્યું છે કે "लोका बर्हिबुधयः લોકો બાહ્યદૃષ્ટિને કારણે અલક્ષ્યનું સ્વરૂપ સમજી શકતા નથી. કબીર કહે છે કે લક્ષ્યના ઉપયોગ વિના કેવળ રામ-રામનું સ્મરણ કરે તે સર્વ અંધ સંસારીઓ સમજવા". મઠવાસી એટલે આવેલા અભ્યાગતોની મઠમાં પરિચર્યા કરનાર એવા મઠવાસી મઠમાં માતા એટલે કે મગ્ન થઈ ગયા છે. તેમાં જ રત થઈ ગયા છે. તો વળી કોઈ સંન્યાસ ગ્રહણ કરી જટાધારી બનવામાં ધર્મ માને છે. જટાને જ સર્વ સિદ્ધિનું કારણ માની જટા વધારે છે. તો વળી કોઈ છતા એટલે પૃથ્વીપતિ બની, ક્ષત્રિયત્વની ખુમારીથી શત્રુઓનો સંહાર કરી, ગરીબોનું રક્ષણ કરવામાં સિદ્ધિ માને છે. પરંતુ અલક્ષ્યનું વાસ્તવિક સ્વરૂપ તો કોઈ





વિરલા જ જાણે છે. માટે જ કહેવાય છે કે "धर्मस्य तत्त्वं निहित्तं गुहायाम्" ધર્મનું ગૂઢ તત્ત્વ ગુફામાં સમાયેલું છે. તે ગુફા કઈ છે તે વિચાર કરવાથી સમજાશે. તે ગુફા છે મતરાગ ( દૃષ્ટિરાગ ) દૂર કર્યા પછી વિશુધ્ધ થયેલી ચિત્તવૃત્તિરૂપ ગુહા છે. આજ આવી ચિત્તગુહામાં ધર્મને ભંડારી દેવામાં આવ્યો છે તથા ઈચ્છાનુસાર લોકવ્યવહાર ચલાવે છે. આ સ્થિતિ જોતાં શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે

आगम पढि आगमधर थाके, मायाधारी छाके;

दुनियादार दुनि सें लागे, दासा सब आशाके... ।।अवधू... ।।२।।

આ સંસારના સ્વરૂપનું દર્શન કરાવતાં શ્રી આનંદઘનજી કહે છે કે વેદપાઠીઓ વેદ ભણીને, ગીતાપાઠીઓ ગીતા પાઠ કરીને તથા જિનાગમ જાણનારાઓ જિનાગમ ભણીને તથા વાતો કરીને થાકયા છે. આગમ શબ્દ અધિકતર જૈનોમાં વપરાય છે. રાગાદિ ષટરિપુને જીતી કેવળજ્ઞાન પ્રગટયા પછી જે વચનપ્રયોગ થાય તે આગમ કહેવાય છે. એટલા માટે દ્વાદશાંગરૂપ આગમ તીર્થંકર પ્રણિત માનવામાં આવે છે. હિન્દુ ધર્માનુસાર વેદ આગમ છે કારણકે જે આગમ હોય તે અપૌરુષેય હોય છે. વેદ અપૌરુષેય છે માટે આગમ છે. આપ્તપુરુષની વાણી તે આગમ અને સંતો, મહંતો, આચાર્યો કે સત્પુરુષપ્રણિત વાતો કે ઉપદેશને પુસ્તિકારૂપે રજૂ કરવામાં આવે તો તેને 'ગ્રંથ' કહેવામાં આવે છે. તો કવિ કહે છે કે સર્વજ્ઞ કથિત આગમનો અભ્યાસ તો ઘણો કર્યો પરંતુ રાગ-દ્વેષની મંદતા કરવાની હતી તે કરી નહીં પણ તેથી વિપરિત મમત્વયોગે ગચ્છના ભેદે એકાંત ખંડનમંડનમાં પડીને યોગ્ય વર્તન ન થતાં આગમોથી ઉદ્ધાર થયો નહીં તથા શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ નહીં.

માયાને ધારણ કરનારાઓ માયામાં છકી ગયા છે. માયા એટલે કપટબાજી. માયા એટલે પૈસો. આજે લોકો ધર્મના ભૂખ્યા નથી પણ ધનના ભૂખ્યા છે. તેઓ ધનના લોભે વિધ-વિધ પ્રકારે માયાના ખેલ કરે છે.

માયાવાદી વેદાંતીઓ 'જગત માયામય' છે તે માની પુરુષ અને પ્રકૃતિનાં સ્વરૂપમાં અન્ય સત્ય હકીકત લક્ષ્યમાં લેતા નથી. આવા એકાંતવાદીઓ પુરુષાર્થ કરવા છતાં અલક્ષ્યના સ્વરૂપને પામી શકતા નથી. તો પણ આખુંયે જગત એક આશાના તારે બંધાઈ રહ્યું છે. તેથી

તેઓ અલક્ષ્ય સ્વરૂપને વિચારી પણ શકતા નથી. આ રીતે આગમધારીઓ, માયાચારીઓ પોત–પોતાના કાર્યમાં આસકત છે. કવિશ્રીએ આગમધારી અને મઠધારીઓને આશાના દાસ કહ્યાં છે. એ ખાસ લક્ષ્યમાં લેવા જેવી બાબત છે. આશા એક ધનની જ નહીં પણ માન–પ્રતિષ્ઠા મેળવવાની, પદવી પ્રાપ્ત કરવાની, શિષ્ય, પુસ્તક, ઉપાધિ એકઠી કરવાની આશા પણ પુદ્‌ગલાનંદીપણાને કારણે સંસારમાં રઝળાવનારી છે. બહિરાત્મભાવની દશા છે, જે એકાંતવર્જ્ય છે. સમાજની તથા ધર્મધુરંધરોની આવી સ્થિતિ જોઈ સંત હૃદય કરુણાથી ભરાઈ જાય છે અને હૃદયમાંથી શબ્દો સરી પડે છે.

बहिरातम मूढा जग जेता, माया के फंद रहेता।
घटअंतर परमातम भावे, दुरलभ प्राणी तेताः ।। अवधू.... ।।३।।

જે જીવો પોતાના મતના આગ્રહી છે તેમજ ધર્મના બહાના નીચે રળી ખાનાર છે તે ખરેખર આશાના દાસ છે. તેઓ ખરેખર બહિરાતમ્‌ભાવમાં મુંઝાઈ રહ્યા છે. શરીર, ધન તથા સુવિધાઓમાં રાચનારા બહિરાતમ્‌ભાવયુક્ત હોય છે. લોકો પોતાના અભિમાનનું પોષણ કરે છે તથા માયાફંદનું સેવન કરી મત વિસ્તારમાં રહે છે. સમાજની આ સ્થિતિ પર કટાક્ષ કરતાં શ્રી આનંદઘનજી મહારાજે ચૌદમા તીર્થંકરનાં સ્તવનમાં કહ્યું છે,

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયા કલિકાલ રાજે.

જેઓ પોત–પોતાના ગચ્છમાં પડયા છે તથા તેમાં જ ધર્મ છે એમ માને છે તેવા ગચ્છાધિપતિઓ તત્ત્વની મોટી–મોટી વાતો કરવામાં લાજ પણ અનુભવતા નથી. વળી જેના વિચાર કે વર્તનમાં તત્ત્વનું નામ–નિશાન નથી તેવા લોકોના મોઢામાં ઉચ્ચ તત્ત્વની વાતો શોભતી નથી. તેઓ યશ–કીર્તિ તથા પેટ ભરવા ધાર્મિક કાર્યો કરે છે. પણ ખરેખર મોહરાજાએ તેમને ઘેરી લીધા હોય છે. તેઓ આત્મતત્ત્વ જાણવા પુરુષાર્થ કરતા નથી, પણ ગચ્છવિસ્તાર તેમજ ભક્તગણોની વૃદ્ધિમાં જ ઇતિશ્રી માની લે છે તથા ઈચ્છાપૂર્તિ તેમજ સુવિધાપૂર્તિ ને જ સત્યધર્મ માને છે. ખરેખર તેઓ બહિરાત્મભાવી છે.





પરમાત્માનું ચિંતન કરનારા ઘણા ઓછા માણસો હોય છે પણ ધર્મને નામે ઢોંગ ચલાવનારા ઘણા હોય છે. માથું મુંડાવી મનનું મુંડન કરનારા ઘણા ઓછા હોય છે. પરંતુ પરમાત્મભાવની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવામાં પાંગળાજીવો સાવ નકામા છે. આવા જીવો રેતીમાંથી તેલ કાઢવા પુરુષાર્થ કરે છે, જેનું પરિણામ શૂન્ય હોય છે. કવિ છેલ્લી કડીમાં કહે છે,

खग पद गगन मीन पद जलमें, जो खोजे सो बौरा;
चित्त पंकज खोजे सो चिन्हें, रमता आनंद भौरा... ।। अवधू... ।।४।।

જે માણસ પક્ષીનાં પગલાં આકાશમાં અને માછલીનાં પગલાં પાણીમાં શોધે છે તેઓ ખરેખર મૂર્ખ માણસ છે. જમીન પર ચાલતાં માનવ પ્રાણી કે તિર્યંચ પ્રાણીનાં પગલાં શોધી શકાય છે કારણ કે જમીન પર તેની નિશાની થોડો સમય પણ યથાવત્ જેમ છે તેમ રહે છે પરંતુ આકાશ તથા પાણીમાં તેમ બનતું નથી, માટે આવા અજ્ઞાની પ્રાણીઓની મહેનત નિષ્ફળ જાય છે. તેવી રીતે બહિરાત્મભાવમાં રમનારા પરમાત્માભાવનું શોધન કરે છે તેથી તેનો પ્રયાસ તદ્દન નકામો નીવડે છે. કોઈ મોઢેથી રામ–રામ રટણ કરે છે, કોઈ અર્હમ્–અર્હમ્‌નું ઉચ્ચારણ કરી જાપની ધૂન લગાવે છે પણ અર્હમ્‌નું વાસ્તવિક સ્વરૂપ જાણતા નથી. જો તે પોતાના અંતર મનમાં શોધે તો પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. પરંતુ ધર્મના નામે ધતિંગ કરનારા તેમજ બહિરાત્મભાવમાં રાચનારા માટે કવિ કહે છે,

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે મર્મ

આવી રીતે મોક્ષનો અભિલાષી ધર્મ–ધર્મનું રટન કરતો મંદિરે મસ્જિદે તથા તીર્થધામોમાં ફર્યા કરે છે પણ ધર્મનો મર્મ સમજતો નથી. તેથી તેનું જ્ઞાન કે ઉપદેશ એકડાં વિનાનાં મીંડા જેવું બને છે.

પરમાત્મા, મંદિર, મસ્જિદ કે કોઈ બહારનાં સ્થાનમાં નથી પણ તેને અંતરમાં શોધતા સહજ પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવની દશા કસ્તુરીમૃગ જેવી છે. બહારમાં ઈશ્વરની શોધ આકાશ–કુસુમવત્ છે. માટે જે પોતાના હૃદયકમળમાં ઈશ્વરની શોધ કરે છે તે આત્મ રમણ કરતાં–કરતાં આનંદસ્વરૂપ સ્વાત્મ ભ્રમરને ઓળખી શકે છે. તે માટે મનને વૈરાગ્ય તથા જ્ઞાનજળથી વિશુદ્ધ બનાવવામાં આવે તો તેના પર વિશુદ્ધ

આત્માનું પ્રતિબિંબ પડે છે. તે માટે લક્ષ્ય આત્મભાવમાં રત રહેવાનું રાખવું. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ સાહેબ લખે છે કે જે આત્મતત્ત્વનાં જિજ્ઞાસુ–સૂક્ષ્મદૃષ્ટિ ધારક ભવ્યાત્મા હૃદયકમલમાં સત્ચિત આનંદમય આત્મ ભ્રમરને શોધે છે તે પરિપૂર્ણ આનંદને પામે છે.

અંતરાત્મભાવના શોધન માટે શ્રી મોતીચંદ કાપડિયા લખે છે, ચિતપંકજને શોધવામાં યોગને અંગે હૃદયમંડળ, નાભિમંડળ ઉપર કમળની પાંખડીની કલ્પના કરી તેમાં નવ–સોળ વગેરે અક્ષરો સાથે પદમંડળની સ્થાપના કરી પદસ્થધ્યાન કરવામાં આવે છે. ૨

પદસ્થધ્યાનનો અર્થ જ થાય છે કે શબ્દરૂપી પદો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું. શબ્દની ઉત્પત્તિ સ્વર અને વ્યંજનથી થતી હોય છે એટલા માટે આ ધ્યાનને वर्णमातृका નું ધ્યાન પણ કહેવાય છે. શ્રી શુભચંદ્રાચાર્યજીએ પોતાના ज्ञानार्णव ગ્રંથમાં વર્ણવ્યું છેઃ

ध्यायेद् अनादि सिद्धांतप्रसिद्धां वर्णमातृकाम्।
निःशेष शब्दविन्यास-जन्मभूमिं जगन्नताम्।।

શરીરમાં ત્રણ કમળોની કલ્પના કરોઃ

(૧) નાભિકમળઃ– નાભિમાં સોળ પાંદડીઓવાળા કમળની સ્થાપના કરી, દરેક પાંદડી ઉપર अ, आ વગેરે ૧૬ સ્વરોની સ્થાપના કરવી અને તેનું ધ્યાન કરવું.

(૨) હૃદયકમળઃ– હૃદયમાં ચોવીસ પાંદડીઓવાળું કમળ કલ્પવાનું છે. કર્ણિકામાં क અને ૨૪ પાંદડીઓમાં બાકીના ૨૪ વ્યંજન (ખ, ગ, ત..) વગેરે મુકવાના અને પછી વ્યંજનોનું ધ્યાન કરવું.

(૩) મુખ કમળઃ– મુખમાં અષ્ટદળકમળની સ્થાપના કરી આઠ પાંદડામાં ક્રમશઃ य, र, ल, व, श, ष, स, ह આ આઠ વર્ણોની સ્થાપના કરી એ પાંદડાંઓ જાણે ફરી રહ્યા હોય એ રીતે ધ્યાન કરવું.

આ રીતે પદસ્થ ધ્યાન કરવાવાળો યોગી સંપૂર્ણશ્રુતનો જ્ઞાતા એટલે કે શ્રુતજ્ઞાની બને છે.

પદસ્થધ્યાનમાં મંત્રાધિરાજ અર્હંનું ધ્યાનઃ

અર્હં રેફથી યુક્ત, કલા અને બિન્દુથી સંયુક્ત, અનાહત સહિત મંત્રરાજ છે. સુવર્ણ કમળની વચ્ચોવચ રહેલી કર્ણિકા ઉપર રહેલા નિષ્કલંક,





નિર્મળ અને આભાવાળા ચંદ્રકિરણ જેવા આકાશગામી અને સંપૂર્ણ દિશાઓમાં વ્યાસ 'અર્હં' મંત્રનું સ્મરણ કરવું. ત્યારબાદ મુખકમળમાં પ્રવિષ્ટ થતા પ્રવલયોમાં ભ્રમણશીલ, નેત્રપલકો ઉપર સ્ફૂરાયમાન થનાર.. ભાલમંડલમાં સ્થિર થનાર... તાલુરન્ધ્રથી બહાર નીકળનાર... અમૃતની વર્ષા કરનાર.... ઉજળા ચંદ્રમા જેવા, જ્યોતિર્મંડલમાં પરિભ્રમણ કરનાર... આકાશમાં સંમરણ કરનાર અને મોક્ષ સાથે મેલાપ યોજનાર આ મંત્રરાજનું કુંભકપૂર્વક ચિંતન– ધ્યાન કરવું.

'અર્હં'ના પદસ્થ ધ્યાનથી અંતરંગમાં અક્ષય અને ઇન્દ્રિય અગોચર આત્મજ્યોતિ પ્રગટે છે. આનાથી સાધકને આત્મજ્ઞાનની ઉપલબ્ધિ થાય છે.

પદસ્થધ્યાનમાં પ્રણવનું ધ્યાનઃ

પ્રણવના ધ્યાનમાં ॐ નું ધ્યાન કરવામાં આવે છે. યોગશાસ્ત્રમાં આ ધ્યાનપદ્ધતિ આ પ્રમાણે છે. આ ધ્યાનનો ધ્યાતા યોગી, સહુ પ્રથમ પોતાના હૃદયકમળમાં રહેલી કર્ણિકામાં ॐની સ્થાપના કરે છે. પ્રશ્ચાત્ શબ્દબ્રહ્મના કારણભૂત સ્વર અને વ્યંજનયુક્ત, પંચપરમેષ્ઠિના વાચક, મૂર્ધામાં સ્થિત ચંદ્રકળાથી ઝરનારા, અમૃતરસથી રસતરબોળ મહામંત્ર ॐનું ધ્યાન, શ્વાસને ભીતરમાં કુંભકની પ્રક્રિયા દ્વારા સ્થિર કરીને કરવામાં આવે છે.

આ ધ્યાનમાં અનેક પ્રકારની શક્તિઓ અને આત્મબળ સંગ્રહિત થાય છે, સાથેસાથે કર્મોનો ક્ષય પણ થાય છે.

પદસ્થ ધ્યાનમાં પંચપરમેષ્ઠિનું ધ્યાનઃ

હૃદયમાં આઠ પાંખડીવાળા કમળની સ્થાપના કરવી. એ કમળની કર્ણિકાના મધ્યમાં 'નમો અરિહંતાણં' પદનું ધ્યાન કરવાનું છે ત્યારબાદ ચારે દિશાઓમાં ચાર પાંદડાંઓ ઉપર ક્રમશઃ 'નમો સિદ્ધાણં', 'નમો આયરિયાણં', 'નમો ઉવજ્ઝાયાણં' અને 'નમો લોએ સવ્વસાહૂણં'નું ધ્યાન કરવામાં આવે છે. ચાર વિદિશાઓમાં અનુક્રમે 'એસો પંચ નમુક્કારો', 'સવ્વ પાવપણાસણો', 'મંગલાણં ચ સવ્વેસિ', 'પઢમં હવઈ મંગલં'નું ધ્યાન કરવાનું છે.

જ્યારે નવપદનું ધ્યાન કરવાનું હોય ત્યારે ચાર વિદિશામાં

'સમ્યગ્દર્શનાય નમઃ', 'સમ્યગ્જ્ઞાનાય નમઃ', 'સમ્યગ્ચારિત્રાય નમઃ', 'સમ્યગ્ તપસે નમઃ' પ્રમાણે ધ્યાન કરવું જોઈએ.

પદસ્થ ધ્યાનમાં અન્ય મંત્રપદોનું ધ્યાન ષોડશાક્ષર વિદ્યા

'अर्हत् सिद्धाचार्योपाध्याय – सर्वसाधुभ्यो नमः'

છ અક્ષરનો મંત્ર – 'अरिहंत सिद्ध'

ચાર અક્ષરનો મંત્ર – 'अरिहंत'

બે અક્ષરનો મંત્ર – 'सिद्ध'

પંચાક્ષરી વિદ્યા – 'असिआउसा'

મંત્રવિદ્યાનો જાપ કરવાથી સાધક, સંસારનાં બંધનો – કર્મોનાં બંધનોને તોડે છે.. ગ્રંથિઓને જલાવે છે. આત્મગુણોની સંપ્રાપ્તિ અને સાથે સાથે નિર્મળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આ પદમાં કવિએ સર્વ જીવોને બર્હિજગતથી મુક્ત બની અંતરજગતમાં ચાલ્યા જવા સંકેત કર્યો છે. અંદરમાં જવાથી અભોન્નાંત થશે. કવિએ આ પદમાં અદ્ભુત રહસ્ય ખોલ્યું છે. ધર્મના નામે ઝગડા કરવા તે ધર્મ નથી પરંતુ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કરવું તે ધર્મ છે. અહીં વસ્તુનો અર્થ આત્મા છે.

કવિએ આત્મબોધરૂપ જ્ઞાનને મહત્ત્વ આપ્યું છે. તેથી જ પરમાત્મભાવનું લક્ષ્ય કરી, અલક્ષ્યસ્વરૂપને પામવું. જીવ જો અંતરાત્મભાવમાં જાગૃત થાયને સમ્યગ્દર્શનની સ્પર્શના થાય તો કેવળજ્ઞાનનું બીજારોપણ થઈ જાય છે. સમ્યગ્દર્શન તે સર્વજ્ઞપદનું બીજ છે. કવિએ આ પદમાં જીવનો વિકાસક્રમ બતાવ્યો છે, જેથી સ્વરૂપ પ્રાપ્તિ થઈ શકે છે.

આ પદમાં કવિએ અંતરદૃષ્ટિ અને સ્વરૂપાનુસંધાન ઉપર ભાર મૂક્યો છે. કવિની પદાવલિ સઘન અને સચોટ છે. તેઓશ્રીનું નિરીક્ષણ કેટલું માર્મિક છે તેની પ્રતીતિ આ થોડી પંક્તિઓ પણ કરાવી આપે છે. છેલ્લી કડીમાં કવિએ પક્ષી અને માછલાનાં સચોટ દૃષ્ટાંત દ્વારા પોતાના વક્તવ્યને વિશેષ ઓપ આપ્યો છે.

◆





## પદ-૨૮

**"आशा ओरनकी क्यां कीजे ?"**

સાધનાના શિખરે પહોંચેલા એવા ધ્યાનયોગી કવિશ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં આત્માને ઢંઢોળી જાગૃત કરવાની વાત કરી છે. અજ્ઞાની જીવ કરોળિયા જેવી દશા કેમ પામે છે ? સંસારમાં ભટકવાનું કારણ શું છે ? તેનું રહસ્ય આ પદમાં સ્પષ્ટ કર્યું છે. અંશાંતિનું કારણ બહાર નથી પણ માનવના મનમાં છે. અંતર્મુખ થતા આ કારણનો નાશ કરી શકાય છે. કવિ આ પદનો પ્રારંભ કરતાં કહે છે,

आशा ओरनकी क्या कीजे ? ग्यान सुधारस पीज... आशा
भटके द्वार द्वार लोकनके, कूकर आशाधारी,
आतम अनुभव रसके रसीया, उतरे न कबहु खुमारी...आशा..... ।१ ।।

આ પદની સાથે કવિના જીવનનો અનુભવનો ઈતિહાસ જોડાયેલો છે તેના જીવનની ઘટનાને આધારે કવિના મુખકમલમાંથી સ્વાભાવિક શબ્દો સરી પડે છે. દરેક પ્રાણીનાં જીવનમાં સારા–નરસા પ્રસંગો બને જ છે પરંતુ કોઈ પ્રસંગ હૃદયને સ્પર્શી જાય છે ત્યારે જે શબ્દો સરી પડે છે તે અનુભવયુક્ત વાણી છે. અહીં आशा ओरनकी क्या कीजे' આ પંક્તિ ઘણું ઘણું કહી જાય છે. માનવ મધુ–બિન્દુની જેમ વિવિધ પ્રકારની આશાનાં તારે લટકતો રહે છે. તે મધનો મોહ મૂકી શકતો નથી. છેવટે રાત–દિવસરૂપી ઉંદરો આયુષ્યની વડવાઈ કાપી નાખે છે ને માનવ સંસારરૂપી કૂવામાં ધકેલાઈ જાય છે.

આશના યોગે માણસ શિયાળામાં સખત ઠંડી અને ઉનાળામાં સખત ગરમી સહન કરે છે. હઠયોગ સાધકો મરણાંત કષ્ટો વેઠે છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે, એક આશાને કારણે 'ઘાંચીના બળદની જેમ આશાના વશમાં પડેલો ચેતન જ્યા ત્યાં અન્યોને કરગરતો ફરે છે. ' આ પ્રકારની આશા આત્માનંદમાં કેવી રીતે બાધક બને છે તે જણાવતાં શ્રી યશોવિજયજી મહારાજ લખે છે,

यावद्यावच्छरीराशा धनासा वा विसर्पति
तावत्तावन्मनुष्याणां मोहग्रत्थिर्द्रढी भवेत्

માનવીની જેમ જેમ શરીર તથા ધનની આશા ફેલાતી જાય છે તેમ તેમ મોહગ્રંથિ વધારે વધારે દૃઢ થતી જાય છે. જો એ આશારૂપ તૃષ્ણાને રોકવામાં ન આવે તો તે વિશ્વવ્યાપી બની જાય છે. પછી તેનાં મૂળ એટલાં ઊંડા નખાય છે કે જેને કાપવા અતિ મુશ્કેલ બને છે. આશાનો પ્રભાવ મન પર પડતાં મનની નિર્મળતા નષ્ટ થઈ જાય છે. પણ જો જીવમાં આશા ત્યાગનો ભાવ પ્રગટ થાય તો તેના અવલંબનને જીવ નિર્મમત્વ બની શાંતિ અનુભવે છે. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ લખે છે,

स्वभावलाभात् किमपि प्राप्तव्यं नाव शिष्यते।
इत्यात्मैश्वर्यसंपन्नो, निःस्पृहो जायते मुनिः।।

નિજ સ્વભાવની પ્રાપ્તિ સિવાય બીજું કંઈ પ્રાપ્ત કરવા યોગ્ય નથી. આત્મ ઐશ્વર્યથી યુક્ત મહામુનિ આ પ્રકારે ચિંતન કરી નિઃસ્પૃહી બને છે. જ્યારે પારકી આશા પર જીવનારા પ્રાણીઓ આશાવાદીને હાથ જોડી પ્રાર્થના કરે છે ને ઘેર – ઘેર ભીખ માંગતો ભટકે છે અને દુઃખ ભોગવે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે,

परस्पृहा महादुःख, निःस्पृहत्वं महासुखम्
एतदुकतं समासेन लक्षणं सुखदुखयोः।।

પર પુદ્‌ગલની સ્પૃહા એ જ મહાદુઃખ છે. નિઃસ્પૃકતામાં મહાસુખ છે. આશાનાં આશ્રયે પડેલા પ્રાણી ગામના કૂતરા જેવી દશા ભોગવે છે. જેમ ગામનું કૂતરું રોટલાની આશામાં ઘરે ઘરે ભટકે છે તેમ આશાને તૃષ્ણાયુક્ત પ્રાણી જડ–ચેતનના સ્થાને સ્થાને ભટક્યાં કરે છે. અનંતજ્ઞાન પાત્ર પ્રાણી તો આખા જગતને તૃણખલાવત જુએ છે. પુદ્‌ગલમાં આનંદ લેનારી રતિનો સાથે પ્રીતિ કરનારી સ્પૃહાને તો આત્મજ્ઞાનીઓ પોતાના હૃદયમાંથી બહાર ધકેલી દે છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કેઃ – 'હે ચેતન ! આશાના વશમાં પડીને તું કેમ તારા પોતાના શુદ્ધ સત્‌ચિદાનંદમય ધનને જોતો નથી ? તું ચૈતન્ય લક્ષણથી લક્ષિત છે. આ દુનિયામાં પર વસ્તુઓ ગમે તેવી પ્રિય મનાયેલી હોય પણ તે જડ છે.





જડથી તું ભિન્ન છે. જડવસ્તુઓની ઈચ્છા કરવી તે વિષ સમાન છે. તું તારા જ્ઞાન દ્વારા આત્માનાં જ્ઞાનામૃતનું પાન કર.

આત્મતત્ત્વનું ચિંતન કરતાં કવિશ્રી જીવવિજયજી લખે છે,

**'પારકી આશા સદા નિરાશા, એ છે જગજન ફાંસા,**
**તે કાઢન કું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા**
**આપ સ્વભાવ મેં રે, અવધૂ સદા મગનમેં રહેતા.'**

પારકી આશા સદા નિરાશામાં જ પરિણમે છે અને તે લોકોને ગળાફાંસો આપી ફસાવે છે. આશા રઝળાવે છે, મુંઝવે છે, ચિંતારૂપ ચિતામાં બાળે છે, જે આવી આશાને નાથવાનો અભ્યાસ કરે છે અને તેના પર ચિંતન કરે છે તે હંમેશાં સુખભવનમાં સૂવે છે. જે પોતાના સહજ સ્વભાવમાં મગ્ન રહે છે તે આત્મગુણ સંપત્તિનો ભોકતા બને છે. માનવ મનની આશાઓ કદી પણ પૂર્ણ થતી નથી.

એક નીતિ વચનમાં કહ્યું છે,

लाङ्गूल चालनमधश्चरणावपात, भूमौ निपत्य वदनोदरदर्शंन च।
पिण्ऽदस्य कुरुते गजपुंगवस्तु, घीरं विलोकयति चाहुशतैश्चभुंत्के।।

માણસ રોટલી આપશે એ આશાથી કૂતરો પોતાની પૂંછડી હલાવે છે, પગમાં આળોટે છે, જમીન પર ચતો સૂઈ મોઢું અને પેટ બતાવે છે તો પણ દયાહીન માણસને તેના ઉપર દયા આવતી નથી. તેથી કૂતરું છેવટે દયામણે મોઢે નિરાશ થઇ ચાલ્યું જાય છે. ત્યારે હાથી કુતરાથી ઊલટા સ્વભાવવાળું પ્રાણી છે. તેને ખવરાવવા મહેનત કરવી પડે છે. કાલાવાલા કરવા પડે, તે ગંદી કે સડેલી વસ્તુ ખાઈ નહીં એ જ તેની ઉત્તમતા છે. તે મહાકાય હોવા છતાં, પ્રાણી જગતનું શ્રેષ્ઠ પ્રાણી ગણાય છે, ત્યારે કૂતરાની કોઈ કિંમત નથી. તેમ આશીભાવ ત્યજી જે નિરાશીભાવ તરફ વળે છે, તે સર્વ પ્રથમ પર વસ્તુની અનિત્યતા જાણે છે તેને સ્વરૂપ જ્ઞાન થતાં પદાર્થની આશાથી મુક્ત બને છે.

જડ–ચેતનની ભિન્નતાના ચિંતનથી આત્માનુભવનો રસ જામે છે અને આત્મરસિકભાવ જાગૃત થાય છે અને આત્માનુભવ રસાસ્વાદ કરતાં જીવમાં એક પ્રકારની ખૂમારી પેદા થાય છે. એક વખત આ ખુમારી આવ્યા પછી કદી પણ જતી નથી. મદિરાનો નશો ક્ષણિક વાર

રહે છે ત્યારે કવિ કહે છે, આત્માનુભવ રસપાનની ખુમારીનો નશો કદી પણ ઊતરતો નથી, મદિરાપાનનો નશો ઊતરતાં હાથ–પગ તૂટે છે શરીર શિથિલ થઈ જાય છે કામ કરવાનો ઉત્સાહ ઓસરી જાય છે ત્યારે આત્મરસ પાન થતાં ખુમારીની વૃદ્ધિ થતી રહી છે. આત્મવિશુદ્ધિ થાય છે. સ્વભાવમાં સ્થિરતાં આવતાં સાધક પરભાવથી મુક્ત થતો જાય છે, જેથી સ્વરૂપાનંદની મોજ માણે છે. પર પદાર્થની આશામાં જીવતા પ્રાણીની શી દશા થાય છે તે બતાવતાં કવિશ્રી આ પદની બીજી કડીમાં કહે,

आशादासीके जे जाए, ते जन जगके दास।

आशादासी करे जे नायक, लायक अनुभव प्यासा... आशा....।।२।।

જેમ કહેવત છે કે 'ઘડો તેવી ઠીકરીને મા તેવી દીકરી' તેમ જેવાં મા–બાપ હોય તેવાં સંતાનો પાકે છે. જે પ્રાણીઓ આશાદાસીનાં સંતાન છે તે પણ દાસ જ કહેવાય છે અને જગતના દાસ બની ને જીવે છે. તૃષ્ણાને વશવર્તી પ્રાણી બધાની ગુલામી કરે છે. પગમાં પડે છે તથા જો હુકમીપણાનો સ્વીકાર કરી શિકારી બની જાય છે. ધનની આશામાં ધનવાનનાં પગમાં પડે છે અને જો તે ઠેબું મારે તો ફરી ફરીને તેના પગ પકડી કરગરે છે. આવી આશાના પાસમાં પડેલો માનવ ન કરવાનાં કાર્યો કરે છે. જડમૂર્તિ સામે સોના–રૂપાનાં અલંકારો મૂકી ધનવાન, પૂત્રવાન બનવાની તે સ્પૃહા રાખે છે. કામીપુરુષ કુલટાઓનો હુકમ ઉઠાવે છે. અને દયનીય સ્થિતિ ભોગવે છે. ત્યારે જ્ઞાનીપુરુષો તો આશાના નાયક બનીને રહે છે. જેથી આશાદાસી બનીને તેની સેવા કરે છે એટલું જ નહીં પણ હુકમ ઉઠાવનારી ગૃહણી બનીને રહે છે. જે આશાનો નાયક તેનો પર પદાર્થ પ્રત્યેનો રાગભાવ છૂટતો જાય છે એટલે પદાર્થની આશા પર પ્રભુત્વ પેદા કરે છે પરિણામે તેની વૃત્તિ સંતોષના ઘરમાં આવે છે જેથી તેને સ્વરૂપસ્થ થવાની પિપાસા જન્મે છે. આવો પ્રાણ આત્મઘનને પામી જ્ઞાનધની બને છે.

કવિએ આ કડીમાં 'પિપાસા' શબ્દનો પ્રયોગ કર્યો છે. પ્યાસ શબ્દમાંથી 'પ્યાસા' શબ્દ બને છે. પ્યાસા શબ્દનો અર્થ તૃષિત એવો થાય છે.





ટબાકાર 'અનુભવપિપાસા' એવો છેલ્લી પંકિતનો પાઠ લઈને કહે છે, આશાદાસી જેને પોતાનો સ્વામી બનાવે તે અનુભવરસનો પિપાસુ એટલે તૃષાવંત – તરસ્યો છે. કહેવાનો આશય છે કે જે આશાના દાસ બને કે પતિ બને પણ આખર તો આશા રખડાવે છે એટલે તેની સાથેનો સંબંધ કોઈપણ રીતે યોગ્ય નથી.

આજ રીતે ત્રીજી અને ચોથી પંક્તિનો અર્થ પણ જુદી રીતે પણ કરવામાં આવે છે. શ્રી મોતીચંદ કાપડિયા કહે છે, 'જે આત્મા આશાનો દાસ ન બનતાં સ્વરૂપની સિદ્ધિ માટે યોગ્ય કાર્યોમાં ઈચ્છાનો પ્રયાસ કરે તો તે અનુભવને લાયક થાય છે. આ અર્થ કરવામાં જે નાયક આશા દાસી કરે એમ પદચ્છેદ કરતાં અર્થ સુંદર નીકળે છે.

પસેલા અર્થમાં આશા ચેતનને નાયક બનાવે છે ત્યારે બીજા અર્થમાં ચેતન આશાને દાસી બનાવે છે આમ જોતાં ચેતનનું નાયક પણું સિદ્ધ થાય છે. ભૌતિક જગત તરફ દૃષ્ટિ કરતાં અનુભવીઓ કહે છે, આશાનો પાર પામવા અને એનું સ્વામીત્વ ભોગવવું ઘણું દુષ્કર છે.

શ્રી ભતૃહરિએ આશાને નદી સાથે સરખાવી છે. તેમણે કહ્યું છે, 'આ આશા–નદીમાં મનોરથરૂપી જળ છે. અનેક ઈચ્છાઓના તરંગો એ જળમાં આવ્યા કરે છે. કોઈ વખત તૃષ્ણાનાં મોજાં આવે છે તેમાં રાગરૂપી મગરમચ્છ છે જે માનવ પ્રાણીનું ભક્ષણ કરે છે. નદી ઉપર જેમ પક્ષીઓ ઉડયા કરે છે તેમ વિર્તક રૂપી પક્ષીઓ આકાશમાં ઊડે છે અને નદી કિનારે બેસે છે. જેને કારણે અસ્તવ્યસ્ત વિચારોનું ઉડ્ડયન થયા કરે છે. નદીમાં પૂર આવે ત્યારે કાંઠા પરનાં વૃક્ષો નાશ પામે છે તેમ આ આશારૂપ નદીમાં મનોરથજળનું પુર આવે છે અને ધૈર્યરૂપી વૃક્ષોને ઉખેડી ખેંચી જાય છે. નદીમાં જેમ જેમ વમળ થાય છે તેમ આશા નદીમાં મોહનાં ભયંકર આવર્ત આવે છે જે આવર્ન્ત હોશિયાર તરવૈયાને પણ ખેંચી જાય છે. આશારૂપ નદી વિશાળ તથા ઊંડી પણ ઘણી જ છે. યોગીશ્વરો જ આ નદીને પાર કરી નિજાનંદની મસ્તી માણે છે. તેઓએ આશારૂપી રાક્ષસીને નાથી લીધી છે. તેથી તેવા પુરુષો જગતના નાથ કહેવાય છે. આશારૂપી રાક્ષસીનો નાશ કરવાનો સુંદર ઉપાય શ્રી કવિ બીજા એક કાવ્યમાં બતાવે છે;

मनसा प्याला प्रेम मसाला, ब्रह्म अग्नि परेजाली;
तन भाढी अवटाई पीए कस, जागे अनुभव लाली... आशा.... ।।३।।

સાધકે આશાનો નાશ કરવા શરીરરૂપ ભઠ્ઠીમાં બ્રહ્મચર્યરૂપ અગ્નિ પ્રગટાવી પછી અનુભવરસના પ્યાલામાં પ્રેમ મસાલો નાખી, ખૂબ ઉકાળી તેનું સત્ત્વતત્ત્વ કાઢીને પીવાથી વાસ્તવિક અનુભવનાં આનંદની લાલી પ્રાપ્ત થાય છે. ત્યારે જેની બાહ્યદૃષ્ટિ છે તેઓ શારીરિક શક્તિ જાળવી રાખવા અનેક પ્રકારનો પૌષ્ટિક આહાર ગ્રહણ કરે છે. રાજા–મહારાજાઓ શારીરિક શક્તિ માટે મસાલાયુક્ત આહાર ગ્રહણ કરે છે. માનવ ઋતુ અનુસાર વેશમાં તથા ખોરાકમાં પરિવર્તન કરે છે છતાં પણ શરીર પોતાનો ધર્મ છોડતો નથી એટલે જ સાધકાત્મા શરીરને ભઠ્ઠી બનાવી, તપાગ્નિમાં તપાવે છે અને સાધ્યને સિદ્ધ કરે છે.

શ્રી સંતબાલજી લખે છે,

જીવ છે જ્યોતિનું સ્થાન, તપ શાશ્વત જ્યોતિ છે.
સત્કર્મ કડછીરૂપ, શરીર યજ્ઞવેદિકા,
કુકર્મ લાકડાંરૂપે, સંયમ શાંતીમંત્ર છે.
વિભુષા સ્ત્રી તણો સંગ, રસાળા સ્વાદુ ભોજન.
કરાલ ઝેરનાં જોવા તે, આત્માર્થી મુમુક્ષુને.

સ્વાદિષ્ટ ભોજન હળાહળ વિષ સમાન છે. કારણકે તે અબ્રહ્મચર્યનું કારણ છે. અને વિષય – વિકારની વૃદ્ધિરૂપ છે. એટલે જ કવિશ્રી આનંદઘનજીએ આ પંક્તિમાં 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ કર્યો છે. બ્રહ્મ એટલે આત્મસ્વરૂપની પ્રાપ્તિ પરંતુ અહીં બ્રહ્મ એટલે બ્રહ્મચર્ય અર્થ વિશેષ સુસંગત છે. શરીરરૂપ ભઠીમાં, બ્રહ્મચર્યરૂપ અગ્નિ પ્રગટતા જીવનનાં સર્વ પાપને તાપ બળીને ખાખ થઈ જાય છે અને આત્મવિશુદ્ધિ થાય છે. કહેવાય છે કે બ્રહ્મચર્યના પ્રભાવે બ્રહ્મચારી પાસે કોઈ આસુરીતત્ત્વ આવી શકતું નથી પણ જો આવે તો તે ક્ષીણતાને પામે છે. જેમ અગ્નિથી કચરો રાખ બની જાય છે તેમ બ્રહ્મચર્યાગ્નિથી કષાયોરૂપ કચરો રાખ બની નાશ પામે છે.

કવિએ આ કડીમાં પ્રેમ મસાલાની વાત કરી છે પણ પ્રેમ એટલે શું ? પ્રેમ એટલે વિશ્વબંધુત્વની ભાવના, જગતના નાના–મોટા સર્વ જીવો





પ્રત્યે વાત્સલ્યધારા વહાવી. 'आत्मवत् सर्वभूतेषु' જેમ આત્મા છે તેમ સર્વમાં આત્મદર્શન કરવાં.

કવિએ મનરૂપી પ્યાલો બતાવ્યો છે તેનો અર્થ થાય છે મનોયોગ, પ્યાલો નાનો હોય પણ ઊંડો હોય છે તેમ ત્રણ યોગમાં મનોયોગ સૌથી નાનો છે પણ તેનું કામ ઘણું મોટું છે. આવા સૂક્ષ્મમનને નાથવું તે સામાન્ય માનવનું કામ નથી. નાના એવા મનનું ઊંડાણ પણ ઘણું હોય છે એટલે જ કવિએ મનને પ્યાલો કહ્યો છે. કવિએ મનરૂપ પ્યાલામાં અનુભવરૂપ રસભરી તેમાં પ્રેમ મસાલો નાખવા કહેલ છે. પછી તેને સ્વરૂપ વિચારણારૂપ અગ્નિ પર રાખવાથી રાગ–દ્વેષાદિનો કચરો નીકળી જાય છે અને વિષય – વિકારનાં સૂક્ષ્મજંતુઓ નાશ પામી જાય છે. પછી શુદ્ધ સત્ત્વરૂપ આત્માનંદની અનુભવ લાલી પ્રગટ થાય છે. એ લાલી છૂપાવી શકાતી નથી, એવી અલૌકિક અનુભવલાલી જાગૃત થાય છે, કવિએ આ કડીમાં અનુભવલાલી પ્રગટ કરવાનો ક્રમ બતાવ્યો છે. જેમ કે અનુભવ પ્રગટાવવા સર્વ પ્રથમ વિચાર કરવામાં આવે છે. આ વિચાર મનમાં પ્રગટ થાય છે. મનનો પ્રભાવ હૃદય પર તેમજ વૃત્તિ પર પડે છે એટલે તેમાં પ્રેમ મસાલો નાખવા કહેલ છે. આવો પ્રેમ પ્રગટાવવા બ્રહ્મચર્યરૂપી અગ્નિ સળગાવો પડે, શરીરરૂપ ભઠ્ઠી કરી તેમાં અગ્નિ પ્રગટાવવાથી શરીર, સ્ત્રી, અને બાહ્યપુદ્‌ગલનો કચરો બળી જશે. પછી માત્ર સ્વરૂપાનંદ પ્રાપ્ત કરવાની પરમ પ્રીતિ પ્રગટ થાય છે. જેથી યોગ્ય ગુરુના આશ્રયે ધ્યાનાદિક્રિયામાં મનને જોડવાનો અભ્યાસ થાય છે અને અંતે અનુભવલાલી પ્રગટતાં સાધકના પ્રત્યેક કાર્યમાં, પ્રત્યેક વચનમાં, પ્રત્યેક વર્તનમાં પરિવર્તન જણાય છે. આત્માનુભવે સાધક છાનો રહી શકતો નથી. જેમ 'છાબડે ઢાંક્યો સૂરજ છાનો ન રહે' તેવી દશા સાધકની હોય છે.

પં. આનંદસાગરજી આ ગાથાનો અર્થ વિશેષ પ્રકારે કરે છે. તે પણ વિચારવા યોગ્ય છે. કવિશ્રી એ આ પદમાં 'મનસા પ્યાલા' કહ્યું છે કારણકે મોક્ષ અથવા આત્માનુભવ માટે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જ યોગ્ય ગણાય છે એટલે મનરૂપ પ્યાલામાં વાચના, પૃચ્છના, પરિયટ્ટણા અને અનુપ્રેક્ષા તથા ધર્મકથા લક્ષણરૂપ મસાલો ભરવો, શુદ્ધજ્ઞાન સ્વરૂપ બ્રહ્મતો

અગ્નિ પેટાવવો. તન ભાઠી અટવાઈ કસ પીએ એટલે 'નિરંતર આત્મામાં એકાગ્રતા કરવામાં આવે તો તેથી છેવટે કેવળ સ્વસ્વરૂપમાં રણતાની દશા પ્રગટ થાય છે. જ્યારે મન નિર્મળ થાય અને સાધ્ય પ્રાપ્તવ્ય બિન્દુનું શુદ્ધ જ્ઞાન થાય, સાથે સ્વમાં સ્થિરતા થાય ત્યારે સ્વસ્વરૂપ રમણતાની એકાંત હિતકારક દશા પ્રગટ થાય છે. ' છેવટે જીવને જે જોઇએ છે તે તેની પાસે જ છે અન્ય સ્થાને ભટકવાથી કાંઈ મળતું નથી એટલે જ કવિશ્રી ચાલુ પદની ચોથી કડીમાં કહે છે,

अगम पीआला पीओ मतवाला, चीन्ने अध्यात्म वासी।
'आनंदघन' चेतन व्है खेले, देखे लोक तमासा...आशा....।४।।

હે આધ્યાત્મમતમાં રત રહેવાવાળા મતાદીઓ! એ અધ્યાત્મભાવોનો પ્યાલો તો અગમ અગોચર છે જેને તેની ખબર ન હોય તેને તે મળી શકે નહીં માટે પહેલા જાણો કે અધ્યાત્મ ક્યાં છે? કેવું છે? તથા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે! અધ્યાત્મ એટલે આત્મા સંબંધી, અધ્યાત્મનું નિવાસ સ્થાન આત્મા જ છે. શુદ્ધદશામાં વર્તતો આત્મા એજ અધ્યાત્મનું સ્થાન છે. અધ્યાત્મનું સ્વરૂપ વસ્તુસંગથી રહિત છે, એવા અધ્યાત્મને સમજ્યાં વિના ઉપર ઉપરની વાતોને અધ્યાત્મ સમજી લેવામાં આવે તો આત્મવંચના થાય, માટે જ કવિ કહે છે, અધ્યાત્મ ક્યાં છે? તે પ્રથમ સમજવું જરૂરી ગણાય.

કેટલીક પ્રતોમાં 'अगम प्याला' ને બદલે 'आगम प्यालो' એવો પાઠ પણ મળે છે. આગમ એટલે શ્રુતજ્ઞાન સંબંધી બોધપાઠ. પહેલા આત્મસંબંધી જ્ઞાન કરી પછી હે ય, જ્ઞેય, ઉપાદેય ભાવોને જાણી શકાય છે જેથી અધ્યાત્મનો વાસ ટૂંકમાં જાણી શકાય છે. અને એ પરિસ્થિતિ પ્રાપ્ત થતાં જે આનંદ થાય છે તે અવર્ણનીય હોય છે. પં. આનંદસાગરજી લખે છે કે: 'જેને કોઈ પ્રકારે ઓળખી શકાય નહિ. સ્પર્શ, રૂપ, રસ કે શબ્દ દ્વારા જણાય નહિ' તેવું અધ્યાત્મનું સ્થાન છે. એટલે કવિ કહે છે, જ્યાં રહેવું છે, જ્યાં વાસ કરવાની ઈચ્છા છે તે સ્થાનને જાણીએ નહિ તો જ્ઞાન કેમ થાય? અને જ્ઞાનના અભાવે સાધ્ય પ્રાપ્તિની ઈચ્છા પણ ક્યાંથી સંભવે? માટે અધ્યાત્મમાં વાસ કરતાં પહેલા તેનું જ્ઞાન લેવું આવશ્યક રહે છે. અગમ શબ્દમાં પારમાર્થિક રહસ્ય છૂપાયેલું છે. અને તે છે અધ્યાત્મ,





શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે,

'સર્વ પ્રકારનાં શાસ્ત્રોમાં અધ્યાત્મ શાસ્ત્ર ઉત્તમ છે. સર્વ પ્રકારનાં જ્ઞાનમાં અધ્યાતમ જ્ઞાન ઉત્તમ છે. '

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે,

'अप्प नाणेण मुणी होई' આત્મજ્ઞાન વડે મુનિભાવ પ્રગટ થાય છે. માટે અધ્યાત્મ અનુભવરસ પાન કરી આત્મામાં શુદ્ધ ઉપયોગે રમણતા કરવી.

શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં અધ્યાત્મ રસપાનની વાત કરી છે પણ અનુભવરસ પાન અધ્યાત્મને જાણ્યા વિના થઈ શકે નહીં તેથી પ્રથમ અધ્યાત્મ બોધ પછી તેનું જ્ઞાન અને ત્યારબાદ ભાન. જેથી હે ચેતન! અગમ એવા અનુભવ પ્યાલાનું સ્વરૂપ તું જાણી લે ને પછી તું પીજા. પીધા પછી જ તેની ખુમારી ચડશે. એ ખુમારીનો નશો તારા આત્માના અસંખ્યાત પ્રદેશે પ્રદેશે વ્યાપી જશે. તારામાં દિવ્યજ્ઞાન શક્તિ ખીલી ઉઠશે.

અધ્યાત્મયોગીઓ આવા ઉત્તમ અનુભવરસપાન કરવા સમર્થ બને છે. તેઓને અનુભવ રસપાન પછી કોઇપણ જાતની સ્પૃહા રહેતી નથી. તેઓ શેઠ-શ્રીમંત, રાજા કે ચક્રવર્તી, દેવો કે ચક્રવર્તી, દેવો કે ઈન્દ્રોની પણ પરવા કરતા નથી. તેને દુનિયા એક તમાસા રૂપ દેખાય છે. તે સ્વયં તો પોતાનાં આનંદ સ્વરૂપની લહેરમાં મગ્ન રહે છે. દેહમાં હોવા છતાં મુક્તિ સુખ અનુભવે છે.

આ પદમાં કવિશ્રી આનંદઘનજીએ ભૌતિક સુખ કરતાં બ્રહ્મરસના પાન સરખું અનુભવ સુખ કેટલું ચડિયાતું છે તેનું સચોટ નિરૂપણ કર્યું છે. કવિ પ્રથમ પંકિતમાં જ ઉદ્‌બોધન કરીને જ્ઞાન સુધારસના પાનનો મહિમા દર્શાવે છે. અને તેની પ્રાપ્તિ માટે ભલામણ કરે છે. આ સુધારસની પ્રાપ્તિ માટે વ્યાવહારિક રૂપકનો ઉપયોગ કર્યો છે. જેમ ભોજન માટે કોઈ સરસ સ્વાદિષ્ટ વાનગી જોઇતી હોય તો ભઠ્ઠી ઉપર કોઈ વાસણમાં તે વાનગી બહુ ઉકાળવી જોઈએ અને તેમાં જાત-જાતના મસાલા નાખવા જોઈએ, એ રીતે સુધારસ માટે પણ એમણે બ્રહ્મચર્ય, સર્વ જીવો પ્રત્યે પ્રેમ અને મૈત્રી તથા તપશ્ચર્યા વગેરેની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો

છે. કવિની આ પદની પ્રથમ પંક્તિ જેમ લોકપ્રિય બની ગઈ છે તેમ 'અગમ પિયાલા પિઓ મતવાલા' પંકિત પણ એટલી જ લોકપ્રિય બની ગઈ છે.







## પદ-૨૯

"अवधू नाम हमारा राखे"

શ્રી આનંદઘનજી મહારાજે પોતાનાં કેટલાંક પદોમાં નવી નવી શૈલી વડે વિષયનું નિરૂપણ કર્યું છે. આ પદમાં કવિએ ચેતન એવો આત્મા સ્વમુખે પોતાનો લાક્ષણિક પરિચય આપતો હોય એવી રજૂઆત કરી છે. 'આશાવરી રાગ'માં કવિ આ પદમાં કહે છે કેઃ

अवधू नाम हमारा राखे, सोई परम महारस चाखे...।। अवधू।
न हम पुरुषा ना हम नारी, वरन न भांति हमारी
जाति न पांति न साधन साधक, न हम लघु न भारी... ।। अवधू...।।३।।

કવિ કહે છે કે ચેતન કોણ છે? તેનું સ્વરૂપ શું છે? આ પ્રશ્નનો ઉત્તર ચેતન સ્વયં સ્વમુખે પોતાનો પરિચય આપે તો તેમાં યથાર્થતા આવે. ચેતન કહે છે કે હે અવધૂ! અમારું જે વાસ્તવિક નામ આપે છે તે ખરેખર ઉત્કૃષ્ટ મહારસ ચાખે છે. ભૌતિક પદાર્થોના રસ કરતાં આત્માનુભૂતિનો રસ અનંત ગણો અધિક ઉત્તમ હોય છે. તેથી ચેતનના વાસ્તવિક સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. ચેતન કહે છે કે હે બુદ્ધજનો! તમે મારો પરિચય મારા બાહ્યરૂપથી ન કરો. હું અનાદિકાળથી જેવો છું તેવો જ અનંતકાળ સુધી રહેવાનો છું. મારામાં કદી કોઈપણ જાતનું પરિવર્તન થયું નથી અને થવાનું નથી. કારણ કે હું શાશ્વત સ્વરૂપી છું પણ અજ્ઞાનભાવે હું અનંત અનંત કાળ સુધી નિગોદમાં રહ્યો અને અકામ નિર્જરાના બળે હું ક્રમશઃ આગળ વધતાં સ્થાવરમાંથી ત્રસમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય પણ થયો અને છેવટે સંજ્ઞી પંચેન્દ્રિય – તેમાં પણ મનુષ્યગતિમાં માનવ થયો. પરંતુ જે જે સ્થાને હું ગયો ત્યાં ત્યાં હું જેવો છું તેવો જ રહ્યો છું. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

'જેવો સિદ્ધ ક્ષેત્રે વસે, તેવો આ તનમાંય.. ૧

આ રીતે મારા મૂળ સ્વરૂપમાં જરા માત્ર પણ ફરક પડયો નથી. અનંત સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે. કર્મ સંયોગે મારું બાહ્યરૂપ બદલતું

રહે છે, એટલે ક્યારેક હું પૃથ્વીરૂપે તો ક્યારેક પાણીરૂપે, અગ્નિ કે વાયુરૂપે તો વળી ક્યારેક વનસ્પતિરૂપે પણ હોઉં છું અને સર્વ સંસારી જીવો મારા બાહ્યરૂપ પ્રમાણે મારો પરિચય આપે એ સ્વાભાવિક છે તો પણ હું તો મારા સ્વભાવથી શુદ્ધાત્મા જ છું.

શ્રી યોગેન્દ્રદેવ પરમાત્મપ્રકાશમાં લખે છે,

"पुरिस पाउसाउ इत्थिणवि, णाणिउ मुणई असेसु" ૨

હું પુરુષ, નપુંસક કે સ્ત્રી સ્વરૂપ નથી. એ બધાં તો પુદ્‌ગલોનાં રૂપો છે. અર્થાત્ દેહનાં રૂપો છે. અખો ભગત કહે છે,

અદ્રિમાં આકાશ તેહને, મહાકલા મુષક વિષે,
તેમ ભૌતિક ભાવના તિહાં નહીં, જે અણલિંગી આતમ લખે
ભાઈ લિંગ તિહાં લેખા ઘણાં, અણલિંગે લેખું કશું... ૩

આત્મલક્ષીને કોઈ લિંગ નથી કે લિંગભેદ પણ નથી. પણ હું જ્ઞાનસ્વરૂપ વિશ્વની સર્વ વસ્તુઓને જાણવાવાળો આત્મા છું. યથાર્થ તો હું મારા સ્વરૂપને જાણવાવાળો છું પણ જગતના પદાર્થો મારામાં પ્રતિબિંબિત થતાં હોવાથી પદાર્થ જણાય છે. વ્યવહારધર્મીઓ મારું સ્વરૂપ વ્યવહાર દૃષ્ટિથી જુએ છે અને તેથી વર્ણાદિ સ્વરૂપે મને ઓળખાવે છે પણ હું એવો નથી. યોગેન્દ્રદેવ લખે છે,

"अप्पा गोरउ किण्हु ण वि अप्पा स्तुण होई" ૧

આત્મા શ્વેત, કાળો કે રાતો નથી પણ વર્ણાદિરહિત તેની અવસ્થા છે. વર્ણાદિ તો પુદ્‌ગલના ગુણધર્મો છે ત્યારે હું તો ચૈતન્ય સ્વરૂપી આત્મા છું. પુદ્‌ગલ અને હું બંને ભિન્ન દ્રવ્ય છીએ. એટલે પુદ્‌ગલનાં ધર્મો મારામાં ક્યાંથી સંભવે ? છતાં સંસારીજીવો મારી ઓળખાણ પોત-પોતાની દૃષ્ટિએ આપે છે. હું તો બધી દશા તથા અવસ્થાથી જુદો છું અને જુદો રહું છું. કોઈ મને ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર કહે છે પણ હું તો એવો પણ નથી.

કબીર કહે છે,

हम वासी वो देशके, जहाँ जात वरन कुल नाहिं
शब्द मिलावा हो रहा [ पर ] देह मिलावा नाहिं २

અમે તો તે દેશના મૂળ વતની છીએ કે જ્યાં કોઈ જાતિ-વર્ણ કે કુળ નથી. ત્યાં માત્ર શબ્દ મેળાપ થાય છે એક શરીર બીજા શરીરની મુલાકાત





લે, એવું ત્યાં કાંઈ નથી કારણકે હું તે સર્વ સંબંધોથી જુદો છું. આત્મધર્મમાં કે અધ્યાત્મમાર્ગમાં કોઈ જાત, ભાત, દેશ કે વેશને સ્થાન નથી. અધ્યાત્મમાર્ગ એ તો રાજમાર્ગ છે, જે એ માર્ગે ચાલે છે તે સ્વાત્મદશાને પામે છે.

હું એકેન્દ્રિયાદિ જાતિરૂપ તો નથી, તો નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવાદિ ગતિસ્વરૂપ પણ નથી અને હું સાધન કે સાધકરૂપ પણ નથી. કોઈ કાર્ય કરવા સાધનની જરૂર પડે છે. તે રૂપ પણ નથી. કારણ કે કોઈ કાર્યનો કર્તા હું નથી. વળી સ્વયંસિદ્ધ હું છું તેથી કોઈ સિદ્ધિ મેળવવા મારે સાધકરૂપ બનવું પડતું નથી. પણ હા, સાધનાકાળમાં સાધ્ય સ્વરૂપે હાજર રહું છું. વળી હું આકતુલિયા રૂ જેવો હળવો કે વજ્ર જેવો ભારે પણ નથી, તો વળી હું પહાડ જેવો સ્થૂલ કે રજ જેવો સૂક્ષ્મ પણ નથી.

શ્રી અખા ભગતે કહ્યું છે,

સ્થૂલતા દર્શન શરીરે, સહેજે થયો સમાસ,
દેહ અધ્યાસે દોષ સઘળા, દેહ તે જ સંસાર
દેહ તેને સર્વ સાચું, પાપ પુણ્ય અવતાર. ૩

સૂક્ષ્મ કે સ્થૂલ એ દેહના અધ્યાસથી અનુભવાય છે.

કવિશ્રીએ આ પદમાં આત્મસ્વરૂપની વાત નયને દૃષ્ટિમાં રાખીને કરી છે. વેદાંતદર્શનમાં જેમ પરમાત્મ માટે નેતિ-નેતિ કહેવાયું છે એ શૈલીએ અહીં આત્માનું સ્વરૂપ બતાવ્યું છે. વસ્તુ પદાર્થ આકાર કે વર્ણાદિ બતાવી તે પૂછવામાં આવે કે આત્મા આવો છે ? જવાબ છે 'ના'. આત્મા એવો નથી.

ચેતન કહે છે કે વ્યવહારથી મારું ગમે તે નામ આપો પણ એ સર્વ મારાં વિશેષણો છે પણ વસ્તુતઃ એ વિશેષણો પણ અયોગ્ય છે. કારણ કે એ બધા તો મારા ક્રમભાવી પર્યાયો છે તે મારા સહભાવી ગુણ ન હોવાને કારણે હંમેશાં મારી સાથે રહેતા નથી તેથી લોકોના આપેલાં સર્વનામો અયોગ્ય છે.

આ ભાવને સ્પષ્ટ કરતાં શ્રી આનંદઘનજી બીજી કડીમાં કહે છે,

ना हम तातें ना हम शिरे, ना हम दीरध न छोटा।
ना हम भाई ना हम भगिनी, ना हम बाप न बेटा... ।। अवध् ।। २।।

મારા શરીરના ધર્મને કારણે અને નામકર્મના ઉદયે મારા અધ્યવસાયના પરિણામે મેં ક્યારેક ઉષ્ણસ્પર્શવાળા પરમાણુ અધિક ગ્રહ્યા હોય તો કોઈ વખત શીતસ્પર્શવાળા પરમાણુ અધિક સ્પર્શયો હોય છે. તેથી કોઈ વખત શરીર ગરમ લાગે તો કોઈ વખત ઠંડું પણ તે મારો પોતાનો સ્વભાવ નથી. એ છે પુદ્‌ગલ ધર્મ. હું લાંબો કે ટૂંકો પણ નથી. મારા આત્મપ્રદેશોને રહેવાનું જેવું ને જેવડું પાત્ર મળે તે પ્રમાણે હું રહું છું તેથી ક્યારેક હું કંથવા જેવડો નાનો જણાઉં છું તો ક્યારેક હાથી જેવડો મહાકાય જણાઉં છું પણ એ કર્મરૂપ પુદ્‌ગલનાં કાર્યો છે.

શ્રી પન્નવણાસૂત્રમાં કહ્યું છે કે કેવળી જ્યારે કેવળસમુદ્‌ઘાત કરે છે ત્યારે તે પોતાના આત્મપ્રદેશોને ચૌદ રાજલોકમાં ફેલાવે છે ત્યારે હું મોટામાં મોટો જણાઉ છું. જે જીવને કેવળજ્ઞાન પામ્યા પછી જો નામ, ગોત્ર અને વેદનીયકર્મની સ્થિતિ વધારે હોય અને આયુષ્યકર્મની સ્થિતિ ઓછી હોય તો બધાં કર્મની સ્થિતિ સમાન કરવાની હોવાથી અને વળી તે ચરમશરીરી હોવાને કારણે તેને કેવળ સમુદ્‌ઘાત થઈ જાય છે.

મહાવીર પ્રભુને ગૌતમ પ્રશ્ન પૂછે છે,

कत्ति समतिए णं भन्ते! केवलि समुग्धाए पन्नते? गोयमा। अट्ठ समति ते पन्नते तंजहा, पढम समए दंडं करेति बीए समए कवाडं करेति, ततिए समए मंथं करेति, चउत्थे समए लोगं पूरेति, पंचमे समए लोयं पडिसाहरति, छट्ठे समए मंथं पडिसाहरति, सत्तमए समए कवाडं पडिसाहरति, अट्ठमे समए दंडं पडिसाहरति, दंडं पडिसाहरेत्ता तओ पच्छा सरीरत्थे भवति।।

હે ભગવાન! કેવળી સમુદ્‌ઘાત કેટલા સમયનો છે? હે ગૌતમ! આઠ સમય પ્રમાણ કહ્યો છે. તે આ પ્રમાણે– પ્રથમ સમયે દંડ કરે છે. બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મન્થાન કરે છે. ચોથા સમયે લોકને પૂરે છે એટલે કે લોકવ્યાપી થાય છે, પાંચમા સમયે લોક સંહરે છે. છટ્ઠા સમયે મંથાન સંહરે છે. સાતમા સમયે કપાટ સંહરે છે, આઠમા સમયે દંડ સંહરે છે છેવટે દંડ સંહરી શરીરસ્થ થાય છે.

કેવળ સમુદ્‌ઘાત થતાં પહેલાં આત્મા મોક્ષ સન્મુખ થાય અને પછી સહજતાથી આત્માના પ્રદેશો શરીરમાંથી નીકળી પ્રથમ ઊર્ધ્વલોકના છેડાથી અધોલોકના અંત સુધી દંડાકારે થાય છે. ત્યાર પછી તે પ્રદેશો ચારેય





દિશામાં ફેલાય છે ને કપાટાકારે બને છે. જે દંડાકારે પ્રદેશો હતા તે કપાટાકારે બની લોકની દિશાઓમાં વિસ્તરે છે. પછી મંથાન અને ચોથે સમયે આત્માના પ્રદેશો ચૌદ રાજલોકમાં વ્યાપી જાય છે. કર્મસંયોગે જીવને આ દશા પ્રાપ્ત કરવી પડે છે. જે પ્રદેશો જે રીતે વિસ્તાર પામ્યા એ જ ક્રમથી સંકોચાતા છેવટે શરીર પ્રમાણે થઈ જાય છે. વિસ્તાર તથા સંકોચમાં સમય મર્યાદાસરખી જ છે પણ વાસ્તવમાં હું લાંબો–ટૂંકો નથી તો ભાઈ કે બહેન પણ નથી. શ્રી યોગેન્દુદેવ કહે છે,

जण्णी जण्णु वि कंत धरु पतु वि मित्तु वि दव्वु १

માતા, પિતા, સ્ત્રી, પુત્ર કે મિત્ર, ભાઈ કે બહેન વગેરે સંબંધો કર્મયોગે જોડાય છે. પણ તે બધા ક્ષણિક છે. અનિત્ય છે. શરીર સાથે સંબંધ રાખનારા છે. નામકર્મના ઉદયે શરીર મળે છે અને મોહનીયકર્મના ઉદયે એક–બીજા જીવો કોઈને કોઈ સંબંધથી જોડાય છે. પણ હું કર્મરૂપ નથી. કર્મ પૌદ્‌ગલિક છે ત્યારે હું તો ચેતનસ્વરૂપ છું. કર્મયોગે મારે અનેક ગતિયોનિઓમાં ફરવું પડે છે અને દરેક સાથે વિધ–વિધ સંબંધ બંધાયો. જેમકે કહ્યું છે,

न सा जाइ न सा जोणी, न तं कुलं न तं ठाणं  
न जाया न मुवा जत्थ, सव्वे जीवा अणंतसो... ।।अवधू ।। २।।

અનાદિ અનંતસંસારનું પરિભ્રમણ કરતા કોઈ જાતિ, કોઈ યોનિ, કુળ કે સ્થાન એવું નથી કે જ્યાં હું ગયો ન હોઉં, જ્યાં ગયો ત્યાં મારો જન્મ થયો અને મૃત્યુ પણ થયું, વળી જ્યાં ગયો ત્યાં કોઈનો દીકરો, મા–બહેન કે ભાઈ રૂપે પણ થયો છતાં હું તો અમરસ્વભાવી છું. મારો જન્મ નથી તો મૃત્યુ પણ નથી. આ સંબંધો કર્મજન્ય હોવાથી લોકો મને એ સંબંધે પોકારે છે પણ હું એવો નથી. હવે કવિશ્રી ત્રીજી કડીમાં કહે છે,

ना हम मनसा ना हम शबदा, ना हम तनकी धरणी,  
ना हम भेख भेखधर नाहि, ना हम करता करळी... ।।अवधू।। ३।।

સંસારમાં કર્માધીન જીવોને કર્મોદયે વિધ–વિધ સાધન સામગ્રી પ્રાપ્ત થાય છે. દરેક ગતિ અને જાતિમાં મનુષ્ય પ્રાણી શ્રેષ્ઠ ગણાય છે કારણકે તેને ભાવો વ્યક્ત કરવાનું સાધન, મન મળ્યું છે. સંજ્ઞી પંચેન્દ્રિયને મન હોય છે અને મનના આધારે વિચાર કરે છે અને વિચારને વ્યક્ત

કરવાનું સાધન વચન છે અર્થાત્ શબ્દ છે. શ્રી મોતીચંદભાઈ કાપડિયા લખે છે, "આત્માને સહજ થાય છે તે અધ્યવસાય કહેવાય છે અને મન દ્વારા વ્યક્ત થતાં અધ્યવસાય તે વિચાર કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે, સંસારી જીવના બે ભેદ છે. समनस्कांऽमनस्का: संज्ञी અને અસંજ્ઞી. જેને મન હોય તે સંજ્ઞી અને મન ન હોય તે અસંજ્ઞી. પંડિત સુખલાલજી લખે છે, मन किसे कहते है? जिससे विचार किया जा सके ऐसी आत्मिकशक्ति मन है और इस शक्ति से विचार करने में सहायक होनेवाले एक प्रकारके सूक्ष्म परमाणु भी मन कहलाता है। पहला भावमन और दूसरा द्रव्यमन कहा जाता है।।।

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે, "દ્રવ્યમન મનોવર્ગણાના પુદ્‌ગલોને અવલંબીને થતાં આત્માના ચળ-વિચળ પરિણામ એ ભાવમન છે. તેથી આત્મા મન સ્વરૂપ નથી તો મનોમય પણ નથી" "બારમા ક્ષીણમોહ ગુણસ્થાન પર્યંત ભાવમન છે અને દ્રવ્યમન તેરમા સંયોગી ગુણસ્થાન પર્યંત છે". એટલે કે આત્મા દ્રવ્યમનથી પણ ભિન્ન છે. તેથી જ ચેતન કહે છે કે હું મનરૂપ નથી તો શબ્દરૂપ પણ નથી કારણકે શબ્દ પણ ભાષાવર્ગણાના પુદ્‌ગલોનું જ કાર્ય છે. સંજ્ઞી જીવ શબ્દના માધ્યમથી વિચારો વ્યક્ત કરે છે. મનોવર્ગણાના પુદ્‌ગલોનું ગ્રહણ તે દ્રવ્યમન. દ્રવ્યમનનું કાર્ય તે વિચાર અને વિચાર વ્યક્ત કરવા ભાષાવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી છોડવારૂપ કાર્ય તે શબ્દ. પણ ચેતન કહે છે કે હું મન કે શબ્દ કાંઈ નથી. પુદ્‌ગલના કાર્યને જીવનું કાર્ય કહી દેવું તે નરી અજ્ઞાનતા છે. વળી પુદ્‌ગલોને ગ્રહણ કરવાની ક્રિયા હું કરું છું, તે ક્રિયારૂપ હું છું તેમ પણ નથી કારણકે નિયમ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં તો પછી પુદ્‌ગલનું કાર્ય હું કેવી રીતે કરી શકું? પુદ્‌ગલ પુદ્‌ગલનું કાર્ય કરે અને ચેતન ચેતનનું કાર્ય કરે. વળી હું કોઈના આધારરૂપ પણ નથી. જેમ પાણીનો આધાર પાત્ર તેમ શરીરનો સંબંધ આધાર-આધેયનો નથી. તો શ્વેત, ભગવો, કાળો કે પીળો વગેરે વેશને ધારણ કરનાર પણ હું નથી. ભલે મને કોઈ શ્વેતાંબર કહે કે દિગંબર, કોઈ ફકીર તો વળી કોઈ સંન્યાસી પણ એ બધા વેશને ધારણ કરનાર હું નથી. હું કોઈ ક્રિયા કરવાવાળો નથી તો ક્રિયા સાથે મારો ચિરસ્થાયી સંબંધ પણ નથી.





કેટલીકવાર આત્માને શુભક્રિયા કરતો જોવામાં આવે છે પણ એ વ્યવહારદૃષ્ટિ છે. શુભાશુભ ક્રિયા કરનાર હું નથી. વ્યવહારમાં કરણીનો કર્તા આત્મા દેખાય છે. શ્રી બનારસીદાસ 'સમયસાર નાટક' માં કહે છે,

जगमें अनादिको अग्यानी कहै मरौ कर्म
करता मैं याको किरिया को प्रति पाखी है।१।

જગતમાં અનાદિથી અજ્ઞાની જીવ કહે છે કે મારા કર્મનો કર્તા હું છું અને હું જ ક્રિયા કરું છું પણ

ग्यानभाव ग्यानी करै, अग्यानी अग्यान,
द्रव्यकर्म पुद्‌गल करै, यह निहचै परवान।२।

પદાર્થ પોતાના સ્વભાવનો કર્તા છે. જ્ઞાનીઆત્મા સ્વભાવ કર્તા છે. ત્યારે દ્રવ્યકર્મનો કર્તા પુદ્‌ગલ છે એ નિશ્ચયનયથી જાણવું. જ્ઞાયક સ્વભાવી આત્મા જ્ઞાયકભાવ સિવાય બીજું કાંઈ કરતો નથી. જે પોતાનામાં છે તે પ્રગટ કરવાનું છે.

ચેતન પોતાના સ્વરૂપ દર્શન કરાવતા પ્રસ્તુત પદની ચોથી કડીમાં કહે છે,

ना हम दरशन ना हम परसन, रस न गंध कछु नाहि,
आनंदधन चेतनमय मुरति, सेवक जन बली जाही- ।। अवधू।। ४।।

ચેતન! પોતાની સ્થિતિની વાત કરતાં કહે છે કે હું જૈનદર્શન, બૌદ્ધદર્શન, સાંખ્યદર્શન કે વેદાંતદર્શન વગેરે દર્શન સ્વરૂપ નથી. એ દર્શન મારા વાસ્તવિક સ્વરૂપ જ્ઞાનના અભાવે ઊભા થયેલા છે. જે સત્ પુરુષાર્થ કરી, સત સ્વરૂપને પામે છે ત્યારે તેના સ્વરૂપાનુભવમાં સર્વ દર્શનનો લય પામી જાય છે માટે હું દર્શનરૂપ નથી વળી હું મારા સમભાવી સ્વભાવમાં સ્થિત રહેતા આઠ સ્પર્શમાંથી હું એક પણ સ્પર્શયુક્ત નથી. તો સુરભિ- દુરભિ ગંધયુક્ત પણ નથી. પાંચ રસ જેવા કે ખાટો, તીખો, મીઠો, કડવો, કસાયેલો તેમાંથી હું કાંઈ નથી. કાળો, રાતો, લીલો, પીળો કે ધોળો એ પાંચ વર્ણમાંથી હું કોઈ વર્ણનો નથી. એ ગુણો તો પુદ્‌ગલના છે અને તે પુદ્‌ગલના સહભાવી ધર્મ છે. ત્યારે હું તો આનંદરાશીરૂપ ચૈતન્યમય મૂર્તિ છું. આત્માની શુદ્ધદશા પ્રગટતા અનંતગુણોનું પ્રાકટ્ય

થાય છે તેમાં સર્વપ્રથમ અનંત જ્ઞાનગુણ પ્રગટે છે જેથી સંપૂર્ણ જાણવાનું કાર્ય થાય છે અને અનંતદર્શન પ્રગટતા પદાર્થનું વાસ્તવિક દર્શન થાય છે. ચારિત્રગુણની નિર્મળતા થતાં સ્વગુણમાં સ્થિરતા આવે છે. વીર્યગુણરૂપે અનંતશક્તિ પ્રગટ થાય છે. આ પ્રકારે સ્વભાવમાં સ્થિરતા થતાં જે આનંદ અનુભવાય છે એ જ મારો સહજાનંદ છે. એટલે મારું નામ પદાર્થરૂપ નથી. મારું નામ ભલે ગમે તે આપો પણ હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું. મારી આ સ્થિતિ ત્રિકાળાબાધિત છે. હું એક જ સ્વરૂપે હંમેશાં રહું છું. જે આનંદ સ્વરૂપ ચૈતન્યમૂર્તિની સેવા કરે છે તેને જગતના મુમુક્ષુ આત્માઓ બલિહારી જાય છે, તેનાં ઓવારણાં લે છે.

સંસારમાં જીવની જે સ્થિતિ છે તે કર્માવૃત ચેતનની છે. શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં દ્રવ્યદૃષ્ટિની વાત કરી છે. પર્યાય તો ક્ષણિક છે. પર્યાયને પકડતાં શુદ્ધ આત્મતત્ત્વને પકડી શકાય નહિ. દ્રવ્યદૃષ્ટિ આત્મા સત્ય સ્વરૂપને જાહેર કરે છે. જેમ પાણીમાં પડતાં ચંદ્ર પ્રતિબિંબને પકડવા પ્રયત્ન કરવો એ વ્યર્થ છે અથવા શિલા પર વાવેતર કરવું વ્યર્થ છે તેમ જેવું આત્માનું સ્વરૂપ નથી તેવું કલ્પવું તે પણ નરી અજ્ઞાનતા મૂઢતા નહિ તો બીજું શું કહી શકાય ?

આત્માને બાહ્યદૃષ્ટિથી ઓળખવો, ભિન્ન-ભિન્ન નામ આપવા જે જડભાવ છે. કવિએ આ કડીમાં આત્માની મૂળસ્થિતિની વાત કરી છે. આ પદમાં કવિએ આત્મા પાસે જ સંભાષણ કરાવ્યું છે ને કહ્યું છે કે જ્ઞાન દર્શન સ્વરૂપ હું છું. ચાર કડીના આ પદમાં ગહન ગંભીર એવા સિદ્ધ સ્વરૂપી શુદ્ધાત્માનો પરિચય પરસ્પર વિરૂદ્ધ એવા કેટલાંક ગુણધર્મોનો નિષેધ કરીને કરાવ્યો છે. આત્મ સ્વરૂપની ઝાંખી કરાવતું આ એક ઉત્તમ પદ છે.





## પદ-૩૦

"साधो भाई सता रंग रमीजो"

અધ્યાત્મરસના અનુભવીયોગી એ 'આશાવરી રાગ' માં લખાયેલા આ પદમાં મમતાની માયાજાળમાં ફસાવાથી આત્માને શું નુકશાન થાય છે, તેમજ સમતારસના પાનથી કેવો આનંદ પ્રાપ્ત થાય છે તે ભાવ સરસ રીતે સમજાવ્યા છે.

साधो भाई! समता रंग रमीजे;<br>
अवधू ममता संग न कीजे... ।।साधो भाई...।<br>
संपत्ति नाहि नाहि ममतामें, ममतामां मिस मेटे<br>
खाट पाट तजी लाख खटाउ, अंत खाखमें लेटे... ।।साधो... भाई...।।

આ પદની શરૂઆત દેખીતી રીતે જ કવિએ 'સાધો' શબ્દથી કરી છે. 'સાધો' એટલે સાધુ. સાધના કરનાર સાધક. જે સમતામાં રહે તે સાધુ અને જે સમતાને છોડી મમતામાં રાચે તે સંસારી. કવિ સાધુને કહે છે કે 'હે સાધક ! તમે સમતાના રંગમાં રમજો. હે સાધુ ! તારી સામે કોઈ શત્રુ હો યા મિત્ર પણ દરેક માટે તારા મનમાં સમભાવ જાળવી રાખજે. કદાચ ! મૃત્યુને ભેટવું પડે તો પણ સમતા સ્વરૂપ શુદ્ધ સ્વભાવમાં જ વર્તજે.

ઘણાં સાધકો સ્વયં ભૂલમાં જ હોય છે. તેઓ એમ માનતા હોય છે કે અમે તો સમતાસાગરમાં જ ડૂબેલા છીએ. પણ ખરેખર આ એની ભ્રમણા હોય છે. ખરેખર તો મમતાના પાસામાં ફસાયા હોવા છતાં સમતાનો સ્વાંગ સજે છે. મમતા ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરીને આવે છે. દેશની, રાજ્યની, ગામની, જાતિની, કુટુંબની, માતા-પિતાની, પુત્ર-પુત્રીની, શિષ્ય પરિવારની, શરીરની, જીવન જીવવા માટેનાં સાધનોની વગેરે અનેક પ્રકારની મમતા છે.

સાધકને કેટલીકવાર પોતાનાં ઉપકરણોની પણ મમતા હોય છે. જડ પદાર્થની મમતા રાખી મૂર્ખમાનવ અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે.

विषयैः कि परित्यत्कैंर्जागर्ति ममता यदि।
त्यागात्कञ्घुक मात्रस्य, भुजङ्ग न हि निर्विषः १

હૃદયમાં જો મમતા જાગતી રહે તો પછી વિષયોના બાહ્ય ત્યાગ માત્રથી શું ? સર્પ કાંચળી ત્યાગી દે તેથી તે ઝેર વિનાનો બની જતો નથી. તેવી રીતે બાહ્ય કાંચળી છોડવા છતાં સાધકને પોતાની સાધનાનું મમત્વ હોય, ધ્યાનીને પોતાના ધ્યાનનું મમત્વ હોય, તપસ્વીને પોતાની તપસ્યાની મમતા રહે તો એ ક્રિયાઓ પણ કર્મબંધનું કારણ બની જાય છે. જે મુનિઓ ઘણું ત્યાગવા છતાં કાંઈ ત્યાગતા નથી તેની દશાનું વર્ણન કરતાં શ્રી યશોવિજયજી મહારાજ કહે છેઃ

कष्टेन हि गुणग्रामं, प्रगुणी कुरुते मुनिः
ममता राक्षसी सर्व, भक्षयत्येकहेलया २

ત્યાગ અને વૈરાગ્યથી મુનિ દુઃખો સહન કરી લે છે અને આત્મગુણોની પ્રાપ્તિ પણ કરી લે છે પણ મમતા રાક્ષસણી ક્ષણમાત્રમાં સર્વગુણોનો નાશ કરી નાખે છે. કષ્ટો સહન કરી લેવા માત્રથી સાધક જઈ જવાતું નથી. જેમ કસાઈને શરણે ગયેલો બકરો ગળા પર છરો ફરે છે તે સહન કરે છે તેથી શું તે સાધક છે ? ના. કારણ કે તેને ન છૂટકે સહન કરવું પડે છે. તેણે હજુ જીવવાનું મમત્વ છોડયું નથી. રાક્ષસી જેમ બધાનું ભક્ષણ કરે છે તેમ મમતારાક્ષસી આત્મગુણોનું ભક્ષણ કરે છે. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

व्याप्नोति महती भूमिं वटबीजा द्यया वटः।
तथैक ममता बीजा, त्प्रपग्धस्थापि कल्पना।। १।।

વડના નાના બીજમાંથી વડલો વૃદ્ધિ પામે છે. બીજ નાનું હોવા છતાં તેમાંથી વડલો ઘણો જ વિશાળ બને છે તેમ મમતાનું બીજ પણ ધીમે ધીમે વૃદ્ધિ પામતું જાય છે. છેવટે સર્વલોકમાં પ્રસાર પામે છે. નાના બાળકથી માંડી વૃદ્ધો સુધીના મનુષ્યોમાં મમતા સર્વત્ર વ્યાપ્ત છે. મમતા, માનવ-માનવ વચ્ચે કલેશ, ઝગડા તથા યુદ્ધ કરાવે છે. માટે સાધક ! આત્મસમૃદ્ધિ મેળવવા પ્રયત્નશીલ બને છે. આ સમૃદ્ધિ બે પ્રકારની છે. દ્રવ્યસમૃદ્ધિ અને ભાવસમૃદ્ધિ, પણ મમતાનો આશરો લેતા બેમાંથી એક પણ પ્રકારની સમૃદ્ધિ મળી શકતી નથી. મમતા પાપપ્રવૃત્તિ કરાવી આત્માને





મલિન બનાવે છે. મમતાથી કરોડો રૂપિયા એકઠાં કરવા છતાં અંતકાળે એક પાઈ પણ લઈ જવાતી નથી. બ્રહ્મદત્તના આત્માએ રાજઋદ્ધિ માટે તપ તથા સંયમનું ફળ માંગી લીધું પણ અંતે સાતમી નરકનો મહેમાન બની ગયો. જેમ પીપળાનું પાન પીળું થતાં ખરી પડે છે તેમ આયુષ્ય પૂર્ણ થતાં દેહ ઢળી પડે છે. જેમ કુંભારના વાસણને ફૂટતાં વાર નથી લાગતી તેમ શરીરરૂપી વાસણને ફૂટતાં વાર નથી લાગતી.

**સહજાનંદીની સજ્ઝાયમાં કહેવામાં આવ્યું છે,**

રાજી ગાજીને બોલતા, કરતા હુકમ હજાર રે;
પોઢયા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાન રે;
બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે, એ ઋદ્ધિ અથિર નિદાન રે;
જેવું પીપળ પાન રે, મધરો જૂઠ ગુમાન રે;

સહજાનંદી રે આત્મા,

હસી હસી દેતા રે તાળીઓ, શય્યા કુસુમની સાર રે;
તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબાર રે;
ઘડતાં પાત્ર કુંભાર રે, એહવું જાણી અસાર રે;
છોડયો વિષય વિકાર રે, ધન્ય તેહનો અવતાર રે...
સહજાનંદી રે આત્મા...

માનવ ધનસંપત્તિનો સંગ્રહ કરવામાં પોતાનો અમૂલ્ય સમય વ્યય કરી નાખે છે પણ આખર તેની ગતિ શું થાય છે તે આપણે આનંદઘનજીના શબ્દોમાં જોઈએ.

धन धरतीमें गाडे बौरे, धुर आप मुख ल्यावे;
भूषक साप होयगो आखर, तातें अलिच्छ कहावे... ।।साधो...।। २।।

ધનની મમતા રાખનાર વ્યક્તિની દશા કેવી થાય છે તેનું માર્મિક દર્શન કવિએ આ કડીમાં કરાવ્યું છે. માનવ, ધનની સુરક્ષા માટે અનેક પ્રયત્નો કરે છે. ધન કોઈ લઈ ન જાય તેથી ધનને જમીનમાં દાટે છે. આ ક્રિયા કરવામાં તેનું મોઢું તથા કપડાં ધૂળથી ખરડાય છે. આમ, ધનના મમત્વને કારણે માનવ આખર પોતાની દુર્ગતિ વહોરી લે છે અને છેવટે ધનના ઢગલા પર રાફડો કરી સાપ થઈ ફેણ માંડીને બેસે છે તેમજ ઉંદર બની દાટેલ ધન ઉપર દર કરીને રહે છે. ધનની મમતા આવી અધમગતિ

કરાવનાર છે અને જો તે એકેન્દ્રિયજાતિમાં જાય તો દાટેલા ધન ઉપર વૃક્ષ બને છે. આવી દશા કરાવનાર આ લક્ષ્મીને લક્ષ્મી કેમ કહેવાય ? આ તો અલક્ષ્મી જ કહેવાય. 'न लक्ष्मीः विद्यते यस्य सः अलक्ष्मिः' સાચી લક્ષ્મી તો છે આત્મગુણરત્નો. જેને કોઈ લઈ જઈ શકતું નથી. તેના મોહથી દુર્ગતિ થતી નથી. બાહ્ય લક્ષ્મીથી જીવન બરબાદ કરનાર, ધવલશેઠ અને નરકના મહેમાન બનનાર મમ્મણ શેઠ, શાસ્ત્રસંમત છે. સમતામાં રહેવું તે આત્મધન પામવા બરાબર છે. જે લક્ષ્મી વર્તમાન તથા ભવિષ્ય બગાડે તેને કયા અર્થમાં સારી કહી શકાય ? પણ આત્મલક્ષ્મી કેવી છે તે કવિ આ પદની ત્રીજી કડીમાં કહે છે,

समता रतनाकरकी जाइ अनुभव चंद सुभाइ!
कालकूट तजी भावमें श्रेणी, आप अमृत ले आइ... ।।साधो भाई...।। ३।।

આ કડીમાં કવિએ મત્સ્યપુરાણની કથાનો આશ્રય લઈ સુંદર રૂપક પ્રયોજ્યું છે. પૌરાણિકકથા પ્રમાણે દેવોએ જયારે સમુદ્રમંથન કર્યું ત્યારે તેઓએ સુમેરુની રવાઈ કરી, વાસૂકી સર્પનું દોરડું બનાવીને સમુદ્રમંથન કર્યું હતું ત્યારે સમુદ્રમાંથી નીચે મુજબનાં ચૌદરત્નો નીકળ્યાં હતાંઃ

(૧) લક્ષ્મી (૨) કૌસ્તુભ રત્ન (૩) પારિજાતક પુષ્પ (૪) સુરા (મદિરા) (૫) ધન્વન્તરી વૈદ્ય (૬) ચંદ્ર (૭) કામદુગ્ધાગાય (૮) ઐરાવત હાથી (૯) રંભા વગેરે દેવાંગના (૧૦) સાત મુખવાળો અશ્વ (૧૧) વિષ (૧૨) ઇંદ્ર (૧૩) ધનુષ્ય (૧૪) અમૃત

આ ચૌદ રત્નોમાં સર્વપ્રથમ લક્ષ્મીજી નીકળ્યા.

કવિએ અહીં સમતારૂપ લક્ષ્મીની વાત કરી છે. વળી સમતાને રત્નાકરની દીકરી કહી છે. અનંતજ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણરત્નો, ચિદાનંદ ધન ચેતનમાંથી પ્રગટ થાય છે. તેથી ચેતન રત્નાકર છે. સમતા તેની દીકરી છે. સમતારૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરનાર તે આધ્યાત્મિકક્ષેત્રે સાચા લક્ષ્મીપતિ કહેવાય છે. શ્રી મોતીચંદ કાપડિયા લખે છે સદ્અસદ્ વિવેક કરી વસ્તુ સ્વરૂપને તેના યથાર્થ આકારમાં બતાવનાર આ અનુભવજ્ઞાનરૂપ ચંદ્રમા પણ રત્નાકરમાંથી નીકળે છે તેથી રત્નાકરની પુત્રી સમતા અને પુત્ર અનુભવ એ બંને ભાઈ– બહેન થાય છે.





વળી રત્નાકરમાં કાળકૂટ વિષ પણ છે. આ જીવ પણ મમતાને કારણે અશુભધ્યાનમાં જે ચાલ્યો જાય છે તે એને માટે વિષ સમાન છે. આવા આર્ત્ત અને રૌદ્રધ્યાન પરિણામધારા, કર્મબંધન કરાવી જીવને સંસારમાં રખડાવે છે પણ સમતા અને અનુભવ અશુભધ્યાનરૂપ કાળકૂટ છોડાવી જીવને શુભધ્યાનમાં પ્રવૃત્ત કરે છે જેથી આત્મા પ્રમત્ત ગુણસ્થાનથી પ્રગતિ કરી અપ્રમત સ્થિતિમાં આવે છે. ત્યાંથી ધર્મ–ધ્યાનમાં ક્રમસર આગળ વધી આત્મશ્રેણીમાં તે દાખલ થાય છે. આ શ્રેણીએ ચડેલા જીવની સ્થિતિ એટલી બધી આનંદદાયક હોય છે કે કવિએ એ સ્થિતિને અમૃત સાથે સરખાવી છે. વસ્તુતઃ સહજાનંદમાં તો અમૃતના અનુભવથી પણ અનંતગણી મીઠાશ ભરી છે. જેમ ચૌદરત્નોમાં અમૃત શ્રેષ્ઠ છે તેમ આત્માનંદના અનુભવનું અમૃત ઉત્તમોત્તમ છે. અપ્રમત ગુણસ્થાનકની સ્થિતિ પ્રાપ્ત થયા પછી આવા અનુભવ અમૃતને સ્વયં અનુભવી શકાય છે. સંસારવૃદ્ધિના મૂળરૂપ એવા અનંતાનુબંધી ચાર કષાયનો સર્વપ્રથમ ઉપશમ કરે છે અને પછી દર્શનમોહનીય ત્રિકનો ઉપશમ કરે છે. આ સાત પ્રકૃતિનો ઉપશમ થતા જીવ અલૌકિક આત્માનંદનો અનુભવ કરે છે. ચોથા ગુણસ્થાન પછી જીવ અલૌકિક આત્માનંદનો અનુભવ કરે છે. ચોથા ગુણસ્થાન પછી જીવ ચારિત્ર મોહનીય કર્મનો ઉપશમ કરે છે તો દશમા ગુણસ્થાનના અંત સુધીમાં મોહનીયકર્મનો સર્વથા ઉપશમ કરી દે છે એટલે જીવ અગિયારમા ગુણસ્થાનને પ્રાપ્ત કરે છે. જે સ્થિતિને વીતરાગ સ્થિતિ કહે છે. શાસ્ત્રકાર તેને ઉપશમ શ્રેણી કહે છે. ત્યારે જે જીવ ક્ષપક શ્રેણી કરવાનો હોય તે ચોથા ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનમાં મોહનીય કર્મની પ્રકૃતિઓનો ક્ષય કરતો જાય છે. તેમાં સર્વ પ્રથમ અનંતાનુંબંધી ચતુષ્ટક અને દર્શન ત્રિક આ સાત પ્રકૃતિઓનો ક્ષય કરે છે. આ રીતે પરિણામની વિશુદ્ધિ થતાં કર્મક્ષય કરતો આઠમા ગુણસ્થાનકે જીવ ક્ષપકશ્રેણી શરૂ કરે છે. આ શ્રેણીવાળો જીવ એ જ ભવમાં મોક્ષગતિ પામે છે.' ઉપશમશ્રેણી એક જીવ એક ભવમાં બે વખત કરી શકે છે અને આખા સંસારકાળ દરમિયાન એક જીવ વધારેમાં વધારે પાંચ વખત ઉપશમશ્રેણી કરે છે. મોક્ષપ્રાપ્તિ ક્ષપકશ્રેણી વિના થઈ શકતી નથી. ઉપશમ સમકિતી જીવ ઉપશમ શ્રેણી માંડે છે અને ક્ષાયિક સમ્યક્ત્વી જીવ ક્ષપકશ્રેણી

માંડે છે. સમ્યક્ત્વીજીવ જ્ઞાનદૃષ્ટિ ખુલતાં મોહનાશ કરે છે. હવે કવિ ચોથી કડીમાં કહે છે કે નાયક કોણ ? અને કેવો છે ?

लोचन चरण सहस चतुरानन, इनते बहुत डराइ;
आनंदघन पुरुषोत्तम नायक, हितकरी कंठ लगाइ... ।।साधाभाई।। ४।।

ઇન્દ્રને હજાર આંખો છે અને શેષનાગને હજાર પગ છે ત્યારે બ્રહ્માજી ચાર મોઢાંવાળા છે. આમ વિચિત્ર આકૃતિવાળી વ્યકિતઓને જોઇને સમતા ડરી જાય છે અને દૂર – દૂર ભાગી જાય છે. બ્રહ્માજીનું કાર્ય હિન્દુધર્મ પ્રમાણે સૃષ્ટિ–સર્જનનું છે. જૈનધર્મની માન્યતા પ્રમાણે જે વૃત્તિ તથા વાસનાથી સંસારનું સર્જન થાય છે તે વૃત્તિ અને વાસના એ જ બ્રહ્મા સમાન છે. વળી ક્રોધ, માન, માયા, લોભ તે એમના ચાર મુખ છે. તૃષ્ણાને હજાર આંખ તથા હજાર પગ છે. આ પ્રકારના કષાયોના કાળમુખ જોઈ સમતા ભયભીત થઈ જાય છે કારણકે જ્યાં કષાયો હોય ત્યાં સમતા રહી શકતી નથી. આવી મૃદુભાવી સમતાને પુરુષોત્તમ નાયક વિષ્ણુદેવે પ્રેમ કરી પોતાને ગળે વળગાડી દીધી. આ રૂપકનો આશય એ છે કે સમતાને વિષ્ણુભગવાન સ્વરૂપ આત્માએ અંગીકાર કરી. સમતા સત્ત્વગુણી હોવાને કારણે જ્યાં રજોગુણ કે તમોગુણ હોય ત્યાં ટકે નહીં માટે જ સમતા આનંદ સમૂહ પુરુષોત્તમ નાયક વિષ્ણુ ભગવાનના શરણે ચાલી ગઈ. વિષ્ણુ ભગવાને તેની સાત્ત્વિકતા જોઈ આલિંગ્ન આપ્યું. સ્વસ્થાનની પ્રાપ્તિ થતાં સમતાને આનંદ થયો.

આ રૂપક જૈનદૃષ્ટિએ આ રીતે ઘટાવી શકાય કે ચારમુખે દેશના દેતા શ્રી જિનદેવથી મમતા બહુ ડરી ગઈને ત્યાંથી ભાગી ગઈ. પ્રભુને કેવળજ્ઞાન દર્શનમાં અનંતજીવો તથા તેની અનંતઅનંત પર્યાયો દેખાય છે તથા જણાય છે. એ અપેક્ષાએ સર્વજ્ઞ પરમાત્માને હજારો આંખવાળા પણ કહી શકાય તેમજ હજાર પગે હજારો માઇલ ચાલી શકાય છે તેમ જ્ઞાન–દર્શનનું ક્ષેત્ર એટલું જ વિસ્તૃત છે ને તે હજારો ચરણનું કામ કરે છે. તેથી જ સમતા જિનેશ્વરને ભેટે છે. મમતા તજી તથા સમતા સજી આત્મા નિજાનંદમાં મસ્ત બની જાય છે અને સ્વસ્થાને સિધાવે છે. સમતાથી ભગવાન મહાવીર, ગજસુકુમાર, મેતારજમુનિ વગેરે સિદ્ધિને પામ્યા. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,





क्षणं चेतः समाकृष्य, समता यदि सेव्यते।
स्थात्तदा सुखमन्यस्य, यद्धकतुं नैव वार्यते

ચિત્તને ક્ષણવાર માત્ર ખેંચીને સમભાવમાં સ્થિર કરવામાં આવે તો એ સમયે આત્મિકસુખ અનુભવાય છે. સમતાભાવીની દશાનું વર્ણન કરતા કહે છે કેઃ

नतिस्तुत्यादिकाशंसा, शरतीव्रः स्वमर्मभित्।
समता वर्म गुप्तानां, नाति कृत्सोऽपि जायते।।

જેણે સમતાનું બખ્તર પહેર્યું છે તેને પર દ્રવ્યની ઈચ્છાના તીક્ષ્ણ બાણો પીડા કરી શકતા નથી. તેથી સાધકો પ્રથમ સમતા સાધી આત્માને સાધે છે.

આ પદમાં કવિ એ બતાવે છે કે ભૌતિક ધનસંપત્તિ સાધક માટે કેટલી નિરર્થક છે અને સમતાથી જીવ કયા સ્થાને પહોંચે છે. કવિએ જૈન અને હિન્દુનો વિનિયોગ આ પદમાં કર્યો છે.